કષ્ટ કરનારા તથા ભારથી લદાયલાઓ પ્રત્યે, માત્થી ૧૧; ૨૮-૩૦.
વિશ્વાસમાં નબળાઓ પ્રત્યે, યશા. ૪૦; ૧૧: ૪૨; ૩. સરખા. માત્થી ૧૨; ૨૦.
પરીક્ષણમાં પડેલાઓ પ્રત્યે, હેબ્રી. ૨; ૧૮.
સતાવણીમાં પડેલા પ્રત્યે, લુક ૭; ૧૩. યોહા. ૧૧; ૩૩, ૩૫.
રોગથી પીડાતા પ્રત્યે, માત્થી ૧૪; ૧૪. માર્ક ૧; ૪૧.
ગરીબો પ્રત્યે, માર્ક ૮; ૨.
નાશમાં જતા પાપીઓ પ્રત્યે, માત્થી ૯; ૩૬. લુક ૧૯; ૪૧. યોહા. ૩; ૧૬.
પ્રાર્થનામાં તેને વિષે ઉત્તેજન, હેબ્રી. ૪; ૧૫.
એ બાબતમાં ભકતોએ ખ્રીસ્તને અનુસરવો, ૧ પીત. ૩; ૮.
એ બાબતમાં ખ્રીસ્ત ઉત્તમ નમુનો છે, માત્થી ૧૧; ૨૮: ૧૫; ૩૨: ૨૦; ૩૪. લુક ૭; ૧૩. હેબ્રી. ૨; ૧૮: ૪; ૧૫; ૫; ૨.

કરૂણા—કેવાઓ ઉપર ન દેખાડવી, પુન. ૭; ૧૬: ૧૩; ૮: ૨૫; ૧૨. હઝ. ૯; ૫.

કરૂબો કે કરૂબીમ—આકાર તથા દેખાવ, હઝ. ૧; ૫-૧૧, ૧૩, ૧૪.
દેવના આત્માથી સજીવ થએલા, હઝ. ૧; ૧૨, ૨૦.
પ્રભુના ઇરાદા પૂર્ણ કરવા માટે કરૂણારૂપ છે, હઝ. ૧; ૧૫, ૨૧: ૧૦; ૯, ૧૧, ૧૬, ૧૭.
તેઓ પર પ્રભુનો ગૌરવ પ્રકાશિત થયો, હઝ. ૧; ૨૨, ૨૬-૨૮: ૧૦; ૪, ૧૮, ૨૦.
પ્રભુની વાણી હોય એવી રીતે તેમની પાંખનો ધ્વનિ, હઝ. ૧; ૨૪: ૧૦; ૫.
એદન બાગના દરવાજા સાચવનાર, ઉત્પ.

૩; ૨૪.
સોનાના બનાવેલા:—
દયાસનનાં બે છેડા ઉપર તેમની પ્રતિમા ઉભી કરવામાં આવી, નિર્ગ. ૨૫; ૧૮-૨૦.
કરારકોશ ઉપર મૂકવામાં આવ્યા, ૧ શમૂ. ૪; ૪.
તેઓની વચમાં ઇશ્વરી સમક્ષતા દર્શાવેલી હતી, ૨ શમૂ. ૬; ૨. ૨ રાજા. ૧૯; ૧૫. ગીત ૮૦; ૧: ૯૯; ૧.
તેઓની વચમાંથી ઇશ્વર પોતાના ઇરાદા તથા પ્રત્યુત્તરો દેતો હતો, નિર્ગ. ૨૫; ૨૨. ગણ. ૭; ૮૯.
મહિમાના કરૂબીમ કહેવાતા, હેબ્રી. ૯; ૫.
મંડપના જુદા જુદા પડદાઓ પર તેમની પ્રતિમા:—
મંડપ ઉપરના આચ્છાદનના પાટાઓ ઉપર, નિર્ગ. ૨૬; ૧, ૩૧.
મંડપના પડદા ઉપર, નિર્ગ. ૨૬; ૩૧.
મંદિરના પડદા ઉપર, ૨ કાળ. ૩; ૧૪.
મંદિરના દરવાજા ઉપર, ૧ રાજા. ૬; ૩૨, ૩૫.
મંદિરની ભીંતો ઉપર, ૨ કાળ. ૩; ૭.
પિત્તળના હોજ ઉપર, ૧ રાજા. ૭; ૨૯, ૩૬.
તેના ઉપર સ્વારી, એમાં ઇશ્વરી રાજ્ય તથા પરાક્રમ ઉપમારૂપે બનાવ્યું છે, ૨ શમૂ. ૨૨; ૧૧. ગીત. ૧૮; ૧૦.

કરો મા—પવિત્ર આત્માને ખેદિત ન કરો, એફે. ૪; ૩૦. યશા. ૬૩; ૧૦.
પવિત્ર આત્માને ન હોલવો, ૧ થેસ્સા. ૫; ૧૯. ૧ કરીં. ૧૪; ૩૦. ૧ તીમો. ૪; ૧૪. ૨ તીમો. ૧; ૬.
પવિત્ર આત્માને ઉલટું ન બોલો, પ્રેરિ. ૫; ૩, ૯: ૭; ૫૧: ૧૫; ૧૦. ૧ કરીં. ૧૦; ૯.

કલ્યાણ—જે લોકોમાં વસીએ છીએ, તેઓનું શોધવું, યિર્મે. ૨૯; ૭.
તેઓના કલ્યાણમાં આપણું કલ્યાણ છે, યિર્મે. ૨૯; ૭.
ઇસ્રાએલનું થાઓ, ગીત. ૧૨૫; ૫: ૧૨૮; ૬.
મંડળીઓ માટે પ્રાર્થના કરવી, ગીત. ૧૨૨; ૯.
શાસ્ત્રની મમતા રાખનારનું બહુ થાય છે, ગીત. ૧૧૯; ૧૬૫.
રાષ્ટ્રોનું થવાને વચન, ઝખા. ૯; ૧૦.
ભકતોનું થવાને વચન, ગીત. ૭૨; ૩, ૪.
દીનોનું થવાને વચન, ગીત. ૩૭; ૧૧.
ભકતોનું થાય છે, ગીત. ૧૧૯; ૧૬૫.
બહુ થાય છે, ગીત. ૧૧૯; ૧૬૫.
દુષ્ટો પોતાનું થશે એમ ધારે છે, પુન. ૨૯; ૧૯.

કવચ—છાતીના રક્ષણ અર્થે, ૧ રાજા. ૨૨; ૩૪.
પ્રમુખ્ય યાજકના વસ્ત્રનો એક ભાગ, નિર્ગ. ૨૮; ૪.
સિપાઇઓને માટે—
લોઢાનું બનાવતા, પ્રક. ૯; ૯.
ઉજળું તથા પ્રકાશિત, પ્રક. ૯; ૧૭.
પ્રમુખ્ય યાજકને માટે—
તેના બનાવટની વસ્તુઓ, નિર્ગ. ૨૮; ૧૫: ૩૦; ૮.
આકાર તથા લંબાઇ પહોળાઈ, નિર્ગ. ૨૮; ૧૬: ૩૯; ૯.
લોકોએ આપેલા અર્પણમાંથી બનાવેલું, નિર્ગ. ૩૫; ૯.
તેના ઉપર બાર પત્થરમાં બાર કુળનાં નામ લખેલાં હતાં, નિર્ગ. ૨૮; ૧૭–૨૧: ૩૯; ૧૦, ૧૪.
એફોદની સાથે જુદું પાડી ન શકાય, તેવી રીતે જડેલું હતું, નિર્ગ. ૨૮; ૨૨–૨૮: ૩૯; ૧૫-૨૧.
તેમાં ઉરીમ તથા તુમીમ જડેલાં હતાં, નિર્ગ. ૨૮; ૩૦. લેવી. ૮; ૮.
સ્મૃતિ દાખલ પહેરાતું, નિર્ગ. ૨૮; ૨૯. સરખા. યશા. ૪૯; ૧૬.
લાક્ષણિક રીતે:—
લાગુ પડે છે—ખ્રીસ્તના અદલ ન્યાયીપણાને, યશા. ૫૯; ૧૭.
" ન્યાયીપણાના બચાવને, એફે. ૬; ૧૪.

ધાતુ પિગાળનાર, અયુ. ૨૮ ; ૨.
કાંતનાર, નિર્ગ. ૩૫ ; ૧૫. દષ્ટાં. ૩૧ ; ૧૯.
દરજી, નિર્ગ. ૨૮ ; ૩.
તંબુ બનાવનાર, ઉત્પ. ૪ ; ૨૦. પ્રેરિ. ૧૮ ; ૩.
વણકર, નિર્ગ. ૩૫ ; ૩૫. યોહા. ૧૯ ; ૨૩.
દ્રાક્ષરસ બનાવનાર, નહે. ૧૩ ; ૧૫. યશા. ૬૩ ; ૩.
લેખક, ન્યાયા. ૫ ; ૧૪.

કાઇસાર—ઑગસ્તસ, લુક ૨ ; ૧.
તીબેરીઅસ, લુક ૩ ; ૧.
કલાદિયસ, પ્રેરિ. ૧૧ ; ૨૮.
નીરો, તેની પાસે પાઉલે દાદ માગી, પ્રેરિ. ૨૫ ; ૧૧.

કાગડા—અશુદ્ધ, ખાવાને લાયક નહિ. લેવી. ૧૧ ; ૨૫. પુન. ૧૪ ; ૧૪. તેને ખીણના કાગડા કહે છે, દષ્ટાં. ૩૦ ; ૧૭.
વર્ણન કરેલું છે :—
કાળા, સુ. ગી. ૫ ; ૧૧.
ઉજડ સ્થળમાં રહેનારા, યશા. ૩૪ ; ૧૧.
તેમનો વધારો, લુક ૧૨ ; ૨૪.
માંસાહારી, દષ્ટાં. ૩૦ ; ૧૭.
તેમનો ખોરાક ઇશ્વર પૂરો પાડે છે, અયૂ. ૩૪ ; ૪૧. ગીત. ૧૪૭ ; ૯. લુક ૧૨ ; ૩૪.
વહાણમાંથી નુહાએ બહાર મોકલ્યો, ઉત્પ. ૮ ; ૭.
એલીયાહનું પોષણ કરતા હતા, ૧ રાજા. ૧૭ ; ૪–૬.
તેનાં પીછાંને, ખ્રીસ્તના ગૌરવની લાક્ષણિક ઉપમા આપેલી છે, સુ. ગી. ૫ ; ૧૧.

કાગળ—૨ યોહાન ૧૨.

કાન—શ્રવણનું સાધન, અયૂ. ૧૩ ; ૧ : ૨૯ ; ૧૧.
શબ્દોની પારખ કરવામાં કાબેલ, અયૂ. ૧૨ ; ૧૧.
પરમેશ્વર :—
તેનો બનાવનાર છે, દષ્ટાં. ૨૦ ; ૧૨.
તેનો ગોઠવનાર છે, ગીત. ૯૪ ; ૯.
ઉઘાડનાર છે, અયૂ. ૩૩ ; ૧૬ : ૩૬ ; ૧૦.
તેનો બંધ કરનાર છે, યશા. ૬ ; ૧૦. સરખાવો માત્થી ૧૩ ; ૧૫.
ખ્રીસ્ત ઉઘાડનાર, યશા. ૩૫ ; ૫ : ૪૩ ; ૮, ૨૦.
તેની મારફતે શિક્ષણ પ્રાપ્ત કરાય છે, યશા. ૩૦ ; ૨૧.
પ્રભુની વાણી સાંભળીને માન્ય કરનારને ધન્ય છે, નિર્ગ. ૧૫ ; ૨૬. માત્થી ૧૩ ; ૧૬.
આ કાને :—
વિદ્યા શોધવી, દષ્ટાં. ૧૮ ; ૧૫.
બુદ્ધિ તરફ લક્ષ દેવું, દષ્ટાં. ૫ ; ૧.
જ્ઞાન તરફ લક્ષ દેવું, દષ્ટાં. ૨ ; ૨.
દેવના નિયમ પ્રત્યે ,, યશા. ૧ ; ૧૦.
પ્રભુનાં વચનને ગ્રહણ કરવાં, યિર્મે. ૯ ; ૨૦.
ઠપકો સાંભળીને તાબે થવું, દષ્ટાં. ૧૫ ; ૩૧ : ૨૫ ; ૧૨.
દુનિયાઇ વાતાંથી તૃપ્ત થતા નથી, સભા. ૧ ; ૮.
દુષ્ટોના :—
બેસુનત છે, યિર્મે. ૬ ; ૧૦. પ્રેરી. ૭ ; ૫૧.
ખુજલીવાળા છે, ૨ તીમો. ૪ ; ૩.
પ્રભુનું સાંભળતા નથી, યિર્મે. ૭ ; ૨૪ : ૩૫ ; ૧૫.
પ્રભુના નિયમથી અવળા ફરનાર છે, દષ્ટાં. ૨૮ ; ૯.
પ્રભુના વચન સામે બંધ છે, ગીત. ૫૮ ; ૪. ઝખા. ૭ ; ૧૧.
ગરીબોની બૂમ પ્રત્યે બંધ રાખવા નહિ, દષ્ટાં. ૧૨ ; ૧૩.
જમણા કાન પર લોહી છંટાતું :—
યાજકોની પ્રતિષ્ઠા થતી વખતે, નિર્ગ. ૨૯ ; ૨૦. લેવી. ૮ ; ૨૩.
સાજા થએલા કોઢીઆના શુદ્ધિકરણ સમયે, લેવી. ૧૪ ; ૧૪.
વારંવાર ઘરેણાંથી શણગારવામાં આવે છે, હઝ. ૧૬ ; ૧૨. હોશી. ૨ ; ૧૩.
જે દાસ પોતાના શેઠના ઘરમાંથી જવા રાજી ન હોય, તો તેનો કાન બારસાખ પર ચિરાતો, નિર્ગ. ૨૧ ; ૬. પુન. ૧૫ ; ૧૭.

કાપણી—ખેતરોનાં ફળ એકઠાં કરવાનો સમય, માર્ક ૪; ૨૯.
જાથુ ચાલુ રહેનાર, ઉત્પ. ૮; ૨૨.
કહેવાય છે :—કાપણીનાં નિમેલાં સપ્તાહો, યિર્મે. ૫; ૨૪.
કાપણીની વેળા, ૨ શમૂ. ૨૩; ૧૩. યિર્મે. ૫૦; ૧૬.
ખેતરો—પાકી ચુક્યાં છે, યોહા. ૪; ૩૫.
જવની—પાસ્ખાપર્વ સમયે, લેવી. ૨૩; ૬, ૧૦. રૂથ. ૧; ૨૨.
ઘઉંની—પચાસીપર્વ સમયે, નિર્ગ. ૩૪; ૨૨. ૧ શમૂ. ૧૨; ૧૭.
પુરૂષો તથા સ્ત્રીઓ કામે લાગતાં, રૂથ ૨; ૮, ૯.

પુરૂષો કામે લાગતા :—
કાપવા, રૂથ ૨; ૪.
પૂળા બાંધવા, ઉત્પ. ૩૭; ૭. ગીત. ૧૨૯; ૭.
તેમને કાપનાર કહે છે, યશા. ૧૭; ૫.
,, મજુરો કહે છે, માત્થી ૯; ૩૭.
તે અરસામાં ઘરધણી ખાવાનું પૂરૂં પાડતો, રૂથ ૨; ૧૪.
મુસારો પામતા, યોહા. ૪; ૩૬.
ઘણી વાર તેમની મજુરી અટકાવાતી, યાકૂ. ૫; ૪.
પાકની પુષ્કળતા માટે આગલા તથા પાછલા વરસાદની ઘણી જરૂર, યિર્મે. ૫; ૨૪. આમો. ૪; ૭.
મોસમ સુધી ધીરજ રાખવી પડતી, યાકુ. ૫; ૭.
યહોવાહને પ્રથમ ફળનું અર્પણ કર્યા પહેલાં કાપણી થતી નહિ, લેવી. ૨૩; ૧૦, ૧૪.
આનંદનો વખત છે, ગીત. ૧૨૬; ૬. યશા. ૯; ૩.
સાબ્બાથ વરસમાં કાપણી થતી નહિ, લેવી. ૨૫; ૫.
જુબિલી વરસમાં ,, ,, ,, લેવી. ૨૫; ૧૧, ૧૨.
સાબ્બાથ દિવસે આરામ લેવાતો, નિર્ગ. ૩૪; ૨૧.
ગરીબોને માટે સલ્લો રાખવામાં આવતો, લેવી. ૧૯; ૯, ૧૦: ૨૩; ૧૨. પુન. ૨૪; ૧૯.

નિષ્ફળતા :—
સુકવણાને કારણે, આમો. ૪; ૪.
તીડને કારણે, યોએ. ૧; ૪.
કોઇ કોઇ વાર ઘણાં વરસ સુધી એમ થતું, ઉત્પ. ૪૫; ૬.
મોટા દુઃખનું કારણ થતું, યશા. ૧૬; ૯. યોએ. ૧; ૧૧.
પાપની સજા હતી, યશા. ૧૭; ૧૦, ૧૧.
આળસ કરનાર લજ્જાકારક છે. દૃષ્ટાં. ૧૦; ૫.
એ અરસામાં ભયંકર ગર્જના, ૧ શમૂ. ૧૨; ૧૭, ૧૮.

લાક્ષણિક રીતે :—
કૃપાના સમયને, યિર્મે. ૮; ૨૦.
જગતના અંતને, માત્થી ૧૩; ૩૦, ૩૯.
સુવાર્તાનો સ્વીકાર કરવા ઘણા તત્પર થઇ રહ્યા હોય તેઓને, માત્થી ૯; ૩૭, ૩૯. યોહા. ૪; ૩૫.
ન્યાયના દિવસને, યિર્મે. ૫૧; ૩૩. હોશી. ૬; ૧૧.
ક્રોધની કાપણી, યોએ. ૩; ૧૩. પ્રક. ૧૪; ૧૫.
(ઝાકળ) દેવના રક્ષણને, યશા. ૧૮; ૪.
(હીમ) તાજગીનો સંદેશો, દૃષ્ટાં. ૨૫; ૧૩.
(વરસાદ) મૂર્ખને આપેલું માન, દૃષ્ટાં. ૨૬; ૧.

કાપણી—પાકેલાં અનાજ કાપવાની મોસમ, અયુ. ૨૪; ૬. સરખાવો લેવી. ૨૩; ૧૦.
તેને માટે દાતરડાનો ઉપયોગ થતો, પુન. ૧૯; ૯. માર્ક. ૪; ૨૯.
પુરૂષો તેમજ સ્ત્રીઓ એ કામ કરતાં, રૂથ ૨; ૮, ૯.

યહુદીઓને નહિ કાપવાની મનાઇ :—
ખેતરના ખુણા, લેવી ૧૯; ૯. સરખાવો ૨૩; ૨૨.
સાબ્બાથ વરસમાં, લેવી. ૨૫; ૫.
જ્યુબિલી વરસમાં, લેવી. ૨૫; ૧૧.
પારકાનાં ખેતરો, પુન. ૨૩; ૨૫.
કાપેલાંના કોળીયાં કરતા, ગીત. ૧૨૯; ૭. યશા. ૧૭; ૫.

તેની સાથે જોડાયલાં છે :—
અહંકાર, હબા. ૨ ; ૫.
લોભ, હબા. ૨ ; ૮, ૯.
નિર્દયતા, હબા. ૨ ; ૧૨.
દાખલા—આદમ તથા હવા, ઉત્પ. ૩ ; ૫-૬. બાબેલનો બુરૂજ બાંધનારા, ઉત્પ. ૧૧ ; ૪. મરીયમ તથા હારૂન, ગણ. ૧૨ ; ૨. કોરાહ, ઇત્યા૦ ગણ. ૧૬ ; ૩. આબશાલોમ, ૨ શમૂ. ૧૫ ; ૪ : ૧૮ ; ૧૮. આદોનિયાહ, ૧ રાજા. ૧ ; ૫. સાન્હેરીબ, ૨ રાજા. ૨૯ ; ૨૩. શેબ્ના, યશા. ૨૨ ; ૧૬. ઝબદીના દિકરા, માત્થી ૨૦ ; ૨૧. ખ્રીસ્ત વિરોધીઓ, ૨ થેસ્સા. ૨ ; ૪. દિયત્રેફે, ૩ યોહા. ૯.

કુતરો—યહુદીઓ ધિક્કારતા હતા, ૨ શમૂ. ૩ ; ૮.
તેનું વર્ણન કરવામાં આવે છે :—
નુકસાન કરવામાં ઉતાવળું, દૃષ્ટાં. ૨૬ ; ૧૭.
અશુદ્ધ, લુક ૧૬ ; ૨૧. ૨ પીત. ૨ ; ૨૨.
માંસાહારી, ૧ રાજા. ૧૪ ; ૧૧. ૨ રાજા. ૯ ; ૩૫–૩૬.
લોહીના તૃષ્યા, ૧ રાજા. ૨૧ ; ૧૯ : ૨૨ ; ૩૮.
બિહામણા તથા નુકસાનકર્તા, ગીત. ૨૨ ; ૧૬.
રાતની વખતે શહેરમાં ઘણાને ઇજા કરનારા, ગીત. ૫૯ ; ૧૪, ૧૫.
જે પવિત્ર તે તેને નહિ નાખવું, માત્થી ૭ ; ૬ : ૧૫ ; ૨૬.
પશુઓથી ફાડી નંખાયલું તેને નાખી દેતા, નિર્ગ. ૨૨ ; ૩૧.
તેનું યજ્ઞ ધિક્કાર પાત્ર છે, યશા. ૬૬ ; ૩.
તેનું મુલ્ય ધર્માદામાં અપાતું નહિ, પુન. ૨૩ ; ૧૮.
પાળેલા હોય ત્યારે :—
ટોળાં સાચવવાનું કામ કરે છે, અયૂ. ૩૦ ; ૧.
કકડાઓ ખાય છે, માત્થી ૧૫ ; ૨૭.
તેની પાણી પીવાની રીતને લાગુ પાડે છે, ન્યાય. ૭ ; ૫.
લાક્ષણિક રીતે લાગુ પાડે છે :—
વિદેશીઓને, માત્થી ૧૫ ; ૨૨, ૨૬.
લોભિષ્ટ સેવકોને, યશા. ૫૬ ; ૧૧.
મૂર્ખોને, દૃષ્ટાં. ૨૬ ; ૧૧.
ઠોકર ખવડાવનારાને ૨, પીત. ૨ ; ૨૨.
સતાવણી કરનારાને, ગીત. ૨૨ ; ૧૬, ૨૦.
દુરાગ્રહી પાપીઓને, માત્થી ૭ ; ૬. પ્રક. ૨૨ ; ૧૫.
જુઠા બોધકોને, ફીલી. ૩ ; ૨.
(મુંગા) અવિશ્વાસુ સેવકોને, યશા. ૫૬ ; ૧૦.
(મૃત) કનિષ્ટ પદને, ૧ શમૂ. ૨૪ ; ૧૪. ૨ શમૂ. ૯ ; ૮.

કુટુંબો—ભક્તોનાં, આશીર્વાદીત, ગીત. ૧૨૮ ; ૩–૬.
શું કરવું ? :—
શાસ્ત્ર શિખવવું જોઇએ, પુન. ૪ ; ૯, ૧૦.
સાથે મળી ભક્તિ કરવી, ૧ કરીં. ૧૬ ; ૧૯.
સારી રીતે ખબર રાખવી, દૃષ્ટાં. ૩૧ ; ૨૭. ૧ તીમો. ૩ ; ૪, ૫, ૧૨.
ઐક્યતામાં રહેવું, ઉત્પ. ૪૫ ; ૨૪. ગીત. ૧૩૩ ; ૧.
પરસ્પર સહનતામાં રહેવું, ઉત્પ. ૫૦ ; ૧૭, ૨૧. માત્થી ૧૮ ; ૨૧, ૨૨.
સાથે મળી ઇશ્વર આગળ આનંદ કરવો, પુન. ૧૪ ; ૨૬.
કપટ તથા અસત્યપણું દૂર કરવાં, ગીત. ૧૦૧ ; ૭.
દેવથી દૂર ન જવાની તાકીદ, પુન. ૨૯ ; ૧૮.
અધર્મીને શાસન, યિર્મે. ૧૦ ; ૨૫.
સારાંના દાખલા :—આબ્રાહીમ, ઉત્પ. ૧૮ ; ૧૯. યાકુબ ઉત્પ. ૩૫ ; ૨.
યહોશુઆ, યહોશુ. ૨૪ ; ૨૫.
દાઉદ, ૨ શમૂ. ૬ ; ૨૦.
અયુબ, અયુ. ૧ ; ૫.
બેથાનીઆનો લાજરસ, યોહા. ૧૧ ; ૧, ૫.
કર્નેલીઅસ, પ્રેરિ. ૧૦ ; ૨, ૩૩.
લુદીઆ, પ્રેરિ. ૧૬ ; ૧૫.
ફીલીપી શહેરનો દરોગો, પ્રરિ. ૧૬ ; ૩૧-૩૪.
ક્રિસ્પસ, પ્રેરિ. ૧૮ ; ૮.
લુઇસ, ૨ તીમો. ૧ ; ૫.

કુળો, ઇસ્રાએલનાં—સંખ્યામાં બાર હતાં, ઉત્પ. ૪૯ ; ૨૮. પ્રેરિ. ૨૬ ; ૧૨. યાકુ. ૧ ; ૧.
યાકુબના પુત્રોના વંશજો હતા, ઉત્પ. ૩૫ ; ૨૩-૨૬.
યુસફ વથા લેવીના બદલામાં એફ્રાઇમ તથા

નાશ્શેહ ઉમેરાયા હતા. ઉત્પ. ૪૮ ; ૫.
યહોશુ. ૧૪ ; ૩, ૪.
ઓમાંના પ્રત્યેકનું ભાવીકથન, ઉત્પ. ૪૯ ;
-૨૭. પુન. ૩૩ ; ૬-૩૫.
મેકમાં :—
એક મુખ્ય આગેવાન હતો, ગણુ. ૧ ; ૪-૧૬.
કુંબવિભાગ હતા, ગણુ. ૧ ; ૨ : ૨૬ ;
૫-૫૦. યહોશુ. ૭ ; ૧૪.
લડાઇને માટે સરખી ગણુનામાં પુરૂષો મોક-
લવા પડતા હતા, ગણુ. ૩૧ ; ૪.
યેક કુટુંબમાં મુખ્ય પુરૂષ હતો, ગણુ. ૩૬ ;
. ૧ કાળ. ૪ ; ૩૮.
સર છોડતી વખતે તેઓની એકંદર સંખ્યા,
નિર્ગ. ૧૨ ; ૩૭. ગણુ. ૧ ; ૪૪-૪૬ :
; ૩૨.
રણ્યમાં હતા, તે અરસામાં ચાર વિભાગમાં
હેંચાયલા, ગણુ. ૧૦ ; ૧૪-૨૮.
પની ચોતરફ પોતપોતાની ધ્વજા તળે, વિભા-
ામાં છાવણી કરતા હતા, ગણુ. ૨ ; ૨-૩૧.
ઓની સંખ્યાના પ્રમાણમાં કનાન દેશની
હેંચણુ કરવામાં આવી. ગણુ. ૩૩ ; ૫૪.
બેન, ગાદ તથા અર્ધ મનાશ્શેહને યરદનની
ૂર્વ તરફ વતન મળ્યું. પુન. ૩ ; ૧૨-૧૭.
હોશુ. ૧૩ ; ૨૩-૩૨.
ાન જીતવામાં તેમને મદદ આપવાની ફરજ
ાડવામાં આવી, ગણુના ૩૨ ; ૬-૩૨. પુન.
; ૧૮-૨૦.
ાનમાં પ્રવેશ કરતાં તેઓની એકંદર સંખ્યા,
ણુ. ૨૬ ; ૫૧.
ઠ્ઠીઓથી કનાન દેશ સાડાનવ કુળમાં વહેં-
ાયો, યહોશુ. ૧૪ ; ૧-૫.
મેકના વારસાની સીમમર્યાદા તથા રહેઠાણુ,
હોશુ. અધ્યા. ૧૫-૧૭.
ાએલપુત્રોના કુળનો વારસો એક કુળમાંથી
ીજા કુળમાં જતો નહિ, ગણુ. ૨૩ ; ૬-૯.
ખ્ય યાજકના ઉરપત્ર પર તેઓનાં નામ
ાતરેલાં હતાં, નિર્ગ. ૨૮ ; ૨૧ : ૩૯ ; ૧૪.
ાલ તથા ગરીઝીમ પર નિયમ સાંભળવાને બે
ભાગમાં ઉભા રહેલા, પુન. ૨૭ ; ૧૨, ૧૩.
ાબઆમના રાજ્ય સુધી એક લોક તરીકે
રહ્યા, ૧ રાજા ૧૨ ; ૧૬-૨૦.

કુવા—પ્રથમ ઉલ્લેખ, ઉત્પ. ૧૬ ; ૧૪.
ઘણી વાર ખોદેલા હતા :—
છાવણી પાસે, ઉત્પ. ૨૧ ; ૩૦ : ૨૬ ; ૧૮.
શહેર બહાર, ઉત્પ. ૨૪ ; ૧૧. યોહા. ૪ ;
૬, ૮.
ઘરના આંગણામાં, ૨ શમૂ. ૧૭ ; ૧૮.
અરણ્યમાં, ૨ કાળ. ૨૬ ; ૧૦.
તેમાં ઝરણુનાં પાણી આવતાં, દષ્ટાં. ૧૬ ; ૨૨.
વરસાદનાં પાણી આવતાં, ગીત. ૮૪ ; ૬.
ઝાડીથી વિંટળાયલા રહેતા, ઉત્પ. ૪૯ ; ૨૨.
નિર્ગ. ૧૫ ; ૨૭.
ઘણી વાર નામ પાડવામાં આવતાં, ઉત્પ.
૧૬ ; ૧૪ : ૨૧ ; ૩૧.
કનાનમાં પુષ્કળ હતા, પુન. ૬ ; ૧૧.
લબાનોનથી વહેતાં પાણી તેમાં ભરાતાં, સુ.
ગી. ૪ ; ૧૫.
શાસ્ત્રમાં વર્ણવેલા :—
બેર-લાહાઇ-રોઇ, ઉત્પ. ૧૬ ; ૧૪.
બેથલેહેમ, ૨ શમૂ. ૨૩ ; ૧૫. ૧ કાળ. ૧૧ ;
૧૭, ૧૮.
બએર, (યરદનની પૂર્વે) ગણુ. ૨૧ ; ૧૬-૧૮.
બેરશેબા, ઉત્પ. ૨૧ ; ૩૦–૩૧.
એલીમ, નિર્ગ. ૧૫ ; ૨૭.
એસેક, ઉત્પ. ૨૬ ; ૨૦.
હાગાર, ઉત્પ. ૨૧ ; ૧૯.
હારાન, ઉત્પ. ૨૯ ; ૩, ૪.
યાકુબ, યોહા. ૪ ; ૬.
રહોબોથ, ઉત્પ. ૨૬ ; ૨૨.
સિરનાહ, ઉત્પ. ૨૬ ; ૨૧.
કેટલાક બહુ ઉંડા તથા સિંચવાને મુશ્કેલ હતા,
યોહા, ૪ , ૧૧.
અંદર રેતી પડીને પુરાઇ ન જાય માટે ઉપર
ઢાંકણુ રાખતા, ઉત્પ. ૨૯ ; ૨, ૩.
ઢોરને પાણી પાવા માટે હવાડા બાંધતા, ઉત્પ.
૨૪ ; ૧૯, ૨૦. નિર્ગ. ૨ ; ૧૬.
પાણી સિંચતાં હતાં :—
સ્ત્રીઓ, ઉત્પ. ૨૪ ; ૧૩, ૧૪. યોહા. ૪ ; ૭.
મુસાફરો, ઉત્પ. ૨૪ ; ૧૧, ૧૩, ૪૨.
યોહા. ૪ ; ૬.

પરદેશીઓ રજા વિના સિંચી શકતા નહિ, ગણા. ૨૦; ૧૭.
તેનાં પાણી ઘણી વાર વેચવામાં આવતાં, ગણા. ૨૦; ૧૯.
ઘણી વાર પાણી કાઢવા માટે ઝગડા થતા હતા, ઉત્પ. ૨૧; ૨૫: ૨૬; ૨૧, ૨૨. નિર્ગ. ૨; ૧૬, ૧૭.
ઘણી વાર શત્રુઓ પુરી નાખતા, ઉત્પ. ૨૬; ૧૫, ૧૮. ૨ રાજા. ૩; ૧૯, ૨૫.
ઘણી વાર નિર્જળ માલમ પડતા, યિર્મે. ૧૪; ૩. ઝખા. ૯; ૧૧.
લાક્ષણિક રીતે :—
મંડળીમાં ચાલતા વિધિઓને, યશા. ૧૨; ૩.
ભકતોમાં વસ્તા પવિત્ર આત્માને, સુ. ગી. ૪; ૧૫. સરખાવો યોહા. ૪; ૧૪.
ન્યાયીઓના મુખને, દૃષ્ટાં ૧૦; ૧૧.
માણસમાં રહેલાં જ્ઞાન તથા બુદ્ધિને, દૃષ્ટાં. ૧૬; ૨૨: ૧૮; ૪.
(તેની પાસે ફળવાન ડાળી,) યુસફની પુષ્કળ આબાદીને, ઉત્પ. ૪૯; ૨૨.
(તેના પોતાનામાંથી પીશે,) કુટુંબના સુખનો ભોગવટો, દૃષ્ટાં. ૫; ૧૫.
(પાણીરહિત,) ઢોંગીઓને, ૨ પીત. ૨; ૧૭.

કુંભાર—એમાં દેવનો અધિકાર દર્શાવવામાં આવે છે, યશા. ૬૪; ૮. યિર્મે. ૧૮; ૨. રૂમી. ૯; ૨૧.
પ્રાચિન કાળના, ૧ કાળ. ૪; ૨૩.
વળી વાંચો—ગીત. ૨; ૯. યશા. ૩૦; ૧૪. યિર્મે. ૧૯; ૧. વિલા. ૪; ૨. ઝખા. ૧૧; ૧૩. માત્થી ૨૭; ૧૦. પ્રક. ૨; ૨૭.

કુમારી—શિયળ સાચવનારી કુંવારી યુવતિ, યશા. ૭; ૧૪.
જુવાન કન્યા, યોએ. ૧; ૧૮.
ખાસ લોકો, શહેર અગર દેશજાતિ, ૨ રાજા. ૧૯; ૨૧. યશા. ૩૭; ૨૨: ૪૭; ૧. યિર્મે. ૧૪; ૧૭: ૧૮; ૧૩: ૩૧; ૪, ૨૧: ૪૬; ૧૧. વિલા. ૧; ૧૫: ૨; ૧૩. આમો. ૫; ૨.
ધર્મનો સ્વીકાર કરનારા, માત્થી ૨૫; ૧. પ્રક. ૧૪; ૪.

તેને ઉદરે ખ્રીસ્ત જન્મ્યો, માત્થી ૧; ૧૮. લુક. ૧; ૨૭.
દશ કુંવારીઓનું દૃષ્ટાંત, માત્થી ૨૫; ૧.
એ સંબંધી પાઉલની સલાહ, ૧ કરીં. ૭; ૨૫.

કેદખાનાં—તેનો પ્રાચિન ઉલ્લેખ, ઉત્પ. ૩૯; ૨૦.
તેની વર્ણવેલી જાત :—
ચોકીનાં, યિર્મે. ૩૭; ૨૧. સરખાવો ઉત્પ. ૩૯; ૨૦.
સાધારણ, પ્રેરિ. ૫; ૧૮.
તેની સાથે ભોંયરાં (ટાંકાં) રાખતા, યિર્મે. ૩૮; ૬. ઝખા. ૯; ૧૧.
ચોકીદારોના પહેરા તળે રહેતાં, ઉત્પ. ૩૯; ૨૧.
ઉપયોગમાં લેતા હતા :—
દેહાંતદંડવાળા માટે, લુક. ૨૩; ૧૯.
પાખંડ મતવાળાને માટે, પ્રેરિ. ૪; ૩: ૫; ૧૮: ૮; ૩.
શકદારને માટે, ઉત્પ. ૪૨; ૧૯.
દેહાંતદંડની તપાસ કરવામાં આવે ત્યાં સુધી તેમને રાખવા માટે, લેવી. ૨૪; ૧૨. પ્રેરિ. ૧૨; ૪, ૫.
શત્રુઓ બંદિવાન થાય તેમને રાખવા માટે, ન્યાય. ૧૬; ૨૧. ૨ રાજા. ૧૭; ૪. યિર્મે. ૫૨; ૧૧.
દેવાદાર દેવું વાળે ત્યાં સુધી, માત્થી ૫; ૨૬: ૧૮; ૩૦.
રાજાની ઇતરાજી થઇ હોય તેવા માણસોને માટે, ૧ રાજા. ૨૨; ૨૭. ૨ કાળ. ૧૬; ૧૦. માર્ક ૬; ૧૭.
દેવના અગર રાજાના નિયમ તોડનારને તેમાં રાખતા, એઝ. ૭; ૨૬.
ઘણી વાર તેમાં સખત સજા કરતા, લુક ૨૨; ૩૩.
જે જે સ્થળો તેને માટે વાપરતા તે :—
રાજાના ઘરની પાસેની ચોકી, યિર્મે. ૩૨; ૨.
રાજાના શાસ્ત્રીનું ઘર, યિર્મે. ૩૭; ૧૫.
રક્ષકોના સેનાપતિના ઘર પાસે, ઉત્પ. ૪૦; ૩.
બંદિવાનનું પોતાનું ઘર, જ્યાં સીપાઇઓ સાથે બંધનમાં રહેતા; પ્રેરિ. ૨૮; ૧૬, ૩૦. સરખાવો ૨ તીમો. ૧; ૧૬-૧૮.

કોઢ—યહુદીઓમાં સાધારણ હતો, લુક. ૪; ૨૭.
લાગુ પડતો :—
પુરૂષોને, લુક. ૧૭ ; ૧૨.
સ્ત્રીઓને, ગણ. ૧૨ ; ૧૦.
ઘરોને, લેવી. ૧૪ ; ૩૪.
વસ્ત્રોને, લેવી. ૧૩ ; ૪૭.
અસાધ્ય રોગ, ૨ રાજા. ૫ ; ૭.
કેટલીક વાર પાપની સજા રૂપે દાખલ થયો, ગણ. ૧૨ ; ૯, ૧૦. ૨ કાળ. ૨૬ ; ૧૯.
ઘણી વાર વારસામાં ઉતરતો, ૨ શમૂ. ૩ ; ૨૯. ૨ રાજા. ૫ ; ૨૭.
ઘણી વાર લાગુ પડતો :—
હાથે, નિર્ગ. ૪ ; ૬.
માથે, લેવી. ૧૩ ; ૪૪.
કપાળે, ૨ કાળ ૨૬ ; ૧૯.
દાઢીએ, લેવી. ૧૩ ; ૩૦.
આખા શરીરે, લુક. ૫ ; ૧૨.
ઘણી વાર રતાશવાળું સફેદ ચળકતું ચાઠું થતું, લેવી. ૧૩ ; ૨, ૨૪.
સફેદ ચામડી થઇ જતી, નિર્ગ. ૪ ; ૬. ૨ રાજા. ૫ ; ૨૭.
વાળ પીળા તથા ધોળા થઇ જતા, લેવી. ૧૩ ; ૩, ૧૦, ૩૦.
યાજકો :—
આ બાબતમાં તપાસ તથા સૂચના કરનાર હતા, પુન. ૨૪ ; ૮.
તપાસવામાં આવતા માણસો સંબંધી શક જાહેર કરતા, લેવી. ૧૩ ; ૨, ૯.
શકવાળાને સાત દિવસ અલાયદા રાખતા, લેવી. ૧૩ ; ૪.
તેને પારખવાના નિયમો સંબંધી માહિતગાર હતા, લેવી. ૧૩ ; ૫-૪૪.
તેઓ શુદ્ધિકરણ કરનાર હતા, લેવી. ૧૪ ; ૨. માત્થી ૮ ; ૪. લુક ૧૭ ; ૧૪.
શુદ્ધિકરણના નિયમો, લેવી. ૧૪ ; ૬-૩૨.
જેઓને લાગ્યો હોય તેઓ :—
વિધિપૂર્વક અશુદ્ધ ગણાતા, લેવી. ૧૩ ; ૮, ૧૧, ૨૨, ૪૪.
બીજાઓના સહવાસથી અલગ રખાતા, ગણ. ૫ ; ૨ : ૧૨ ; ૧૪, ૧૫.
એવા રોગવાળા સર્વ સાથે રહેતા, ૨ રાજા. ૭ ; ૩. લુક ૧૭ ; ૧૨.
અલાયદા મકાનમાં રહેતા, ૨ રાજા. ૧૫ ; ૫.
પ્રભુના ઘરથી વિમૂખ કરાતા, ૨ કાળ. ૨૬ ; ૨૧.
યાજકની પદ્વિ પરથી દૂર કરાતા, લેવી. ૨૩ ; ૨-૪.
તેઓએ ઓઢું માથું, ફાટેલાં વસ્ત્ર તથા મૂમતી રાખવી પડતી હતી, લેવી. ૧૩ ; ૪૫.
શહેરમાં પેસતાં અશુદ્ધ, અશુદ્ધ કહી બૂમ પાડતા, લેવી. ૧૩ ; ૪૫.
આખું શરીર ધોળું થઇ જાય ત્યારે શુદ્ધ ગણાતા, લેવી. ૧૩ ; ૧૩.
શુદ્ધ કરવામાં ઇશ્વરી પરાક્રમ જાહેર કરાયો, ગણ. ૧૨ ; ૧૩, ૧૪. ૨ રાજા. ૫ ; ૮-૧૪.
શુદ્ધ કરવામાં ખ્રીસ્તનો પરાક્રમ જણાયો, માત્થી ૮ ; ૩. લુક ૫ ; ૧૩ : ૧૭ ; ૧૩, ૧૪.
ખ્રીસ્તે શુદ્ધ કરવાનું પરાક્રમ આપ્યું, માત્થી ૧૦ ; ૮.
વસ્ત્રો :—
યાજક જોઇને શક જાહેર કરે, લેવી. ૧૩ ; ૪૯.
સાત દિવસ રાખ્યા પછી ફરી શક જાહેર કરે, લેવી. ૧૩ ; ૫૦.
વસ્ત્રનો તેટલો ભાગ ફાડી નાખે, લેવી ૧૩; ૫૬.
રોગવાળાં સાબિત થાય તો બાળી નાખે, લેવી. ૧૩ ; ૫૧, ૫૨.
તપાસીને ધોયા પછી તેમાં માલમ ન પડે તો શુદ્ધ ઠરાવે, લેવી. ૧૩ ; ૫૩, ૫૪, ૫૮, ૫૯.
ઘરો :—
શક પડતી વાત હોય તો યાજક તપાસ કરે, લેવી. ૧૪ ; ૩૫.
શક પડતી વાત હોય તો ઘર ખાલી કરવું, લેવી. ૧૪ ; ૩૬.
યાજક તેની તપાસ કરી શક જાહેર કરે, લેવી. ૧૪ ; ૩૭.
સાત દિવસ બંધ રાખી, ફરી શક જાહેર કરે, લેવી. ૧૪ ; ૩૮.
જે જગામાં માલમ પડે તે કાઢી નાખવાની, અને બાકીનું ખરપાવી નાખવાનું જાહેર કરે, લેવી. ૧૪ ; ૩૯, ૪૨.

ઘર કોઢવાળું સાબિત થાય, તો જડમૂળથી પાડી નાખીને બહાર ફેંકી દેવું, લેવી. ૧૪; ૪૩-૪૫.
એવા ઘરમાં પ્રવેશ કરનાર સાંજ સુધી અશુદ્ધ ગણાય, લેવી. ૧૪; ૪૬, ૪૭.
તપાસ કર્યા પછી માલમ ન પડે તો યાજક શુદ્ધ ઠરાવે, લેવી. ૧૪; ૪૮.
તેના શુદ્ધિકરણનો વિધી, લેવી. ૧૪, ૪૯-૫૩.

કોશ—તેનું માપ, નિર્ગ. ૨૫; ૧૦: ૩૭; ૧.
સોનાથી મઢેલો, નિર્ગ. ૨૫; ૧૧: ૩૭; ૨.
સોનાથી કિનારી બાંધેલી, નિર્ગ. ૨૫; ૧૧.
તેને ઉંચકવા કડાં તથા કાઠીઓ, નિર્ગ. ૨૫; ૧૨-૧૫: ૩૭; ૩-૫.
સાક્ષ્ય પાટીઓ અંદર મૂકેલી હતી, નિર્ગ. ૨૫; ૧૬, ૨૧. ૧ રાજા. ૮; ૯, ૧૧. ૨ કાળ. ૫; ૧૦. હેબ્રી. ૯; ૪.
તેના ઉપર દયાસન ગોઠવેલું હતું, નિર્ગ. ૨૫; ૨૧: ૨૬; ૩૪.
પરમપવિત્ર સ્થાનમાં મૂકતા, નિર્ગ. ૨૬; ૩૩: ૪૦; ૨૧. હેબ્રી. ૯; ૩, ૪.
માન્ના ભરેલું વાસણ તથા હારૂનની કાઠી પાછળથી અંદર મૂકવામાં આવ્યાં, હેબ્રી. ૯; ૪. સરખા. નિર્ગ. ૧૬; ૩૩, ૩૪. ગણ. ૧૭; ૧૦.
નિયમશાસ્ત્રની એક નકલ મૂકેલી હતી, પુન. ૩૧; ૨૬.
પવિત્ર તેલથી અભિષિક્ત કરેલો હતો, નિર્ગ. ૩૦; ૨૬.
તેને ઉપાડીને લઇ જવામાં આવે તે પહેલાં પડદામાં વિંટાળતા હતા, ગણ. ૪; ૫, ૬.
તેને નીચે પ્રમાણે નામ આપેલાં:—
દેવનો કોશ, ૧ શમૂ. ૩; ૩.
દેવના સામર્થ્યનો કોશ, ૨ કાળ. ૬; ૪૧. ગીત. ૧૩૨; ૮.
યહોવાહનો કરારકોશ, ગણ. ૧૦; ૩૩.
સાક્ષ્યકોશ, નિર્ગ. ૩૦; ૬. ગણ. ૭; ૮૯.
પ્રભુની સમક્ષતા તથા ગૌરવના ચિન્હરૂપ, ગણ. ૧૪; ૪૩, ૪૪. યહોશુ. ૭; ૧૪. ૧ શમૂ. ૧૪; ૧૮, ૧૯. ગીત. ૧૩૨; ૮.
ઇસ્રાએલનું ગૌરવ મનાતું, ૧ શમૂ. ૪; ૨૧, ૨૨.
પવિત્ર હતો, ૨ કાળ. ૩૫; ૩.
તેના રહેઠાણની જગા પવિત્ર થતી, ૨ કાળ ૮; ૧૧.
તેની આગળ ઇસ્રાએલ પુત્રો યહોવાહની શોધ કરતા હતા, યહોશુ. ૭; ૧-૯. ન્યાય. ૨૦; ૨૭. ૧ કાળ. ૧૩; ૩.
લઇ જવામાં આવતો હતો:—
માત્ર યાજકો અગર લેવીઓ, પુન. ૧૦; ૮. યહોશુ. ૩; ૧૪. ૨ શમૂ. ૧૫; ૨૪. ૧ કાળ. ૧૫; ૨.
ઇસ્રાએલપુત્રોની મુસાફરીમાં આગળ ઉપાડીને, ગણ. ૧૦; ૩૩. યહોશુ. ૩; ૬.
કેટલીક વખત લડાઇની છાવણીમાં, ૧ શમૂ. ૪; ૪, ૫.
અપવિત્ર કરનારને શિક્ષા મળતી, ગણ. ૪; ૪, ૧૫. ૧ શમૂ. ૬; ૧૯. ૧ કાળ. ૧૫; ૧૩.
તેનું રક્ષણ કરનારને પ્રતિફળ મળતું, ૧ કાળ. ૧૩; ૧૪.
પલસ્તિઓથી હરણ કરાયો, ૧ શમૂ. ૪; ૧૧.
તેની મારફતે કરવામાં આવેલા (થએલા) ચમત્કારો:—
યરદન નદીના બે ભાગ થયા, યહોશુ. ૪; ૭.
યરીખોનો કોટ પડી ગયો, યહોશુ. ૬; ૬-૨૦.
દાગોનનું ખંડન થયું, ૧ શમૂ. ૫; ૧-૪.
પલસ્તિઓમાં રોગ ચાલ્યો, ૧ શમૂ. ૫; ૬-૧૨.
નિરોગી થવાની રીત, ૧ શમૂ. ૬; ૧-૧૮.
કિર્યાથ-યઆરીમમાં વીસ વર્ષ રખાયો, ૧ શમૂ. ૭; ૧, ૨.
કિર્યાથ-યઆરીમથી ઓબેદ-એદોમના ઘરમાં લવાયો, ૨ શમૂ. ૬; ૧-૧૧.
દાઉદે તેને માટે માંડવો બનાવ્યો, ૨ શમૂ. ૬; ૧૭. ૧ કાળ. ૧૫; ૧.
દાઉદના નગરમાં લવાયો, ૨ શમૂ. ૬; ૧૨-૧૫. ૧ કાળ. ૧૫; ૨૫-૨૮.
માંગલિક ક્રિયા સાથે સુલેમાનથી મંદિરમાં લવાયો, ૧ રાજા. ૮; ૧-૬. ૨ કાળ. ૫; ૨-૯.
ખ્રીસ્તની નિશાની રૂપે છે, ગીત. ૪૦; ૮. પ્રક. ૧૧; ૯.

કાંટા—આદમના પાપને કારણે થએલા શ્રાપનું ફળ, ઉત્પ. ૩; ૧૮.

ગિદઓને સુક્કોથના લોકોને તેથકી શિક્ષા કરી, ન્યાય. ૮ ; ૭, ૧૬.
દુષ્ટોને તેની સાથે સરખાવે છે, યહોશુ. ૨૩ ; ૧૩. હઝ. ૨૮ ; ૨૪. માત્થી ૭ ; ૧૬, ૧૯.
ખ્રીસ્તને માથે તેનો મુગટ ગુંથીને મૂક્યો, માત્થી ૨૭ ; ૨૯. માર્ક ૧૫ ; ૧૭. યોહા ૧૯ ; ૨.
લાક્ષણિક અર્થે :—
ગંભીર મુશ્કેલી તથા નડતરને, અયૂ. ૫ ; ૫. હોશી. ૨ ; ૬. ગીત. ૫૮ ; ૯.
શારીરિક વ્યાધીને, ૨ કરીં. ૧૨ ; ૭.
દુઃખકર્તા લોકોને, ગણુ. ૩૩ ; ૧૫.
(કાંટામાં સારાં બી) દૈહિક તથા સંસારી મન, માત્થી ૧૩ ; ૭, ૨૨.

કૃપા—પરમેશ્વર સઘળી કૃપાનો દેવ છે, ૧ પીત. ૫ ; ૧૦.
પરમેશ્વર કૃપાનો દાતાર છે, ગીત. ૮૪ ; ૧૧. યાકૂ. ૧ ; ૧૭.
દેવનું રાજ્યાસન તે કૃપાનું રાજ્યાસન છે, હેબ્રી. ૪ ; ૧૬.
પવિત્ર આત્મા તે કૃપાનો આત્મા છે, ઝખા. ૧૨ ; ૧૦. હેબ્રી. ૧૦ ; ૨૯.
ખ્રીસ્ત પર હતી, લુક ૨ ; ૪૦. યોહા. ૩ ; ૩૪.
ખ્રીસ્ત બોલ્યો, ગીત. ૪૫; ૨. સરખાવો, લુક ૪ ; ૨૨.
ખ્રીસ્ત તેથકી ભરપુર હતો, યોહ. ૧ ; ૧૪.
ખ્રીસ્તની મારફતે આવી, યોહા. ૧ ; ૧૭. રૂમી. ૫ ; ૧૫.
ખ્રીસ્તમાં આપેલી છે, ૧ કરીં. ૧ ; ૪.
તે સંબંધી ભવિષ્ય કહેવાયાં, ૧ પીત. ૧ ; ૧૦.
દેવની કૃપા સંપત્તિરૂપ છે, એફે. ૨ ; ૭.
કૃપાના મહિમાની સ્તુતિને સારૂ ખ્રીસ્તમાં આપી, એફે. ૧ ; ૬.
તેને વિષે કહેલું છે કે :—
મોટી છે, પ્રેરિ. ૪ ; ૩૩.
રાજ્ય કરે એવી, રૂમી. ૫ ; ૨૧.
અમૂલ્ય, એફે. ૧ ; ૭ : ૨ ; ૭.
ઘણીજ, ૨ કરીં. ૯ ; ૧૪.
અનેક પ્રકારની, ૧ પીત. ૪ ; ૧૦.
પૂરી, ૨ કરીં. ૧૨ ; ૯.
પુષ્કળ, રૂમી. ૫ ; ૧૫, ૧૭, ૨૦.
મહિમાવાન, એફે. ૧ ; ૬.
ખરી છે, ૧ પીત. ૫ ; ૧૨.
વ્યર્થ નથી, ૧ કરીં. ૧૫ ; ૧૦.
સુવાર્તા, એ તેનું પ્રકટીકરણ છે, પ્રેરિ. ૨૦ ; ૨૪, ૩૨.
નીચેની વાતોનું મૂળ છે :—
પસંદ કરવાનું, રૂમી. ૧૧ ; ૫.
ઇશ્વરી તેડાનું, ગલા. ૧ ; ૧૫.
ન્યાયીકરણનું, રૂમી. ૩ ; ૨૪ તીત. ૩ ; ૭.
વિશ્વાસનું, પ્રેરિ. ૧૮ ; ૨૭.
પાપની માફીનું, એફે. ૧ ; ૭.
તારણનું, પ્રેરિ. ૧૫ ; ૧૧. એફે. ૨ ; ૫, ૮.
દિલાસાનું, ૨ થેસ્સા. ૨ ; ૧૬.
આશાનું, ૨ થેસ્સા. ૨ ; ૧૬.
પરમેશ્વરની સેવા કરવા માટે તેની જરૂર છે, હેબ્રી. ૧૨ ; ૨૮.
ભક્તોમાં ઇશ્વરનું કામ તે થકીજ પૂર્ણ કરાય છે, ૨ થેસ્સા. ૧ ; ૧૧, ૧૨.
દેવના કામની ફતેહ તથા સંપૂર્ણતા તેમાં દર્શાવેલી છે, ઝખા. ૪ ; ૭.
વચનનો વારસો તે થકી મળે છે, રૂમી. ૪ ; ૧૬.
કરણીથી નહિ, પણ કૃપાથી ન્યાયી ઠરીએ છીએ, રૂમી. ૪; ૪, ૫: ૧૧; ૬. ગલા. ૫: ૪.
ભક્તો :—
તેના વારસો છે, ૧ પીત. ૩ ; ૭.
તેને આધીન છે, રૂમી. ૬ ; ૧૪.
ખ્રીસ્તથી પામે છે, યોહા. ૧ ; ૧૬.
જે છે તે તેથકીજ છે, ૧ કરીં. ૧૫ ; ૧૦. ૨ કરીં. ૧ ; ૧૨.
તેઓ પર ઘણી થાય છે, પ્રેરિ. ૪ ; ૩૩. ૨ કરીં. ૮ ; ૧ : ૯ ; ૮, ૧૪.
સ્થિર થવું જોઇએ, હેબ્રી. ૧૩ ; ૯.
સમર્થ થવું જોઇએ, ૨ તીમો. ૨ ; ૧.
વધવું જોઇએ, ૨ પીત. ૩ ; ૧૮.
બોલવું જોઇએ, એફે. ૪ ; ૨૯ : કલો. ૪ ; ૬.
વિશેષે કરીને આપેલી છે :—
ઉપદેશકોને, રૂમી. ૧૨ ; ૩, ૬ : ૧૫ ; ૧૫. ૧ કરીં. ૩ ; ૧૦. ગલા. ૨ ; ૯. એફે. ૩ ; ૭.
નમ્રને, દષ્ટાં. ૩ ; ૩૪, સર. યાકુ. ૪ ; ૬.
સત્યતાએ ચાલનારને, ગી. ૮૪ ; ૧૧.

મિસરમાં ઇસ્રાએલપુત્રો પામ્યા, નિર્ગ. ૩ ; ૨૧: ૧૧ ; ૩ : ૧૨ ; ૩૬.
નહેમ્યાહ પામ્યો, નહેમ. ૧ ; ૧૧ : ૨ ; ૩.
દાનીયેલ પામ્યો, દાની. ૧ ; ૯.
પાપીષ્ટો પામતા નથી, પુન. ૨૮ ; ૪૯, ૫૦. યહોશુ. ૧૧ ; ૨૦. ગીત. ૧૦૯ ; ૧૨.

કૃપાનાં સાધનો—ઠરાવેલાં. દૃષ્ટાં. ૬ ; ૨૩. માર્ક ૪ ; ૧૪. લુક. ૧૦ ; ૨. ૧ કરીં. ૧ ; ૨૧ : ૩ ; ૮.
આવશ્યક છે, હઝ. ૩૩ ; ૮ : ૩૬ ; ૩૭. રૂમી. ૧૦ ; ૧૪.
તેનો ઉપયોગ કરવા માટે ઉત્તેજન, ગીત. ૧૨૬ ; ૫. દાની. ૧૨ ; ૩. યાકુ. ૫ ; ૨૦.
યોગ્ય ઉપયોગ કરવો, યિર્મે. ૨૩ ; ૨૮. લુક ૧૬ ; ૩૧. ૨ કરીં. ૧૦ ; ૪. હેબ્રી. ૪ ; ૧૨.
સફળ થાય છે, યશા. ૬૮ ; ૮. માર્ક ૧ ; ૧૭. લુક ૧ ; ૧૬. યોહા. ૧૭ ; ૨૦. પ્રેરિ. ૧૪ ; ૧. ગલા. ૪ ; ૧૯.
તેનો ઉપયોગ દેવ પર વિશ્વાસ રાખીને કરવો, ગીત. ૫૧ ; ૧૨, ૧૩. ઝખા. ૪ ; ૬. યોહા. ૧૫ ; ૫. ૧ કરીં. ૩ ; ૬-૯. ૨ તીમો. ૨; ૨૫.
તેનાં જુદાં જુદાં ફળ થાય છે, યશા. ૨૮ ; ૧૩. માર્ક ૪ ; ૩-૮. ૨ કરીં. ૨ ; ૧૫. હેબ્રી. ૪ ; ૨.
એથી ઘણા સુધરતા નથી, દૃષ્ટાં. ૯ ; ૧ : ૨૩ ; ૯. માત્થી ૭ ; ૬. ૧ યોહા. ૫ ; ૧૬.

કૃતઘ્નતા—પાપીઓનું ખાસ લક્ષણ છે, ગીત. ૩૮ ; ૨૦. ૨ તીમો. ૩ ; ૨.
કોઇ વાર સગાં એવાં થાય છે, અયૂ. ૧૯ ; ૧૪.
કોઇ વાર ચાકરો એવા થાય છે, અયૂ. ૧૯ ; ૧૫, ૧૬.
સારાના બદલામાં એવું થાય છે, ગીત. ૧૦૯ ; ૫. સભા. ૯ ; ૧૫.
દુઃખના પ્રસંગમાં મિત્રો થાય છે, ગી. ૩૮; ૧૩.
ભક્તોએ એવા દોષથી અલગ રહેવું, ગીત. ૭ ; ૪, ૬.
એવું કરનારાઓને માટે પ્રાર્થના કરવી, ગીત. ૩૫ ; ૧૨, ૧૩ : ૧૦૯ ; ૪.
એવું કરનારાઓ પ્રત્યે વિશ્વાસુપણે વર્તવું, ઉત્પ. ૩૧ ; ૩૮-૪૨.
એવું કરનારાઓ પ્રત્યે અધિક પ્રેમ રાખવો, ૨ કરીં. ૧૨ ; ૧૫.
એવું કરનારાઓને શાસન, દૃષ્ટાં. ૧૭ ; ૧૩. યિર્મે. ૧૮ ; ૨૦, ૨૧.
એવું કરનારના દાખલા—લાબાન, ઉત્પ. ૩૧ ; ૬, ૭. પાત્રવાહક, ઉત્પ. ૪૦; ૨૩. ઇસ્રાએલ, નિર્ગ. ૧૭ ; ૪. કઇલાહવાસીઓ, ૧ શમૂ. ૨૩ ; ૫, ૧૨. શાઉલ, ૧ શમૂ. ૨૪ ; ૧૭. નાબાલ, ૧ શમૂ. ૨૫; ૫-૧૧, ૨૧. આબ્શાલોમ, ૨ શમૂ. ૧૫ ; ૬. યોઆશ, ૨ કાળ. ૨૪ ; ૨૨.

કૃતઘ્નતા, દેવ પ્રત્યે—પાપીઓનું લક્ષણ છે, રૂમી ૧ ; ૨૧.
નિરૂત્તર છે, યશા. ૧ ; ૨, ૩. રૂમી ૧ ; ૨૧.
ગેરવાજબી છે, યિર્મે. ૨ ; ૫, ૬-૩૧. મીખા. ૬ ; ૨, ૩.
તે મોટી વ્યર્થતા છે, પુન. ૩૨ ; ૬.
કરવાનો દોષ, ગીત. ૧૦૬ ; ૭, ૨૧. યિર્મે. ૨ ; ૧૧-૧૩.
તૃપ્ત થયા પછી કરે છે, પુન. ૩૧ ; ૨૦ : ૩૨ ; ૧૫. યિર્મે. ૫ ; ૭-૧૧.
ન કરવા સંબંધી તાકીદ, પુન. ૯ ; ૧૧-૧૪. ૧ શમૂ. ૧૨ ; ૨૪, ૨૫.
કરનારને સજા, નહેમ. ૯ ; ૨૦-૨૭. હોશી. ૨ ; ૮, ૯.
એ સંબંધી ઉદાહરણ, યશા. ૫ ; ૧-૭. હઝ. ૧૬ ; ૧-૧૫.
કરનારના દાખલા—ઇસ્રાએલ, પુન. ૩૨ ; ૧૮. શાઉલ, ૧ શમૂ. ૧૫ ; ૧૭-૧૯. દાઉદ, ૨ શમૂ. ૧૨ ; ૭-૯. નબૂખાદનેસ્સાર, દાની. ૫ ; ૧૮-૨૧. કોઢીઆ, લુક ૧૭ ; ૧૭, ૧૮.

ક્રુરતા—તેનો નિષેધ કર્યો છે, ઉત્પ. ૪૯ ; ૫. નિર્ગ. ૨૩ ; ૫. ગીત. ૫ ; ૬ : ૨૭ ; ૧૨ : ૫૫ ; ૨૩. દૃષ્ટાં. ૧૧ ; ૧૭ : ૧૨ ; ૧૦. હઝ. ૧૮ ; ૧૮.
શિમઓન તથા લેવીની, ઉત્પ. ૩૪ ; ૨૫.
ફારૂનની, નિર્ગ. ૧ ; ૨૨.
અદોની-બેઝેકની, ન્યાય. ૧ ; ૭.
હેરોદની, માત્થી ૨ ; ૧૬.
વળી જુઓ, ન્યાય. ૯ ; ૫. ૨ રાજા ૬ ; ૨૭ :

૧૦; ૧૫, ૧૬.

ક્રોધ—મના કરેલી છે, સભા. ૭; ૯. માત્થી ૫; ૨૨. રૂમી. ૧૨; ૧૯.
દેહનું કામ છે, ગલા. ૫; ૨૦.
મૂર્ખનું એક લક્ષણ છે, દૃષ્ટાં. ૧૨; ૧૬: ૧૪; ૨૯: ૨૭; ૩. સભા. ૭; ૯.
તેની સાથે સંબંધ રાખે છે:—
અભિમાન, દૃષ્ટાં ૨૧; ૨૪.
નિર્દયતા, ઉત્પ. ૪૯; ૭. દૃષ્ટાં. ૨૭; ૩, ૪.
ગડબડ તથા નિંદા, એફે. ૪; ૩૧.
ભુંડાઇ તથા દુર્ભાષણુ, કલો. ૩; ૮.
કજીઓ તથા ટંટા, દૃષ્ટાં. ૨૧; ૧૯: ૨૯; ૨૨: ૩૦; ૩૩.
પોતે પોતા ઉપર શિક્ષા લાવે છે, અયૂ. ૫; ૨. દૃષ્ટાં. ૧૯; ૧૯: ૨૫; ૨૮.
દુ:ખકારક શબ્દો ઉપજાવે છે, ન્યાય. ૧૨; ૪. ૨ શમૂ. ૧૯; ૪૩. દૃષ્ટાં. ૧૫; ૧.
તે કરીને પાપને તાબે થવું નહિ, ગીત. ૩૭; ૮. એફે. ૪; ૨૬.
પ્રાર્થના વડે તેનાથી છુટકો પમાય છે, ૧ તીમો. ૨; ૮.
જ્ઞાનથી અટકાવાય છે, દૃષ્ટાં. ૨૯; ૮.
નમનતાઇ તેને શાંત પાડે છે, દૃષ્ટાં. ૧૫; ૧. સભા. ૧૦; ૪.
બાળકોને ચીડવવાં નહિ, એફે. ૬; ૪. કલો. ૩; ૨૧.
ઉતાવળા થવું નહિ, દૃષ્ટાં. ૧૫; ૧૮: ૧૬; ૩૨: ૧૯; ૧૧. તીત. ૧; ૭. યાકુ. ૧; ૧૯.
તેને તાબે થએલા અળગા થયા, ઉત્પ. ૪૯; ૬. દૃષ્ટાં. ૨૨; ૨૪.
વાજબી રીતે થએલાના દાખલા—આપણો પ્રભુ ઇસુ, માર્ક ૩; ૫. યાકુબ, ઉત્પ. ૩૧; ૩૬. મુસા, નિર્ગ. ૧૧; ૮: ૩૨; ૧૯. લેવી. ૧૦; ૧૬. ગણુ. ૧૬; ૧૫. નહેમ્યાહ, નહેમ. ૫; ૬: ૧૩; ૧૭, ૨૫.
પાપી દાખલાઓ—કાઇન, ઉત્પ. ૪; ૫, ૬. એસાવ, ઉત્પ. ૨૭; ૪૫. શિમઓન તથા લેવી, ઉત્પ. ૪૯; ૫, ૭. મુસા, ગણુ. ૨૦; ૧૦, ૧૧. બલઆમ, ગણુ. ૨૨; ૨૭. શાઉલ, ૧ શમૂ. ૨૦; ૩૦. આહાબ, ૧ રાજા. ૨૧; ૪. નાઅમાન, ૨ રાજા. ૫; ૧૧. આસા, ૨ કાળ. ૧૬; ૧૦. ઉઝીયાહ, ૨ કાળ. ૨૬; ૧૯. હામાન, એસ્ત. ૩; ૫. નબૂખાદનેસ્સાર, દાની. ૩; ૧૩. યોનાહ, યુના, ૪; ૪. હેરોદ, માત્થી ૨; ૧૬. યહુદીઓ, લુક ૪; ૨૮. મુખ્ય યાજકો ઇત્ય. પ્રેરિ. ૫; ૧૭: ૭; ૫૪.

ક્રોધ દેવનો—ખ્રીસ્ત આપણો છોડાવનાર થયો, લુક ૨; ૧૧, ૧૪. રૂમી, ૫; ૯. ૨ કરીં. ૫; ૧૮, ૧૯. એફે. ૨; ૧૪, ૧૭. કલો. ૧; ૨૦. ૧ થેસ્સા. ૧; ૧૦.
વિશ્વાસ કરવાથી દૂર કરાય છે, યોહા. ૩; ૧૪-૧૮. રૂમી. ૩; ૨૫: ૫; ૧.
પાપ સ્વીકાર તથા પસ્તાવો કરવાથી દૂર કરાય છે, અયૂ. ૩૩; ૨૭, ૨૮. ગીત. ૧૦૬; ૪૩-૪૫. યિર્મે. ૩; ૧૨, ૧૩: ૧૮; ૭, ૮: ૩૧; ૧૮-૨૦. યોએ. ૩; ૧૨, ૧૪. લુક ૧૫; ૧૮-૨૦.
ધીમો છે, ગીત. ૧૦૩; ૮. યશા. ૪૮; ૯. યુના, ૪; ૨. નાહુ. ૧; ૩.
વાજબી છે, ગીત. ૫૮; ૧૦, ૧૧. વિલા. ૧; ૧૮. રૂમી ૨; ૬, ૮: ૩; ૫, ૬. પ્રક. ૧૬; ૬, ૭.
તેના ન્યાય સંબંધી કશો વાંધો લેવાય એમ નથી, રૂમી. ૯; ૧૮, ૨૧.
ભયમાં પ્રગટ કરાયો, નિર્ગ. ૧૪; ૨૪. ગીત. ૭૬; ૬, ૮. યિર્મે. ૧૦; ૧૦. વિલા. ૨; ૨૦-૨૨.
ઇશ્વરી ન્યાય તથા દુ:ખમાં પ્રગટ કરાયો, અયૂ. ૨૧; ૧૭. ગીત. ૭૮; ૪૯-૫૧: ૯૦; ૭. યશા. ૯; ૧૯. યિર્મે. ૭; ૨૦. હઝ. ૭; ૧૯. હેબ્રી. ૩; ૧૭.
તેની વિરૂદ્ધ કોઇ ઉભા રહી શકે નહિ, અયૂ. ૯; ૧૩: ૧૪; ૧૩. ગીત ૭૬; ૭. નાહુ. ૧; ૬.
જાથુ ચીઢવવાથી વધારો થાય છે, ગણુ. ૩૨; ૧૪.
ક્રોધના દિવસને માટે ખાસ રાખેલો છે, સફા. ૧; ૧૪-૧૮. માત્થી ૨૫; ૪૧. રૂમી. ૨; ૫, ૮. ૨ થેસ્સા. ૧; ૮. પ્રક. ૬; ૧૭: ૧૧; ૧૮: ૧૯; ૧૫.

કોના ઉપર છે :—
દુષ્ટો પર, ગીત. ૭; ૧૧ : ૨૧; ૮, ૯. યશા. ૩; ૮: ૧૩; ૯. નાહુમ ૧; ૧, ૩. રૂમી. ૧; ૧૮ : ૨; ૮. એફે. ૫; ૬. કલો. ૩; ૬.
તેને તજનારાઓ પર, એઝરા. ૮; ૨૨. યશા. ૧; ૪.
અવિશ્વાસીઓ પર, ગીત. ૭૮; ૨૧, ૨૨. હેબ્રી. ૩; ૧૮, ૧૯. યોહા. ૩; ૩૬.
અપશ્ચાત્તાપીઓ પર, ગીત, ૭; ૧૨. દષ્ટાં. ૧; ૩૦, ૩૧. યશા. ૬; ૧૩, ૧૪. રૂમી, ૨; ૫.
ધર્મત્યાગ કરનારાઓ પર, હેબ્રી. ૧૦; ૨૬, ૨૭.
મૂર્તિપૂજકો પર, પુન. ૨૯; ૨૦, ૨૭, ૨૮: ૩૨; ૧૯, ૨૦, ૨૨. યહો. ૨૩; ૧૬. ૨ રાજા. ૨૨; ૧૭. ગીત. ૭૮; ૫૮, ૫૯. યિર્મે. ૪૪; ૩.
ભક્તોનાં પાપ પર, ગીત. ૮૯; ૩૦-૩૨: ૯૦; ૭-૯: ૯૯; ૮: ૧૦૨; ૯, ૧૦. યશા. ૪૭; ૬.
સુવાર્તાનો નકાર કરનારાઓ ઉપર અતિશય છે, ગીત. ૨; ૨, ૩, ૫. ૧ થેસ્સા. ૨; ૧૬.
તેને ઉપજાવવામાં મૂર્ખાઇ છે, યિર્મે. ૭; ૧૯. ૧ કરીં. ૧૦; ૨૨.
ભયંકર છે, ગીત. ૨; ૧૨: ૭૬; ૭: ૯૦; ૧૧. માત્થી ૧૦; ૨૮.
બચાવ થઇ શકે છે, નિર્ગ. ૩૨; ૧૧. ગીત. ૬; ૧: ૩૮; ૧: ૭૪; ૧, ૨. યશા. ૧૪; ૯.
તે દૂર કરાય માટે પ્રાર્થના કરવી, ગીત. ૩૯; ૧૦: ૭૯; ૫: ૮૦; ૪. દાની. ૯; ૧૬. હબા. ૩; ૨.
ભક્તો પ્રત્યે કૃપાસહિત કરાય છે, ગીત. ૩૦; ૫. યશા. ૨૬; ૨૦: ૫૪; ૮: ૫૭; ૧૫, ૧૬. યિર્મે. ૩૦; ૧૧. મીખા. ૭; ૧૧.
આધીનતા ઉપજાવે છે, ૨ શમૂ. ૨૪; ૧૭. વિલા. ૩; ૩૯-૪૩. મીખા. ૭; ૯.
પશ્ચાત્તાપ તરફ દોરે છે, યશા. ૪૨; ૨૪, ૨૫. યિર્મે. ૪; ૮.
એ સંબંધી ઉદાહરણો—પુરાતન જગત, ઉત્પ. ૭; ૨૧-૨૩. બાબેલના બાંધનારા, ઉત્પ. ૧૧; ૮. મેદાનમાંનાં નગરો, ઉત્પ. ૧૯; ૨૪, ૨૫. મિસરી લોકો, નિર્ગ. ૭; ૨૦: ૮; ૬, ૧૬, ૨૪: ૯; ૩, ૯, ૨૩: ૧૦; ૧૩, ૨૩: ૧૨; ૧૯: ૧૪; ૨૭. ઇસ્રાએલી લોકો. નિર્ગ. ૩૨; ૩૫. ગણ. ૧૧; ૧, ૩૩: ૧૪; ૪૦-૪૫: ૨૧; ૬: ૨૫; ૯. ૨ શમૂ. ૧૪; ૧, ૧૫. ઇસ્રાએલીઓના શત્રુઓ, ૧ શમૂ. ૫; ૬: ૭; ૧૦. નાદાબ, ઇત્ય. લેવી, ૧૦; ૨. જાસુસો, ગણ. ૧૪; ૩૭. કોરાહ ઇત્યા ગણ. ૧૬; ૩૧, ૩૫. હારૂન તથા મરિયમ, ગણ. ૧૨; ૯, ૧૦. પાંચ રાજાઓ, યહો. ૧૦; ૨૫. અબીમેલેખ, ન્યાયા. ૯; ૫૬. બેથ-શેમેશવાસીઓ, ૧ શમૂ. ૬; ૯. શાઉલ, ૧ શમૂ. ૩૧; ૬. ઉઝીયાહ, ૨ શમૂ. ૬; ૭. શાઉલનું કુટુંબ, ૨ શમૂ. ૨૧; ૧. સાન્હેરીબ, ૨ રાજા. ૧૯; ૨૮, ૩૫, ૩૭.

ખજુરી—ઇસ્રાએલીઓએ તેની પાસે કરેલી છાવણી, નિર્ગ. ૧૫; ૨૭.
તેની નીચે બેસીને દબોરાહ ન્યાય કરતી હતી. ન્યાયા. ૪; ૫.
માંડવાપર્વમાં તેનો ઉપયોગ, લેવી, ૨૩; ૪૦. યોહા. ૧૨; ૧૩. પ્રક. ૭; ૯.
એ નામનું એક નગર હતું, પૂન. ૩૪; ૩. ન્યાય. ૧; ૧૬: ૩; ૧૩. ૨ કાળ. ૨૮; ૧૫.
લાક્ષણિક રીતે :-
જયની નિશાણી, પ્રક. ૭; ૯.
ન્યાયીઓની આબાદી, ગીત. ૯૨; ૧૨.
નવોઢા યુવત્તિ, સુ. ગી. ૭; ૭.
આનંદની નિશાણી, યોહા. ૧૨; ૧૩.

ખડક—ચકમકના બનેલા, પુન. ૮; ૧૫: ૩૨; ૧૮.
વર્ણવેલા છે :—
કઠણ, યિર્મે. ૫; ૩.
કોતરકામ થાય તેવા, અયૂ. ૧૯; ૨૪.
ઉઘાડા, હઝ. ૨૬; ૪, ૧૪. આમો. ૬; ૧૨. લુક ૮; ૬.
કઢણુવાળા, ૧ શમૂ. ૧૪; ૪.
ફાટવાળા, નિર્ગ. ૩૩; ૨૨.
દેશના બચાવરૂપ, યશા. ૩૩; ૧૬.
સમુદ્રમાં અબોટ રહેલા, પ્રેરિ. ૨૭; ૨૯.

તેમાં વાસો કરતાં :—
જંગલી બકરીઓ, અયૂ. ૩૯ ; ૧.
સસલાં, ગીત. ૧૦૪ ; ૧૮. દૃષ્ટાં. ૩૦ ; ૨૯.
હોલાં, સુ. ગી. ૨ ; ૧૪. યિર્મે. ૪૮ ; ૨૯.
ગરૂડ, અયૂ. ૩૯ ; ૨૮. યિર્મે. ૪૯ ; ૧૬.
તેના પર જૈતુનનાં ઝાડ પુષ્કળ થતાં, પુન. ૩૨ ; ૧૩. ગીત. ૮૧ ; ૧૬.
ઉપયોગમાં લેતા હતા :—
યજ્ઞવેદી બાંધવા માટે, ન્યાયા. ૬ ; ૨૦, ૨૧, ૨૬ : ૧૩ ; ૧૯.
મૂર્તિઓ પૂજવાના સ્થળ તરીકે, યશા. ૫૭; ૫.
નિરીક્ષણને અર્થે, નિર્ગ. ૩૩ ; ૨૧. ગણ. ૨૩ ; ૯.
ભયના વખતમાં સહિસલામતી, ૧ શમૂ. ૧૩ ; ૬. યશા. ૨ ; ૧૯. યિર્મે. ૧૬ ; ૧૬. પ્રક. ૬ ; ૧૫.
ગરીબો સંકટના વખતમાં આશ્રો પામે છે, અયૂ. ૨૪ ; ૮ : ૩૦ ; ૩, ૬.
તડકાને સમયે મુસાફરો તેની છાયામાં આશ્રો લે છે, યશા. ૩૨ ; ૨.
ઘણી વાર તે પર ઘર બાંધતા, માત્થી ૭ ; ૨૪, ૨૫.
ઘણી વાર કબરો ખણી કાઢતા, યશા. ૨૨ ; ૧૬. માત્થી ૨૭ ; ૬૦.
તેના ઉપર અગત્યની બાબતો કોતરતા હતા, અયૂ. ૧૯ ; ૨૪.
શાસ્ત્રમાં વર્ણવેલા :—
અદુલ્લામ, ૧ કાળ. ૧૧ ; ૧૫.
એટામ, ન્યાયા. ૧૫ ; ૮.
એનગેદી, ૧ શમૂ. ૨૪ ; ૧, ૨.
ઓરેબ, ન્યાયા. ૭ ; ૨૫. યશા. ૧૦ ; ૨૬.
બોઝેઝ, ૧ શમૂ. ૧૪ ; ૪.
મરીબાહ, (કાદેશમાં) ગણ. ૨૦ ; ૧-૧૧.
રિમ્મોન, ન્યાય. ૨૦ ; ૪૫.
હોરેબ (રફીદીમમાં), નિર્ગ. ૧૭ ; ૧, ૬.
સેનેહ, ૧ શમૂ. ૧૪ ; ૪.
સેલાહ (મીઠાની ખીણમાં), ૨ રાજા. ૧૪ ; ૭. ૨ કાળ. ૨૫ ; ૧૧, ૧૨.
સેલા-હામ્માહલકોથ (માઓનના અરણ્યમાં), ૧ શમૂ. ૨૩ ; ૨૫, ૨૮.

સલાટો તેને કાપી કાઢે છે, અયૂ. ૨૮ ; ૯, ૧૦
તેને તોડવા માટે હથોડાનો ઉપયોગ, યિર્મે. ૨૩ ; ૨૯.
તેના ઉપરથી ફેંકી દેવાની શિક્ષા થતી, ૨ કાળ. ૨૫ ; ૧૨.
તેની સાથે સંબંધ ધરાવતા ચમત્કારો :—
તેમાંથી પાણી કાઢવામાં આવ્યું, નિર્ગ. ૧૭ ; ૬. ગણ. ૨૦ ; ૧૧.
અગ્નિ નીકળ્યો, ન્યાયા. ૬ ; ૨૧.
ભારે વાયુથી ફાટી ગયા, ૧ રાજા. ૧૯ ; ૧૧.
ખ્રીસ્તના મરણ સમયે ફાટી ગયા, માત્થી ૨૭ ; ૫૧.
તેને ખસેડવામાં ઇશ્વરી પરાક્રમ, અયૂ. ૧૪ ; ૧૮. નાહુ. ૧ ; ૬.
તેમાં રહેલી ઉપમાઓ :—
દેવનું પરાક્રમ, ગીત. ૬૨ ; ૭.
ઇશ્વરમાં સંરક્ષણ, ગીત. ૩૧ ; ૨.
ઇશ્વરનું તારણ, ગીત. ૮૯ ; ૨૬.
ખ્રીસ્તની સંભાળ, ૧ કરીં. ૧૦ ; ૪.
મંડળીનો પાયો, માત્થી ૧૬ ; ૧૮.
ખડક શું શું આપે છે ?—
પાણી, નિર્ગ. ૧૭ ; ૬. ગણ. ૨૦ ; ૮. ગીત. ૨૮ ; ૧૫. સરખાવો યોહા. ૪ ; ૧૦-૧૪. માત્થી ૭ ; ૭. રૂમી. ૫ ; ૧૦ : ૧૦ ; ૧૩.
અગ્નિ, ન્યાય. ૬ ; ૨૧. ગલા ૧ ; ૪ : ૨ ; ૨૦. તીત. ૨ ; ૧૪. યોહાન ૧૦ ; ૧૭, ૧૮.
તેલ, પુન. ૩૨ ; ૧૩. અયૂ. ૨૯ ; ૬. સર્ખા. ગીત. ૧૩૩ ; ૨. નિર્ગ. ૩૦ ; ૨૫-૩૧. યશા. ૬૧ ; ૧. લુક ૪ ; ૧૮, ૧૯. યોહા. ૧૭ ; ૧૯.
મધ, પુન. ૩૨ ; ૧૩. ગીત. ૧૯ ; ૧૦. હઝ. ૩ ; ૩. સરખાવો એફે. ૫ ; ૨. લેવી. ૧ ; ૯. કલો. ૧ ; ૧૯.
તેઓનો ખડક આપણા ખડક જેવો નથી, પુન. ૩૨ ; ૩૧.
તારણનો ખડક, ૨ શમૂ. ૨૨ ; ૪૭. ગીત. ૮૯ ; ૨૬. પ્રેરિ. ૪ ; ૧૧, ૧૨.
પાયાનો ખડક, માત્થી ૭ ; ૨૪, ૨૫. એફે.

૨ ; ૧૯, ૨૦. ૧ પીત. ૨ ; ૧-૮.
આશ્રયનો ખડક, ગીત. ૯૪ ; ૨૨ : ૬૨ ; ૧-૮.
છાયાનો ખડક, ગીત. ૬૧ ; ૧, ૨. અયૂ. ૨૪ ; ૮.
સંતુષ્ટતાનો ખડક, નિર્ગ. ૧૭ ; ૬. યોહા. ૪ ; ૧૪. ૧ કરીં. ૧૦ ; ૪.
બળવાન ખડક, ગીત. ૩૧ ; ૨, ૩. યશા. ૨૬ ; ૪.
વિસામાનો ખડક, યશા. ૩૨ ; ૨. માત્થી ૧૧ ; ૨૮-૩૦.
લાક્ષણિક રીતે લાગુ પાડે છે :—
પ્રભુ પોતાના લોકોનો ઉત્પન્નકર્તા, પુન. ૩૨ ; ૧૮.
પ્રભુ પોતાના લોકોનું સામર્થ્ય, ગીત. ૧૮ ; ૧, ૨ : ૬૨ ; ૭. યશા. ૧૭ ; ૧૦.
પ્રભુ પોતાના લોકોનો રક્ષક, ગીત ૩૧; ૨, ૩.
પ્રભુ પોતાના લોકોનું આશ્રયસ્થળ, ગીત. ૯૪ ; ૨૨.
પ્રભુ પોતાના લોકોનું તારણ, પુન. ૩૨ ; ૧૫. ગીત. ૮૯ ; ૨૬ : ૯૫ ; ૧.
ખ્રીસ્ત પોતાના લોકોનો આશ્રય, યશા. ૩૨; ૨.
ખ્રીસ્ત મંડળીનો પાયો, માત્થી ૧૬ ; ૧૮. સરખાવો ૧ પીત. ૨ ; ૬.
ખ્રીસ્ત આત્મિક દાનોનું મૂળ, ૧ કરીં. ૧૦ ; ૪.
દુષ્ટોને માટે ખ્રીસ્ત ઠોકરનો પત્થર, યશા. ૮ ; ૧૪. રૂમી. ૯ ; ૩૩. ૧ પીત. ૨ ; ૮
સહીસલામતીનું સ્થળ, ગીત ૨૭; ૫: ૪૦; ૨.
જેના ઉપર આપણે ભરોસો રાખીએ છીએ તે, પુન. ૩૨ ; ૩૧, ૩૭.
દેશજાતિઓના આદિપિતાઓ, યશા. ૫૧ ; ૧.

ખમીર—રોટલી બનાવવામાં વાપરતા, હોશી. ૭ ; ૪.
થોડું નાખવાથી તમામને ફુલાવે છે, ૧ કરીં. ૫ ; ૬.
મના કરેલી હતી :—
પાસ્ખા પર્વને સમયે ઘરમાં રાખવાની, નિર્ગ. ૧૨ ; ૧૫-૨૦.
લોહી સાથે અર્પણ કરવાની, નિર્ગ. ૩૪ ; ૨૫.
ખાદ્યાર્પણ સાથે વાપરવાની, લેવી. ૨ ; ૧૧ : ૧૦ ; ૧૨.
ઉપકારસ્તુતિનાં અર્પણ સાથે વાપરતા, લેવી. ૭ ; ૧૩. આમો. ૪ ; ૫.
ઘઉંના પ્રથમ ફળના અર્પણ સાથે વાપરતા, લેવી. ૨૩ ; ૧૭.
લાક્ષણિક રીતે :—
સુવાર્તાનો જલદી થતો પ્રસાર, માત્થી ૧૩ ; ૩૩. લુક ૧૩ ; ૨૧.
ફરોશીઓના મતને, માત્થી ૧૬ ; ૬, ૧૨.
અભક્ત શિક્ષકોને, ૧ કરીં. ૫ ; ૬, ૭.
જુઠા બોધકોને, ગલા. ૫ ; ૮, ૯.
ભુંડાઇ તથા દુષ્ટપણાને, ૧ કરીં. ૫ ; ૮.

ખાટલો - પ્રાચીન ઉલ્લેખ, ઉત્પ. ૪૭ ; ૩૧. નિર્ગ. ૮ ; ૩.
પલંગ વાપરતા, અયૂ. ૬ ; ૧૩ ગીત. ૬ ; ૬.
હલકું પાથરણું, ૧ શમૂ. ૧૯ ; ૧૫.
બિછાનું નામ આપે છે, નિર્ગ. ૮ ; ૩.
તેની અગત્ય જણાય છે, ૨ રાજા. ૪ ; ૧૦.
બનાવેલા હતા :—
લોઢાના, પુન. ૩ ; ૧૧.
હાથીદાંતના, આમો. ૬ ; ૪.
સોનારૂપાના, એસ. ૧ ; ૬.
લાકડાના, સુ. ગી. ૩ ; ૭-૯.
ઓશીકાને માટે તકીયા વાપરતા, ૧ શમૂ. ૧૯ ; ૧૩ : ૨૬ ; ૭.
બુટેદાર તથા મિસરી સુતરનાં ચિત્રવિચિત્ર બિછાનાં વાપરતા હતા, દૃષ્ટાં. ૭ ; ૧૬.
સુગંધી અત્તરો બિછાનામાં છાંટતા, દૃષ્ટાં. ૭ ; ૧૭. હઝ. ૨૩ ; ૪૧.
ગરીબો માત્ર પહેરેલા વસ્ત્ર સાથેજ સુઇ રહેતા, નિર્ગ. ૨૨ ; ૨૬, ૨૭. પુન. ૨૪ ; ૧૨, ૧૩.
વાપરતા હતા :—
રાતની નિદ્રા લેવા, અયૂ. ૩૩ ; ૧૫. લુક ૧૧ ; ૭.
દિવસે થોડો આરામ ખાવા, ૨ શમૂ. ૪ ; ૫ : ૧૧ ; ૨.
ખાણા વખતે અઢેલવા, ૧ શમૂ. ૨૮ ; ૨૩-૩૫. આમો. ૬ ; ૪-૬. લુક ૭ ; ૩૬-૩૮; યોહા. ૧૩ ; ૨૩.
દુઃખ કે સંકટના સમયમાં વાપરતા નહિ, ૨ શમૂ. ૧૨ ; ૧૬ : ૧૩ ; ૩૧.

યહુદીઓ :—
ઘણી વાર તેઓનાં માન્ય થતાં નહિ, આમો. ૫ ; ૨૨.
મૂર્તિઓની આગળ ચઢાવવાથી ઠપકો પામ્યા, યશા. ૫૭ ; ૬.
ઇશ્વરી શાસન આવી પડયાને કારણે ઘણી વાર બંધ રાખ્યાં, યોએ. ૧ ; ૯, ૧૩.
જાહેર તહેવારોના વખતમાં તેને માટે સર્વ સામગ્રી તેઓના આગેવાનો તરફથી પૂરી પાડવામાં આવતી, ગણ. ૭ ; ૧૩, ૧૯, ૨૫. હઝ. ૪૫ ; ૧૭.

બાવરાપણું—ખ્રીસ્ત પર તે દોષારોપ મૂકવામાં આવ્યો, માત્થી ૧૧ ; ૧૯.
દુષ્ટોને એ પ્રકારનું બંધારણ પડેલું છે, ફીલી. ૩ ; ૧૯. યહુદા. ૧૨.
દોરી જાય છે :—
ઇશ્વરી ભય વિસરી જવા તરફ, યશા. ૨૨ ; ૧૩. સરખાવો ૧ કરીં. ૧૫ ; ૩૨. લુક ૧૨ ; ૩૨.
દારિદ્રપણા તરફ, દષ્ટાં. ૨૩ ; ૨૧.
હાકેમો તેવા હોય તો પ્રજાને અફસોસ છે, સભા. ૧૦ ; ૧૬, ૧૭.
ભક્તોને તે શોભતું નથી, ૧ પીત. ૪ ; ૩.
તે સંબંધી આપેલી ચેતવણી, દષ્ટાં. ૨૩ ; ૨, ૩. લુક ૨૧ ; ૩૪. રૂમી. ૧૩ ; ૧૩, ૧૪.
એવા પરીક્ષણમાં આવી ન પડાય માટે પ્રાર્થના કરવી, ગીત. ૧૪૧ ; ૪.
તેને માટે શાસન, ગણ. ૧૧ ; ૩૩, ૩૪. સરખાવો ગીત. ૭૮ ; ૩૧. પુન. ૨૧ ; ૨૧. આમો. ૬ ; ૪, ૭.
એ સંબંધી ભય—ઉદાહરણ, લુક ૧૨ ; ૪૫, ૪૬.
દાખલા—એસાવ, ઉત્પ. ૨૫ ; ૩૦-૩૪. સરખાવો હેબ્રી. ૧૨ ; ૧૬, ૧૭. ઇસ્રાએલ, ગણ. ૧૧ ; ૪. સરખાવો ગીત. ૭૮ ; ૧૮. એલીના પુત્રો, ૧ શમૂ. ૨ ; ૧૨-૧૭. બેલ્શાસ્સાર, દાની. ૫ ; ૧.

ખીણો—પહાડોની વચ્ચમાં પડેલી ખીણ, ૧ શમૂ. ૧૭ ; ૩.
કહેવાય છે :—
નીચ પ્રદેશ, પુન. ૧ ; ૭. યહોશુ. ૧૦ ; ૪૦.
નીચાણ, ઉત્પ ૧૪ ; ૧૭. ૨ શમૂ. ૧૮ ; ૧૮. રસાળ નીચાણ, યશા. ૨૮ ; ૧, ૪.
ખેડ તથા વાવેતર કરવામાં આવ્યું ન હોય તેવું સ્થળ, પુન. ૨૧ ; ૪.
ડુંગરો પરનાં વહેળીઆં તેમાં વહે છે, ગીત. ૧૦૪ ; ૮, ૧૦.
કનાનમાં પુષ્કળ હતી, પુન. ૧૧ ; ૧૧.
તેઓ ભરપૂર હતી :—
ઝરા તથા વહેળીઆંથી, પુન. ૮ ; ૭. યશા. ૪૧ ; ૧૮.
ખડકો તથા ગુફાઓથી, અયૂ. ૩૦ ; ૬. યશા. ૫૭ ; ૫.
ઝાડીથી, ૧ રાજા. ૧૦ ; ૨૭.
નીચાણની ગુલછડીઓથી, સુ. ગી. ૨ ; ૧.
કાગડાઓથી, દષ્ટાં. ૩૦ ; ૧૭.
કબુતરોથી, હઝ. ૭ ; ૧૬.
ઇસ્રાએલીઓની હદમાં આવેલી, તેઓ સારી રીતે ખેડાએલી તથા ફળદ્રુપ હતી, ૧ શમૂ. ૬ ; ૧૩. ગીત. ૬૫ ; ૧૩.
ઘણી વાર મૂર્તિઓનું પૂજન કરાતું, યશા, ૫૭ ; ૫.
મૂર્તિપૂજકોનું ધારવું એવું હતું કે, કેટલીક શક્તિઓ (દેવીઓ) અમુક ખીણો પર અધિકાર ચલાવે છે, ૧ રાજા. ૨૦ ; ૨૩-૨૮.
યહુદાહ વિરૂદ્ધ ચઢાઇ કરીને કનાનીઓએ તેમનો કબજો મેળવ્યો, ન્યાયા, ૧ ; ૧૯.
કેટલીકવાર તેમાં મહાન યુદ્ધો થએલાં છે, ન્યાય. ૫ ; ૧૫ : ૭ ; ૮, ૨૨. ૧ શમૂ. ૧૭ ; ૧૯.
શાસ્ત્રમાં વર્ણવેલી :—
આખાન, યહોશુ. ૭ ; ૨૪. યશા. ૬૫ ; ૧૦. હોશી. ૨ ; ૧૫.
આયાલોન, યહોશુ. ૧૦ ; ૧૨.
એમેક-કસીસ(ની ખીણ) યહોશુ. ૧૮ ; ૨૧.
એલાહ, ૧ શમૂ. ૧૭ ; ૨ : ૨૧ ; ૯.
એશ્કોલ, ગણ. ૩૨ ; ૯. પુન. ૧ ; ૨૪.
ગાદ, ૨ શમૂ. ૨૪ ; ૫.
ગિબઓન, યશા. ૨૮ ; ૨૧.
ગેરાર, ઉત્પ. ૨૬ ; ૧૭.
ગેહરાસીમ, ૧ કાળ. ૪ ; ૧૪.
જનારાઓની ખીણ કે હેમોન-ગોગ, હઝ. ૩૯ ; ૧૧.
ઝેરેદ, ગણ. ૨૧ ; ૧૨.

બરાખાહ, ૨ કાળ. ૨૦; ૨૬.
બેખીમ, ન્યાય. ૨; ૫.
મગિદ્દો, ૨ કાળ. ૩૫; ૨૨ ઝખા. ૧૨; ૧૧.
મોઆબનું નીચાણ જ્યાં મુસાને દાટવામાં આવ્યો, પુન. ૩૪; ૬.
મીઠાનું નીચાણ, ૨ શમૂ. ૮; ૧૩. ૨ રાજા. ૧૪; ૭.
યરીખો; પુન. ૩૪; ૩.
યહોશાફાટ કે ન્યાયચુકાદાનું નીચાણ, યોએ. ૩; ૨, ૧૪.
યિઝ્રએલ, યહોશુ. ૧૭; ૧૬. હોશી ૧; ૫.
યિફ્તાહ-એલ, યહોશુ. ૧૯; ૧૪, ૨૭.
રફાઇમ, યહોશુ ૧૫; ૮: ૧૮; ૧૬. ૨ શમૂ. ૧૫; ૧૮. યશા. ૧૭; ૫.
રૂદનનું નીચાણ (બાકા), ગીત. ૮૪; ૬.
લબાનોન, યહોશુ. ૧૧; ૧૭.
સફાથાહ, ૨ કાળ. ૧૪; ૧૦.
સબોઇમ, ૧ શમૂ ૧૩; ૧૮.
સિદ્દીમ, ઉત્પ. ૧૪; ૩, ૪.
સુક્કોથ, ગીત. ૬૦; ૬.
સોરેક, ન્યાય. ૧૬; ૪.
શાલેહ અગર રાજાની ખીણ, ઉત્પ ૧૪; ૧૭. ૨ શમૂ. ૧૮; ૧૮.
શિટ્ટીમનું નીચાણ, યોએ. ૩; ૧૮.
રથોથી ભરાઇ ગઇ; એમાં સજાની સૂચના છે, યશા. ૨૨; ૭.
તેની સાથે સંબંધ રાખતા ચમત્કારો:—
આયાલોન પર ચંદ્રનું સ્થિર રહેવું, યહોશુ. ૧૦; ૧૨.
તેમાંની ખાઇઓ પાણીથી ભરાઇ ગઇ, ૨ રાજા. ૩; ૧૬, ૧૭.
તેમાંનું પાણી મોઆબીઓએ રક્ત સમાન જોયું, ૨ રાજા. ૩; ૨૨, ૨૩.
લાક્ષણિક રીતે:—
ખ્રીસ્તની મંડળીને, સુ. ગી. ૬; ૧૧.
(ફળદ્રુપ તથા પાણીએ ભરપુર) ઇસ્રાએલના તંબુને, ગણ. ૨૪; ૬.
(અંધારૂં) સંકટ તથા મરણ, ગીત. ૨૩; ૪.
(ઉંચું કરાશે) સુવાર્તાને લગતા અટકાવ દૂર કરવામાં આવશે, યશા. ૪૦; ૪. લુક ૩; ૫.

ખુશામત—ભક્તોએ એવા શબ્દો વાપરવા નહિ, અયૂ. ૩૨; ૨૧, ૨૨.
સેવકોએ એવા શબ્દો વાપરવા નહિ, ૧ થેસ્સા. ૨; ૫.
દુષ્ટો એવા શબ્દો વાપરે છે:—
બીજાને માટે, ગીત. ૫; ૯: ૧૨; ૨.
પોતાને માટે, ગીત ૩૬; ૨.
ઢોંગીઓ વાપરે છે:—
ઇશ્વરને માટે, ગીત. ૭૮; ૩૬.
પદ્દિજનોને માટે, દાની. ૧૧; ૩૪.
જુઠા ભવિષ્યવાદીઓ તથા ઉપદેશકો વાપરે છે, હઝ. ૧૨; ૨૪. સરખાવો રૂમી. ૧૬; ૧૮.
એથી બચવાનું સાધન જ્ઞાન છે, દૃષ્ટાં. ૪; ૫.
સંસારી લાભ એથી મળી શકે, દાની. ૧૧; ૨૧, ૨૨.
એવો માણસ ભાગ્યેજ આદરસત્કાર પામે છે, દૃષ્ટાં. ૨૮; ૧૩.
એવાથી સંભાળવાની સૂચના, દૃષ્ટાં. ૨૦; ૧૯.
એથી આવી પડતું ભય, દૃષ્ટાં. ૭; ૨૧-૨૩: ૨૯; ૫.
એવાને માટે સજા, અયૂ. ૧૭, ૫. ગીત. ૧૨; ૩.
દાખલા—તકોઆહની સ્ત્રી, ૨ શમૂ. ૧૪; ૧૭, ૨૦. આબશાલોમ, ૨ શમૂ. ૧૫; ૨-૬. જુઠા ભવિષ્યવાદીઓ, ૧ રાજા. ૨૨; ૧૩. દાર્યાવેશના મંત્રીઓ, દાની. ૬; ૭ ફરોશીઓ, માત્થી ૧૨; ૧૪. તુરાનીઓ, પ્રેરિ. ૧૨; ૧૨.

ખેડવું—જમીનનો ઉખેડ પાડવો, યિર્મે. ૪; ૩. હોશી. ૧૦; ૧૨.
નુહ એ કામ કરતો હશે, ઉત્પ. ૫; ૨૯.
આ કામ કરવામાં આવતું:—
હળથી, લુક ૯; ૬૨.
બળદ વડે, ૧ શમૂ. ૧૪; ૧૪. અયૂ. ૧; ૧૪.
શિયાળાની ઋતુમાં, દૃષ્ટાં. ૨૦; ૪.
લાંબા લાંબા ચાસમાં, ગીત. ૧૨૯; ૩.
ઘણી વાર ચાકરો મારફતે, યશા. ૬૧; ૫. લુક ૧૭; ૭.
ઘણી વાર માલીક જાતે, ૧ રાજા. ૧૯; ૧૯.
યહુદી નિયમ પ્રમાણે કજોડ વાપરવાની મનાઇ હતી, પુન. ૨૨; ૧૦.

ખંત—ખ્રીસ્ત નમુનો છે, માર્ક ૧; ૩૫. લુક ૨; ૪૯.

ઇશ્વરી ફરમાન છે:—
તેને શોધવામાં, ૧ કાળ. ૨૨; ૧૯ હેબ્રી. ૧૧; ૬.
તેને આજ્ઞાંકિત થવામાં, પુન. ૬; ૧૭: ૧૧; ૧૩.
તેનું સાંભળવામાં, યશા. ૫૫; ૨.
સંપૂર્ણતાની પાછળ જવામાં, ફીલી. ૩; ૧૩, ૧૪.
ખ્રીસ્તી કૃપાદાનો પ્રત્યે ધ્યાન દેવામાં, ૨ પીત. ૧; ૫.
આત્માની સંભાળ રાખવામાં, પુન. ૪; ૯.
હૃદયની સંભાળ રાખવામાં, દ્દષ્ટાં. ૪; ૨૩.
પ્રેમની મહેનત કરવામાં, હેબ્રી. ૬; ૧૦-૧૨.
દરેક સારા કામની પાછળ લાગવામાં, ૧ તીમો. ૫; ૧૦.
ભ્રષ્ટતાની સામે જાગૃત રહેવામાં, હેબ્રી. ૧૨; ૧૫.
ડાધહિન થવાનું શોધવામાં, ૨ પીત. ૩; ૧૪.
આપણું તેડું નિશ્ચય કરવામાં, ૨ પીત. ૧; ૧૦
પોતાને તપાસવામાં, ગીત. ૭૭; ૬.
નિયમીત કામો કરવામાં, દ્દષ્ટાં. ૨૭; ૨૩. સભા. ૯; ૧૦.
ધર્મની વાતો શિખવામાં, ૨ તીમો. ૪; ૨. યહુદા. ૩.
છોકરાંને કેળવવામાં, પુન. ૬; ૭: ૧૧; ૧૯.
ઇન્સાફ કરવાની બાબતમાં, પુન. ૧૯; ૧૮.

ભક્તોએ તેમાં વૃદ્ધિ પામવી, ૨ કરીં. ૮; ૭.

પ્રભુની સેવા કરવા:—
ખંતીલા થવું, ગલા. ૬; ૯.
પ્રભુમાં નિષ્ફળ થશે નહિ, ૧ કરીં. ૧૫; ૫૮.
ભુંડાથી બચાવ પામવા, નિર્ગ. ૧૫; ૨૬.
આશાની નિશ્ચયતા તરફ દોરે છે, હેબ્રી. ૬; ૧૧.

પ્રભુ બદલો આપે છે, પુન. ૧૧; ૧૪. હેબ્રી. ૧૧; ૬.

સંસાર લાભમાં દોરનાર છે:—
મહેરબાનીમાં, દ્દષ્ટાં. ૧૧; ૨૭.
સંપત્તિમાં, દ્દષ્ટાં. ૧૦; ૪: ૧૩; ૪.
માન તરફ, દ્દષ્ટાં. ૧૨; ૨૪: ૨૨; ૨૯.

લાક્ષણિક ઉપમા દર્શાવે છે, દ્દષ્ટાં. ૬; ૬-૮.

ઉદાહરણો—યાકુબ, ઉત્પ. ૩૧; ૪૦. રૂથ, રૂથ ૨; ૧૭. હઝકીયાહ, ૨ કાળ. ૩૧; ૨૧. નહેમ્યાહ, નહેમ. ૪; ૬. ગીતકર્તા, ગીત. ૧૧૯; ૬૦. પ્રેરિતો, પ્રેરિ. ૫; ૪૨ અપોલો, પ્રેરિ. ૧૮; ૨૫. તિતસ, ૨ કરીં. ૮; ૨૨. પાઉલ, ૧ થેસ્સા. ૨; ૯. ઓનેસીફરસ, ૨ તીમો. ૧; ૧૭.

ખ્રીસ્ત—ગુણ—લક્ષણો:—
તદ્દન મનોહર, સુ. ગી. ૫; ૧૬.
પવિત્ર, લુક ૧; ૩૫. પ્રેરિ. ૪; ૨૭. પ્રક. ૩; ૭.
ન્યાયી, યશા. ૫૩; ૧૧. હેબ્રી. ૧; ૯.
સારો, માત્થી ૧૯; ૧૬.
વિશ્વાસુ, યશા. ૧૧; ૫ ૧ થેસ્સા. ૫; ૨૪.
સત્ય, યોહા. ૧; ૧૪: ૭; ૧૮. ૧ યોહા. ૫; ૨૦.
ન્યાય, ઝખ. ૯; ૯. યોહા. ૫; ૩૦. પ્રેરિ. ૨૨; ૧૪.
નિષ્કપટી, યશા. ૫૩; ૯. ૧ પીત. ૨; ૨૨.
પાપરહિત, યોહા. ૮; ૪૬. ૨ કરીં. ૫; ૨૧.
નિષ્કલંક, ૧ પીત. ૧; ૧૯.
નિરઅપરાધી, માત્થી ૨૭; ૪.
નિર્દોષ, હેબ્રી. ૭; ૨૫.
પરીક્ષણ પર જય પામેલો, માત્થી ૪; ૧-૧૦.
દેવ બાપને આજ્ઞાંકિત, ગીત. ૪૦; ૮. યોહા. ૪; ૩૪: ૧૫; ૧૦.
આસ્થાવાન, લુક ૨; ૪૯. યોહા. ૨; ૧૭. ૮; ૨૯.
રાંકડો, યશા. ૫૩; ૭. ઝખા. ૯; ૯. માત્થી ૧૧; ૨૯.
નમ્ર હૃદયનો, માત્થી ૧૧; ૧૯.
દયાળુ, હેબ્રી. ૨; ૧૭.
દુ:ખ સહન કરનાર, યશા. ૫૩; ૭. માત્થી ૨૭; ૧૪.
સહનશીળ, ૧ તીમો. ૧; ૧૬.
કરૂણાળુ, યશા. ૪૦; ૪૧. લુક ૧૯; ૪૧.
પરોપકારી, માત્થી ૪; ૨૩, ૨૪. પ્રેરિ. ૧૦; ૩૮.

પ્રેમ રાખવા લાયક, યોહા. ૧૩; ૧ : ૧૫; ૧૩.
સ્વનકાર કરનાર, માત્થી ૮; ૨૦. ૨ કરીં. ૮; ૯.
ગરીબ, લુક ૨૨; ૨૭. ફીલી. ૨; ૮.
તાબે થનાર, લુક ૨૨; ૪૨.
માફ કરનાર, લુક ૨૩; ૩૪.
માબાપને આજ્ઞાંકિત રહેનાર, લુક ૨; ૫૧.
તેના લોકોએ તેના જેવા થવું, રૂમી. ૮; ૨૯.

ખ્રીસ્ત-ઘેટાં પાળક :—
આગળથી કહેવામાં આવ્યું, ઉત્પ. ૪૯; ૨૪. યશા. ૪૦; ૧૧. હઝ. ૩૪; ૨૩: ૩૭; ૨૪.
મુખ્ય, ૧ પીત. ૫; ૪.
ઉત્તમ, યોહા. ૧૦; ૧૧, ૧૪.
મોટો, મીખા. ૫; ૪. હેબ્રી. ૧૩; ૨૦.
તેનાં ઘેટાંને :—
તે ઓળખે છે, યોહા. ૧૦; ૧૪, ૨૭.
તે બોલાવે છે, યોહા. ૧૦; ૩.
તે એકઠાં કરે છે, યશા. ૪૦; ૧૧. યોહા. ૧૦; ૧૬.
તે દોરે છે, ગીત. ૨૩; ૩. યોહા. ૧૦; ૩, ૪.
તે ચરાવે છે, ગીત. ૨૩; ૧, ૨. યોહા. ૧૦; ૯.
પર તેનું પ્યારભર્યું હેત, યશા. ૪૦; ૧૧.
તેની રક્ષા તથા સંભાળ, યિર્મે. ૩૧; ૧૦. હઝ. ૩૪; ૧૦. ઝખા. ૯; ૧૬. યોહા. ૧૦; ૨૮.
તેઓને સારૂ પોતાનો જીવ આપે છે, ઝખા. ૧૩; ૭. માત્થી ૨૬; ૩૧. યોહા. ૧૦; ૧૧, ૧૫. પ્રેરિ. ૨૦; ૨૮.
તેઓને અનંતજીવન આપે છે, યોહા. ૧૦; ૨૮.
લાક્ષણિક રીતે :—દાઉદ, ૧ શમૂ. ૧૬; ૧૧.

ખ્રીસ્ત – પ્રમુખ્ય યાજક :—
પ્રભુથી ઠરાવેલો તથા બોલાવાયલો, હેબ્રી. ૩; ૧, ૨ : ૫; ૪, ૫.
મેલ્ખીસેદેકના ધારા પ્રમાણેનો, ગીત. ૧૧૦; ૪. સરખાવો હેબ્રી. ૫; ૬ : ૬; ૨૦ : ૭; ૧૫, ૧૭.
હારૂન તથા લેવીના કરતાં ચઢીઆતો, હેબ્રી. ૭; ૧૧, ૧૬, ૨૨ : ૮; ૧, ૨, ૬.
સમસહિત અર્પણ, હેબ્રી. ૭; ૨૦, ૨૧.
બદલાય નહિ તેવું, હેબ્રી. ૭; ૨૩, ૨૮.
પવિત્ર, નિર્દોષ છે, હેબ્રી. ૭; ૨૬, ૨૮.
વિશ્વાસુ, હેબ્રી. ૩; ૨.
પોતાને માટે યજ્ઞની જરૂર નહિ તેવો, હેબ્રી. ૭; ૨૭.
પોતે અર્પણ થયો, હેબ્રી. ૯; ૧૪, ૨૬.
સર્વ અર્પણો કરતાં તેનું અર્પણ શ્રેષ્ઠ છે, હેબ્રી. ૯; ૧૩, ૧૪, ૨૩.
એકજવાર અર્પણ કર્યું, હેબ્રી. ૭; ૨૭ : ૯; ૨૫, ૨૬.
મિલાપ કરાવ્યો, હેબ્રી. ૨; ૧૭.
આપણે અર્થે ખંડણી મેળવી, હેબ્રી. ૯; ૧૨.
આકાશમાં પેઠો, હેબ્રી. ૪; ૧૪ : ૧૦; ૧૨.
પરીક્ષણમાં પડેલાનો સમસુખદુ.ખી, હેબ્રી. ૨; ૧૮ : ૪; ૧૫.
મધ્યસ્થી કરે છે, હેબ્રી. ૭; ૨૫ : ૯; ૨૫.
આશીર્વાદ આપે છે, ગણ. ૬; ૨૩-૨૬. સરખાવો પ્રેરિ. ૩; ૧૬.
પોતાના રાજ્યાસન ઉપર, ઝખા. ૬; ૧૩.
નિમણુક તથા દૃઢ રહેવાને હિમ્મત, હેબ્રી. ૪; ૧૪.
ઉપમારૂપે :—મેલ્ખીસેદેક, ઉત્પ. ૧૪; ૧૮, ૨૦. હારૂન, નિર્ગ. ૪૦; ૧૨, ૧૫.

ખ્રીસ્ત – પ્રભુ છે :—
યહોવાહ જેવો, યશા. ૪૦; ૩. સરખાવો માત્થી ૩; ૩.
યહોવાહ ગૌરવનો રાજા, ગીત. ૨૪; ૭, ૧૦. સરખાવો ૧ કરીં. ૨; ૮. યાકુ. ૨; ૧.
યહોવાહ આપણું ન્યાયીપણું, યિર્મે. ૨૩; ૫, ૬. સરખાવો ૧ કરીં. ૧; ૩૦.
યહોવાહ અતિ ઉંચો, ગીત. ૯૭; ૯. સરખાવો, યોહા. ૩; ૩૧.
યહોવાહ પ્રથમ તથા છેલ્લો, યશા. ૪૪; ૬. સરખાવો પ્રક. ૧; ૧૭. યશા. ૪૮; ૧૨-૧૬. સરખાવો પ્રક. ૨૨; ૧૩.
સૈન્યોનો યહોવાહ, યશા. ૬; ૧-૩. સરખાવો યોહા. ૧૨; ૪૧. યશા. ૮; ૧૩, ૧૪. સરખાવો ૧ પીત. ૨; ૮.

યહોવાહનો સાથી તથા સમાન, ઝખા. ૧૩; ૭. ફીલી. ૨; ૬.
યહોવાહ પાળક, યશા. ૪૦; ૧૧. હેબ્રી. ૧૩; ૨૦.
યહોવાહ જેના મહિમાને અર્થે સર્વ ઉત્પન્ન કરાયું છે, દષ્ટાં. ૧૬; ૪. સરખાવો કલો. ૧; ૧૬.
યહોવાહ કરારનો દૂત, માલા. ૩; ૧. સરખાવો માર્ક ૧; ૨. લુક ૨; ૨૭.
યહોવાહ વિનંતી કરવા લાયક, યોએ. ૨; ૩૨. સરખાવો પ્રેરિ. ૨; ૨૧. ૧ કરીં. ૧; ૨.
યહોવાહ અનાદ્યનંત તથા ઉત્પન્નકર્ત્તા, ગીત. ૧૦૨; ૨૪-૨૭. સરખાવો હેબ્રી. ૧; ૮, ૧૦-૧૨.
યહોવાહ પરાક્રમી દેવ, યશા. ૯; ૬.
મહાન પ્રભુ તથા ત્રાતા, હોશી ૧; ૭. સરખાવો, તીત. ૨; ૭.
યહોવાહ સર્વનો પ્રભુ, ગીત. ૪૫; ૬, ૭. રૂમી. ૯; ૫.
સત્ય દેવ, યિર્મે. ૧૦; ૧૦. સરખાવો ૧ યોહા. ૫; ૨૦.
શબ્દ દેવ, યોહા. ૧; ૧.
ન્યાયાધીશ, સભા. ૧૨; ૧૪. સરખાવો ૧ કરીં. ૪; ૫. ૨ કરીં. ૫; ૧૦ ૨ તીમો. ૪; ૧.
ઇમાનુએલ, યશા. ૭; ૧૪. સરખાવો માત્થી ૧; ૨૩.
રાજાઓનો રાજા તથા પ્રભુઓનો પ્રભુ, દાની. ૧૦; ૧૭. સરખાવો પ્રક. ૧; ૫: ૧૭; ૧૪.
યહોવાહ પવિત્ર, ૧ શમૂ. ૨; ૨. સરખાવો પ્રેરિ. ૩; ૧૪.
આકાશથી પ્રભુ, ૧ કરીં. ૧૫; ૪૭.
સાબ્બાથનો પ્રભુ, ઉત્પ. ૨; ૩ સરખાવો માત્થી ૧૨; ૮.
સર્વનો પ્રભુ, માત્થી ૨૬; ૬૩-૬૭.
બાપનો એકાકીજનિત પુત્ર, યોહા. ૧; ૧૪, ૧૮: ૩; ૧૬, ૧૮. ૧ યોહા. ૪; ૯.
તેનું રક્ત પ્રભુનું રક્ત કહેવાય છે, પ્રેરિ. ૨૦; ૨૮.
બાપની સાથે એક, યોહા. ૧૦; ૩૦, ૩૮: ૧૨; ૪૫: ૧૪; ૭-૧૦: ૧૭; ૧૦.
આત્મા મોકલવામાં બાપ સમાન, યોહા. ૧૪; ૧૬ સરખાવો યોહા. ૧૫; ૨૬.
બાપને સમાન માનપદ્ગિનો, યોહા. ૫; ૨૩.
સર્વનો માલીક બાપ સમાન, યોહા. ૧૬; ૧૫.
સાબ્બાથના નિયમથી બંધનરહિત, બાપને સમાન, યોહા. ૫; ૧૭.
બાપને સમાન કૃપાનું મૂળ, ૧ થેસ્સા. ૩; ૧૧. ૨ થેસ્સા. ૨; ૧૬, ૧૭.
બાપ સમાન અશોધ્ય, દષ્ટાં. ૩૦; ૪. માત્થી ૧૧; ૨૭.
સર્વનો ઉત્પન્નકર્ત્તા, યશા. ૪૦; ૨૮. યોહા. ૧; ૩. કલો. ૧; ૧૬. હેબ્રી. ૧; ૨.
સર્વનો અન્નદાતા તથા રક્ષક, નહે. ૯; ૬. સરખાવો કલો. ૧; ૧૭. હેબ્રી. ૧; ૩.
ઇશ્વરત્વમાં ભરપુર, કલો. ૨; ૯. હેબ્રી. ૧; ૩.
મરેલાંને સજીવ કરનાર, યોહા. ૫; ૨૧: ૬; ૪૦, ૫૪.
મરેલાંમાંથી આપોઆપ સજીવ થનાર, યોહા. ૨; ૧૯-૨૧: ૧૦; ૧૮.
અનાદિ, યશા ૯; ૬. મીખા. ૫; ૨. યોહા. ૧; ૧. કલો. ૧; ૧૭. હેબ્રી. ૧; ૮-૧૦. પ્રક. ૧; ૮.
સર્વવ્યાપક, માત્થી ૧૮; ૨૦: ૨૮; ૨૦. યોહા. ૩; ૧૩.
સર્વશક્તિવાન, ગીત. ૪૫; ૩. ફીલી. ૩; ૨૧. પ્રક. ૧; ૮.
સર્વજ્ઞ, યોહા. ૧૬; ૩૦: ૨૧; ૧૭.
હૃદયની ભાવનાને જાણનાર, ૨ રાજા. ૮; ૩૯. સરખાવો લુક ૫; ૨૨. હઝ ૧૧; ૫. સરખાવો યોહા. ૨; ૨૪, ૨૫. પ્રક. ૨; ૨૩.
અવિકારી, મલા. ૩; ૬ સરખાવો હેબ્રી. ૧; ૧૨: ૧૩; ૮.
પાપોની માફી કરવાનો અધિકાર, કલો. ૩; ૧૩. સરખાવો માર્ક. ૨; ૭, ૧૦.
મંડળીને પાળકો આપનાર, યિર્મે. ૩; ૧૫. સરખાવો એફે. ૪; ૧૧-૧૩.
મંડળીનો ધણી, યશા. ૫૪; ૫. સરખાવો એફે. ૫; ૨૫-૩૨. યશા. ૬૫; ૫. સરખાવો પ્રક. ૨૧; ૨, ૯.
ઇશ્વરી ભજનપાત્ર, પ્રેરિ. ૭: ૫૯. ૨ કરીં. ૧૨; ૮, ૯. હેબ્રી. ૧; ૬. પ્રક. ૫; ૧૨.

વિશ્વાસ કરવા યોગ્ય, ગીત. ૨; ૧૨. સરખાવો ૧ પીત. ૨; ૬. યિર્મે. ૧૭; ૫, ૭. સરખાવો યોહા. ૧૪; ૧.
પોતાને સારૂ મંડળીને ખંડી લેનાર તથા શુદ્ધ કરનાર, પ્રક. ૫; ૯. સરખાવો તીત. ૨; ૧૪.
પ્રભુ તરીકે પોતાને મંડળીને આપ્યો છે, એફે. ૫; ૨૭. સરખાવો યહુદા ૨૪, ૨૫.
તેને પ્રભુ જાણીને ભક્તો તેને અર્થે જીવે છે, રૂમી. ૬; ૧૧. ગલા. ૨; ૧૯. સરખાવો ૨ કરીં. ૫; ૧૫.
તેના પ્રેરિતોને પ્રગટ થએલો, યોહા. ૨૦; ૨૮.
જુના જમાનાના ભક્તોને પ્રગટ થએલો, ઉત્પ. ૧૭; ૧. સરખાવો ઉત્પ. ૪૮; ૧૫, ૧૬. ઉત્પ. ૩૨; ૨૪-૩૦. સરખાવો હોશી. ૧૨; ૩-૫. ન્યાયા. ૬; ૨૨-૨૪: ૧૩: ૨૧, ૨૨. અયૂ. ૧૯; ૨૫-૨૭.

ખ્રીસ્ત—ભવિષ્યવાદી:—

આગળથી કહેવામાં આવ્યું, પુન. ૧૮; ૧૫. ૧૮. યશા. ૫૨; ૭. નાહુ. ૧; ૧૫.
પવિત્ર આત્માથી અભિષિક્ત કરાએલો, યશા. ૪૨; ૧: ૬૧; ૧. સરખાવો લુક ૪; ૧૮. યોહા. ૩; ૩૪.
એકલો તેજ દેવને જાણે છે, તથા પ્રગટ કરે છે, માત્થી ૧૧; ૨૭. યોહા. ૩; ૨. ૧૩: ૧૪. ૩૪: ૧૭; ૬, ૧૪, ૨૬. હેબ્રી. ૧; ૧, ૨.
બાપ તરફથી જણાવેલું પ્રગટ કરે છે, યોહા. ૮; ૨૫, ૨૮: ૧૨; ૪૯, ૫૦: ૧૪; ૧૦, ૨૪: ૧૫; ૧૫: ૧૭; ૮, ૧૬.
સુવાર્તા પ્રગટ કરી, ચમત્કારો કર્યા, માત્થી ૪; ૨૩: ૧૧; ૫. લુક ૪; ૪૩.
થનાર વાતો આગળથી કહી બતાવી, માત્થી ૨૪; ૩-૩૫. લુક ૧૯; ૪૧-૪૪.
તેનો ભરોસો કરનાર પ્રત્યે વિશ્વાસુ, લુક ૪; ૩૩. યોહાન ૧૭; ૮. હેબ્રી. ૩; ૨. પ્રક. ૧; ૫: ૩; ૧૪.
જ્ઞાનમાં પરિપૂર્ણ, લુક ૨; ૪૦, ૪૭, ૫૨. કલો. ૨; ૩.
કૃત્યમાં તથા સત્યમાં પરિપૂર્ણ પરાક્રમી, માત્થી ૧૩; ૫૪. માર્ક ૧; ૨૭. લુક ૪; ૩૨. યોહા. ૭; ૪૬.

તેનું શિક્ષણ નમ્રતાનું તથા સાદું હતું, યશા. ૪૨; ૨. માત્થી ૧૨; ૧૭-૨૦.
તેનું સાંભળવાને પ્રભુ આપણને હુકમ આપે છે, પુન. ૧૮; ૧૫. માત્થી ૧૭; ૨૫. પ્રેરિ. ૩; ૨૨: ૭; ૩૭.
જો તેનું નહિ સાંભળીએ તો પ્રભુ સખ્તાઇથી આપણી સાથે વર્તશે, પુન. ૧૮; ૧૯. પ્રેરિ. ૩; ૨૩. હેબ્રી. ૨; ૩.
ઉપમારૂપે—મુસા, પુન. ૧૮; ૧૫.

ખ્રીસ્ત—મધ્યસ્થ:—

તેના પ્રાયશ્ચિત્તના લક્ષણમાં, એફે. ૨; ૧૩, ૧૮: હેબ્રી. ૯; ૧૫: ૧૨; ૨૪.
દેવ તથા માણસની વચ્ચે માત્ર એક, ૧ તીમો. ૨; ૫.
સુવાર્તાના કરારનો, હેબ્રી. ૮; ૬: ૧૨; ૨૪.
ઉપમારૂપે:—મુસા, પુન. ૫; ૫. ગલા. ૩; ૧૯. હારૂન, ગણ. ૧૬; ૪૮.

ખ્રીસ્ત—મંડળીનું શીર:—

ભવિષ્યવાત, ગીત. ૧૧૮; ૧૨. સરખાવો માત્થી ૨૧; ૪૨.
ઇશ્વરથી ઠરાવેલો, એફે. ૧; ૨૨.
પોતે જાહેર કરેલું, માત્થી ૨૧; ૪૨.
તેના ધાર્મિક શરીરરૂપે, એફે. ૪; ૧૨, ૧૫: ૫; ૨૩.
સર્વમાં તેનું સર્વોત્તમપણું, ૧ કરીં. ૧૧; ૩. એફે. ૧; ૨૨. કલો. ૧; ૧૮.
તેના પ્રેરિતોને હક આપ્યો, માત્થી ૧૦; ૧, ૭: ૨૮; ૧૯. યોહાન ૨૦; ૨૧.
સંસ્કારો સ્થાપ્યા, માત્થી ૨૮; ૧૯. લુક ૨૨; ૧૯, ૨૦.
દાનો આપ્યાં, ગીત. ૬૮; ૧૮. સરખાવો એફે. ૪; ૮.
ભક્તો તેમાં પૂર્ણ કરાય છે, કલો. ૨; ૧૦.
તેને વિરોધ અર્થ સ્વીકારવો નહિ, કલો. ૨; ૧૮, ૧૯.

ખ્રીસ્ત—રાજા:—

ભવિષ્ય કહેવામાં આવ્યું, ગણ. ૨૪; ૧૭. ગીત. ૨; ૬: ૪૫; ૧-૧૭. યશા. ૯; ૭. યિર્મે. ૨૩; ૫. મીખા. ૫; ૨.

ગૌરવમો રાજા, ગીત. ૨૪; ૭-૧૦. ૧ કરીં. ૨; ૮. યાકુ. ૨; ૧.
સર્વોત્તમ, ગીત. ૮૯; ૨૭. પ્રક. ૧; ૫: ૧૯; ૧૬.
પ્રભુના રાજ્યાસન પર બેઠો છે, પ્રક. ૩; ૨૧.
દાઉદના રાજ્યાસન પર બેઠો છે, યશા. ૯; ૭. હઝ. ૩૪; ૨૪, ૨૫. લુક ૧; ૩૨. પ્રેરિ. ૨; ૩૦.
સીઓનનો રાજા છે, ગીત. ૨; ૬. યશા. ૫૨; ૭. ઝખા. ૯; ૯. માત્થી ૨૧; ૫. યોહા. ૧૨; ૧૨, ૧૫.
ન્યાયીપણાનું રાજ્ય છે, ગીત. ૪૫; ૬. સરખાવો હેબ્રી. ૧; ૮, ૯. યશા. ૩૨; ૧. યિર્મે. ૨૩; ૫.
સદાકાળનું રાજ્ય છે, દાની. ૨; ૪૪: ૭; ૧૪. લુક ૧; ૩૩.
સાર્વત્રિક રાજ્ય છે, ગીત. ૨; ૮: ૭૨; ૮. ઝખા. ૧૪; ૯. પ્રક. ૧૧; ૧૫.
તેનું રાજ્ય આ જગતનું નથી, યોહા. ૧૮; ૩૬.
ભક્તો તેના રાજ્યની પ્રજા છે, કલો. ૧; ૧૩. પ્રક. ૧૫; ૩.

ભક્તો ખ્રીસ્તથી રાજ્ય પામવાના છે, લુક ૨૨; ૨૯, ૩૦. હેબ્રી. ૧૨; ૨૮.

સ્વીકારાયો છે:—
પૂર્વના માગીઓથી, માત્થી ૨; ૨.
નાથાનાએલથી, યોહા. ૧; ૪૯.
તેની પાછળ ચાલનારાઓથી, લુક ૧૯; ૩૮. યોહા. ૧૨; ૧૩.

પોતે પોતાને જણાવે છે, માત્થી ૨૫; ૩૪. યોહા. ૧૮; ૩૭.

તેના વધસ્તંભ પર લેખ લખ્યો, યોહા. ૧૯; ૧૯.
યહુદીઓ તેની શોધ કરશે, હોશી. ૩; ૫.

ભક્તો તેને જોશે, યશા. ૩૩; ૧૭. પ્રક. ૨૨; ૩, ૪.

તેની આગળ રાજાઓ પ્રણામ કરશે, ગીત. ૭૨; ૧૦. યશા. ૪૯; ૭.

પોતાના સર્વ વૈરીઓ પર જય પામશે, ગીત. ૧૧૦; ૧. માર્ક ૧૨; ૩૬. ૧ કરીં. ૧૫; ૨૫. પ્રક. ૧૭; ૧૪.

ઉપમારૂપે:—મેલ્ખીસેદેક, ઉત્પ. ૧૪; ૧૮.
દાઉદ, ૧ શમૂ. ૧૬; ૧, ૧૨, ૧૬. સરખાવો લુક ૧; ૩૨.
સુલેમાન, ૧ કાળ. ૨૬; ૬, ૭.

ખ્રીસ્ત—જુઠા, એ સંબંધી આપેલી ચેતવણી, માત્થી ૨૪; ૫, ૨૪. માર્ક ૧૩; ૨૨.

ખ્રીસ્તવિરોધી—બાપ તથા પુત્રનો નકાર કરે છે, ૧ યોહા. ૨; ૨૨.
ખ્રીસ્તનું દેહમાં આવવું નકારે છે, ૧ યોહા. ૪; ૩. ૨ યોહા. ૭.
પ્રેરિતોના જમાનામાં ઘણા હતા, ૧ યોહા. ૨; ૧૮.
તેમનું લક્ષણ છેતરવાનું છે, ૨ યોહા. ૭.
તેઓનું આવવું, આગળથી કહેવામાં આવ્યું, ૨ થેસ્સા. ૨; ૩. ૧ તીમો. ૪; ૧.

ખ્રીસ્તી—શિષ્યો અંત્યોખમાં એ નામથી પહેલાં ઓળખાયા, પ્રેરિ. ૧૧; ૨૬: ૨૬; ૧૮.
તેઓએ કેવી રીતે સહન કરવું, ૧ પીત. ૪; ૧૬.

ખ્રીસ્તીઓ—તેઓને આપેલી ઉપમા:—
જગતનું મીઠું, માત્થી ૫; ૧૩. જગતનું અજવાળું, માત્થી ૫; ૧૪.
યોહા. ૮; ૧૨. એફે. ૫; ૮. ફિલિ. ૨; ૧૫.
પહાડપર વસાવેલું નગર, માત્થી ૫; ૧૪.
ખ્રીસ્તનું પત્ર, ૨ કરીં. ૩; ૧૩.
ફળવાન ડાળી, યોહા. ૧૫; ૫, ૮. રૂમી. ૬; ૫.
સાક્ષી, યશા. ૪૩; ૧૦, ૧૨: ૪૪; ૮.
ચાકર, યોહા. ૧૩; ૧૬. માત્થી ૧૦; ૨૪. યોહા. ૧૫; ૨૦.

ખ્રીસ્તીઓને—ખ્રીસ્ત સાથે સંબંધ:—
ઘેટાં તથા પાળક, યોહા. ૧૦. યશા. ૪૦; ૧૧. હઝ. ૩૪; ૧૨, ૨૩. હેબ્રી. ૧૩; ૨૦. ૧ પીત. ૨; ૨૫.
વેલો તથા ડાળી, યોહા. ૧૫; ૫, ૮.
ઇમારત તથા પત્થર, એફે. ૨; ૨૦, ૨૧. ૧ કરીં. ૩: ૯, ૧૦. ૧ પીત. ૨; ૪, ૫.
શરીર તથા અવયવ, એફે. ૪; ૧૨. કલો. ૧; ૨૪.
કુટુંબ, રૈયત, એફે. ૨; ૧૩, ૧૯.
વરકન્યા, એફે. ૫; ૨૨, ૩૩. કલો. ૩; ૧૯. પ્રક. ૨૧; ૨.

તેઓ પ્રત્યે ઇશ્વરના વિચાર, અયૂ. ૫ ; ૧૫. ગીત. ૯ ; ૧૮ : ૬૮ ; ૧૦ : ૬૯ ; ૩૩ : ૭૨ ; ૨ : ૧૦૨ ; ૧૭ : ૧૧૩ ; ૭ : ૧૩૨ ; ૧૫. ઝખા. ૧૧ ; ૭.
ઇશ્વરથી વખાણ પામ્યા, દષ્ટાં. ૧૫ ; ૧૬ : ૧૬ ; ૮ : ૧૯ ; ૧ : ૨૮ ; ૬, ૧૧.
મંડળીમાંના ગરીબોની ચિંતા રાખવી, પ્રેરિ. ૬ ; ૧. ૧ કરીં. ૧૬ ; ૨. ૨ કરીં. ૮ ; ૯. ગલા. ૨ ; ૧૦.
દાવામાં પક્ષ ન કર, નિર્ગ. ૨૩ ; ૭. લેવી. ૧૯ ; ૧૫. પુન. ૧ ; ૧૭.
આત્મામાં રાંક, તેઓને ખ્રીસ્તથી ધન્યતા, માત્થી ૫ ; ૩. લુક ૬ ; ૨૦.
તે ઉપરાંત જુઓ, દરિદ્રીઓ.

ગરૂડ—શિકારી પક્ષી છે, અયૂ. ૯ ; ૨૬. હબા. ૧ ; ૮.
અશુદ્ધ છે, લેવી. ૧૧ ; ૧૩. પુન. ૧૪ ; ૧૨.
જુદી જુદી જાતનાં, લેવી. ૧૧ ; ૧૩, ૧૮. હઝ. ૧૭ ; ૩.
આકાશના ગરૂડો કહેવાય છે, વિલા. ૪ ; ૧૯.
વર્ણન કરવામાં આવે છે :—
દૂરથી જોનાર, અયૂ. ૩૯ ; ૨૯.
વેગવંત, ૨ શમૂ. ૧ ; ૨૩.
આકાશમાં ઉંચે ઉડનાર, દષ્ટાં. ૨૩ ; ૫ : ૩૦ ; ૧૯.
તેનાં પીછાંના બળની સૂચના કરી છે, દાની. ૪ ; ૩૩.
તેની પાંખોના વિસ્તારની સૂચના કરી છે, હઝ. ૧૭ ; ૩, ૭.
વાયુમાં તેના માર્ગની સૂચના કરી છે, દષ્ટાં. ૩૦ ; ૧૯.
એ સંબંધીના દાખલા—યાકૂબ, ઉત્પ. ૩૦ ; ૩૩. ૨ શમૂ. ૨૨ ; ૨૧. ઝખાર્યાહ, ઇત્ય. લુક ૧ ; ૬. હાબેલ, હેબ્રી. ૧૧ ; ૪. લુત, ૨ પીત. ૨ ; ૮.

ન્યાયીપણું, દેવનું—એ તેનો ગુણ છે, ગીત. ૭ ; ૯ : ૧૧૬ ; ૫ : ૧૧૯ ; ૧૩૭.
તેનું વર્ણન :—
પરાત્પર, ગીત. ૭૧ ; ૧૯.
પુષ્કળ, ગીત. ૪૮ ; ૧૦.
ગણત્રી કરી ન શકાય તેવું, ગીત. ૭૧ ; ૧૫.
સનાતન, ગીત. ૧૧૯ ; ૧૪૨.
સદા ટકનાર, ગીત. ૧૧૧ ; ૩.
રાજ્યાસનનો પાયો, ગીત. ૯૭ ; ૨.
ખ્રીસ્તથી અંગીકારવામાં આવ્યું, યોહા. ૧૭ ; ૨૫.
આપણું થાય માટે ખ્રીસ્તે પોતાને સોંપી દીધો, ૧ પીત. ૨ ; ૨૩.
દૂતો માન્ય કરે છે, પ્રક. ૧૬ ; ૫.
પ્રગટ થયું છે :—
તેનાં સાક્ષ્યોમાં, ગીત. ૧૧૯ ; ૧૩૮, ૧૪૪.

તેની આજ્ઞાઓમાં, પુન. ૪ ; ૮. ગીત. ૧૧૯ ; ૧૭૨.
તેનાં ન્યાયી વચનોમાં, ગીત. ૧૯ ; ૮ : ૧૧૯ ; ૭, ૬૨.
તેનાં વચનોમાં, ગીત. ૧૧૯ ; ૧૨૩.
તેના માર્ગોમાં, ગીત. ૧૪૫ ; ૧૭.
તેનાં કૃત્યોમાં, ન્યા. ૫ ; ૧૧. ૧ શમૂ. ૧૨ ; ૭.
ન્યાય કરવામાં ગીત. ૯૬ ; ૧૩ : ૯૮ ; ૯.
સુવાર્તામાં, ગીત. ૮૫ ; ૧૦. સરખાવો રૂમી. ૩ ; ૨૫, ૨૬.
છેવટના ન્યાયમાં, પ્રેરિ. ૧૭ ; ૩૧.
દુષ્ટોને શિક્ષા દેવામાં, રૂમી. ૨ ; ૫. ૨ થેસ્સા. ૧ ; ૬. પ્રક. ૧૬ ; ૭ : ૧૯ ; ૨.

ભક્તોનાં સંતાન ઉપર બતાવ્યું છે, ગીત. ૧૦૩ ; ૧૭.
રાષ્ટ્રોના દેખતાં પ્રસિદ્ધ કર્યું છે, ગીત. ૯૮ ; ૨.
કરવામાં સંતુષ્ટ થાય છે, યિર્મે. ૯ ; ૨૪.
આકાશો પ્રગટ કરે છે, ગીત. ૫૦ ; ૬ : ૯૭ ; ૬.

ભક્તો :—
દેવનું છે, એમ કબુલ કરે છે, અયૂ. ૩૬ ; ૩. દાની. ૯ ; ૭.
દેવની ઉદાર વૃત્તિમાં છે એમ કબુલ કરે છે, એઝ. ૯ ; ૧૫.
દુષ્ટો આબાદી પામે તોપણ કબુલ કરે છે, યિર્મે. ૧૨ ; ૧. સરખાવો ગીત. ૭૩ ; ૧૨-૧૭.
દેવ પોતાનું વચન પાળવામાં બતાવી આપે છે એવું કબૂલ કરે છે, નહે. ૯ ; ૮.

પામે છે તેની ખાતરી આપે છે, મીખા. ૭ ; ૯.
તેનાથી પકડી રખાય છે, યશા. ૪૧ ; ૧૦.
તેને છુપાવી રાખતા નથી, ગીત. ૪૦ ; ૧૦.
તેને પ્રગટ કરે છે, ગીત. ૭૧ ; ૧૬.
તે સંબંધી બોલે છે, ગીત. ૩૫ ; ૨૮ : ૭૧ ; ૧૫, ૨૪.
બીજાઓને જાહેર કરે છે, ગીત. ૨૨ ; ૩૧.
ગાયન કરે છે, ગીત. ૭ ; ૧૭ : ૫૧ ; ૧૪ : ૧૪૫ ; ૭.
ધૈર્યથી પ્રાર્થના કરે છે, ગીત. ૧૪૩ ; ૧૧. દાની. ૯ ; ૧૬.

ન્યાયીપણા તરફ પ્રીતિ કરવા દોરે છે, ગીત. ૧૧ ; ૭.

આપણે પ્રાર્થના કરવી જોઇએ :—
તેમાં આપણને ચલાવવા માટે, ગીત. ૫ ; ૮.
તેમાં આપણને સજીવન કરે માટે, ગીત. ૧૧૯ ; ૪૦.
તે થકી આપણો બચાવ કરવા, ગીત. ૩૧ ; ૧ : ૭૧ ; ૨.
તેમાં આપણને પ્રત્યુત્તર મળે માટે, ગીત. ૧૪૩ ; ૧.
તેમાં આપણો ન્યાય થાય માટે, ગીત. ૩૫ ; ૨૪.
આપણા પર જારી રહે માટે, ગીત. ૩૬ ; ૧૦.

પોતાના લોકોની સંભાળ લેવામાં જણાવેલું, મીખા. ૬ ; ૪, ૫.
દુષ્ટો પામતા નથી, ગીત. ૬૯ ; ૨૭.
ઉદાહરણથી સ્પષ્ટીકરણ, ગીત. ૩૬ ; ૬.

ન્યાયીપણું લાગુ પાડેલું--
એ સંબંધી ભવિષ્ય, યશા. ૫૬ ; ૧. હઝ. ૧૬ ; ૧૪.
સુવાર્તામાં પ્રગટ કરેલું, રૂમી. ૧ ; ૧૭.
યહોવાહનું છે, યશા. ૫૪ ; ૧૭.

તેનું વર્ણન કર્યું છે :—
વિશ્વાસનું ન્યાયીપણું, રૂમી. ૪ ; ૧૩ : ૯ ; ૩૦ : ૧૦ ; ૬.
દેવનું ન્યાયીપણું, નિયમરહિતનું, રૂમી. ૩ ; ૨૧.
દેવનું ન્યાયીપણું, ઇસુ ખ્રીસ્ત પરના વિશ્વાસ વડે, રૂમી. ૩ ; ૨૨.
ખ્રીસ્ત આપણે અર્થે ન્યાયીપણારૂપ થયો, ૧ કરીં. ૧ ; ૩૦.
આપણે ઇસુમાં દેવના ન્યાયીપણારૂપ થઇએ, ૨ કરીં. ૫ ; ૨૧.

તેને અર્થે ખ્રીસ્ત નિયમની સંપૂર્ણતા છે, રૂમી. ૧૦ ; ૪.
ખ્રીસ્તને "યહોવાહ આપણું ન્યાયીપણું" કહે છે, યિર્મે. ૨૩ ; ૬.
ખ્રીસ્ત સાર્વકાળિક ન્યાયીપણું લાવ્યો, દાની. ૯ ; ૨૪.

આત્મિક લાભ પામ્યા નહિ, ન્યા. ૨ ; ૧૭-૧૯.

પગ—શરીરનો અગત્યનો ભાગ, ૧ કરીં. ૧૨ ; ૧૫, ૨૧.

શાસ્ત્રમાં દર્શાવેલા તેના વિભાગ :—

એડી, હોશી. ૧૨ ; ૩.

તળીયું, પુન. ૧૧ ; ૨૪. ૧ રાજા. ૫ ; ૩.

અંગુઠો, નિર્ગ. ૨૯ ; ૨૦. ૨ શમૂ. ૨૧ ; ૨૦. દાની. ૨ ; ૨૧.

ઘણીવાર દોડવામાં ચપળ, ૨ શમૂ. ૨ ; ૧૮ : ૨૨ ; ૩૪.

ઇજા થાય તેવા :—

દરદ થાય, ૧ રાજા. ૧૫ ; ૨૩.

(ચાલવાથી) સુજી જાય, પુન. ૮ ; ૪.

પત્થરથી ઇજા થાય, ગીત. ૯૧ ; ૧૨.

અસલથી પગરખાં પહેરવાનો રિવાજ, નિર્ગ. ૧૨ ; ૧૧.

સ્ત્રીઓ ઘણીવાર ઘરેણાંથી શણગારે છે, યશા. ૩ ; ૧૬–૧૮.

યહુદીઓ :—

શોક કે દુ:ખના વખતમાં સાફ કરતા નહિ, ૨ શમૂ. ૧૯ ; ૨૪. હઝ. ૨૪ ; ૧૭.

ઉઘાડા પગે ચાલતા, ૨ શમૂ. ૧૫ ; ૩૦.

વારંવાર ધોતા હતા, ૨ શમૂ. ૧૧ ; ૮. સુ. ગી. ૫ ; ૩.

ઘણો આનંદ અગર દિલગીરી બતાવવા માટે પછાડવામાં આવતા, હઝ. ૬ ; ૧૧ : ૨૫ ; ૬.

ધોવામાં ચાકરનું કામ દર્શાવતા, ૧ શમૂ. ૨૫ ; ૪૧. યોહા. ૧૩ ; ૫–૧૪.

પરદેશી તથા પ્રવાસીના ધોવામાં આવતા, ઉત્પ. ૧૮ ; ૪ : ૧૯ ; ૨ : ૨૪ ; ૩૨. ૧ તીમો. ૫ ; ૧૦.

ધોવાનું પડતું મૂકાય તો પરોણાનું મન નારાજ થાય, લુક ૭ ; ૪૪.

પગે પડવામાં સન્માન ગણાતું, ૧ શમૂ. ૨૫ ; ૨૪. ૨ રાજા. ૪ ; ૩૭. એસ્તે. ૮ ; ૩. માર્ક ૫ ; ૨૨. પ્રેરિ. ૧૦ ; ૨૫.

ચુંબન દેવામાં પૂજ્યભાવ ગણાતો, લુક ૭ ; ૩૮, ૪૫.

પગ ઢાંકવામાં ઉંઘ બતાવી છે, ૧ શમૂ. ૨૪ ; ૩.

પગની ધુળ ચાટવામાં તાબેદારી બતાવી છે, યશા. ૪૯ ; ૨૩.

ધુળ ખંખેરવામાં સજા બતાવેલી છે, માત્થી ૧૦ ; ૧૪. માર્ક ૬ ; ૧૧.

ગરદન પર પગ મૂકવામાં દુશ્મનનો પરાભવ બતાવ્યો છે, યહો. ૧૦ ; ૨૪. ગીત. ૧૧૦ ; ૧.

પ્રાચીન કાળે પવિત્ર સ્થળમાં પગરખાં ઉતારતા, નિર્ગ. ૩ ; ૫. યહો. ૫ ; ૧૫.

ઘણીવાર દુશ્મનના પગના અંગુઠા કાપી નાખવામાં આવતા, ન્યા. ૧ ; ૬, ૭. ૨ શમૂ. ૪ ; ૧૨.

ગુન્હેગારોના :—

બેડીઓ પહેરાવતા, ગીત. ૧૦૫ ; ૧૮.

હેડમાં પૂરતા, અયૂ. ૧૩ ; ૨૭. પ્રેરિ. ૧૬ ; ૨૪.

પગનો માર્ગ સપાટ કરવો, દૃષ્ટાં. ૪ ; ૨૬.

ભુંડાઇથી દૂર રાખવો, દૃષ્ટાં. ૧ ; ૧૫. હેબ્રી. ૧૨ ; ૧૩.

ઇશ્વરનાં શાક્ષ્યો તરફ વાળવા, ગીત. ૧૧૯ ; ૫૯.

ઇશ્વરના વચનથકી દોરવા, ગીત. ૧૧૯ ; ૧૦૫.

સુજ્ઞાન તથા વિવેકથી દોરવા, દૃષ્ટાં. ૩ ; ૨૧, ૨૩, ૨૬.

દુષ્ટોના :—

નુકસાન કરવા ઉતાવળા, દૃષ્ટાં. ૬ ; ૧૮.

લોહી પાડવા ઉતાવળા, દૃષ્ટાં. ૧ ; ૧૬. રૂમી. ૩ ; ૧૫.

સપડાઇ જાય છે, અયૂ. ૧૮ ; ૮. ગીત. ૯ ; ૧૫.

ભક્તોના :—

મોકળા કરે છે, ગીત. ૧૮ ; ૩૬ : ૩૧ ; ૮.

ઇશ્વર રક્ષા કરે છે, ૧ શમૂ. ૨ ; ૯. ગીત. ૧૧૬ ; ૮.

સ્થાપિત કરાય છે, ગીત. ૬૬ ; ૯ : ૧૨૧ ; ૩.

ખ્રીસ્ત દોરે છે, યશા. ૪૮ ; ૧૭. લુક ૧ ; ૭૯.

લાક્ષણિક ઉપમાઓ :—

(ખડક પર ગોઠવાયા) સ્થિરતા બતાવે છે, ગીત. ૪૦ ; ૨.

(પહોળી જગામાં સ્થાપ્યા) મોકળાપણું, ગીત. ૩૧ ; ૮.

(લપસી ગયા) પરીક્ષણમાં પડવું, અયૂ. ૧૨ ; ૫. ગીત. ૧૭ ; ૫ : ૩૮ ; ૧૬ : ૯૪ ; ૧૮.
(છુંદી નાખવું) સંપૂર્ણ નાશ, યશા. ૧૮ ; ૭. વિલા. ૧ ; ૧૫.
(ધોવા, તેલ ચોળવું) પુષ્કળતા, પુન. ૩૩ ; ૨૪. અયૂ. ૨૯ ; ૬.
(રક્તમાં બોળે) જય, ગીત. ૬૮ ; ૨૩.
(પગે બોળવું) ઇસારા કરવા, દૃષ્ટાં. ૬ ; ૧૩. હઝ. ૨૫ ; ૬ : ૬ ; ૧૧.
(લંગડાનો પગ હતો) મદદગાર, અયૂ. ૨૯ ; ૧૫.
(ઉઘાડે પગે ફરવું) શોક જતાવવો, હઝ. ૨૪ ; ૨૭.

પગલાં—સત્ય સ્વીકાર, વિર્મે. ૧૦ ; ૨૩.
માણસ પોતાનાં પગલાં ગોઠવી શકતું નથી, કારણ કે :—
તે આંધળો છે, પ્રક. ૩ ; ૧૭.
તે અજ્ઞાન છે, હેબ્રી. ૫ ; ૨.
તે જડબુદ્ધિનો છે, ગીત. ૭૨ ; ૨૨.
પગલાંને માટે ખુલ્લો કરેલો માર્ગ, ૨ શમૂ. ૨૨ ; ૩૭.
વિશ્વાસીઓ પગરખાં લ્યો, એફે. ૫ ; ૧૫.
તેને વાસ્તે પ્રાર્થના કરો, ગીત. ૧૭ ; ૫.
કૃપાથી ઝાલી રખાશો, ગીત. ૯૪ ; ૧૮.
પગલાંની ગોઠવણ, ગીત. ૧૧૯ ; ૧૩૩.
સાંકડે માર્ગે, ગીત. ૭ ; ૧૪.
નિ:સંદેહ, ગીત. ૭૯ ; ૭.
સત્યશીળ, ગીત. ૧૧૯ ; ૧૬૨.
ઘણો નિર્મળ, ગીત. ૧૧૯ ; ૧૪૦.
આપણાં પગલાં વિષે કૃપાળુ વચન છે, દૃષ્ટાં. ૪ ; ૧૨.
તેની ઇચ્છા પૂર્ણ કરવા દોડો, હેબ્રી. ૧૨ ; ૧.
આજ્ઞાંકિતપણાએ ચાલો, યહો. ૨૨ ; ૫.
સ્થિર ઉભા રહો, એફે. ૬ ; ૧૪.
પગલાં સંબંધી અમુલ્ય વચન છે, યહુદા ૨૪.
હૃદય દૃઢ કરો, ગીત. ૫૭ ; ૭.
પ્રતિષ્ઠિત કરો, નિર્ગ. ૨૮ ; ૪૧.
આંખ નિર્મળ રાખો, લુક ૧૧ ; ૩૪.

પડદો પવિત્ર—તે બનાવવા માટે મુસાને મળેલી આજ્ઞા, નિર્ગ. ૨૬ ; ૩૧.
બઝાલએલે, મંડપને સારૂ બનાવ્યો, નિર્ગ. ૩૬ ; ૩૫.
સોનાથી મઢેલા બાવળના ચાર થાંભલા ઉપર લટકાવેલો, નિર્ગ. ૨૬ ; ૩૨.
પવિત્રસ્થાન તથા પરમપવિત્રસ્થાનની વચમાં ટાંગતા હતા, નિર્ગ. ૨૬ ; ૩૩. હેબ્રી. ૯ ; ૩.
કરારકોષ તથા દયાસન ઢાંકવા એમાં ઇશ્વરી સમક્ષતાની નિશાણી હતી, નિર્ગ. ૪૦ ; ૩.
પ્રમુખ્ય યાજક :—
કેવળ તેને પ્રવેશ કરવાની આજ્ઞા હતી, હેબ્રી. ૯ ; ૬, ૭.
વરસમાં એકજ વાર પેસવાની આજ્ઞા હતી, લેવી. ૧૬ ; ૨. હેબ્રી ૯ ; ૭.
સાથે લોહી લીધા વગર પેસી શકતો નહિ, લેવી. ૧૬ ; ૩. સરખા. હેબ્રી. ૯ ; ૭.
મંદિરને માટે સુલેમાન રાજાએ બનાવ્યો, ૨ કાળ. ૩ ; ૧૪.
આપણા પ્રભુ ઇસુના મરણ સમયે ફાટી ગયો, માત્થી ૨૭ ; ૫૧. માર્ક ૧૫ ; ૩૮. લુક ૨૩ ; ૪૫.
લાક્ષણિક રીતે :—
મુસાના જમાનાની ગૂઢતા બતાવેલી છે, હેબ્રી. ૯ ; ૮.
ખ્રીસ્તનું માંસ કે જે તેના એશ્વર્યપણાને આચ્છાદિત કરે છે તેને, હેબ્રી. ૧૦ ; ૨૦. સરખા. યશા. ૫૩ ; ૨.
(ફાટી ગયો) ખ્રીસ્તનું મરણ કે જે ભક્તોને માટે સ્વર્ગ ઉઘાડે છે તે, હેબ્રી ૧૦ ; ૧૯, ૨૦. સરખા. હેબ્રી. ૯ ; ૨૪.

પતન, મનુષ્યનું—આદમે આજ્ઞા ભંગ કરી તેથી, ઉત્પ. ૩ ; ૬, ૧૧, ૧૨. સરખા. રૂમી. ૫ ; ૧૨, ૧૫, ૧૯.
શેતાનના ભુલથાપ ખવાડયાને કારણે, ઉત્પ. ૩ ; ૧-૫. ૨ કરીં. ૧૧ ; ૩. ૧ તીમો. ૨ ; ૧૪.
એ કારણને લીધે માણસ :—
આદમની પ્રતિમામાં બન્યું છે, ઉત્પ. ૫ ; ૩. સરખા. ૧ કરીં. ૧૫ ; ૪૮, ૪૯.
પાપમાં જન્મે છે, અયૂ. ૧૩ ; ૧૪ : ૨૫ ; ૪. ગીત. ૫૧ ; ૫. યશા. ૪૮ ; ૮. યોહા. ૩ ; ૬.
કોપનાં છોકરાં છે, એફે. ૨ ; ૩.
શેતાનનાં છોકરાં છે, માત્થી ૧૩ ; ૩૮. યોહા. ૮ ; ૪૪. ૧ યોહા. ૩ ; ૮, ૧૦.

તેનું પરિણામ, કદી નાશ અગર નિરૂપાય, થાય છે, ૧ તીમો. ૬ ; ૯. યાકૂ. ૧ ; ૧૫.

ખ્રીસ્ત :—
તેનું શેતાનથી થયું, માર્ક ૧ ; ૧૩.
ભુંડાઓથી થયું, માત્થી ૧૬ ; ૧ : ૨૨ ; ૧૮. લુક ૧૦ ; ૨૫.
માણસનું થાય છે તેવી રીતે થયું, હેબ્રી. ૪ ; ૧૫.
પાપ વગર રહ્યો, હેબ્રી. ૪ ; ૧૫.
પ્રભુના વચન વડે સામે થયો, માત્થી ૪ ; ૪, ૭, ૧૦.
જય પામ્યો, માત્થી ૪ ; ૧૧.
તેમાં પડેલા પર દયા લાવે છે, હેબ્રી. ૪ ; ૧૫.
તેમાં પડેલાને સહાય કરવા શક્તિમાન છે, હેબ્રી. ૨ ; ૧૮.
તેમાં પડેલા પોતાના લોકોને સારૂ મધ્યસ્થી કરવા તૈયાર છે, લુક ૨૨ ; ૩૧, ૩૨. યોહા. ૧૭ ; ૧૫.
પોતાના ભકતો ઉપર શક્તિ ઉપરાંતનાં આવવા દેતો નથી, ૧ કરીં. ૧૦ ; ૧૩.
પોતાના ભકતોને માટે છુટવાની બારી કરે છે, ૧ કરીં. ૧૦ ; ૧૩.
પોતાના ભક્તોને સહન કરવાનું બળ આપે છે, ૧ કરીં. ૧૦ ; ૧૩.
તેમાંથી કેવી રીતે છોડવવા, તે પ્રભુ જાણે છે, ૨ પીત. ૨ ; ૯.
એમાં ભકતોને વિશ્વાસુ રાખે છે, પ્રક. ૩ ; ૧૦.
તેમાં થઇને ભકતો પ્રભુના રાજ્યમાં પ્રવેશ પામે છે, ૧ પીત. ૧ ; ૬.
એવા પ્રસંગમાં ભકતોએ : —
વિશ્વાસમાં સ્થિર રહેવું, એફે. ૬ ; ૧૬. ૧ પીત. ૫ ; ૯.
તે વિરૂદ્ધ જાગૃત રહેવું, માત્થી ૨૬ ; ૪૧. ૧ પીત. ૫ ; ૮.
તેમાં નહિ પડવા માટે પ્રાર્થના કરવી, માત્થી ૬ ; ૧૩ : ૨૬ ; ૪૧.
બીજાને તેવો પ્રસંગ આપવો નહિ, રૂમી. ૧૪ ; ૧૩.
તેમાં પડેલાને યથાસ્થિત કરવા, ગલા. ૬ ; ૧.
તેના માર્ગથી દૂર રહેવું, દષ્ટાં. ૪ ; ૧૪, ૧૫.
શેતાન ફરી ફરી કરે છે, લુક ૪ ; ૧૩.
દેહના અશકતપણામાં તેનું જોર વધારે થાય છે, માત્થી ૨૬ ; ૪૧.
એવા પ્રસંગે ઢોંગીઓ તેમાં પડી જાય છે, લુક ૮ ; ૨૩.
સહન કરીને જય પામનારની ધન્યતા, યાકૂ. ૧ ; ૨–૪, ૧૨.
ઉદાહરણો—હવા, ઉત્પ. ૩ ; ૧, ૪, ૫. યુસફ, ઉત્પ. ૩૯ ; ૭. બલઆમ, ગણ. ૨૨ ; ૧૭. આખાન, યહો. ૭ ; ૨૧. દાઉદ, ૨ શમૂ. ૧૧ ; ૨. યરોબઆમ, ૧ રાજા. ૧૫ ; ૩૦. પીતર, માત્થી ૧૪ ; ૬૭–૭૧. પાઉલ, ૨ કરીં. ૧૨ ; ૭. સરખા. ગલા. ૪ ; ૧૪.

પરીક્ષક—પરીક્ષણ કરનાર, માત્થી ૪ ; ૩. ભૂલાવનાર, ૧ થેસ્સા. ૩ ; ૫.

પલિસ્તીઓ—કાસ્લુહીમના વંશજો, ઉત્પ. ૧૦ ; ૧૩, ૧૪.
પ્રાચિનકાળે કાફતોરીમના દેશમાં રહેતા, યિર્મે. ૪૭ ; ૪. આમો. ૯ ; ૭.
આવ્વીઓ પાસેથી કનાનનો પશ્ચિમ કિનારો ખુંચી લઇને તેમાં વાસો કર્યો, પુન. ૨ ; ૨૩.
કહેવાય છે :—
કાફતોરીમ, પુન. ૨ ; ૨૩.
કરેથીઓ, ૧ શમૂ. ૩૦ ; ૧૪. સફા. ૨ ; ૫.
તેઓનો દેશ :—
પલેશેથ, ગીત. ૮૭ ; ૪ : ૧૦૮ ; ૯.
પાંચ પરગણાંમાં વિભાગેલો હતો, યહો. ૧૩ ; ૩. ન્યા. ૩ ; ૩. ૧ શમૂ. ૬ ; ૧૭.
ઘણાં પ્રખ્યાત શહેરો હતાં, ૧ શમૂ. ૬ ; ૧૭.
ઇશ્વરે ઇસ્રાએલીઓના હાથમાં સોંપી દીધો, યહો. ૧૩ ; ૨, ૩ : ૧૫ ; ૪૫, ૪૭.
આદ્યપિતાઓના જમાનામાં તેમાં મોટા લોકો તથા રાજાઓ હતા, ઉત્પ. ૨૧ ; ૨૨, ૩૪ : ૨૬ ; ૮.
તેઓનાં લક્ષણો :—
ગર્વિષ્ટ, ઝખા. ૯ ; ૬.
મૂર્તિપૂજક, ન્યા. ૧૬ ; ૨૩. ૧ શમૂ. ૫ ; ૨.
જાદુક્રિયા કરનારા, યશા. ૨ ; ૬.
લડવૈયા, ૧ શમૂ. ૧૭ ; ૧ : ૨૮ ; ૧.
મહાબળવાન તથા કદાવર, ૧ શમૂ. ૧૭ ; ૪–૭.

૨ શમૂ. ૨૧ ; ૧૬, ૧૮-૨૦.
તેઓમાંના કેટલાક બચાવ્યા, એ માટે કે યહુદીઓને યુદ્ધકળા શિખવે, ન્યા. ૩ ; ૧-૩.
ઇસ્રાએલના શત્રુઓ સાથે હમેશાં સામેલ થતા, ગીત. ૮૩ ; ૭. યશા. ૯ ; ૧૧, ૧૨.
શામ્ગારે તેઓમાંના છસોને ચીરી નાખ્યા, અને ઇસ્રાએલીઓનો છૂટકારો કર્યો, ન્યા. ૩ ; ૩૧.
યાઇરના મરણ પછી ઇસ્રાએલીઓને ૧૮ વરસ સુધી તાબેદાર કરીને દુઃખ દીધું, ન્યા. ૧૦ ; ૭, ૮.
આબ્દોનના મરણ પછી ૪૦ વરસ સુધી ઇસ્રાએલને દુઃખ દીધું, ન્યા. ૧૩ ; ૧.
શામશૂન :—
ઇસ્રાએલીઓને તેઓના હાથથી છોડાવનાર તરીકે થશે, એવું ભવિષ્યવચન, ન્યા. ૧૩ ; ૫.
તેઓની સાથે લગ્નવ્યવહાર બાંધ્યો, ન્યા. ૧૪ ; ૧, ૧૦.
આશ્કેલોન આગળ ૩૦ જણને માર્યા, ન્યા. ૧૪ ; ૧૯.
તેઓની વાડીઓ બાળી મૂકી, ન્યા. ૧૫ ; ૩–૫.
તેની સ્ત્રીને બાળી નાખવાને કારણે ઘણાને મારી નાખ્યા, ન્યા. ૧૫ ; ૭, ૮.
ગધેડાના જડબા વડે એક હજારને માર્યા, ન્યા. ૧૫ ; ૧૫, ૧૬.
આંધળો કરી બંદીવાન કરાયો, ન્યા. ૧૬ ; ૨૧.
દાગોનના ઘરના સ્તંભ પકડીને ઘર પાડી નાખ્યું, જેથી સેંકડો જણનો નાશ થયો, ન્યા. ૧૬ ; ૨૯, ૩૦.
એબેન-એઝેર પાસે ઇસ્રાએલીઓને હરાવ્યા, ૧ શમૂ. ૪ ; ૧, ૨.
ઇસ્રાએલીઓને હરાવીને કરારકોશ લઇ ગયા, ૧ શમૂ. ૪ ; ૩–૧૧.
દાગોનના મંદિરમાં કોશ મૂક્યો, ૧ શમૂ. ૫ ; ૧–૪.
કોશને કારણે તેઓમાં મરકી ચાલી, ૧ શમૂ. ૫ ; ૬-૧૨.
કોશને પાછો મોકલ્યો, અને મરકી બંધ પડી, ૧ શમૂ. ૬ ; ૧-૧૮.
મિસ્પાહ આગળ ચમત્કારિક પરાભવ, ૧ શમૂ. ૭ ; ૭-૧૪.
ગેબા આગળ યોનાથાને તેઓના થાણાને માર્યું, ૧ શમૂ. ૧૦ ; ૩, ૪.
ઇસ્રાએલીઓનો દેશ, તેઓના લશ્કરથી ભરપૂર થયો, ૧ શમૂ. ૧૩ ; ૫, ૧૭-૨૩.
યોનાથાન તથા તેના શસ્ત્રધારે, તેઓની એક ટુકડીને મારી, ૧ શમૂ. ૧૪ ; ૧–૧૪.
ચમત્કારિક રીતે તેઓની હાર થઇ, ૧ શમૂ. ૧૪ ; ૧૫–૨૩.
તેઓની સાથે શાઉલને જાથુ યુદ્ધ ચાલતું, ૧ શમૂ. ૧૪ ; ૫૨.
તેઓનો મહાવીર, ઇસ્રાએલીઓનો તુચ્છકાર કરે છે, ૧ શમૂ. ૧૭ ; ૪-૧૦.
એફેસદામ્મીમ આગળ તેઓને હરાવ્યા, અને એક્રોન સુધી ઇસ્રાએલીઓ તેમની પૂઠે લાગ્યા, ૧ શમૂ. ૧૭ ; ૧, ૫૨.
દાઉદે :—
તેઓના મહાવીર ગોલ્યાથને માર્યો, ૧ શમૂ. ૧૭ ; ૪૦, ૫૦.
શાઉલનો જમાઇ થવા માટે, તેઓનાં ૧૦૦ અગ્રચર્મો કાપી લાવ્યો, ૧ શમૂ. ૧૮ ; ૨૫–૨૭.
શાઉલના રાજ્યના જમાનામાં વારંવાર તેઓને હરાવ્યા, ૧ શમૂ. ૧૯ ; ૮ : ૨૩ ; ૧-૫.
આશ્રય અર્થે તેઓની પાસે નાસી ગયો, ૧ શમૂ. ૨૭ ; ૧–૭.
તેઓના રાજા આખીશનો ભરોસો સંપાદન કર્યો, ૧ શમૂ. ૨૮ ; ૨ : ૨૯ ; ૯.
દાઉદનો અણુવિશ્વાસ લાવ્યા, ૧ શમૂ. ૨૯ ; ૨-૭.
રાજા થયા પછી ઘણીવાર હરાવ્યા, ૨ શમૂ. ૫ ; ૧૭-૨૩ : ૮ ; ૧ : ૨૧ ; ૧૫–૨૨ : ૨૩ ; ૮-૧૨.
દાઉદે તેઓ પર અધિપતિ ઠરાવ્યા, ૨ શમૂ. ૮ ; ૧૧. સરખાવો હઝ. ૨૫ ; ૧૬. સફા. ૨ ; ૫.
અફેકમાં ઇસ્રાએલ વિરૂદ્ધ તેઓનાં સર્વ સૈન્ય એકઠાં થયાં, ૧ શમૂ. ૨૮ ; ૧ : ૨૯ ; ૧.

તેઓનું ગામ સિકલાગ અમાલેકીઓએ લુંટીને બાળી નાખ્યું, ૧ શમૂ. ૩૦ ; ૧, ૨, ૧૬.
ઇસ્રાએલીઓને હરાવ્યા, ને શાઉલ માર્યો ગયો, ૧ શમૂ. ૩૧ ; ૧-૧૦.
તેઓના શહેર ગિબ્બથોન પાસે નાદાબને માર્યો, ૧ રાજા. ૧૫ ; ૨૭.
યહોરામની વિરૂદ્ધ, ઇશ્વરથી મોકલાયા, ૨ કાળ. ૨૧ ; ૧૬, ૧૭.
ઉઝ્ઝીયાહે તેઓને હરાવ્યા, ૨ કાળ. ૨૬ ; ૭, ૮.
આહાઝના સમયમાં યહુદાહને નમાવ્યું, ૨ કાળ. ૨૮ ; ૧૮, ૧૯.
હિઝકીયાહે તેઓને હરાવ્યા, ૨ રાજા. ૧૮ ; ૮.
તેઓના દેવોની સેવા ઇસ્રાએલીઓએ કરી, ન્યા. ૧૦ ; ૬. આમો. ૬ ; ૨ : ૯ ; ૭.
તેઓના સંબંધી ભવિષ્યો :—
ઇસ્રાએલ વિરૂદ્ધ, આશ્શૂર સાથે સંપ કરવો, યશા. ૯ ; ૧૧, ૧૨.
બીજી દેશજાતિઓ સાથે તેઓને સજા થશે, યિર્મે. ૨૫ ; ૨૦.
તુરનો વિનાશ થયાને કારણે તેઓનો વિલાપ, ઝખા. ૯ ; ૩, ૫.
છિનાળના પેટનો વંશ થશે, ઝખા. ૯ ; ૬.
ઇસ્રાએલ વિરૂદ્ધ થયાને કારણે, તેઓનો ભારે વિનાશ થશે, હઝ. ૨૫ ; ૧૩-૧૭. આમો. ૧ ; ૬–૮.
મિસરના રાજા ફારૂનથી, તેઓનો સંપૂર્ણ વિનાશ થશે, યિર્મે. ૪૭ ; ૧-૪. સફા. ૨ ; ૫, ૬.
તેઓના શહેરોનો વિનાશ તથા ખંડેર થવું, યિર્મે. ૪૭ ; ૫. સફા. ૨ ; ૪.
તેઓનો દેશ ભવિષ્યમાં ઇસ્રાએલનો વારસો થશે, ઓબા. ૧૯. સફા. ૨ ; ૭.
ઇસ્રાએલના પુનરોદ્ધારમાં સહાય કરશે, યશા. ૧૧ ; ૧૪.

પલેશેથ—એ સંબંધી ભવિષ્યવચનો, નિર્ગ. ૧૫; ૧૪. ગીત ૧૦૮; ૯. યશા. ૧૪; ૨૯.

પલંગ—લોઢાના, પુન. ૩ ; ૧૧.
હાથીદાંતનો, આમો. ૬ ; ૪.

પર્વ, અમાવાસ્યાનું—માસને પહેલે દિવસે પળાતું હતું, ગણ. ૧૦ ; ૧૦.
રણશિંગડાં વગાડીને જાહેર કરતા, ગણ. ૧૦ ; ૧૦. ગીત. ૮૧ ; ૩, ૪.
તે દિવસનાં અર્પણો, ગણ. ૨૮ ; ૧૧-૧૫.
એ દિવસમાં :—
ઇશ્વરભક્તની મુલાકાત લેતા, ૨ રાજા. ૪ ; ૨૩.
પ્રભુના ઘરમાં ભજન કરતા, યશા. ૬૬; ૨૩. હઝ. ૪૬ ; ૧.
ઉજાણી કરતા હતા, ૧ શમૂ. ૨૦ ; ૫, ૧૮.
ઘણી ગંભીરતાથી પાળતા, ૧ કાળ. ૨૩ ; ૩૧. ૨ કાળ. ૨ ; ૪ : ૮ ; ૧૩ : ૩૧ ; ૩.
બંદીપ્રવાસ પછી પૂર્ણોદ્ધાર, એઝ. ૩ ; ૫. નહે. ૧૦ ; ૩૩.
માત્ર બાહ્ય ક્રિયાથી ઇશ્વર રાજી નથી, યશા. ૧ ; ૧૩, ૧૪.
અભક્તો તેને તુચ્છકારે છે, આમો. ૮ ; ૫.
પાપને કારણે તેનો અંત, હોશી. ૨ ; ૧૧.
ખ્રીસ્તીઓને પાળવા માટે મના કરેલી, કલો. ૨ ; ૧૬. સરખાવો ગલા. ૪ ; ૧૦.

પર્વ, જ્યુબિલીનું—દર પચાસ વર્ષે પળાતું, લેવી. ૨૫ ; ૮, ૧૦.
પ્રાયશ્ચિત્તના દિવસથી શરૂ થતું, લેવી. ૨૫ ; ૯.
કહેવાનું હતું :—
મુક્ત કરવાનું વરસ, હઝ. ૪૬ ; ૧૭.
છુટકાનું વરસ, યશા. ૬૩ ; ૪.
માન્ય કરેલું વરસ, યશા. ૬૧ ; ૨.
ખાસ પવિત્ર ગણાતું હતું, લેવી. ૨૫ ; ૧૨.
રણશિંગડાં વગાડીને જાહેર કરતાં, લેવી. ૨૫ ; ૯. ગીત. ૮૯ ; ૧૫.
તેના સંબંધીના ધારા :—
વાવણી કરાતી નહિ, લેવી. ૨૫ ; ૧૧.
સાધારણ ઉપજ ઘણી થતી, લેવી. ૨૫ ; ૧૨.
વેચાણ જમીન છુટી જતી, લેવી. ૨૫ ; ૨૩–૨૭.
સર્વ પ્રકારના વારસા છુટા થતા, લેવી. ૨૫ : ૧૦, ૧૩, ૨૮ : ૨૭ ; ૨૪.
હેબ્રી દાસો છુટી જતા, લેવી. ૨૫ ; ૪૦, ૪૧, ૫૪.
કોટવાળાં નગરોમાંનું ઘર એક વર્ષમાં ન છોડાવે,

શિલોઆહના હોજમાંથી પાણી લાવીને રેડતા, યશા. ૧૨ ; ૩. યોહા. ૭ ; ૨, ૩૭-૩૯.
હોસાના ગાતાં ગાતાં, ગીત. ૧૧૮ ; ૨૪-૨૯. માથ્થી ૨૧ ; ૮, ૯.
મિસરમાંથી નીકળ્યા ત્યારે માંડવામાં પ્રવાસ કર્યો તેની યાદગીરીમાં, લેવી. ૨૩ ; ૪૩.
ઉજવણીના પ્રખ્યાત સમયે :—
સુલેમાનના મંદિરની પ્રતિષ્ઠા સમયે, ૧ કાળ. ૮; ૨, ૬૫.
બંદીપ્રવાસ પછી, એઝ. ૩ ;૪. નહે. ૮ ; ૧૭.

પર્વ, રણશિંગડાંનું—સાતમા માસને પહેલે દિવસે, લેવી ૨૩ ;૨૪. ગણ. ૨૯ ; ૧.
શિંગસાદની યાદગીરીમાં, લેવી. ૨૩ : ૨૪.
પવિત્ર મેળાવડો તથા વિશ્રામ, લેવી. ૨૩ ; ૨૪, ૨૫.
તે વખતે ચઢાવવાના યજ્ઞો, ગણ. ૨૮ ; ૨–૬.

પર્વ, સાબ્બાથ વર્ષનું—દેશને માટે સાબ્બાથ વર્ષ, લેવી. ૨૫ ; ૨.
દર સાત વરસે પળાતું, નિર્ગ. ૨૩ ; ૧૧. લેવી. ૨૫ ; ૪.
છઠ્ઠે વરસે પાક ત્રણગણો થતો, લેવી. ૨૫ ; ૨૦–૨૨.
તે સંબંધીનો નિયમ :—
ખેતરોમાં કશું કામ કરવું નહિ, લેવી. ૨૫ ; ૪, ૫.
જમીનની ઉપજ સામાન્ય મિલકત ગણાય, નિર્ગ. ૨૩ ; ૧૧. લેવી. ૨૫ ; ૬, ૭.
દેવાદાર છુટા થાય, પુન. ૧૫ ; ૧–૩. નહે. ૧૦ ; ૩૧.
સર્વ હેબ્રી દાસો છુટા થાય, નિર્ગ. ૨૧ ; ૨. પુન. ૧૫ ; ૧૨.
માંડવા પર્વને દિવસે નિયમશાસ્ત્રનું જાહેરાંતમાં વાચન કરાય, પુન. ૩૧ ; ૧૦-૧૩.
પરદેશી પાસેનું લેણું છુટે નહિ, પુન. ૧૫ ; ૩.
કંગાળ ભાઇ પ્રત્યે ઉદારતા વાપરવી, પુન. ૧૫ ; ૯-૧૧.
એ પડતું મૂકવાને લીધે યહુદીઓ પર આવેલી આફત, લેવી. ૨૬ ; ૩૦, ૩૫, ૪૩. યિર્મ. ૩૪ ; ૧૨–૧૮.
આ વર્ષ નહિ પાળવાને કારણે સિત્તેર વર્ષની ગુલામગીરીમાં જવું પડયું, ૨ કાળ. ૩૬ ; ૨૦, ૨૧.
બંદીપ્રવાસ પછી તે પાળવામાં આવતું હતું, નહે. ૧૦ ; ૩૧.

પર્વ વાર્ષિક :—ઇશ્વરથી સ્થાપિત, નિર્ગ. ૨૩ ; ૧૪.
ગણત્રી આપેલી છે નિર્ગ. ૨૩ ; ૧૫, ૧૬.
કહેવાય છે :—
ઠરાવેલાં પર્વો, યશા. ૧ ; ૧૪.
યહોવાહનાં પર્વો, લેવી. ૨૩ ; ૪.
મુકરર પર્વો, ૨ કાળ. ૮ ; ૧૩. વિલા. ૧ ; ૪.
ધર્મમેળા, યશા. ૧ ; ૧૩.
યહોવાહનો આભાર માનવા, ગીત. ૧૨૨ ; ૪.
સર્વ પુરૂષોને હાજર થવાનો હુકમ, નિર્ગ. ૨૨ ; ૧૭ : ૩૪ ; ૨૩.
છોકરાઓ બાર વરસના થાય ત્યારથી ભાગ લેતા, લુક ૨ ; ૪૨.
ઘણી વાર સ્ત્રીઓ પણ ભાગ લેતી, ૧ શમૂ. ૧; ૨, ૯. લુક ૨ ; ૪૧.
યહુદીઓ ખુશીથી ભાગ લેતા, ગીત. ૧૨૨ ; ૧, ૨.
સંઘ થઇને લોકો આવતા, ગીત. ૪૨ ; ૪. લુક ૨ ; ૪૪.
ભય તથા મુશ્કેલી વેઠીને પણ હાજર થતા, ગીત. ૮૪ ; ૬, ૭.
એ અરસામાં દેશનું રક્ષણ યહોવાહ કરતો, નિર્ગ. ૩૪ ; ૨૪.
એ અરસામાં અર્પણો કરતા હતા, નિર્ગ. ૩૪ ; ૨૦. પુન. ૧૬ ; ૧૬, ૧૭.
એ સમય ગણાતો :—
હર્ષ તથા સ્તુતિનો, ગીત. ૪૨ ; ૪. યશા. ૩૦ ; ૨૯.
યજ્ઞો ચઢાવવાનો, ૧ શમૂ. ૧ ; ૩. ૧ રાજા. ૯ ; ૨૫. ૨ કાળ. ૮ ; ૧૩.
ઉજાણીઓનો, ૧ શમૂ. ૧ ; ૪, ૯.
યરોબઆમના વખતમાં દશ કુળે પાળવા માટે જુદી જગા પસંદ કરી, ૧ રાજા. ૧૨ ; ૨૭.
વેરાએલા યહુદીઓ ઘણી વાર ભાગ લેતા, પ્રેરિ. ૨ ; ૫-૧૧ : ૮ ; ૨૭.
ખ્રીસ્ત પોતે જતો હતો, યોહા. ૫ ; ૧ : ૭ ; ૨૦.

યહુદીઓના અધર્મપણાને કારણે વ્યર્થરૂપ ગણાયાં, યશા. ૧ ; ૧૩, ૧૪. આમો. ૫ ; ૨૧.
મંડળીની સાર્વત્રિક સભાનું લાક્ષણિક ચિન્હ, હેબ્રી. ૧૨ ; ૨૩.

પર્વતો—પૃથ્વીનો ઉપસેલો ભાગ, ઉત્પ. ૭ ; ૧૯, ૨૦.
પરમેશ્વર :—
તેનો કર્તા, આમો. ૪ ; ૧૩.
તેને સ્થાપ્યા છે, ગીત. ૬૫ ; ૬.
તેના હાથમાં છે, ગીત. ૯૫ ; ૪.
કંપાણથી તોળે છે, યશા. ૪૦ ; ૧૨.
ઓરડાથી પાણી સિંચે છે, ગીત. ૧૪૦ ; ૧૩.
મોટા કડાકા કરે છે, હાગા. ૧ ; ૧૦, ૧૧.
ધુમાડા કાઢે છે, ગીત. ૧૦૪ ; ૩૨ : ૧૪૪ ; ૫.
તેના પાયા અગ્નિથી સળગાવે છે, પુન. ૩૨ ; ૨૨.
ઉજ્જડ કરે છે, યશા. ૪૨ ; ૧૫.
ધ્રુજાવે છે, નાહૂ. ૧ ; ૫. હબા. ૩ ; ૧૦.
ઉછાળે છે, ગીત. ૧૧૪ ; ૪, ૬.
પીગળાવે છે, ન્યા. ૫ ; ૫. ગીત. ૯૭ ; ૫. યશા. ૬૪ ; ૧, ૩.
ખસેડે છે, અયૂ. ૯ ; ૫.
ઉંધા વાળે છે, અયૂ. ૯ ; ૫ : ૨૮ , ૯.
વેરી નાખે છે, હબા. ૩ ; ૬.
પ્રભુનો મહિમા દર્શાવે છે, ગીત. ૧૪૮ ; ૯.
કહેવાય છે —
અનાદિ પર્વતો, હબા. ૩ ; ૬.
અવિચળ ડુંગરો હબા. ૩ ; ૬.
અનંતકાળિક પર્વતો, ઉત્પ. ૪૯ ; ૨૬.
આકાશના સ્તંભો, અયૂ. ૨૬ ; ૧૧.
યહોવાહના પર્વતો, યશા. ૧૯ ; ૧૧.
સર્વકાળિક પર્વતો, પુન. ૩૩ ; ૧૫.
ઉંચા છે, ગીત. ૧૦૪ ; ૧૮. યશા. ૨ ; ૧૪.
આકાશથી ચઢતાં પાણીને ભેગાં કરે છે, ગીત. ૧૦૪ ; ૬, ૮.
નદીઓ તથા ઝરાનાં મૂળ છે, પુન. ૮ ; ૭. ગીત. ૧૦૪ ; ૮-૧૦.
કનાન તે થકી ભરપુર છે, પુન. ૧૧ ; ૧૧.
કેટલીક જ્વાળામુખીની સૂચનાઓ, યશા. ૬૪ ; ૧, ૨. યિર્મે. ૫૧ ; ૨૫. નાહૂ. ૧ ; ૫, ૬.

શાસ્ત્રમાં વર્ણવેલા :—
અબારીમ, ગણ. ૩૩ ; ૪૭, ૪૮.
અમાલેક, ન્યા. ૧૨ ; ૧૫.
અરારાટ, ઉત્પ. ૮ ; ૪.
એબાલ, પુન. ૧૧ ; ૨૯ : ૨૭ ; ૧૩.
એફ્રાઇમ. યહો. ૧૭ ; ૧૫. ન્યા. ૨ ; ૯.
કાર્મેલ, યહો. ૧૫ ; ૫૫ : ૧૯ ; ૨૬. ૨ રાજા. ૧૯ ; ૨૩.
ગિલ્આદ, ઉત્પ ૩૧ ; ૨૧, ૨૫. સુ. ગી. ૪ ; ૧.
ગિલ્બોઆ, ૧ શમૂ. ૩૧ ; ૧. ૨ શમૂ. ૧ ; ૬, ૨૧.
ગરીઝીમ, પુન. ૧૧ ; ૨૯. ન્યા. ૯ ; ૭.
જૈતુન, ૧ રાજા ૧૧ ; ૭. સરખા. ૨ રાજા. ૨૩ ; ૧૩. લુક ૨૧ ; ૩૭.
તાબોર, ન્યા. ૪ ; ૬, ૧૨, ૧૪.
નબો (અબારીમનો એક ભાગ), ગણ. ૩૨ ; ૩. પુન. ૩૪ ; ૧.
પિસ્ગાહ, ગણ. ૨૧ ; ૨૦. પુન. ૩૪ ; ૧.
બાશાન, ગીત. ૬૮ ; ૧૫.
બેથેલ, ૧ શમૂ. ૧૩ ; ૨.
મિઝાર, ગીત. ૪૨ ; ૬.
મોરીયાહ, ઉત્પ. ૨૨ ; ૨. ૨ કાળ. ૩ ; ૧.
મોરેહ, ન્યા. ૭ ; ૧.
લબાનોન, પુન. ૩ ; ૨૫.
સિઓન, ૨ શમૂ. ૫ ; ૭.
સિનાય, નિર્ગ. ૧૯ ; ૨, ૧૮, ૨૦, ૨૩ : ૩૧ ; ૧૮.
સેઇર, ઉત્પ. ૧૪ ; ૬ : ૩૬ ; ૮.
હખીલાહ, ૧ શમૂ. ૨૩ ; ૧૯.
હેર્મોન, યહો. ૧૩ ; ૧૧.
હોર, ગણ. ૨૦ ; ૨૨ : ૩૪ ; ૭, ૮.
હોરેબ, નિર્ગ. ૩ ; ૧.
દેશનું રક્ષણ થાય છે, ગીત. ૧૨૫ ; ૨.
ભયના સમયમાં આશ્રયનું સ્થળ છે, ઉત્પ. ૧૪ ; ૧૦. ન્યા. ૬ ; ૨. માત્થી ૨૪ ; ૧૬. હેબ્રી. ૧૧ ; ૩૮.
ઘાસચારો પૂરો પાડે છે, નિર્ગ. ૩ ; ૧. ૧ શમૂ. ૨૫ ; ૭. ૧ રાજા. ૨૨ ; ૧૭. ગીત. ૨૪૭ ; ૯. આમો. ૪ ; ૧.
ભરપૂર હોય છે :—

લુનો પવન, વિર્મે. ૪ ; ૧૧.
તોફાની પવન, અયૂ. ૩૭ ; ૯.
ઉનો પવન જેથી સુકાઇ જાય છે, ઉત્પ. ૮ ; ૧. યશા. ૧૧ ; ૧૫.
નિર્મળ કરનાર પવન, અયૂ. ૩૭ ; ૨૧. વિર્મે. ૪ ; ૧૧.
તોફાની હોય ત્યારે કહેવાય છે :—
તોફાન, અયૂ. ૯ ; ૧૭ : ૨૭ ; ૨૦. યૂના ૧ ; ૪. અયૂ. ૨૧ ; ૧૮. ગીત. ૮૩ ; ૧૫.
આંધીનો વાયુ, ગીત. ૧૪૮ ; ૮.
તોફાની પવન, હઝ. ૧૩ ; ૧૧-૧૩. યશા. ૨૭ ; ૮.
સુસવાટનો પવન, ગીત. ૫૫ ; ૮.
ભારે તથા જોરાવર વાયુ, ૧ રાજા. ૧૯ ; ૧૧.
ભારે ફુંકાતો, પ્રેરિ. ૨ ; ૨.
મોટો પવન, પ્રક. ૬ ; ૧૩.
જબરો પવન, યાકૂ. ૩ ; ૪.
ઉત્તરનો—વરસાદ લાવે છે, દૃષ્ટાં. ૨૫ ; ૨૩.
ઘણી વાર વરસાદ લાવે છે, ૧ રાજા. ૧૮ ; ૪૪, ૪૫. ૨ રાજા. ૩ ; ૧૭.
તેનો ધ્વનિ સંભળાય છે, ગીત. ૧૦૩ ; ૧૬. યશા. ૪૦ ; ૭.
ઝાડો ઇત્ય. નાં પાતરાં હાલે છે, તે પરથી તેને ઓળખી શકાય છે, યશા. ૭ ; ૨. માત્થી ૧૧ ; ૭. પ્રક. ૬ ; ૧૩.
તોફાની :—
દરિયામાં મોજાં ઉછળતાં કરે છે, ગીત. ૧૦૭ ; ૨૫. યોહા. ૬ ; ૧૮.
મોટાં વહાણોને ઘસડી જાય છે, માત્થી ૧૪ ; ૨૧. પ્રેરિ. ૨૭ ; ૧૮. યાકૂ. ૩ ; ૧૮.
ઘરોનો વિનાશ કરે છે, અયૂ. ૧ ; ૧૯. માત્થી ૭ ; ૨૭.
તેના સંબંધમાં આવેલા ચમત્કારો :—
તેની સાથે તીડ ઘસડી આવ્યાં, નિર્ગ. ૧૦ ; ૧૩.
તીડ ઘસડી લઇ જવાયાં, નિર્ગ. ૧૦ ; ૧૯.
લાલ સમુદ્રના વિભાગ કરાયા, નિર્ગ. ૧૪ ; ૨૧.
લાવરીઓ ઉડી આવી, ગણ. ૧૧ ; ૩૧.
પર્વતો તથા ખડકો ફાડ્યા, ને ટુકડા કર્યા, ૧ રાજા. ૧૯ ; ૧૧.
યૂનાને લીધે થયું, યૂના ૧ ; ૪.
યૂનાને ફેંકી દેવાથી શાંતિ થઇ, યૂના ૧ ; ૧૫.
ખ્રીસ્તે મહા શાંતિ કરી, માત્થી ૮ ; ૨૬ : ૧૪ ; ૩૨.
લાક્ષણિક રીતે :—
પવિત્ર આત્માના પરાક્રમને, હઝ. ૩૭ ; ૯. યોહા. ૩ ; ૮. પ્રેરિ. ૨ ; ૨.
માણસના જીવનને, અયૂ. ૭ ; ૭.
નિરાશ જનના શબ્દોને, અયૂ. ૬ ; ૨૬.
આત્માની પાછળ આવતી વિપત્તિને, અયૂ. ૩૦ ; ૧૫.
ધાતુની મૂર્તિઓને, યશા. ૪૧ ; ૨૯.
વિનાશમાં લઇ જનાર અપરાધોને, યશા. ૬૪ ; ૬.
જુઠા મતોને, એફે. ૪ ; ૧૪.
(ઘસડાતા ખુંપરા) દુષ્ટોને, અયૂ. ૨૧ ; ૧૮. ગીત. ૧ ; ૪.
(વરસાદ વગરનો) મિથ્યા દાન પર મગરૂરી કરનારને, દૃષ્ટાં. ૨૫ ; ૧૪.
(તોફાની) ઇશ્વરી શાસનને, યશા. ૨૭ ; ૮ : ૨૯ ; ૬ : ૪૧ ; ૧૬.
(વાવે છે) પાપના શ્રાપને, હોશી. ૧૨ ; ૧.
(નિર્વાહ કરે છે) વ્યર્થ આશાને, હોશી. ૧૨ ; ૧.
(જણ્યો છે) નિરાશાની આશા ધરનારને, યશા. ૨૬ ; ૧૮.

પવિત્ર આત્મા, દેવ છે :—યહોવાહ છે, નિર્ગ. ૧૭ ; ૭. સરખા. હેબ્રી. ૩ ; ૭-૯. ગણ. ૧૨ ; ૬. સરખા. ૨ પીત. ૧ ; ૨૧.
સૈન્યોનો યહોવાહ છે, યશા. ૬ ; ૩, ૮-૧૦. સરખા. પ્રેરિ. ૨૮ ; ૨૫.
પરાત્પર દેવ છે, ગીત. ૭૮ ; ૧૭, ૨૧. સરખા. પ્રેરિ. ૭ ; ૫૧.
યહોવાહ તરીકે તેની પ્રાર્થના કરવામાં આવી છે, લુક ૨ ; ૨૬, ૨૯ : ૪ ; ૨૩-૨૫. સરખા. પ્રેરિ. ૧ ; ૧૬, ૨૦. ૨ થેસ્સા. ૩ ; ૫.
દેવ કહેલો છે, પ્રેરિ. ૫ ; ૩, ૪.
બાપ્તિસ્મા આપવામાં, પિતાપુત્ર સાથે તેનું નામ સંયુક્ત છે, માત્થી ૨૮ ; ૧૯.
સનાતન છે, હેબ્રી. ૯ ; ૧૪.
સર્વવ્યાપી છે, ગીત. ૧૩૯ ; ૭-૧૩.
સર્વજ્ઞ છે, ૧ કરીં. ૨ ; ૧૦.

સર્વસમર્થ છે, લુક ૧ ; ૩૫. રૂમી. ૧૫ ; ૧૯.
મહિમાનો તથા દેવનો આત્મા છે, ૧ પીત. ૪ ; ૧૪.
ઉત્પન્નકર્ત્તા છે, ઉત્પ. ૧ ; ૨૬, ૨૭. સરખા. અયૂ. ૩૩ ; ૪.
પિતાને સમાન છે, માત્થી ૨૮ ; ૧૯. ૨ કરીં. ૧૩ ; ૧૪.
પોતાની ઇચ્છા પ્રમાણે સઘળું કરનારો છે, દાની. ૪ ; ૩૫. સરખાવો ૧ કરીં. ૧૨ ; ૬, ૧૧.
પુનર્જન્મનો કર્તા છે, યોહા. ૩ ; ૫, ૬. સરખાવો ૧ યોહા. ૫ ; ૪.
ખ્રીસ્તને મરેલામાંથી સજીવ કરનાર છે, પ્રેરિ. ૨ ; ૨૪. સરખાવો ૧ પીત. ૩ ; ૧૮. હેબ્રી. ૧૩ ; ૨૦. સરખાવો રૂમી. ૧ ; ૪.
તેની પ્રેરણાથી શાસ્ત્ર લખાયું, ૨ તીમો. ૩ ; ૧૬. સરખાવો ૨ પીત. ૧ ; ૨૧.
જ્ઞાનનું મૂળ છે, ૧ કરીં. ૧૩ ; ૮. યશા. ૧૧ ; ૨. યોહા. ૧૬ ; ૧૩ : ૧૪ ; ૨૬.
ચમત્કારો કરવાની શક્તિનું મૂળ છે, માત્થી ૧૨ ; ૨૮. સરખાવો લુક ૧૧ ; ૨૦. પ્રેરિ. ૧૯ ; ૧૧. સરખાવો રૂમી. ૧૫ ; ૧૯.
સુવાર્તિકોને નિવડીને મોકલનાર છે, પ્રેરિ. ૧૩ ; ૨, ૪. સરખાવો માત્થી ૯ ; ૩૮. પ્રેરિ. ૨૦ ; ૨૮.
સુવાર્તા ક્યાં આગળ પ્રગટ કરવી તે બતાવે છે, પ્રેરિ. ૧૬ ; ૬, ૭, ૧૦.
ભક્તોમાં વાસો કરે છે, યોહા. ૧૪ ; ૧૭. સરખાવો ૧ કરીં. ૧૪ ; ૨૫ : ૩ ; ૧૬. સરખાવો ૧ કરીં. ૬ ; ૧૯.
મંડળીને દિલાસો દેનાર છે, પ્રેરિ. ૯ ; ૩૧. સરખાવો ૨ કરીં. ૧ ; ૩.
મંડળીને પવિત્ર કરનાર છે, હઝ. ૩૭ ; ૨૮. સરખાવો રૂમી. ૧૫ ; ૧૬.
સાક્ષીરૂપ છે, હેબ્રી. ૧૦ ; ૧૫. સરખાવો ૧ યોહા. ૫ ; ૯.
પાપ વિષે, ન્યાય વિષે તથા ન્યાય ઠરાવવા વિષે ખાતરી કરી આપનાર છે, યોહા. ૧૬ ; ૮-૧૧.

પવિત્ર આત્મા, દેવત્વપણું—ઉત્પન્નકર્ત્તા તથા જીવન આપનાર, અયૂ. ૩૩ ; ૪.
સેવકોને ઠરાવે છે તથા મોકલે છે, યશા. ૪૮ ; ૧૬. પ્રેરિ. ૧૩ ; ૨ : ૨૦ ; ૨૮.
સુવાર્તા ક્યાં આગળ પ્રગટ કરવી તે વિષે દોરનાર છે, પ્રેરિ. ૮ ; ૨૯ : ૧૦ ; ૧૯, ૨૦.
ક્યાં આગળ સુવાર્તા પ્રગટ ન કરવી, તેની સુચના આપનાર છે, પ્રેરિ. ૧૬ ; ૬, ૭.
શું કહેવું તે સંબંધીનું શિક્ષણ આપે છે, ૧ કરીં. ૨ ; ૧૩.
ભવિષ્યવાદીઓમાં તથા તેઓ વડે બોલ્યો છે, પ્રેરિ. ૧ ; ૧૬. ૧ પીત. ૧ ; ૧૧, ૧૨. ૨ પીત. ૧ ; ૨૧.
પાપીઓ સાથે વિવાદ કરે છે, ઉત્પ. ૬ ; ૩.
ખાતરી કરી આપે છે, યોહા. ૧૬ ; ૮.
દિલાસો આપે છે, પ્રેરિ. ૯ ; ૩૧.
આપણી અબળતામાં સહાય કરે છે, રૂમી. ૮ ; ૨૬.
શિખવે છે, યોહા. ૧૪ ; ૨૬. ૧ કરીં. ૧૨ ; ૩.
દોરે છે, યોહા. ૧૬ ; ૧૩.
પવિત્ર કરે છે, રૂમી. ૧૫ ; ૧૬. ૧ કરીં. ૬ ; ૧૧.
ખ્રીસ્ત વિષે સાક્ષી આપે છે, યોહા. ૧૫ ; ૨૬.
ખ્રીસ્તને મહિમાવાન કરે છે, યોહા. ૧૬ ; ૧૪.
તેના પોતામાં પરાક્રમ છે, રૂમી. ૧૫ ; ૧૩.
સર્વ વસ્તુઓનો શોધનાર છે, રૂમી. ૧૧ ; ૩૩, ૩૪. સરખાવો ૧ કરીં. ૨ ; ૧૦, ૧૧.
પોતાની ઇચ્છા પ્રમાણે સર્વ કરે છે, ૧ કરીં. ૧૨ ; ૧૧.
ભક્તોની સાથે રહે છે, યોહા. ૧૪ ; ૧૭.
ખેદિત થઇ શકે છે, એફે. ૪ ; ૩૦. યશા. ૬૩ ; ૧૦.
તેને વિરૂદ્ધ થઇ શકાય છે, પ્રેરિ. ૭ ; ૫૧.
તેનું પરીક્ષણ થઇ શકે છે, પ્રેરિ. ૫ ; ૯.

પવિત્ર આત્મા, અને તેનું કામ—જીવતા દેવનો આત્મા, ૨ કરીં. ૩ ; ૩.
મનુષ્યજાતને માટે કેવી રીતે કામ કરે છે :—
પવિત્ર શાસ્ત્ર લખાવીને, પ્રેરિ. ૨૮ ; ૨૮. ૨ તીમો. ૩ ; ૧૬.
માણસની મારફતે બોલીને, પ્રેરિ. ૨ ; ૪ : ૧૩ ; ૨.

સોનાની ધૂપવેદી, હેબ્રી. ૯ ; ૪.
માન્નાનું વાસણ, નિર્ગ. ૧૬ ; ૩૩. હેબ્રી. ૯ ; ૪.
હારૂનની કાઠી, ગણ઼. ૧૭ ; ૧૦. હેબ્રી. ૯ ; ૪.
નિયમનું પુસ્તક, પુન. ૩૧ ; ૨૬. ૨ રાજા. ૨૨ ; ૮.
ઇશ્વર ત્યાં આગળ દર્શન આપતો, નિર્ગ. ૨૫ ; ૨૨. લેવી. ૧૬ ; ૨.
પ્રમુખ્ય યાજક :—
હમેશાં જઇ શકતો નહિ, લેવી. ૧૬ ; ૨.
વર્ષમાં એકજ વાર જઇ શકે, હેબ્રી ૯ ; ૭.
પવિત્ર વસ્ત્રો પહેરીને જતો, લેવી. ૧૬ ; ૪.
લોહી વિના જઇ શકતો નહિ, લેવી. ૧૬ ; ૧૪, ૧૫. હેબ્રી. ૯ ; ૭.
અંદર ધૂપ બાળતો, લેવી. ૧૬ ; ૧૨.
પ્રાયશ્ચિત્ત કરતો, લેવી. ૧૬ ; ૧૫, ૧૬, ૨૦, ૨૩.
છાવણી ઉપાડવાની હોય ત્યારે, તેના સરસામાન માટે યાજકોએ યોગ્ય ગોઠવણ કરવી, ગણ઼. ૪ ; ૫.
ખ્રીસ્તના મરણ સમયે પડદો ફાટવાથી ખુલ્લો દેખાવ થયો, માત્થી ૨૭ ; ૫૧.
આકાશનું ચિન્હરૂપ, ગીત. ૧૦૨ ; ૧૯. હેબ્રી. ૯ ; ૧૨, ૧૩, ૨૪.
ખરામાં પેસવાની ભક્તોને નિર્ભયતા છે, હેબ્રી. ૧૦ ; ૧૯.

પવિત્ર દેશ—સંપૂર્ણ ફળદ્રુપ, નિર્ગ. ૩ ; ૮. ગણ઼. ૧૩ ; ૨૭. પુન. ૮ ; ૭-૯ : ૧૧ ; ૧૦-૧૨.
ખનિજ પદાર્થોથી ભરપુર, પુન. ૮ ; ૯ : ૩૩ ; ૨૫.
કહેવાય છે :—
અત્યુત્તમ દેશ, ગણ઼. ૧૪ ; ૭.
ઇમાનુએલનો દેશ, યશા. ૮ ; ૮.
ઇસ્રાએલનો દેશ, ૧ શમૂ. ૧૩ ; ૧૯. માત્થી ૨ ; ૨૦, ૨૧.
ઉત્તમ દેશ, પુન. ૩ ; ૨૫.
ઉત્તમ ઉચ્ચ પ્રદેશ, પુન. ૩ ; ૨૫.
કનાન દેશ, ઉત્પ. ૧૧ ; ૩૧. લેવી. ૧૪ ; ૩૪.
ગૌરવી દેશ, દાની. ૧૧ ; ૧૬.
દેશ. લેવી. ૨૬ ; ૪૨. લુક ૪ ; ૨૫.
પલેશેથ, નિર્ગ. ૧૫ ; ૧૪. યશા. ૧૪ ; ૨૯, ૩૧.
મનોહર દેશ, ગીત. ૧૦૬ ; ૨૪. દાની. ૮ ; ૯.
વચનનો દેશ, હેબ્રી. ૧૧ ; ૯.
યહુદાહ દેશ, યશા. ૨૬ ; ૧.
યહોવાહનો દેશ, હોશી. ૯ ; ૩.
હેબ્રીઓનો દેશ, ઉત્પ. ૪૦ ; ૧૫.
તેના મૂળ વતનીઓ, ઉત્પ. ૧૦ ; ૧૫-૨૦. પુન. ૭ ; ૧.
ભુંડાઇને કારણે એ રહેવાસીઓને હાંકી કાઢવામાં આવ્યા, ઉત્પ. ૧૫ ; ૧૬. નિર્ગ. ૨૩ ; ૨૩. લેવી ૧૮ ; ૨૫. પુન. ૧૮ ; ૧૨.
એ સંબંધી વચન અપાયું :—
ઇબ્રાહીમને, ઉત્પ. ૧૨ ; ૭ : ૧૩ ; ૧૫ : ૧૭ ; ૮.
ઇસ્હાકને, ઉત્પ. ૨૬ ; ૩.
યાકૂબને, ઉત્પ. ૨૮ ; ૧૩, ૧૫ : ૩૫ ; ૧૨.
ઇસ્રાએલને આપવાનો કરાર થયો, નિર્ગ. ૬ ; ૪.
તેની પરિસીમા :—
વચનમાં અપાએલી, ઉત્પ. ૧૫ ; ૧૮. પુન. ૧ ; ૭. યહો. ૧ ; ૪.
પ્રથમ વિભાગ પડયા ત્યારે, ગણ઼. ૩૪ ; ૧, ૧૨.
સુલેમાનના જમાનામાં, ૧ રાજા. ૪ ; ૨૧-૨૪. ૨ કાળ. ૯ ; ૨૬.
જાસુસી કરવા બાર જણ઼ ગયા, ગણ઼. ૧૩.
યહોશુઆથી જીતી લેવાયો, યહો. ૬ ; ૧૨.
ચિઠ્ઠીઓ નાખીને વહેંચણી કરી, ગણ઼. ૩૪ ; ૧૬-૨૯. સરખાવો યહો. ૧૩ ; ૭-૧૪.
વહેંચણનું બ્યાન કરેલું છે, યહો. અધ્યાય ૧૪-૧૯.
તેમાં રહેનાર સર્વ પરદેશી ગણાય, લેવી. ૨૫ ; ૧૦, ૨૩.
તેને માટે સાબ્બાથનું વરસ ઠરાવ્યું, લેવી. ૨૫ ; ૨-૫.
તેમાં આજ્ઞાંકિતપણાની શરતે રહેવાનું વચન, લેવી. ૨૩ ; ૩. પુન. ૫ ; ૩૩ : ૧૧ ; ૧૬, ૧૭, ૨૨-૨૫.
ભાગ પાડવામાં આવ્યા :—

સર્વકાળિક, એફે. ૧ ; ૪.
શ્રેષ્ઠ, રૂમી. ૯ ; ૧૫, ૧૬. ૧ કરીં. ૧ ; ૨૭.
એફે. ૧ ; ૧૧.
નિરપેક્ષ લાભ, રૂમી. ૯ ; ૧૧.
કૃપાની, રૂમી. ૧૬ ; ૫.
આકાશમાં લખાએલી, લુક ૧૦ ; ૨૦.
દેવના મહિમાને અર્થે, એફે. ૧ ; ૬.
વિશ્વાસની મારફતે, ૨ થેસ્સા. ૨ ; ૧૩.
આત્માના પવિત્રીકરણ વડે, ૧ પીત. ૧ ; ૨
દત્તકપુત્રપણાને અર્થે, એફે. ૧ ; ૫.
તારણને અર્થે, ૨ થેસ્સા. ૨ ; ૧૩.
પ્રીસ્તની સાથે મળતાં થવા, રૂમી. ૮ ; ૨૯.
સારી કરણીને અર્થે, એફે. ૨ ; ૧૦.
આત્મિક લડાઇ લડવા માટે. ૨ તીમો. ૨ ; ૪.
સર્વકાળિક મહિમાને અર્થે, રૂમી. ૯ ; ૨૩.
ભક્તોને ખાતરી આપી છે :—
સાર્થક તેડું આપવાથી, રૂમી. ૮ ; ૩૦.
આત્મિક શિક્ષણ આપવાથી, યોહા. ૧૭ ; ૬.
પ્રીસ્તમાં વિશ્વાસ કરવાથી, પ્રેરિ. ૧૩ ; ૪૮.
દેવની પાસે સ્વીકાર થવાથી, રૂમી. ૧૧ ; ૭.
રક્ષણ કરવાથી, માર્ક ૧૩ ; ૨૦.
દોષનિવારણ કરવાથી, લુક ૧૮ ; ૭.
સઘળાં મળીને ફાયદો ઉપજાવવાથી, રૂમી. ૮ ; ૨૮.
ધન્યતાથી, ગીત. ૩૩ ; ૧૨ : ૬૫ ; ૪.
વારસાથી, યશા. ૬૫ ; ૯. ૧ પીત. ૧ ; ૪, ૫.
કૃપાની વૃદ્ધિ તરફ દોરનાર, કલો. ૩ ; ૧૨.
ધીરજમાં તેનું પ્રમાણ છે, ૨ પીત. ૧ ; ૧૦.
ભક્તો તેની ખાતરી પામી શકે છે, ૧ થેસ્સા. ૧ ; ૪.
લાક્ષણિક ઉપમાઓ :—ઇબ્રાહીમ, નહે. ૯ ; ૭. ઇસ્હાક, ઉત્પ. ૨૧ ; ૧૨. ઝરૂબ્બાબેલ, હાગા. ૨ ; ૨૩. પ્રેરિતો, યોહા. ૧૩ ; ૧૮ : ૧૫ ; ૧૯. યાકુબ, રૂમી. ૯ ; ૧૨, ૧૩. રૂફસ, રૂમી ૧૬ ; ૧૩. પાઉલ, ગલા. ૧ ; ૧૫.

પશ્ચાત્તાપ—એટલે શું ? યશા. ૪૫ ; ૨૨. માત્થી ૬ ; ૧૯-૨૧. પ્રેરિ. ૧૪ ; ૧૫. ૨ કરીં. ૫ ; ૧૭. કલો. ૩ ; ૨. ૧ થેસ્સા. ૧ ; ૯. હેબ્રી ૧૨ ; ૧. ૨.
સર્વ લોકો કરે એવી ઇશ્વરની આજ્ઞા છે, હઝ. ૧૮ ; ૩૦-૩૨. પ્રેરિ. ૧૭ ; ૩૦.
પ્રીસ્તથી આજ્ઞા આપવામાં આવી, પ્રક. ૨ ; ૫, ૧૬ : ૩ ; ૩.
ઇશ્વરથી અપાય છે, પ્રેરિ. ૧૧ ; ૧૮. ૨ તીમો. ૨ ; ૨૫.
એને અર્થેજ પાપીઓને તેડવા પ્રીસ્ત આવ્યો, માત્થી ૯ ; ૧૩.
એને અર્થે પ્રીસ્ત ઉંચો કરાયો, પ્રેરિ. ૫ ; ૩૧.
પવિત્ર આત્માની સહાય વડે થાય છે, ઝખા. ૧૨ ; ૧૦.
જીવનને અર્થે પસ્તાવો કહેવાય છે, પ્રેરિ. ૧૧ ; ૧૮.
તારણને અર્થે પસ્તાવો કહેવાય છે, ૨ કરીં. ૭ ; ૧૦.
એ તરફ ફરવું જોઇએ :—
દેવની સહનતા જોઇને, ઉત્પ. ૬ ; ૩. સરખા. ૧ પીત. ૩ ; ૨૦ ૨ પીત ૩ ; ૯.
દેવનું ઉપકારીપણું જોઇને, રૂમી. ૨ ; ૪.
દેવની શિક્ષાનો વિચાર કરીને, ૧ રાજા. ૮ ; ૪૭. પ્રક. ૩ ; ૧૯.
દેવની ઇચ્છા પ્રમાણેનો ખેદ તેનો ઉત્પન્નકર્તા છે, ૨ કરીં. ૭ ; ૧૦.
પાપની માફીને અર્થે તેની અગત્ય છે, પ્રેરિ. ૨ ; ૩૮ : ૩ ; ૧૯ : ૮ ; ૨૨.
તેને માટે પોતાનાં પાપ કબુલ કરવાની જરૂર છે, ૧ રાજા. ૮ ; ૩૩. દૃષ્ટાં. ૨૮ ; ૧૩. પ્રેરિ. ૨ ; ૩૭, ૩૮ : ૧૯ ; ૧૮.
પ્રગટ કરાયો :—
પ્રીસ્તથી, માત્થી ૪ ; ૧૭. માર્ક ૧ ; ૧૫.
યોહાન બાપ્તિસ્મા કરનારથી, માત્થી ૩ ; ૨.
પ્રેરિતોથી માર્ક ૬ ; ૧૨. પ્રેરિ. ૨૦ ; ૨૧.
પ્રીસ્તના નામમાં, લુક ૨૪ ; ૨૭.
અનુતાપ નહિ ઉપજાવે તેવો. ૨ કરીં. ૭ ; ૧૦.
હાલનો સમય યોગ્ય છે, ગીત. ૯૫ ; ૭, ૮. સરખા. હેબ્રી. ૩ ; ૭, ૮. દૃષ્ટાં. ૨૭ ; ૧. યશા. ૫૫ ; ૬. ૨ કરીં. ૬ ; ૨. હેબ્રી. ૪ ; ૭.
એક પાપી પસ્તાવો કરે તો આકાશમાં હરખ થાય છે, લુક ૧૫ ; ૭, ૧૦.

પોતાના લોકો પસ્તાવો કરે, ત્યારે પાળકોએ આનંદ કરવો જોઇએ, ૨ કરીં. ૭ ; ૯.
તેનાં ફળ ઉપજાવવાં, યશા. ૧ ; ૧૬, ૧૭. દાની. ૪ ; ૨૭. માત્થી ૩ ; ૮. પ્રેરિ. ૨૬ ; ૨૦.
કેવી રીતે કરવો :—
નમ્રપણે, ૨ કાળ. ૭ : ૧૪. યાકુ. ૪ ; ૯, ૧૦.
લજ્જીત તથા ગાભરાપણાએ, એઝ. ૯ ; ૬-૧૫. યિર્મે. ૩૧ ; ૧૯. હઝ. ૧૬ ; ૬૧-૬૩. દાની. ૯ ; ૭, ૮.
પોતાનો ધિક્કાર કરતાં, અયૂ. ૪૨ ; ૬.
પાપસ્વીકાર કરતાં, લેવી. ૨૬ ; ૪૦. અયૂ. ૩૭ ; ૨૭
વિશ્વાસ સહિત, માત્થી ૨૧ ; ૩૨. માર્ક ૧ ; ૧૫. પ્રેરિ. ૨૦ ; ૨૧.
પ્રાર્થના સાથે, ૧ રાજા. ૮ ; ૩૩. પ્રેરિ. ૮ ; ૨૨.
મનાંતર સાથે, પ્રેરિ. ૩ ; ૧૯ : ૨૬ ; ૨૦.
પાપથી ફરવું, ૨ કાળ. ૬ ; ૨૬.
મૂર્તિઓથી ફરવું, હઝ. ૧૪ ; ૬. ૧ થેસ્સા. ૧ ; ૯.
સારાં કામ કરવામાં વધારે આવેશી થવું, ૨ કરીં. ૭ ; ૧૧.
કરવાનો સુબોધ :—
હઝ. ૧૪ ; ૬ : ૧૮ ; ૩૦. પ્રેરિ. ૨ ; ૩૮ : ૩ ; ૧૯.
દુષ્ટો :—
કરવા રાજી નથી, યિર્મે. ૮ ; ૬. માત્થી ૨૧ ; ૩૨.
શિક્ષા પામ્યા છતાં કરતા નથી, પ્રક. ૯ ; ૨૦, ૨૧ : ૧૬ ; ૯.
ચમત્કાર જોયા છતાં કરતા નથી, લુક ૧૬ ; ૩૦, ૩૧.
સમય મળ્યા છતાં કરતા નથી, પ્રક. ૨ ; ૨૧.
ન કરવાને કારણે અન્યાયી ઠરે છે, માત્થી ૧૧ ૨૦.
નહિ કરવામાં રહેલું ભય, માત્થી ૧૧ ; ૨૦-૨૪. લુક ૧૩ ; ૩-૫. પ્રક. ૨ ; ૨૨.
નહિ કરવાથી સજા વહેલી મળે છે, પ્રક. ૨ ; ૫, ૧૬.
ખ્રીસ્તને તજી દીધા પછી તેઓને માટે ફરી પ્રસંગ મળતો નથી, હેબ્રી. ૬ ; ૪-૬.
લાક્ષણિક ઉપમા :— લુક ૫ . ૧૮-૨૧ : ૧૮ : ૧૩. ઉડાઉ દીકરો, લુક ૧૫ ; ૧૭-૧૯. પસ્તાનાર દીકરો, માત્થી ૨૧ ; ૨૯. પાઉલ, ગલા. ૧ ; ૨૩.
ખરા પસ્તાવાના દાખલા-ઇસ્રાએલીઓ, ન્યા. ૧૦ ; ૧૫, ૧૬. દાઉદ, ૨ શમૂ. ૧૨ ; ૧૩. મનાશ્શેહ, ૨ કાળ. ૩૩ : ૧૨, ૧૩. અયૂબ, અયૂ. ૪૩ ; ૬. નીનવેહ, યૂના ૩ ; ૫-૮. માત્થી ૧૨ ; ૪૧. પીતર, માત્થી ૨૬ ; ૭૫. જાખી, લુક ૧૯ ; ૮. વધસ્તંભ પરનો લુટારો, લુક ૨૩ ; ૪૦, ૪૧. કરીંથીઓ, ૨ કરીં. ૭ ; ૯, ૧૦.
ખોટા પસ્તાવાના દાખલા-શાઉલ, ૧ શમૂ. ૧૫ ; ૨૪-૩૦. આહાબ, ૧ રાજા. ૨૧ ; ૨૭-૨૯. યહુદા ઇસકારીઓત, માત્થી ૨૭ ; ૩-૫.

પશ્ચાત્તાપ—પસ્તાવો કરવો એટલે શું :—
સંપૂર્ણ હૃદયથી તથા જીવથી પાછા ફરવું, ૧ રાજા. ૮ ; ૪૮.
પોતાના અપરાધો કબુલ કરવા, ગીત. ૪૦ ; ૧૨ : ૫૧ . ૪.
પોતાનાં ભુંડા કામથી ફરવું, પ્રેરિ. ૩ ; ૨૬.
ભુંડાઇ કાઢી નાખીને હૃદય ધોવું, યિર્મે. ૪ ; ૧૪.
પોતાના માર્ગોમાં તથા કરણીઓમાં સુધારો કરવો, યિર્મે ૭ ; ૩-૫ : ૨૬ ; ૧-૩ : ૩૫ ; ૧૫.
નેકીમાં વાણી ઉચ્ચારવી. હોશી. ૧૦ ; ૧૨.
હૃદય નમ્ર કરવું. ૨ રાજા. ૨૨ ; ૧૯.
દેવ તરફ ફરવું. દષ્ટાં. ૧ ; ૨૩. યિર્મે. ૨૬ ; ૩.
પશ્ચાત્તાપ કરવો, અયૂ. ૪૨ ; ૬. માત્થી ૧૨ ; ૧૯.
ખોટો પશ્ચાત્તાપ :—
જગતનો ખેદ ઉપજાવે છે, ૨ કરીં. ૭ ; ૧૦.
હાડકાંને સુકવી નાખે છે, દષ્ટાં. ૭ ; ૨૧.
મરણ લાવે છે, ૨ કરીં. ૭ ; ૧૦.
દાખલા—ફારૂન, નિર્ગ. ૯ : ૨૭ : ૧૦ ; ૧૬. સરખાવો નિર્ગ. ૧૪ ; ૨૭, ૨૮. શાઉલ, ૧ શમૂ. ૨૪ ; ૧૭. યહુદા, માત્થી ૨૭ ; ૪-૬.

ખરો પશ્ચાત્તાપ :—
દેવની ઇચ્છા પ્રમાણેનો ખેદ, ૨ કરીં. ૭; ૧૦.
નિર્જીવ કામ સંબંધીનો, હેબ્રી. ૬ ; ૧.
તારણને સારૂ, ૨ કરીં. ૭; ૧૦.
જીવનને સારૂ, પ્રેરિ. ૧૧ ; ૧૮.
અનુતાપ નહિ ઉપજાવે તેવો, ૨ કરીં. ૭; ૧૦.
દેવની તરફનો, પ્રેરિ. ૨૦; ૨૧.
દાખલા—એફ્રાઇમ, યિર્મે. ૩૧; ૧૮, ૨૦. ઉડાઉ દીકરો, લુક ૧૫; ૧૮, ૨૧. દાણી, લુક ૧૮; ૧૩, ૧૪. પીતર, માત્થી ૨૬; ૭૫. પસ્તાનાર દીકરો, માત્થી ૨૧; ૨૮, ૩૨.
ખરા પશ્ચાત્તાપનો ઉત્પન્નકર્તા :—
દેવ છે, પ્રેરિ. ૧૧ ; ૧૮.
પવિત્ર આત્મા છે, ઝખા. ૧૨ ; ૧૦.
તેની અગત્ય :—અપસ્તાવિકને સારૂ—
ઇશ્વરે ધનુષ્ય તાણીને સિદ્ધ કીધું છે, ગીત. ૭; ૧૨.
પોતાના માર્ગ પ્રમાણે ન્યાય થશે, હઝ. ૧૮; ૩૦.
નહિ પસ્તાનાર નાશ પામશે, લુક ૧૩; ૩.
આજ્ઞા આપી છે :—
દેવની આજ્ઞા છે, પ્રેરિ. ૧૭; ૩૦.
ખ્રીસ્તની આજ્ઞા છે, લુક ૨૪; ૪૭.
શિષ્યોની આજ્ઞા છે, પ્રેરિ. ૨; ૩૮: ૩; ૧૯.
પશ્ચાત્તાપ :—
તે હૃદયનું બદલાણ છે, હઝ. ૧૧; ૧૯.
તે હૃદયનું શુદ્ધિકરણ છે, યિર્મે. ૪; ૧૪.
તે નમ્રતાનું હૃદય છે, ૨ રાજા. ૨૨; ૧૯.

પશ્ચાત્તાપ—તેની પ્રકૃતિ, ઉત્પ. ૩૯; ૯. ૧ રાજા. ૮; ૪૭, ૪૮. અયુ. ૪૨; ૬. ગીત. ૪૦; ૧૨: ૫૧; ૪, ૧૭: ૧૦૧; ૩: ૧૧૯; ૫૯. યિર્મે. ૫૦; ૪. હઝ. ૧૮; ૨૧: ૨૦; ૪૩: ૩૬; ૩૧, ૩૨. હોશી. ૧૪; ૧, ૨. યોએ. ૨; ૧૨. ઝખા. ૧૨; ૧૦. પ્રેરિ. ૩; ૨૬. ૨ કરીં. ૭; ૧૦. એફે. ૪; ૨૨.
તેની અગત્ય, ગીત. ૭; ૧૨. હઝ. ૧૮; ૩૦. લુક ૧૩; ૩: ૧૫; ૭: ૨૪; ૪૭. પ્રેરિ. ૨; ૩૮: ૩; ૧૯; ૧૭; ૩૦: ૨૬; ૨૦. ૨ પીત. ૩; ૯.
તે સંબંધી આપેલી સલાહ—૨ કાળ. ૩૦; ૬. અયુ. ૧૧; ૧૩. યશા. ૧; ૧૬: ૩૧; ૬. યિર્મે. ૩; ૧: ૪; ૧: ૫; ૧: ૨૬; ૧: ૩૧; ૧૮. હઝ. ૧૪; ૬: ૧૮; ૩૦. હોશી. ૬; ૧: ૧૨; ૬: ૧૪; ૧. યોએ. ૧; ૮: ૨; ૧. સફા. ૨; ૩. ઝખા. ૧; ૩. માલા. ૧; ૪. માત્થી ૪; ૧૭: ૯; ૧૩. માર્ક ૧; ૧૫. લુક ૧૩; ૩. પ્રેરિ. ૩; ૧૯: ૧૭; ૩૦: ૨૦; ૨૧: ૨૬; ૨૦. પ્રક. ૨; ૫, ૧૬, ૨૧: ૩; ૩, ૧૯.
તેનો હેતુ :—૧ શમૂ. ૭; ૩. નહે. ૧; ૯. અયૂ. ૨૨; ૨૩. ગીત. ૩૨; ૫. યશા. ૧; ૧૬; ૫૫; ૭. યિર્મે. ૪; ૧. હઝ. ૩૩; ૧૧. ઝખા. ૧; ૩. પ્રક. ૨; ૫.
પશ્ચાત્તાપ નહિ કરવામાં સમાએલું ભય :—ગીત. ૧૮; ૪૧: ૧૧૯: ૬૦. દૃષ્ટાં. ૧; ૨૮: ૨૯; ૧. યશા. ૫૫; ૬. યિર્મે. ૧૭; ૧૬: ૧૧; ૧૧: ૧૪; ૧૦. હઝ ૮; ૧૮. મીખા. ૩; ૪. ઝખા. ૭; ૧૩. માત્થી ૨૫; ૧૦. લુક ૧૨; ૨૦: ૧૯; ૪૪. પ્રેરિ. ૩; ૨૩. રૂમી. ૧૩; ૧૨. ૨ કરીં. ૬; ૨. હેબ્રી. ૩; ૭, ૧૩, ૧૫: ૧૨; ૧૭. પ્રક. ૨; ૨૨.
ખરો પશ્ચાત્તાપ હોય તો માફી પામશે, લેવી. ૨૬; ૪૦. પુન. ૪; ૨૯; ૩૦; ૧, ૩. દૃષ્ટાં. ૨૮; ૧૩. યશા. ૫૫; ૬, ૭. યિર્મે. ૧૮; ૮: ૩૬; ૩. હઝ. ૧૮; ૨૧: ૩૬; ૩૧. પ્રેરિ. ૨; ૩૮.
તે સંબંધી બોધ કરવામાં આવ્યો :—
યોહાન બાપ્તિસ્મા કરનારથી, માત્થી ૩; ૨. માર્ક ૧; ૪. લુક ૩; ૩.
ઇસુ ખ્રીસ્તથી, માત્થી ૪; ૧૭. માર્ક ૧; ૧૫: ૬; ૧૨. લુક ૧૩; ૩, ૧૫: ૨૪; ૪૭.
શિષ્યોથી, પ્રેરિ. ૨; ૩૮: ૩; ૧૯: ૧૭; ૩૦.
પરમેશ્વરને પશ્ચાત્તાપ થયો, ઉત્પ. ૬; ૬. પુન. ૩૨; ૩૬. ૧ શમૂ. ૧૫; ૧૧. ૨ શમૂ. ૨૪; ૧૬.

તેઓને ઓળખવાની રીત, લેવી. ૧૧ ; ૩. પુન. ૧૪ ; ૬.
ખોરાકને અર્થે વપરાતાં, લેવી. ૧૧ ; ૨. પુન. ૧૨ ; ૧૫.
અર્પણના કામમાં આવતાં, ઉત્પ. ૮ ; ૨૦.
પ્રથમજનિત ખંડી લેવાતાં નહિ, ગણુ. ૧૮ ; ૧૭.
અશુદ્ધ :—
ઉંદર, લેવી. ૧૧ ; ૨૯. યશા. ૬૬ ; ૧૭.
ઉંટ, ઉત્પ. ૨૪; ૬૪. સરખા. લેવી. ૧૧ ; ૪.
કાંકાડો, લેવી. ૧૧ ; ૩૦. યશા. ૨ ; ૨૦.
કુતરો, નિર્ગ. ૨૨ ; ૩૧. લુક ૧૬ ; ૨.
ખચ્ચર, ૨ શમૂ. ૧૩ ; ૨૯. ૧ રાજા. ૧૦ ; ૨૫.
ગધેડો, ઉત્પ. ૨૨ ; ૩. માત્થી ૨૧ ; ૨.
ઘો, લેવી. ૧૧ ; ૩૦.
ઘોડા, અયૂ. ૩૯ ; ૧૯–૨૫
ચિત્તો, સુ. ગી. ૪ ; ૮.
જલદ ઘોડો, ૧ રાજા. ૪ ; ૨૮. એસ્તે. ૮ ; ૧૦.
જંગલી ગધેડું, અયૂ. ૬ ; ૫ : ૩૯ ; ૫-૮.
જંગલી ગોધો, ગણુ. ૨૩ ; ૨૨.
નોળીયો, લેવી. ૧૧ ; ૨૯.
ભુંડ, લેવી. ૧૧ ; ૭. યશા. ૬૬ ; ૧૭.
મહાપશુ, અયૂ. ૪૦ ; ૧૫.
રીંછ, ૨ શમૂ. ૧૭ ; ૮.
વરૂ, ઉત્પ. ૪૯ ; ૨૭. યોહા. ૧૦ ; ૧૨.
વાનર, ૧ રાજા. ૧૦ ; ૨૨.
સસલું, લેવી. ૧૧ ; ૬. પુન. ૧૪ ; ૭.
સીલ (માછલી), નિર્ગ. ૨૫ ; ૫. હઝ. ૧૬ ; ૧૦.
શાફાન, લેવી. ૧૧ ; ૫. ગીત. ૧૦૪ ; ૧૮.
શિયાળ, ગીત. ૬૩ ; ૧૦. સુ. ગી. ૨ ; ૫.
સિંહ, ન્યા. ૧૪ ; ૫, ૬.
તેઓને ઓળખવાની નિશાની, લેવી. ૧૧ ; ૨૬.
ખવાય નહિ, લેવી. ૧૧ ; ૪-૮. પુન. ૧; ૭, ૮.
અર્પણ ચઢાવાય નહિ, લેવી. ૨૭ ; ૧૧.
પ્રથમજનિત ખંડી લેવાય, ગણુ. ૧૮ ; ૧૫.
મરેલાને અડકનાર દોષિત ગણાય, લેવી. ૫; ૨.
પાળેલાં હોય તો :—
સાબ્બાથ પાળે, નિર્ગ. ૨૦ ; ૧૦. પુન. ૫ ; ૧૪.
તેઓની સંભાળ લેવી, લેવી. ૨૫ ; ૭. પુન. ૨૫ ; ૪.
નિર્દયપણે વર્તવું નહિ, ગણુ. ૨૨ ; ૨૭-૩૨. દૃષ્ટાં. ૧૨ ; ૧૦.
તેઓની પ્રતિમા કરી નમન કરવું નહિ, પુન. ૪ ; ૧૭.
વિદેશીઓ તેઓની મૂર્તિઓ બનાવી પૂજતા હતા, રૂમી. ૧ ; ૨૩.
તેઓના ઇતિહાસની વાત સુલેમાને લખી, ૧ રાજા. ૪ ; ૩૩.
શિક્ષા દેવાના હથિયાર તરીકે વારંવાર વાપર્યાં, લેવી. ૨૬ ; ૨૨. પુન. ૩૨ ; ૨૪. યિર્મે ૧૫ ; ૩. હઝ. ૫ ; ૧૭
માણસ તેના કરતાં સારૂં નથી, સભા. ૩ ; ૧૮, ૧૯.
પ્રતિમારૂપે દર્શાવે છેઃ —
દુષ્ટોને, ગીત. ૪૯ ; ૨૦. તીત. ૧ ; ૧૨.
અભકતાને, ૨ પીત. ૨ ; ૧૨. યહુદા ૧૦.
સતાવનારાઓને, ૧ કરીં. ૧૫ ; ૩૨. ૨ તીમો. ૪ ; ૧૭.
રાજાઓને, દાની. ૭ ; ૧૧, ૧૭ : ૮ ; ૪.
જુદી જુદી દેશજાતિઓને, દાની. ૪; ૧૨, ૨૧, ૨૨.
ખ્રીસ્તવિરોધીને, પ્રક. ૧૩ ; ૨ : ૨૦ ; ૪.
જુઠા બોધકોને, ફીલી. ૩ ; ૨.
શેતાનને, ૧ પીત. ૫ ; ૮.

પક્ષપાત—ન્યાય કરતામાં કરવાની મનાઇ, લેવી. ૧૯ ; ૧૫. પુન. ૧ ; ૧૭ : ૧૬ ; ૧૯. દૃષ્ટાં. ૧૮ ; ૫ : ૨૪ ; ૨૩. માલા. ૨ ; ૯.
ભાઇઓ મધ્યે કરવાને મનાઇ, ૧ તીમો. ૫; ૨૧.
દ્રવ્યવાનને કારણે કરવો નહિ, યાકૂ. ૨ ; ૪ : ૩ ; ૧૭. યહુદા ૧૬.

પક્ષીઓ—ઇશ્વરે ઉત્પન્ન કર્યાં, ઉત્પ. ૧ ; ૨૦, ૨૧ : ૨ ; ૧૯.
દેવના મહિમાને અર્થે ઉત્પન્ન કર્યાં, ગીત. ૧૪૮ ; ૧૦.
ખોરાક તરીકે જમીનની લીલોતરી આપેલી છે, ઉત્પ. ૧ ; ૩૦.

તેઓનો દેહ પશુ તથા માછલાંના દેહથી જુદો છે, ૧ કરીં. ૧૫ ; ૩૯.
માણસને તેના ઉપર આપેલો અધિકાર, ઉત્પ. ૧ ; ૨૬. ગીત. ૮ ; ૮.
આદમે તેઓનાં નામ પાડયાં, ઉત્પ. ૨ ; ૧૯, ૨૦.
માણસની બીક રાખે, એવી પ્રેરકબુદ્ધિ આપેલી છે, ઉત્પ. ૯ ; ૨.
માણસના કરતાં ઉતરતી પ્રેરકબુદ્ધિ છે, અયૂ. ૩૫ ; ૧૧.
તે ઉપરથી માણસને મળતી જ્ઞાનરૂપ શિખામણો, અયૂ. ૧૨ ; ૭.
સર્વ પાળી શકાય તેવાં, યાકૂ. ૩ ; ૭.
માણસને ખોરાક તરીકે અપાયાં છે, ઉત્પ. ૯ ; ૨, ૩.
રક્ત સહિત ખાવું નહિ, લેવી. ૭ ; ૨૬.
પર્વતવાળાની માલમિલકત છે, ગીત. ૫૦ ; ૧૧.
પ્રભુ તેઓને અન્ન પૂરૂં પાડે છે, ગીત. ૧૦૪ ; ૧૦-૧૨. માત્થી ૬ ; ૨૬. લુક ૧૨ ; ૨૩, ૨૪.
કહેવાય છે :—
આકાશનાં પક્ષીઓ, ઉત્પ. ૭ ; ૩. માત્થી ૮ ; ૨૦.
પરવાળાં પક્ષીઓ, હઝ. ૩૯ ; ૧૭.
વાયુચર પક્ષીઓ, અયૂ. ૩૫ ; ૧૧. (૧ શમૂ. ૧૭ ; ૪૪, ૪૬.)
વાયુમાં ઉડનાર, પુન. ૪ ; ૧૭.
કેટલાંક અન્નનો આહાર કરે છે, માત્થી ૧૩; ૪.
ઘણાં માંસાહારી છે, ઉત્પ. ૧૫ ; ૧૧ : ૪૦ ; ૧૯. પુન. ૨૮ ; ૨૬.
પંજા હોય છે, દાની. ૪ ; ૩૩.
તેઓની ઉત્પત્તિ ઇંડાંમાંથી થાય છે, પુન. ૨૨ ; ૬. યિર્મે. ૧૭ ; ૧૧.
માળા બાંધીને વાસો કરે છે, માત્થી ૮ ; ૨૦.
શિકારી જાતનાં ઘણાં છે, યિર્મે. ૧૨ ; ૯.
પ્રત્યેકને જુદો સુર હોય છે, ગીત. ૧૦૪ ; ૧૨. સભા. ૧૨ ; ૪. સુ. ગી. ૨ ; ૧૨.
હવામાં ઉડે છે, ઉત્પ. ૧ ; ૨૦.
તેઓની ઉડવાની ઝડપ જલદ હોય છે, યશા. ૩૧ ; ૫. હોશી. ૯ ; ૧૧ : ૧૧ ; ૧૧.
કેટલાંક બીજા દેશો સુધી ઉડી જાય છે, યિર્મે. ૮ ; ૭.
હવાપાણી અનુકૂળ ન થવાથી ઘણાં પાછાં ફરે છે, યિર્મે. ૪ ; ૨૫ : ૯ ; ૧૦.
ઝાડો પર વિશ્રાંતિ લે છે, દાની. ૪ ; ૧૨. માત્થી ૧૩ ; ૩૨.
વાસો કરે છે :—
પર્વતો પર, ગીત. ૫૦ ; ૧૧.
અરણ્યમાં, ગીત. ૧૦૨ ; ૬.
ઘાસવાળી ભિનાશની જગાઓમાં, યશા. ૧૪ ; ૨૩.
વસ્તીહીન નગરોમાં, યશા. ૩૪ ; ૧૧, ૧૪, ૧૫.
તેઓ પોતાના માળા બાંધે છે :—
ઝાડો ઉપર, ગીત. ૧૦૪ ; ૧૭. હઝ. ૩૧ ; ૬.
જમીન ઉપર, પુન. ૨૨ ; ૬.
ખડકની ખોમાં, ગણ. ૨૪ ; ૨૧. યિર્મે. ૪૮ ; ૨૮.
વસ્તીહીન નગરોમાં, યશા ૩૪ , ૧૫.
ઘરોનાં છાપરાંમાં, ગીત. ૮૪ ; ૩.
પ્રાચિન કાળથી શુદ્ધાશુદ્ધનો ભેદ ઠરાવ્યો છે, ઉત્પ. ૮ ; ૨૦
શુદ્ધ :—
અગાબીલ, ગીત. ૮૪ . ૩. યશા. ૩૮ ; ૧૪.
ખબુતર (પાળેલાં), ઉત્પ. ૮ ; ૮.
ખબુતર (જંગલી), લેવી. ૧ ; ૧૪ : ૧૨ ; ૬.
ચલ્લી (અગર શુદ્ધ પક્ષી), લેવી. ૧૪ ; ૪. માત્થી ૧૦ ; ૨૯-૩૧.
તીતર, ૧ શમૂ. ૨૬ ; ૨૦. યિર્મે. ૧૭ ; ૧૧.
બગલો, યશા. ૩૮ ; ૧૪. યિર્મે. ૮ ; ૭.
મૂરઘો-મૂરઘી, માત્થી ૨૩; ૩૭: ૨૬ ; ૩૪, ૭૪.
લાવરીઓ, નિર્ગ. ૧૬ ; ૧૨, ૧૩. ગણ. ૧૧ ; ૩૧, ૩૨.
હોલા, લેવી. ૧૪ ; ૨૨ સુ. ગી. ૨ ; ૧૨.
ખાવા લાયક, પુન. ૧૪ ; ૧૧, ૨૦.
અર્પણમાં કામ આવે તેવાં, ઉત્પ. ૮ ; ૨૦. લેવી. ૧, ૧૪.
અશુદ્ધ :—
અજના, લેવી ૧૧ ; ૧૩.
કરઢોક, લેવી. ૧૧ ; ૧૭.

વરાળરૂપે ઉંચે ચઢે છે ને વાદળ બને છે, સભા. ૧ ; ૭. સરખાવો ગીત. ૧૦૪ ; ૮.
વરસાદરૂપે વાદળોમાંથી પડે છે, પુન. ૧૧ ; ૧૧. ૨ શમૂ. ૨૧ ; ૧૦.

વર્ણવેલું છે :—
- વહેતું, ગીત. ૭૮ ; ૧૬. દૃષ્ટાં. ૩૦ ; ૪.
- ચળિત, ઉત્પ. ૪૯ ; ૪.
- પ્રવેશ પામી શકે, અગર ઉતરી શકે તેવું ગીત. ૧૦૯ ; ૧૮.
- પ્રતિમા દેખાય તેવું, દૃષ્ટાં. ૨૭ ; ૧૯.
- વજનદાર વસ્તુઓને ઘસડી જઇ શકે તેવું, અયૂ. ૧૪ ; ૧૯.
- શુદ્ધ કરનાર, હઝ. ૩૬ ; ૨૫. એફે. ૫ ; ૨૬.
- તાજગી આપનાર, અયૂ. ૨૨ ; ૭. દૃષ્ટાં. ૨૫ ; ૨૫.
- ઘટ થાય તેવું, અયૂ. ૩૮ ; ૨૯. ગીત. ૧૪૭ ; ૧૬, ૧૭.

યહુદીઓ તેને ઉપયોગમાં લેતા :—
- પીવા માટે ખાસ, ઉત્પ. ૨૪ ; ૪૩. ૧ રાજા. ૧૩ ; ૧૯, ૨૨ : ૧૮ ; ૪.
- દૈહિક શુદ્ધિકરણને અર્થે, નિર્ગ. ૨૯ ; ૪. હેબ્રી. ૯ ; ૧૦, ૧૯.

શુદ્ધિકરણને અર્થે પાણીનાં મોટાં કુંડાંમાં ભરી રાખતા હતા, યોહા. ૨ ; ૬.
પાણીનાં વાસણોમાં ભરી જતા, ઉત્પ. ૨૧ ; ૧૪. ૧ શમૂ. ૨૬ ; ૧૧. માર્ક ૧૪ ; ૧૩.
શાહેરોમાં પૂરૂં પાડવા માટે તળાવ તથા નળ નાખતા હતા, ૨ રાજા. ૨૦ ; ૨૦.
ઘણી વાર ખારાં તથા ન પીવાય તેવાં મળી આવે છે, નિર્ગ. ૧૫ ; ૨૩. ૨ રાજા. ૨ ; ૧૯.
તેની તંગી, એમાં મોટો સંતાપ આવી પડયો છે, એમ યહુદી લોકો ધારતા હતા, નિર્ગ. ૧૭ ; ૧-૩. ગણ. ૨૦ ; ૨. ૨ રાજા. ૩ ; ૯, ૧૦. યશા. ૩ ; ૧.
અછતના સમયોમાં માપથી વેચાતું હતું, વિલા. ૫ ; ૪.

તેની સાથે સંબંધ ધરાવતા ચમત્કારો :—
- લોહીના રૂપમાં ફેરવી નાખવામાં આવ્યું, નિર્ગ, ૭ ; ૧૭, ૨૦.
- દ્રાક્ષરસના રૂપમાં ફેરવી નાખવામાં આવ્યું, યોહા. ૨ ; ૭-૯.
- ખડકમાંથી કાઢવામાં આવ્યું. નિર્ગ. ૧૭ ; ૬. ગણ. ૨૦ ; ૧૧.
- ગધેડાના જડબામાંથી નીકળ્યું, ન્યા. ૧૫ ; ૧૯.
- આકાશથી અગ્નિએ પડીને ભસ્મ કર્યું, ૧ રાજા. ૧૮ ; ૩૮.
- ઢગલાની માફક બે વિભાગ થયા, નિર્ગ. ૧૪ ; ૨૧, ૨૨. યહો. ૩ ; ૧૬.
- અકસ્માત રીતે ખાઇઓમાં ભરાઇ જવું, ૨ રાજા. ૩ ; ૧૭-૨૨.
- લોઢાનું તરી આવવું, ૨ રાજા. ૬ ; ૫, ૬.
- આપણો પ્રભુ તથા પીતર તે પર ચાલ્યા, માત્થી ૧૪ ; ૨૬-૨૯.
- તેની સાથે સંબંધમાં આવેલું સાજા કરવાનું પરાક્રમ, ૨ રાજા. ૫ ; ૧૪. યોહા. ૫ ; ૪ : ૯ ; ૭.

જગત તથા તેના રહેવાસીઓ એક વખત તેનાથી નાશ પામ્યા, ઉત્પ. ૭ ; ૨૦-૨૩. સરખાવો ૨ પીત. ૩ ; ૬.
જગત ફરીથી એવી રીતે નાશ નહિ પામે એવું વચન, ઉત્પ. ૯ ; ૮-૧૫. ૨ પીત. ૩ ; ૭.

લાક્ષણિક રીતે બતાવે છે :—
- ઇશ્વરી નિર્વાહને, યશા. ૮ ; ૬.
- પવિત્ર આત્માનાં દાન તથા અનુગ્રહને, યશા. ૪૧ ; ૧૭, ૧૮ : ૪૪ ; ૩. હઝ. ૩૬ ; ૨૫. યોહા. ૭ ; ૩૮, ૩૯.
- સતાવનારાઓને, ગીત. ૧૨૪ ; ૪, ૫.
- સતાવણીને, ગીત. ૮૮ ; ૧૭.
- વેરીઓના લશ્કરને, યશા. ૮ ; ૭ : ૧૭ ; ૧૩.
- (શાંત) સુવાર્તાના વિધિને, ગીત. ૨૩ ; ૨.
- (ઉંડાં) સખત સતાવણીને, ગીત. ૬૬ ; ૧૨ : ૬૯ ; ૧. યશા. ૩૦ ; ૨૦ : ૪૩ ; ૨.
- (ઉંડાં) હૃદયની મસલતોને, દૃષ્ટાં. ૨૦ ; ૫.
- (ઉંડાં) જ્ઞાનીઓનાં વચનને, દૃષ્ટાં. ૧૮ ; ૪.
- (રેડાવું) ઇશ્વરી કોપને, હોશી. ૫ ; ૧૦.
- (રેડાવું) ધાસ્તીને કારણે નાહિમ્મત થવું, ગીત. ૨૨ ; ૧૪.

નહિ કરવાનો નિશ્ચય કરે છે, અયૂ. ૩૪; ૩૨.
કૃપાને કારણે લાજ લાગે છે, રૂમી. ૬; ૨૧.
કૃપાને કારણે પોતાને કંટાળે છે, અયૂ. ૪૨; ૬. હઝ. ૨૦; ૪૩.
તેનું બળ તેઓમાં રહે છે, રૂમી. ૭; ૧૭, ૨૩. સરખાવો ગલા. ૫; ૧૭.

દેવનું ભય તે થકી દૂર રાખે છે, ગીત. ૧૭; ૪: ૧૧૯; ૧૧.

પવિત્ર આત્મા તે સંબંધીની ખાતરી જગતને કરી આપે છે, યોહા. ૧૬; ૮, ૯.

મારામાં નથી એમ બોલનાર જુઠો છે, ને પોતાને ભુલાવે છે, ૧ યોહા. ૧; ૮.

મારામાં નથી એમ બોલનાર ઇશ્વરને જુઠો પાડે છે, ૧ યોહા. ૧; ૧૦.

તેને લીધે પોતાને ગુનેહગાર સમજનાર ઝંખવાણો પડે છે, દાની. ૯; ૭, ૮.

એ સંબંધી કર્તવ્ય:—
કબૂલ કરવું, અયૂ. ૩૩; ૨૭. દષ્ટાં. ૨૮; ૧૩.
શોક કરવો, ગીત. ૩૮; ૧૮. યિર્મે. ૩; ૨૧.
દ્વેષ કરવો, ગીત. ૯૭; ૧૦. દષ્ટાં. ૮; ૧૩. આમો. ૫; ૧૫.
ધિક્કારવું, રૂમી. ૧૨; ૯.
તજી દેવું, અયૂ. ૧૨; ૧૪.
તેથી દૂર જવું, ગીત. ૩૪; ૧૪. ૨ તીમો. ૨; ૧૯.
તેના સર્વ પ્રકારના દેખાવથી દૂર રહેવું, ૧ થેસ્સા. ૫; ૨૨.
તેની વિરૂદ્ધ જાગૃત રહેવું, ગીત. ૪; ૪: ૩૯; ૧.
તેને ઉલટી કોશીશ કરવી, હેબ્રી. ૧૨; ૪.
તેને મારી નાખો, રૂમી. ૮; ૧૩. કલો. ૩; ૫.
સંપૂર્ણ વિનાશ કરવો, રૂમી. ૬; ૬.

ઘેરી લેનાર પાપ નાખી દેવાં જોઇએ, હેબ્રી. ૧૨; ૧.

જાણીબુઝીને કરનારનો દોષ વધે છે, લુક ૧૨; ૪૭. યોહા. ૧૫; ૨૨.

તે છુપાવવાનું ખાસ પાપ થાય છે, અયૂ. ૩૧; ૩૩. દષ્ટાં. ૨૮; ૧૩.

ઇશ્વરની પ્રાર્થના કરવી:—
આપણાં હૃદયોમાં તેની પારખ કરે એવી, ગીત. ૧૩૯; ૨૩, ૨૪.
આપણને જાણીતા કરે એવી, અયૂ. ૧૩; ૨૩.
આપણને માફ કરે તેવી, નિર્ગ. ૩૪; ૯. લુક ૧૧; ૪.
તેથી આપણો છુટકો કરે તેવી, માત્થી ૬; ૧૩.
તેથી આપણને શુદ્ધ કરે તેવી, ગીત. ૫૧; ૨.

તે થકી પ્રાર્થનાઓ અટકાવાય છે, ગીત. ૬૬; ૧૮. યશા. ૫૯; ૨.

એ કારણથી આશીર્વાદો દૂર રહે છે, યિર્મે. ૫; ૨૫.

દુષ્ટો:—
તેના દાસ છે, યોહા. ૮; ૩૪. રૂમી ૬; ૧૬.
તેમાં મરેલા છે, એફે. ૨; ૧.
સર્વ કરવામાં દોષિત છે, દષ્ટાં. ૨૧; ૪. હઝ. ૨૧; ૨૪.
અગત્યની વેળામાં કરે છે, ૧ શમૂ. ૧૩; ૧૧, ૧૨.
નિમિત્ત શોધે છે, ઉત્પ. ૩; ૧૨, ૧૩. ૧ શમૂ. ૧૫; ૧૩-૧૫.
ભુંડી ધારણામાં પોતાને દૃઢ કરે છે, ગીત. ૬૪; ૫.
ઇશ્વર વિરૂદ્ધ કરે છે, યશા. ૫; ૧૮, ૧૯.
તે સંબંધી મગરૂરી કરે છે, યશા. ૩; ૯.
તે સંબંધી ઠઠ્ઠા કરે છે, દષ્ટાં. ૧૪; ૯.
તે સંબધી શિક્ષા નહિ મળે, એમ ધારે છે, ગીત. ૧૦; ૧૧: ૫૦; ૨૧: ૯૪; ૭.
તે કરતાં પાછા પડતા નથી, ૨ પીત. ૨; ૧૪.
તેનો સમૂહ કરે છે, ગીત. ૭૮; ૧૭. યશા. ૩૦; ૧.
તેની પેદાશ પાપકારક છે, અયૂ. ૨૧; ૭-૧૫. દષ્ટાં. ૧૦; ૧૬.
તે કરતાં નિરાશા તરફ દોરાય છે, યિર્મે. ૨; ૨૫: ૧૮; ૧૨.
ઇશ્વરથી છુપાવવા ચાહે છે, ઉત્પ. ૩; ૮-૧૦. સરખાવો અયૂ. ૩૧; ૩૩.
તેનો દોષ ઇશ્વર પર લાવવા ચાહે છે, ઉત્પ. ૩; ૧૨. યિર્મે. ૭; ૧૦.

તેનો દોષ અન્ય જનો પર મૂકે છે, ઉત્પ. ૩ ; ૧૨ ૧૩. નિર્ગ. ૩૨ ; ૨૨-૨૪.
તેમ કરવાને બીજાને લલચાવે છે, ઉત્પ. ૩ ; ૬. ૧ રાજા. ૧૬ ; ૨ : ૨૧ ; ૨૫. દૃષ્ટાં. ૧ ; ૧૦-૧૪.
કરનારાઓ પ્રત્યે આનંદ બતાવે છે, ગીત. ૧૦ ; ૩. હોશી ૭ ; ૩. રૂમી ૧ ; ૩૨.
તેની અપ્રતિષ્ઠા ભોગવશે, હઝ. ૧૬ ; ૫૨.
કરનારને તેમનું પાપ પકડી પાડશે, ગણ. ૩૨ ; ૨૩.
ઉપદેશકોએ, પાપીઓને તેથી દૂર રહેવાનો બોધ આપવો, હઝ. ૩૩ ; ૯. દાની. ૪ ; ૨૭.
તેનાં ફળ :—
શરમ, રૂમી. ૬ ; ૨૧.
અશાંતિ, ગીત. ૩૮ ; ૩.
રોગ, અયૂ. ૨૦ ; ૧૧.
એને કારણે ભૂમિ શાપિત થએલી છે, ઉત્પ. ૩ ; ૧૭, ૧૮.
પરિશ્રમ તથા ખેદની ઉત્પત્તિ તેની સાથે થઇ, ઉત્પ. ૩ ; ૧૬, ૧૭, ૧૯. સરખાવો અયૂ. ૧૪ ; ૧.
કરનાર સ્વર્ગમાં પ્રવેશ પામનાર નથી, ૧ કરીં. ૬ ; ૯, ૧૦. ગલા. ૫ ; ૧૯-૨૧.
પૂર્ણ થઇને મોત ઉપજાવે છે, યાકૂ. ૧ ; ૧૫.
તેનો મુસારો મરણ છે, રૂમી. ૬ ; ૨૩.
તેની શિક્ષા મરણ છે, ઉત્પ. ૨ ; ૧૭. હઝ. ૧૮ ; ૪.
તેને આપવામાં આવેલાં નામ :—
પાપ મૂર્ખાઇ છે, ગીત. ૪૯ ; ૧૧-૧૩ : ૮૫ ; ૮. દૃષ્ટાં. ૧૪ ; ૯ : ૨૮ ; ૨૬. લુક ૨૨ ; ૨૦. એફે. ૫ ; ૧૫.
પાપ અંધકાર છે, દૃષ્ટાં. ૪ ; ૧૯. લુક ૧ ; ૭૯. યોહા. ૧ ; ૫ : ૩ ; ૧૮. ૨ કરીં. ૪ ; ૩, ૪. કલો. ૧ ; ૧૨, ૧૩.
પાપ મંદવાડ છે, યશા. ૧ ; ૫, ૬. માત્થી ૯ ; ૧૨.
પાપ ઝેર છે, ગણ. ૨૧ ; ૬. ગીત. ૬૯ ; ૩૪. રૂમી. ૩ ; ૧૦-૧૩.
પાપ મરણ છે, રૂમી. ૫ ; ૧૨ : ૬ ; ૨૩ : ૭ ; ૫. યાકૂ. ૧ ; ૧૫.
પાપ નરક છે, લુક ૧૨ ; ૪, ૫ : ૧૬ ; ૨૨, ૨૩. ૨ પીત. ૨ ; ૧-૯.
પવિત્ર આત્મા વિરૂદ્ધ પાપ, માત્થી ૨૧ ; ૩૧. માર્ક ૩ ; ૨૮. લુક ૧૨ ; ૧૦. હેબ્રો. ૬ ; ૪ : ૧૦ ; ૨૬. ૧ યોહા. ૫ ; ૧૬.

પાપ, રાષ્ટ્રોનાં,—કેટલીકવાર તમામ વર્ગનાં દેખાય છે, યશા. ૧ ; ૧૫. યિર્મે. ૫ ; ૧-૫ : ૬ ; ૧૩.
કેટલીક વાર તેનું કારણ અધિકારીઓ થતા, અગર તેઓ ઉત્તેજન આપતા હતા, ૧ રાજા. ૧૨ ; ૨૬-૩૩ : ૧૪ ; ૧૮. ૨ કાળ. ૨૧ ; ૧૧-૧૩. દૃષ્ટાં. ૨૯ ; ૧૨.
કદી તેમ થવાનું કારણ સમૃદ્ધિ હતું, પુન. ૩૨ ; ૧૫. નહે. ૯ ; ૨૮. યિર્મે. ૪૮ ; ૧૧. હઝ. ૧૬ ; ૪૯ : ૨૮ ; ૫.
એથી અશુદ્ધ થાય છે :—
દેશ, લેવી. ૧૮ ; ૨૫. ગણ. ૩૫ ; ૩૩, ૩૪. ગીત. ૧૦૬ ; ૩૮. યશા. ૨૪ ; ૫. મીખા. ૨ ; ૧૦.
લોકો, લેવી. ૧૮ ; ૨૪-૧૧.
રાષ્ટ્રિય ભક્તિ, યશા. ૧ ; ૧૦-૧૫. આમો. ૫ ; ૨૧, ૨૨. હાગા. ૨ ; ૧૪.
ઇશ્વરી ઉપકાર વિરૂદ્ધ થવાથી વધારે થાય છે, યશા. ૫ ; ૪-૭. હઝ. ૨૦ ; ૧૧-૧૩. આમો. ૨ ; ૪ : ૩ ; ૧, ૨. માત્થી ૧૧ ; ૨૧-૨૪.
દુર્ભાષણ કરવા તરફ વિદેશીઓને દોરે છે, હઝ. ૩૬ ; ૨૦, ૨૩. રૂમી. ૨ ; ૨૪.
રાષ્ટ્રોની અપ્રતિષ્ઠા થાય છે, દૃષ્ટાં. ૧૪ ; ૩૪.
એ સંબંધી કર્તવ્ય :—
પસ્તાવો કરવો, યિર્મે. ૧૮ ; ૮. યોહા. ૩ ; ૫.
રૂદન કરવું, યોએ. ૨ ; ૧૨.
સ્વીકાર કરવો, લેવી. ૨૬ ; ૪૦. પુન. ૩૦ ; ૨. ન્યા. ૧૦ ; ૧૦. ૧ રાજા. ૮ ; ૪૭, ૪૮.
પાછા ફરવું, યશા. ૧ ; ૧૬. હોશી. ૧૪ ; ૧, ૨. યોહા. ૩ ; ૧૦.
ખાસ કરીને ભક્તો તે સંબંધી ખેદ કરે છે, ગીત. ૧૧૯ ; ૧૩૬. હઝ. ૯ ; ૪.

તથા માંસ છાવણી બહાર બાળી નાખે. લેવી. ૪ ; ૧૧, ૧૨, ૨૧ : ૬ ; ૩૦ : ૯ ; ૧૧.
જો મંડપમાં તેનું રક્ત લાવવામાં આવ્યું ન હોય તો યાજકો પવિત્ર જગામાં બેસીને ખાઇ શકતા, લેવી. ૬ ; ૨૬, ૨૯. સરખાવો કલમ ૩૦.
સમુદાયને માટે હોય અને તેનું રક્ત મંડપમાં લવાયું ન હોય તો હારૂન ઇત્યo એને બાળે નહિ, તેમ ખાય પણ નહિ, લેવી. ૧૦; ૧૬-૧૮. સરખાવો લેવી. ૯ ; ૯, ૧૫.
જે કોઈ કાપેલાને અડકે, તેનું શુદ્ધિકરણ થવું જોઇએ, લેવી. ૬ ; ૨૭.
વસ્ત્ર ઉપર લોહીના છાંટા પડે તે ધોઇ નાખવા જોઇએ, લેવી. ૬ ; ૨૭.
તેનું માંસ બાફવાનાં વાસણ તથા તેનો વિધિ, લેવી. ૬ ; ૨૮.
ખ્રીસ્તના યજ્ઞનું પ્રતિરૂપ છે. ૨ કરીં. ૫ ; ૨૧. હેબ્રી. ૧૩ ; ૧૧-૧૩.

પાપિષ્ટ લોકોને અપાયલી ઉપમાઓ:—

અગ્નિનાં બળતણ, યશા. ૯ ; ૧૯.
અમંગળ ડાળીઓ, યશા. ૧૪ ; ૧૯.
ઉછળતો સમુદ્ર, યશા. ૫૭ ; ૨૦.
આંધળા, સફા. ૧ ; ૧૭. માત્થી ૧૫ ; ૧૪.
કચરા જેવા, ગીત. ૧૧૯ ; ૧૧૯.
કડવા દાણા, માત્થી ૧૩ ; ૩૮.
કથીર, હઝ. ૨૨ ; ૧૮, ૧૯.
કાંટાનાં ઝાડ, યશા. ૫૫ ; ૧૩.
કુતરા, દષ્ટાં. ૨૬ ; ૧૧. માત્થી ૭ ; ૬. ૨ પીત. ૨ ; ૨૨.
ખુંદાયલાં મુડદાં, યશા. ૧૪ ; ૧૯.
ખુંપરા, અયૂ. ૨૨ ; ૧૮. માલા. ૪ ; ૧.
ઘાસ, ગીત. ૩૭ ; ૨ : ૯૨ ; ૭.
ઘોડો, જે લડાઇમાં વેગથી ધસી જાય છે, યિર્મે. ૮ ; ૬.
ચિમળાયલાં કર્ષણ, ૨ રાજા. ૧૯ ; ૨૬.
છોકરાં (અબુદ્ધ), માત્થી ૧૧ ; ૧૬.
જતો રહેનાર વંટોળીઓ, દષ્ટાં. ૧૦ ; ૨૫.
જલદી ઉડી જનાર ઝાકળ, હોશી. ૧૩ ; ૩.
જે વાડીમાં પાણી નથી તેના જેવો, યશા. ૧ ; ૩૦.
ઝાંખરાં, હઝ. ૨ ; ૬.
તપાવેલી ભઠ્ઠી, હોશી. ૭ ; ૪.
ધાબા પરનું ઘાસ, ૨ રાજા. ૧૯ ; ૨૬.
ધુમાડો, હોશી. ૧૩ ; ૩.
ધુળ, વંટોળીઆની, ગીત. ૮૩ ; ૧૩.
ધોળેલી કબર, માત્થી ૨૩ ; ૩૭.
નકારેલું રૂપું, યિર્મે. ૬ ; ૩૦.
નઠારૂં (પ્રાણી), માત્થી ૧૩ ; ૪૮.
નઠારાં ઝાડ, લુક ૬ ; ૪૩.
નાશ પામનાર પશુ, ગીત. ૪૯ ; ૧૨.
નિર્જળ કુવા, ૨ પીત. ૨ ; ૧૭.
નિર્જળ વાદળાં, યહુદા ૧૨.
નિર્બુદ્ધ પશુ, ૨ પીત. ૨ ; ૧૨.
પત્થરવાળી જમીન, માત્થી ૧૩ ; ૫.
પાત્રાં ખરી પડનાર આલોનવૃક્ષ, યશા. ૧ ; ૩૦.
પિગળી જતું મીણ, ગીત. ૬૮ ; ૨.
પિત્તળ, લોખંડ, ઇત્યo યિર્મે. ૬ ; ૨૮. હઝ. ૨૨ ; ૧૮.
ફોતરાં, અયૂ. ૨૧ ; ૧૮. ગીત. ૧ ; ૩, ૪.
બકરાં, માત્થી ૨૫ ; ૩૨.
બગડી ગએલાં અંજીરો, યિર્મે. ૨૪ ; ૮.
બહેરા એરૂ, ગીત. ૫૮ ; ૪.
બળતી ભઠ્ઠી, ગીત. ૨૧ ; ૯.
બાશાનના ગોધાઓ, ગીત. ૨૨ ; ૧૨.
ભટકતા તારા, યહુદા ૧૩.
ભુંડો, માત્થી ૭ ; ૬. ૨ પીત. ૨ ; ૨૨.
ભુંસું, માત્થી ૩ ; ૧૨.
મઢેલો મેલ (ચાંદીનો), દષ્ટાં. ૨૬ ; ૨૩.
મૂર્તિ, ગીત. ૧૧૫ ; ૮.
મેલ, હઝ. ૨૨ ; ૧૮, ૧૯.
રાખ સમાન (પગ નીચે), માલા. ૪ ; ૩.
રાનમાંની ઓરડી, યિર્મે. ૧૭ ; ૬.
રાની ગધેડાનાં બચ્ચાં, અયૂ. ૧૧ ; ૧૨.
રેતી પર બાંધનાર મૂર્ખ, માત્થી ૭ ; ૨૬.
રોપેલાં લીલાં વૃક્ષ, ગીત. ૩૭ ; ૩૫.
લીલી વનસ્પતિ, ગીત. ૩૭ ; ૨.
વસ્ત્ર ખાઇ જનાર કીડા, ગીત. ૫૦ ; ૯ : ૫૧ ; ૮.
વિંછી, હઝ. ૨ ; ૬.
સમુદ્રનાં વિક્રાળ મોજાં, યહુદા ૧૩.

પુનરૂત્થાન, ખ્રીસ્તનું

પવિત્ર આત્માને પરાક્રમે, ૧ પીત. ૩ ; ૧૮.
અઠવાડીઆને પહેલે દહાડે થયું, માર્ક ૧૬ ; ૯.
મરણ પછી ત્રીજે દિવસે થયું, લુક ૨૪ ; ૪૬. પ્રેરિ. ૧૦ ; ૪૦. ૧ કરીં. ૧૫ ; ૪.

પ્રેરિતો :—
તે વિષે પહેલાં બેસમજ હતા, માર્ક ૯ ; ૧૦. યોહા. ૨૦ ; ૯.
વિશ્વાસ કરવામાં મંદ હતા, માર્ક ૧૬ ; ૧૩. લુક ૨૪ ; ૯, ૧૧, ૩૧, ૩૮.
અવિશ્વાસને કારણે ઠપકો પામ્યા, માર્ક ૧૬ ; ૧૪.

ઉઠયા પછી ખ્રીસ્તે દર્શન દીધાં :—
મરિયમ માગદાલેણને, માર્ક ૧૬ ; ૯. યોહા. ૨૦ ; ૧૮.
કેટલીક સ્ત્રીઓને, માત્થી ૨૮ ; ૯.
સીમોન પીતરને, લુક ૨૪ ; ૩૪.
એમ્મૌસ જનાર બે શિષ્યોને, લુક ૨૪ ; ૧૩-૩૫.
થોમા સિવાય દશ શિષ્યોને, યોહા. ૨૦ ; ૧૯, ૨૪.
થોમા સહિત સર્વ શિષ્યોને, માર્ક ૧૬ ; ૪. યોહા. ૨૦ ; ૨૬.
તીબેરીઅસ સમુદ્રને કાંઠે સાત શિષ્યોને, યોહા. ૨૧ ; ૧-૧૪.
ગાલીલના પહાડ પર અગીઆર શિષ્યોને, માત્થી ૨૮ ; ૧૬, ૧૭.
પાંચસે કરતાં વધારે ભાઇઓને, ૧ કરીં. ૧૫ ; ૬.
યાકૂબને, ૧ કરીં. ૧૫ ; ૭.
યરૂશાલેમમાં સર્વ શિષ્યોને, લુક ૨૪ ; ૫૧. પ્રેરિ. ૧ ; ૯. ૧ કરીં. ૧૫ ; ૭.
જૈતુન પહાડ પર સ્વર્ગારોહણ સમયે, માર્ક ૧૬ ; ૧૯.
પ્રેરિત પાઉલને, ૧ કરીં. ૧૫ ; ૮.

તેમાં છળભેદ થવાની અશક્યતા છે, માત્થી ૨૭ ; ૬૩-૬૬.
ખ્રીસ્તે ઘણાં પ્રમાણ આપ્યાં છે, લુક ૨૪ ; ૩૫, ૩૯, ૪૩. યોહા. ૨૦ ; ૨૦, ૨૭. પ્રેરિ. ૧ ; ૩.
તે સંબંધી બીજા શાક્ષી પૂરનારા છે :—
દૂતો, માત્થી ૨૮ ; ૫-૭. લુક ૨૪; ૪-૭, ૨૩.
પ્રેરિતો, પ્રેરિ. ૧ ; ૨૨ : ૨ ; ૩૨ : ૩ ; ૧૫ : ૪ ; ૩૩.
તેના શત્રુઓ, માત્થી ૨૮ ; ૧૧-૧૫.
પ્રેરિતો ખાત્રી સહિત તે સંબંધી વાત પ્રગટ કરતા હતા, પ્રેરિ. ૨૫ ; ૧૯ : ૨૬ ; ૨૩.

ભક્તો :—
સજીવ આશાને અર્થે ફરી જન્માવેલા છે, ૧ પીત. ૧ ; ૩, ૨૧.
તેનું સામર્થ્ય જાણવા ઇચ્છે છે, ફીલી. ૩ ; ૧૦.
તેની યાદ રાખે છે, ૨ તીમો. ૨ ; ૮.
તેની પ્રતિમામાં સજીવ કરાશે, રૂમી. ૬ ; ૫. ૧ કરીં. ૧૫ ; ૪૯. સરખા. ફીલી. ૩ ; ૨૧.

પુનર્જન્મના ચિન્હરૂપ છે, રૂમી. ૬ ; ૪. કલો. ૨ ; ૧૨.
આપણા પુનરૂત્થાનનું પ્રથમફળ છે, પ્રેરિ. ૨૬ ; ૨૩. ૧ કરીં. ૧૫ ; ૨૦, ૨૩.
એમાં સુવાર્તાની સાચાઇ સંયુક્ત છે, ૧ કરીં. ૧૫ ; ૧૪, ૧૫.
થયાથી તે ઉંચો કરાયો છે, પ્રેરિ. ૪ ; ૧૦, ૧૧. રૂમી. ૮ ; ૩૪. એફે. ૧ ; ૨૦. ફીલી. ૨ ; ૯, ૧૦. પ્રક. ૧ ; ૧૮.
જગતનો ન્યાય કરવાનું પ્રમાણ છે, પ્રેરિ. ૧૭ ; ૩૧.

તેના પ્રતિરૂપ તરીકે :—
ઇસ્હાક, ઉત્પ. ૨૨ ; ૧૩. સરખા. હેબ્રી. ૧૧ ; ૧૯.
યૂના, યૂના ૨ ; ૧૦. સરખા. માત્થી ૧૨ ; ૪૦.

પુસ્તકો—(સંભવિત રીતે) તેની શરૂઆત, અયૂ. ૧૯ ; ૨૩, ૨૪.

બનાવવામાં આવતાં :—
પાપીરસ અગર નીલનાં, યશા. ૧૯ ; ૭.
ચર્મનાં (પત્રો), ૨ તીમો. ૪ ; ૧૩.

લખોટાના રૂપમાં, યશા. ૩૪ ; ૪. યિર્મે. ૩૬ ; ૨. હઝ. ૨ ; ૯.
લખવામાં કલમ તથા ખડીઆનો ઉપયોગ, યિર્મે. ૩૬ ; ૧૮. ૩ યોહા. ૧૩.

પ્રભુએ:—
ઉત્પન્ન કરી, ઉત્પ. ૧; ૧. નહે. ૯; ૬.
તેના પાયા રચ્યા, અયૂ. ૩૮; ૪. ગીત. ૧૦૨; ૨૫.
રચના કરી, ગીત. ૯૦; ૨.
વિસ્તારી, યશા. ૪૨; ૫: ૪૪; ૨૪.
અધર લટકાવી, અયૂ. ૨૬; ૭.
સ્તંભો સ્થાપ્યા, ગીત. ૭૫; ૩.
સ્થાપી, ગીત. ૭૮; ૬૯: ૧૧૯; ૯.
પ્રકાશમય કરી, ઉત્પ. ૧; ૧૪-૧૬. યિર્મે. ૩૩; ૨૫.
પાણીથી ભરપૂર બનાવી, ગીત. ૬૫; ૯: ૧૪૭; ૮.
ફળદ્રુપ કરી, ઉત્પ. ૧; ૧૧: ૨૭; ૨૮.
ચોકસી રાખે છે, ઝખા. ૪; ૧૦.
સર્વોત્તમ અધિકાર, અયૂ. ૩૪; ૧૩. ગીત. ૧૩૫; ૬.
રાજ્ય કરે છે, નિર્ગ. ૮; ૨૨. ગીત. ૯૭; ૧.
ઉંચી કરાશે, ગીત. ૪૬; ૧૦.
યહોવાહની છે, નિર્ગ. ૯; ૨૯. ૧ કરીં. ૧૦; ૨૬.
રહેવાસને માટે છે, યશા. ૪૫; ૧૮.
તેના થએલા પ્રથમ વિભાગ, ઉત્પ. ૧૦; ૨૫.
તેના વિસ્તાર સંબંધી પ્રાચિન વિચારો, અયૂ. ૧૧; ૯: ૩૮; ૧૮. દૃષ્ટાં. ૨૫; ૩.
પર્વતો તથા ડુંગરોને કારણે તેના જુદા જુદા ભાગો, હબા. ૩; ૬.
ખનિજ પદાર્થોથી ભરપુર, પુન. ૮; ૯. અયૂ. ૨૮; ૧-૫, ૧૫-૧૯.
તેનું વર્ણન કરવામાં આવે છે:—
યહોવાહનું પાયાસન, યશા. ૬૬; ૧. માત્થી ૫; ૩૫.
યહોવાહની ભલાઇથી ભરપૂર, ગીત. ૩૩; ૫.
સંપત્તિથી ભરપૂર, ગીત. ૧૦૪; ૨૪.
યહોવાહની કૃપાથી ભરપૂર, ગીત. ૧૧૯; ૬૪.
યહોવાહના ગૌરવથી ભરપૂર, ગણ. ૧૪; ૨૧. યશા. ૬; ૩.
યહોવાહના ગૌરવથી પ્રકાશે છે, હઝ. ૪૩; ૨.
યહોવાહ આગળ ધ્રુજે છે, ગીત. ૬૮; ૮. યિર્મે. ૧૦; ૧૦.
યહોવાહની વાણીથી પીગળી જાય છે, ગીત. ૪૬; ૬.
ઇશ્વરની સમક્ષતાથી બળી જાય છે, નાહૂ. ૧; ૫.
મનુષ્ય:—
પૃથ્વીનું બનેલું છે, ઉત્પ. ૨; ૭. ગીત. ૧૦૩; ૧૪.
તેને પૃથ્વી પર અધિકાર આપ્યો છે, ઉત્પ. ૧; ૨૬. ગીત. ૧૧૫; ૧૬.
સ્વાભાવિક રીતે ધૂળનો છે, ૧ કરીં. ૧૫; ૪૭, ૪૮.
સ્વાભાવિક રીતે જગતી વાનાં શોધે છે, ફીલી. ૩; ૧૯.
પૃથ્વી પર શાપ લાવ્યો છે, ઉત્પ. ૩; ૧૭.
ધૂળમાં પાછો જશે, ઉત્પ. ૩; ૧૯. ગીત. ૧૪૬; ૪.
ઇશ્વરી ન્યાયને તાબે છે, ગીત. ૪૬; ૮. યશા. ૧૧; ૪.
પાપે કરી અશુદ્ધ થઇ છે, ઉત્પ. ૬; ૧૧, ૧૨. યશા. ૨૪; ૫.
પાપે કરી નિષ્ફળ થઇ છે, પુન. ૨૮; ૨૩. ગીત. ૧૦૭; ૩૪.
પાપે કરી શોક તથા વિલાપમાં આવી છે, યશા. ૨૪; ૪. યિર્મે. ૪; ૨૮: ૧૨; ૪. હોશી. ૪; ૩.
શેતાન તેમાં આમતેમ ફર્યા કરે છે, અયૂ. ૧; ૭. ૧ પીત. ૫; ૮.
પ્રભુના જ્ઞાને ભરપૂર થશે, યશા. ૧૧; ૯. હબા. ૨; ૧૪.
એક વખત જળપ્રલયમાં ડુબી હતી, ઉત્પ. ૭; ૧૭-૨૪.
ફરી જળપ્રલયથી ઢંકાશે નહિ, ઉત્પ. ૯; ૧૧. ૨ પીત. ૩; ૬, ૭.
અગ્નિથી બાળવા સારૂ સિદ્ધ મૂકાએલી છે, ૨ પીત. ૩; ૭, ૧૦, ૧૨.
નવી કરાશે, યશા. ૬૫; ૧૭. ૨ પીત. ૩; ૧૩.
ભક્તો વારસો પામશે, ગીત. ૨૫; ૧૩. માત્થી ૫; ૫. ગીત. ૩૭; ૧૧: ૨૨; ૨૯.

પ્રણામ કે ક્ષેમકુશળ—તેનો પ્રાચિન ઉલ્લેખ, ઉત્પ. ૧૮; ૨: ૧૯; ૧.

કરતા હતા :—
ભાઇઓ પરસ્પર, ૧ શમૂ. ૧૭ ; ૨૨.
નાના, મોટાની આગળ, ઉત્પ. ૪૭ ; ૭.
મોટા, નાનાને, ૧ શમૂ. ૩૦ ; ૨૧.
પાસે થઇને સર્વ જનારા, ૧ શમૂ. ૧૦ ; ૩, ૪. ગીત. ૧૨૯ ; ૮.
ઘરમાં પેસતાં, ન્યા. ૧૮ ; ૧૫. માત્થી ૧૦ ; ૧૨. લુક ૧ ; ૪૦, ૪૧, ૪૪.
ઘણીવાર સંદેશીઆની મારફતે કહેવડાવતા હતા, ૧ શમૂ. ૨૫ ; ૫, ૧૪. ૨ શમૂ. ૮ ; ૧૦.
ઘણી વાર પત્ર લખીને મોકલતા, રૂમી. ૧૬ ; ૨૧-૨૩. ૧ કરીં. ૧૬ ; ૨૧. કલો. ૪ ; ૧૮. ૨ થેસ્સા. ૩ ; ૧૭.
ખરાબ વર્તણુકવાળા ઘણીવાર નકારતા હતા, ૨ યોહા. ૧૦.
ઉતાવળથી જનારાઓ કરતા કે ઝીલતા નહિ, ૨ રાજા. ૪ ; ૨૯. લુક ૧૦ ; ૨૪.
તેમાં જે જે શબ્દો ઉચ્ચારતા હતા તે :—
તને શાંતિ થાઓ, ન્યા. ૧૯ ; ૨૦.
તારૂં કલ્યાણ તથા તારા ઘરનું કલ્યાણ તથા તારા સર્વસ્વનું કલ્યાણ થાઓ, ૧ શમૂ. ૨૫ ; ૬.
આ ઘરને શાંતિ થાઓ, લુક ૧૦ ; ૫.
યહોવાહ તમારી સાથે હો, રૂથ ૨ ; ૪.
યહોવાહ તને આશીર્વાદ દો, રૂથ ૨ ; ૪.
યહોવાહનો આશીર્વાદ તમને થાઓ—યહોવાહને નામે અમે તમને આશીર્વાદ આપીએ છીએ, ગીત. ૧૨૯ ; ૮.
યહોવાહ તને આશિષ દે, ૧ શમૂ. ૧૫ ; ૧૩.
દેવ તારા પર કૃપા કરો, ઉત્પ. ૪૩ ; ૨૯.
તું ક્ષેમકુશળ છે ? ૨ શમૂ. ૨૦ ; ૯.
સલામ, માત્થી ૨૬ ; ૪૯.
સુખી રહે, લુક ૧ ; ૨૮.
કુશળતા, માત્થી ૨૮ ; ૯.
ઘણીવાર વિશ્વાસઘાતથી કરતા, ૨ શમૂ. ૨૦ ; ૯. માત્થી ૨૬ ; ૪૯.
ખ્રીસ્તને ઠઠ્ઠામશ્કરીમાં કર્યા, માત્થી ૨૭ ; ૨૯. સરખા. માર્ક ૧૫ ; ૧૮.
પ્રણામ કરવાની રીતિ :—
કોટે વળગીને ચુંબન દેવું, ઉત્પ. ૩૩ ; ૪ : ૪૫ ; ૧૪, ૧૫. લુક ૧૫ ; ૨૦.
ચુંબન કરવા સારૂ પોતાના જમણા હાથથી દાઢી પકડતા, ૨ શમૂ. ૨૦ ; ૯.
જમીન સુધી નમીને દંડવત કરતા, ઉત્પ. ૩૩ ; ૩.
પગ પકડીને ચુંબન કરતા, માત્થી ૨૮ ; ૯. લુક ૭ ; ૩૮, ૪૫.
લુગડાની કોરને અડકતા, માત્થી ૧૪ ; ૩૬.
સાષ્ટાંગ દંડવત પ્રણામ કરતા, એસ્તે. ૮ ; ૩. માત્થી ૨ ; ૧૧. લુક ૮ ; ૪૧.
ધુળ ચાટતા, ગીત. ૭૨ ; ૯. યશા. ૪૯ ; ૨૩.
પોતાના સ્વદેશી બંધુઓનેજ સલામ કર્યાને કારણે યહુદીઓ ઠપકો પામ્યા, માત્થી ૫ ; ૪૭.
ફરોશીઓ જાહેરાંતમાં તેનાજ ભુખ્યા હોવાથી ઠપકો પામ્યા, માત્થી ૨૩ ; ૭. માર્ક ૧૨ ; ૩૮.

પ્રતિરૂપ ઉપમા ખ્રીસ્ત વિષે— આદમ, રૂમી. ૫ ; ૧૪. ૧ કરીં. ૧૫ ; ૪૫.
જીવનનું ઝાડ, ઉત્પ. ૨ ; ૯. યોહા. ૧ ; ૪. પ્રક. ૨૨ ; ૨.
હાબેલ, ઉત્પ. ૪ ; ૮, ૧૦. હેબ્રી. ૧૨ ; ૨૪.
નુહ, ઉત્પ. ૫ ; ૨૯. ૨ કરીં. ૧ ; ૫.
નુહનું વહાણ, ઉત્પ. ૭ ; ૧૬. ૧ પીત. ૩ ; ૨૦, ૨૧.
ઇબ્રાહીમ, ઉત્પ. ૧૭ ; ૫. એફે. ૩ ; ૧૫.
મેલ્ખીસેદેક, ઉત્પ. ૧૪ ; ૧૮-૨૦. હેબ્રી. ૭ ; ૧-૧૭.
ઇસ્હાક, ઉત્પ. ૨૨ ; ૧, ૨. હેબ્રી. ૧૧ ; ૧૭-૧૯.
યાકૂબ, ઉત્પ. ૩૨ ; ૨૮. યોહા. ૧૧ ; ૪૨. હેબ્રી. ૭ ; ૨૫.
યાકૂબની સીડી, ઉત્પ. ૨૮ ; ૧૨. યોહા. ૧ ; ૫૧.
યુસફ, ઉત્પ. ૫૦ ; ૧૯, ૨૦. હેબ્રી. ૭ ; ૨૫.
પાસ્ખાનું હલવાન, નિર્ગ. ૧૨ ; ૩-૬, ૪૬. યોહા. ૧૯ ; ૩૬. ૧ કરીં. ૫ ; ૭.
માન્ના, નિર્ગ. ૧૬ ; ૧૧-૧૫. યોહા. ૬ ; ૩૨-૩૫.
હોરેબનો ખડક, નિર્ગ. ૧૭ ; ૬. ૧ કરીં. ૧૦ ; ૪.
પ્રથમફળ, નિર્ગ. ૨૨ ; ૨૯. ૧ કરીં. ૧૫ ; ૨૦.
કરારકોષ, નિર્ગ. ૨૫ ; ૧૬. ગીત. ૪૦ ; ૮. યશા. ૪૨ ; ૬.

પ્રતિષ્ઠા—(સમર્પણ) ભક્તિનું સ્થળ, પૂર્ણાર્પણ, ૨ કાળ. ૨; ૪.

મંદિરના સમારકામને માટે આવતું નાણું, ૨ રાજા. ૧૨; ૪, ૫. ૧ કાળ. ૨૬; ૨૭.
યાજકોના નિર્વાહમાં વપરાતી વસ્તુ, ગણ. ૧૮; ૧૪. હઝ. ૪૪; ૨૯.
શત્રુઓ, ખંડણી તરીકે અપાએલા, ૨ રાજા. ૧૨; ૧૭, ૧૮.
છુટકારા સંબંધીનો નિયમ, લેવી. ૨૭.
એવી માલમત્તા સંબંધી કરવામાં આવતો વિપરીત મત માર્ક ૭; ૯-૧૩.
ઇશ્વરને અર્પિત કર્યાનું ઉદાહરણ, ગીત. ૧૧૯; ૩૮.

પ્રથમજનિત—મનુષ્ય તથા પશુના, ઇશ્વરને પવિત્ર, નિર્ગ. ૧૩; ૨, ૧૨: ૨૨; ૨૯.
ઇસ્રાએલના પ્રથમજનિતો પ્રભુની સેવા માટે અલગ, નિર્ગ. ૧૩; ૧૫. ગણ. ૩; ૧૩: ૮; ૧૭.
શુદ્ધ પશુઓમાં :—
કશું કામ કરાવવું નહિ, પુન. ૧૫; ૧૯.
કાતરવાં નહિ, પુન. ૧૫; ૧૯.
સાત દિવસ સુધી તેની મા સાથે રહે, નિર્ગ. ૨૨; ૩૦. લેવી. ૨૨; ૨૭.
અર્પણના કામમાં લેવાય, ગણ. ૧૮; ૧૭.
માનતામાં તેનું અર્પણ થઇ શકે નહિ, લેવી. ૨૭; ૨૬.
અર્પણ કરવાની પુરાતન રીતિ, ઉત્પ. ૪; ૪.
તેનું માંસ તે યાજકોનો હિસ્સો હતો, ગણ. ૧૮; ૧૮.
અશુદ્ધ પશુઓમાં :—
ખંડી લેતાં, ગણ. ૧૮; ૧૫.
ખંડી લેવાનો નિયમ, ગણ. ૧૮; ૧૬.
બોલાને હલવાનથી ખંડી લેવું, અગર ગરદન ભાંગી નાખવી, નિર્ગ. ૧૩; ૧૩: ૩૪; ૨૦.
ઇસ્રાએલનાં :—
લેવી કુળને બોલાવ્યું, લેવી. ૩; ૧૨, ૪૦-૪૩. ગણ. ૮; ૧૮.
ખંડી લેવા, નિર્ગ. ૩૪; ૨૦. ગણ. ૧૮; ૧૫.
ખંડણીની કિંમ્મત, ગણ. ૩; ૪૬, ૪૭.
મૂલ્ય, યાજકને આપવું, ગણ ૩; ૪૮-૫૧.
બંદીપ્રવાસમાંથી પાછા આવ્યા પછીનો નિયમ, નહે. ૧૦; ૩૬.
ખ્રીસ્તના જન્મસમયનો નિયમ, લુક ૨; ૨૨, ૨૩.
મહત્વની ઉત્તમતા તથા શક્તિની ઉત્તમતા, ઉત્પ. ૪૯; ૩. પુન. ૨૧; ૧૭.
મૂલ્યવાન તથા કીમતી, મીખા. ૬; ૭. ઝખા. ૧૨; ૧૦.
ખાસ પ્રેમનું પ્રમાણ, ઉત્પ. ૨૫; ૨૮. યિર્મે. ૩૧; ૯, ૨૦.
તેનો હક અગર અધિકાર :—
કુટુંબમાં પહેલો હક, ઉત્પ. ૪૯; ૧૩, ૧૪.
બીજા છોકરાંઓ પર અધિકાર, ઉત્પ. ૨૭; ૨૯. ૧ શમૂ. ૨૦; ૨૯.
બાપથી ખાસ આશીર્વાદ, ઉત્પ. ૨૭; ૪, ૩૫.
બાપની પદવી તથા હક, ૨ કાળ. ૨૧; ૩.
વારસાનો બમણો ભાગ, પુન. ૨૧; ૧૭.
નછોરવો મરે, તો બીજો ભાઇ તેને સારૂ વંશ ઉપજાવે, પુન. ૨૫; ૫, ૬. માત્થી ૨૨; ૨૪–૨૮.
માનીતી કે અણમાનીતી સ્ત્રીના સંબંધમાં જેનો પ્રથમ દીકરો હકદાર, પુન. ૨૧; ૧૫, ૧૬.
બદચાલથી હક ગુમાવી શકે, ઉત્પ. ૪૯; ૩, ૪, ૮. ૧ કાળ. ૫; ૧.
વેચી શકાય, ઉત્પ. ૨૨; ૩૧, ૩૩. હેબ્રી. ૧૨; ૧૬, ૧૭.
પ્રથમજનિતના દાખલા બદલાએલા :—
કાઇન, ઉત્પ. ૪; ૪, ૫.
યિફતાહ, ઉત્પ. ૧૦; ૨૧.
ઇશ્માએલ, ઉત્પ. ૧૭; ૧૯–૨૧.
એસાવ, ઉત્પ. ૨૫; ૨૩. રૂમી. ૯; ૧૨, ૧૩.
મનાશ્શેહ, ઉત્પ. ૪૮; ૧૫–૨૦.
રેઉબેન, ૧ કાળ. ૫; ૧, ૨.
હારૂન, નિર્ગ. ૭; ૧, ૨. સરખા. ગણ. ૧૨; ૨, ૮.
દાઉદના ભાઇઓ, ૧ શમૂ. ૧૬; ૬-૧૨.
અદોનીયાહ, ૧ રાજા. ૨; ૧૫, ૨૨.
લાક્ષણિક ઉપમા :—
ખ્રીસ્તની પદવી, ગીત. ૮૯; ૨૭. રૂમી. ૮; ૨૯. કલો. ૧; ૧૮.
મંડળીની પદવી, હેબ્રી. ૧૨; ૨૩.

પગ ભંગાયા નહિ, યોહા. ૧૯ ; ૩૩.
કુંખ વિંધાઇ, યોહા. ૧૯ ; ૩૪.
તેનાં વસ્ત્ર સીપાઇઓએ વહેંચી લીધાં, માત્થી ૨૭; ૩૫. માર્ક ૧૫; ૨૪. લુક ૨૩; ૩૪. યોહા. ૧૯ ; ૨૪.
પ્રાણ છોડયો, માત્થી ૨૭ ; ૫૦. માર્ક ૧૫ ; ૩૭. યોહા. ૧૯ ; ૩૦.
"એ દેવનો દીકરો હતો," એવી જમાદારની શાક્ષી, માત્થી ૨૭ ; ૫૪. માર્ક ૧૫ ; ૩૯.
"આ માણસ ખરેખર ન્યાયી હતો" એવી જમાદારની સાક્ષી, લુક ૨૩ ; ૪૭.
યુસફે તથા નીકોદેમસે દફનક્રિયા કરી, માત્થી ૨૭; ૫૭. માર્ક ૧૫; ૪૨. લુક ૨૩; ૫૦. યોહા. ૧૯; ૩૮.
કબર પર મહોર કરીને ચોકી મૂકી, માત્થી ૨૭ ; ૬૬.
તેનું પુનરુત્થાન, માત્થી ૨૮. માર્ક ૧૬. લુક ૨૪. યોહા. ૨૦ ; ૨૧.
મરિયમ માગદાલેણને પ્રથમ દેખાયો, માત્થી ૨૮ ; ૧. માર્ક ૧૬ ; ૧. લુક ૨૪ ; ૧. યોહા. ૨૦ ; ૧.
જુદી જુદી વખતે પોતાના શિષ્યોને દેખાયો, માત્થી ૨૮; ૧૬. માર્ક ૧૬; ૧૨. લુક ૨૪ ; ૧૩, ૨૬. યોહા. ૨૦ ; ૨૧. ૧ કરીં. ૧૫ ; ૧-૧૧.
થોમાને હાથપગ બતાવે છે, યોહા. ૨૦ ; ૨૭.
પીતરને હલવાનોની સોંપણી, યોહા. ૨૧; ૧૫.
સ્વર્ગારોહણ, માર્ક ૧૬ ; ૧૯. લુક ૨૪ ; ૫૧. પ્રેરિ. ૧ ; ૯, ૧૦.

સ્વર્ગારોહણ પછી દેખાયો :—
સ્તેફનને, પ્રેરિ. ૭ ; ૫૫.
પાઉલને, પ્રેરિ. ૯ ; ૪ : ૧૮ ; ૯ : ૨૨ ; ૬.
યોહાનને, પ્રક. ૧ ; ૧૩.

પ્રભુભોજન—પ્રતિરૂપે દર્શાવેલું, નિર્ગ. ૧૨ ; ૨૧-૨૮. ૧ કરીં. ૫ ; ૭, ૮.
સ્થાપનાની હકીકત, માત્થી ૨૬ ; ૨૬. માર્ક ૧૪ ; ૨૨. લુક ૨૨ ; ૧૯. ૧ કરીં. ૧૧ ; ૨૩.
તેનો હેતુ, લુક ૨૨; ૧૯. ૧ કરીં. ૧૧; ૨૪, ૨૬.
ખ્રીસ્તના શરીર તથા રક્તના ભાગીઆ, ૧ કરીં. ૧૦ ; ૧૬.
રોટલી તથા દ્રાક્ષરસ વાપરવામાં આવે છે, માત્થી ૨૬ ; ૨૭. ૧ કરીં. ૧૧ ; ૨૬.
પ્રભુભોજન પાળવામાં આવ્યું એવી વાત, પ્રેરિ. ૨ ; ૪૨, ૪૬ : ૨૦ ; ૭, ૧૧.
તેને માટે જે આત્મપરીક્ષા કરવી જોઇએ તે, પ્રેરિ. ૨ ; ૪૨ : ૨૦ ; ૭. ૧ કરીં. ૧૦ ; ૨૧ : ૧૧ ; ૨૮.
તેને પાળતાં પહેલાં જે અવલોકન કરવાં જોઇએ તે, ૧ કરીં. ૫ ; ૭, ૮ : ૧૦ ; ૧૬, ૨૧ : ૧૧ ; ૧૭-૩૪.
અયોગ્ય રીતે પાળનારને ચેતવણી, ૧ કરીં. ૧૧ ; ૨૭.
આ પાસ્ખા ખાવાની મેં (ઇસુએ) ઇચ્છા કીધી, લુક ૨૨ ; ૧૫.
આમાંથી સર્વ પીઓ, માત્થી ૨૬ ; ૨૭.
પ્રભુના આવવા સુધી કરો, ૧ કરીં. ૧૧ ; ૨૬-૩૩.
રોટલી ભાંજવામાં તત્પર રહ્યા, પ્રેરિ. ૨ ; ૪૨.
તમે સર્વ પાળો, નિર્ગ. ૧૨ ; ૨૫, ૪૭.
બધા ખ્રીસ્તીઓએ આજ્ઞાનુસાર તેમાં ભાગ લેવો, માત્થી ૨૬ ; ૨૬-૨૮. માર્ક ૧૪ ; ૨૨-૨૫. ૧ કરીં. ૧૧ ; ૨૪.
યાદગીરીનું કૃત્ય છે, લુક ૨૨ ; ૧૯. ૧ કરીં. ૧૧ ; ૨૪, ૨૫.
તેના મરણની સાક્ષીનું કૃત્ય છે, ૧ કરીં. ૫ ; ૭ : ૧૧ ; ૨૬.
તેના લોહીથી તારણ છે, એવી કબુલાતનું કૃત્ય છે, માત્થી ૨૬ ; ૨૮. લુક ૧૨; ૬, ૯. રૂમી. ૧૦ ; ૯, ૧૦. પ્રક. ૩ ; ૫.
સંગતનું કૃત્ય છે, ૧ કરીં. ૧૦ ; ૧૬, ૧૭.
સ્તુતિ તથા આભારનું કૃત્ય છે, લુક ૨૨ ; ૧૯.
ગંભીર તો પણ ખ્રીસ્તના પાછા આવવા સંબંધી મોટેથી બુમ પાડનાર કૃત્ય છે, ૧ કરીં. ૧૧; ૨૬.

આ ભોજન :—
જુદા પડેલા મિત્રની યાદગીરી છે, ૧ કરીં. ૧૧ ; ૨૪.
પાછા આવનાર મિત્રની યાદગીરી છે, ૧ કરીં. ૧૧ ; ૨૬.
સમક્ષતા દેખાડનાર મિત્રની યાદગીરી છે,

ઉપકારસ્તુતિ, ફીલી. ૪ ; ૬. કલો. ૪ ; ૨.
કરવાનાં સબબ બતાવવાં :—
દેવનાં વચનો, ઉત્પ. ૩૨ ; ૯-૧૨. નિર્ગ. ૩૨ ; ૧૩. ૧ રાજા. ૮ ; ૨૬. ગીત. ૧૧૯ ; ૪૯.
દેવનો કરાર, યિર્મે. ૧૪ ; ૨૧.
દેવનું વિશ્વાસુપણું, ગીત. ૧૪૩ ; ૧.
દેવની કૃપા, ગીત. ૫૧ ; ૧. દાની. ૯ ; ૧૮.
દેવનું ન્યાયીપણું, દાની. ૯ ; ૧૬.
તેને માટે વહેલા ઉઠવું, ગીત. ૫ ; ૩ : ૧૧૯ ; ૧૪૭.
તેને માટે ઇશ્વરી શિક્ષણ માગવું, લુક ૧૧ ; ૧.
તેમાં થાકવું નહિ, લુક ૧૮ ; ૧.
તેમાં લાગુ રહેવું, રૂમી. ૧૨ ; ૧૨.
અટકાવો દૂર કરવા, ૧ પીત. ૩ ; ૭.
દુ:ખના સમયમાં કરવી યોગ્ય છે, યશા. ૨૬ ; ૧૬. યાકૂ. ૫ ; ૧૩.
અંત પાસે આવ્યો છે, તે કારણથી, ૧ પીત. ૪ ; ૭.
કરતામાં અંગસ્થિતિ :—
ઉભા રહીને, ૧ રાજા. ૮ ; ૨૨. માર્ક ૧૧ ; ૨૫.
ઘુંટણીએ પડીને, ગીત. ૯૫ ; ૬.
ઘુંટણ ટેકવીને, ૨ કાળ. ૬ ; ૧૩. ગીત. ૯૫ ; ૬. લુક ૨૨ ; ૪૧. પ્રેરિ. ૨૦ ; ૩૬.
ઉંધા પડીને, ગણ. ૧૬ ; ૨૨. યહો. ૫ ; ૧૪. ૧ કાળ. ૨૧ ; ૧૬. માત્થી ૨૬ ; ૩૯.
હાથ પ્રસારીને, યશા. ૧ ; ૧૫.
હાથ ઉંચા કરીને, ગીત. ૨૮ ; ૨. વિલા. ૨ ; ૧૯. ૧ તીમો. ૨ ; ૮.
કરવાને ઉત્તેજન :—
દેવનાં વચન, યશા. ૬૫ ; ૨૪. આમો. ૫ ; ૪. ઝખા. ૧૩ ; ૯.
ખ્રીસ્તનાં વચન, લુક ૧૧ ; ૯, ૧૦. યોહા. ૧૪ ; ૧૩, ૧૪.
પૂર્વકાળે કરેલી ઇશ્વરી સહાય, ગીત. ૪ ; ૧ : ૧૧૬ ; ૨.
કરતા નથી :—
દુષ્ટો, અયૂ. ૨૧ ; ૧૫. ગીત. ૧૦ ; ૪.
ગર્વિષ્ઠો, ગીત. ૧૦ ; ૪.
દુષ્કર્મી, ગીત. ૧૪ ; ૪ : ૫૩ ; ૪.
ઇશ્વરથી દૂર હઠી ગએલા, યશા. ૪૩ ; ૨૨. દાની. ૯ ; ૨૩.
ઢોંગીઓની—દેવને માન્ય નથી, ગીત. ૧૦૯ ; ૭. દૃષ્ટાં. ૧ ; ૨૮ : ૨૮ ; ૯. માત્થી ૬ ; ૫.

પ્રાર્થના એકાંતની—ખ્રીસ્ત નિત્ય કરતો, માત્થી ૧૪ ; ૨૩ : ૨૬ ; ૩૬, ૩૯. માર્ક ૧ ; ૩૫. લુક ૯ ; ૧૮, ૨૯.
આપેલી આજ્ઞા, માત્થી ૬ ; ૬.
ક્યારે કરવી ?—
સવારમાં, ગીત. ૫ ; ૩.
સાંજે, સવારે, બપોરે, ગીત. ૫૫ ; ૧૭. દાની. ૬ ; ૧૦.
આખો દહાડો, ગીત. ૮૬ ; ૩.
રોજરોજ સાત વાર, ગીત. ૧૧૯ ; ૧૬૪.
રાતદિવસ, લુક ૨ ; ૩૭.
સર્વદા, લુક ૧૮ ; ૧.
નિત્ય, ૧ થેસ્સા. ૫ ; ૧૭.
ખ્રીસ્તને નામે કરવી, યોહા. ૧૪ ; ૧૩, ૧૪ : ૧૫ ; ૧૬ : ૧૬ ; ૨૩. એફે. ૫ ; ૨૦.
વિશ્વાસથી કરવી, માત્થી ૨૧ ; ૨૨. માર્ક ૧૧ ; ૧૪. હેબ્રી. ૧૦ ; ૨૨ : ૧૧ ; ૬. યાકૂ. ૧ ; ૬.
આતુરતાથી કરવી, ગીત. ૧૧૯ ; ૫૮. યિર્મે. ૨૯ ; ૧૩. લુક ૧૧ ; ૮. એફે. ૬ ; ૧૮.
નમ્રતા તથા શુદ્ધતાથી કરવી, લુક ૧૮ ; ૧૧. યાકૂ. ૪ ; ૮.
દૃઢ આગ્રહથી કરવી, લુક ૧૮ ; ૧-૭. એફે. ૬ ; ૧૮.
સંભળાય છે, અયૂ. ૨૨ ; ૨૭.
પ્રગટમાં ફળ મળે છે, માત્થી ૬ ; ૬.
તેમ કરવું તે, ઇશ્વર તરફ ફર્યાની સાબિતી છે, પ્રેરિ. ૯ ; ૧૧.
પ્રતિબંધ હોવા છતાં પણ કરવી જોઇએ, દાની. ૬ ; ૧૦.
ઉદાહરણો—લોટ, ઉત્પ. ૧૯ ; ૨૦. અલીએઝેર, ઉત્પ. ૨૪ ; ૧૨. યાકૂબ, ઉત્પ. ૩૨ ; ૯-૧૨. ગિદઓન, ન્યા. ૬ ; ૨૨, ૩૬, ૩૯. હાન્નાહ, ૧ શમૂ. ૧ ; ૧૦. દાઉદ, ૨ શમૂ. ૭ ; ૧૮-૨૯. હિઝકીયાહ, ૨ રાજા. ૨૦ ; ૨.

કેવળ ખ્રીસ્તનું રક્ત શુદ્ધ કરનાર છે, હેબ્રી. ૯; ૧૪: ૧૦; ૨, ૧૦, ૨૨.
તેનો વિશ્વાસ શુદ્ધતામાં રાખો, ૧ તીમો. ૧; ૧૯: ૩; ૯.
ભક્તોને તે નિર્મળ તથા સારી છે, હેબ્રી. ૧૩; ૧૮. ૧ પીત. ૩; ૧૬, ૨૧.
તેના અધિકારને માન્ય કરો, રૂમી. ૧૩; ૫.
તેને અર્થે ધીરજથી સહન કરો, ૧ પીત. ૨; ૧૯.
તેને વિષેની સાક્ષી તે આનંદનું મૂળ છે, ૨ કરીં. ૧; ૧૨. ૧ યોહા. ૩; ૨૧.
બીજાઓને ઠોકરરૂપ ન થાય, રૂમી. ૧૪; ૨૧. ૧ કરીં. ૧૦; ૨૮, ૩૨.
પ્રભુના સેવકોએ પોતાના લોકો આગળ તેને જાહેરમાં પ્રગટ દેખાડવી, ૨ કરીં. ૪; ૨: ૫; ૧૧.
દુષ્ટોની :—
સુકાએલી છે, ૧ તીમો. ૪; ૨.
ભ્રષ્ટ થએલી છે, તીત. ૧; ૧૫.
આત્મિક પ્રકાશ વિના અવળે માર્ગે દોરે છે, પ્રેરિ. ૨૬; ૧. સરખા. પ્રેરિ. ૨૬; ૯.

પ્રેરણા—પવિત્ર આત્માની.
એ સંબંધી ભવિષ્ય, યોએ. ૨; ૨૮. સરખા. પ્રેરિ. ૨; ૧૬-૧૮.
એ થકી સંપૂર્ણ શાસ્ત્ર અપાયું, ૨ તીમો. ૩; ૧૬. ૨ પીત. ૧; ૨૧.
થનાર વાત આગળથી પ્રગટ કરવા, તેની ઇચ્છા ધરવી, પ્રેરિ. ૧; ૧૬: ૩૮; ૨૫.
દેવની ઉંડી વાતો પ્રગટ કરવા, આમો. ૩; ૭. ૧ કરીં. ૨; ૧૦.
સામર્થ્ય પ્રાપ્ત કરવા, મીખા. ૩; ૮. પ્રેરિ. ૧; ૮.
ભક્તોને ચલાવવા, હઝ. ૩; ૨૪, ૨૭. પ્રેરિ. ૧૧; ૧૨: ૧૩; ૨: ૧૬; ૬.
પાપ વિરૂદ્ધ શાક્ષી પૂરવા, ૨ રાજા. ૧૭; ૧૩. નહે. ૯; ૩૦. મીખા. ૩; ૮ યોહા. ૧૬; ૮, ૯.
તેના પ્રકાર:—
અનેક છે, હેબ્રી. ૧; ૧.
ગુપ્ત રીતે, ન્યા. ૧૩; ૨૫. ૨ પીત. ૧; ૨૧.
વાણીદ્વારે, યશા. ૬; ૮. પ્રેરિ. ૮; ૨૯. પ્રક. ૧; ૧૦.
દૃષ્ટાંતદ્વારે, ગણ. ૧૨; ૬. હઝ. ૧૧; ૨૪.
સ્વપ્નદ્વારે, ગણ. ૨; ૬. દાની. ૭; ૧.
ભવિષ્યવાત કહેવા માટે તેની જરૂર, ગણ. ૧૧; ૨૫-૨૭. ૨ કાળ. ૨૦; ૧૪-૧૭.
અનિવાર્ય છે, આમો. ૩; ૮.
ધિક્કારવામાં શાસન, ૨ કાળ. ૩૬; ૧૫, ૧૬. ઝખા. ૭; ૧૨.

પ્રેરિતો—ખ્રીસ્ત સર્વોત્તમ રીતે "પ્રેરિત" કહેવાયો, હેબ્રી. ૩; ૧.
ખ્રીસ્તથી ઠરાવાયા, માર્ક ૩; ૧૪. યોહા. ૧૫; ૧૬.
આ ખિતાબ ખ્રીસ્તથી મળ્યો, લુક ૬; ૧૩.
તેઓ તેડાયા:—
પ્રભુથી, ૧ કરીં. ૧; ૧: ૧૨; ૨૮. ગલા. ૧; ૧, ૧૫, ૧૬.
ખ્રીસ્તથી, માત્થી ૧૦; ૧. માર્ક ૩; ૧૩. પ્રેરિ. ૨૦; ૨૪. રૂમી. ૧; ૫.
પવિત્ર આત્માથી, પ્રેરિ. ૧૩; ૨, ૪.
અભણ માણસો હતા, પ્રેરિ. ૪; ૧૩.
અપ્રસિદ્ધ સ્થળમાંથી પસંદ કરાયા હતા, માત્થી ૪; ૧૮.
પ્રથમ ઇસ્રાએલના ઘરનાંની પાસે મોકલાયા હતા, માત્થી ૧૦; ૫, ૬. લુક ૨૪; ૪૭. પ્રેરિ. ૧૩; ૪૬.
સર્વ દેશજાતિને સુવાર્તા પ્રગટ કરવા મોકલાયા, માત્થી ૨૮; ૧૯, ૨૦. માર્ક ૧૬; ૧૫. ૨ તીમો. ૧; ૧૧.
ખ્રીસ્ત હમેશાં સાથે છે, માત્થી ૨૮; ૨૦.
ખ્રીસ્તનો માત્ર બાહ્ય સ્વીકાર કરવો, એ સંબંધી ચેતવણી, માત્થી ૧૦; ૨૭-૩૩.
પવિત્ર આત્મા અપાયો, યોહા. ૨૦; ૨૨. પ્રેરિ. ૨; ૧-૪: ૯; ૧૭.
પવિત્ર આત્માથી સર્વે સત્યમાં દોરાયા, યોહા. ૧૪; ૨૬: ૧૫; ૨૬: ૧૬; ૧૩.
પ્રતિપક્ષીને પ્રત્યુત્તર દેવા, તેનાથી શિખવાએલા, માત્થી ૧૦; ૧૯, ૨૦. લુક ૧૨; ૧૧, ૧૨.
સુવાર્તાની સેવાને અર્થે ખાસ પસંદ કરાયા, પ્રેરિ. ૬; ૪: ૨૦; ૧૭.
નમ્રતાનો ગુણ અધિક હતો, માત્થી ૨૦; ૨૬, ૨૭. માર્ક ૯; ૩૩-૩૭. લુક ૨૨; ૨૪-૩૦.

ફુટ—જુઓ, તડ.

ફૂલો—ખેતરમાંનાં, જંગલી, ગીત. ૧૦૩ ; ૨૫.
બાગમાં રોપેલાં, સુ. ગી. ૬ ; ૨, ૩.
વર્ણવેલાં છે :—
સુંદર, માત્થી ૬ ; ૨૯.
સુગંધીદાર, સુ. ગી. ૫ ; ૧૩.
હતાં ન હતાં થઇ જનાર, ગીત. ૧૦૩ ; ૧૬. યશા. ૪૦ ; ૮.
વસંતઋતુમાં ખીલે છે, સુ. ગી. ૨ ; ૧૨.
શાસ્ત્રમાં વર્ણવેલાં :—
કમળ, હોશી. ૧૪ ; ૫. માત્થી ૬ ; ૨૮.
ગુલાબ, યશા. ૩૫ ; ૧.
ઘાસનાં ફૂલ, ૧ પીત. ૧ ; ૨૪.
નિચાણની ગુલછડી, સુ. ગી. ૨ ; ૧.
શારોનનું ગુલાબ, સુ. ગી. ૨ ; ૧.
મૂર્તિપૂજામાં તેને કામમાં લેતા, પ્રેરિ. ૧૪; ૧૩.
કૃત્રિમ દેખાવ :—
પિત્તળના બનાવેલા સમુદ્ર, ૧ રાજા. ૭ ; ૨૬. ૨ કાળ. ૪ ; ૫.
મંદિરનાં લાકડા પર નકશી કામ, ૧ રાજા. ૬ ; ૧૮, ૨૯, ૩૨, ૩૫.
સોનાના દીપવૃક્ષ પર, નિર્ગ. ૨૫ ; ૩૧, ૩૩. ૨ કાળ. ૪ ; ૨૧.
લાક્ષણિક રીતે :—
ખ્રીસ્તની કૃપાને, સુ. ગી. ૫ ; ૧૩.
માણસના અલ્પાયુષ્યને, અયૂ. ૧૪ ; ૨. ગીત. ૧૦૩ ; ૧૫.
ઇસ્રાએલના રાજ્યને, યશા. ૨૮ ; ૧.
માણસના વૈભવને, ૧ પીત. ૧ ; ૨૪.
દ્રવ્યવાન માણસોને, યાકૂ. ૧ ; ૧૦, ૧૧.

ફ્રાત કે યુફ્રેતિસ—એદન નદીનો એક ફાંટો, ઉત્પ. ૨ ; ૧૪.
કહેવાય છે :—
નદી, નિર્ગ. ૨૩ ; ૩૧. નહે. ૨ ; ૭. ગીત. ૭૨ ; ૮.
મોટી નદી, ઉત્પ. ૧૫ ; ૧૮. પુન. ૧ ; ૭.
પાણી, યહો. ૨૪ ; ૨.
તેનાં પાણી નિરોગી ગણાતાં, યિર્મે. ૨ ; ૧૮.
વારંવાર કિનારા ઉભરાઈ જતા, યશા. ૮; ૭, ૮.
આશ્શૂરની સરહદ ત્યાં સુધી હતી, ૨ રાજા. ૨૩ ; ૨૯. યશા. ૭ ; ૨૦.
બાબેલ તેના કિનારા પર હતું, યિર્મે. ૫૧ ; ૧૩, ૩૬.
વચનના દેશની છેલ્લામાં છેલ્લી સરહદ, ઉત્પ. ૧૫ ; ૧૮. પુન. ૧ ; ૭ : ૧૧ ; ૨૪.
મિસરનું લશ્કર ત્યાં વિનાશ પામ્યું, યિર્મે. ૪૬ ; ૨, ૧૦, ૧૧.
ગુલામીના યહુદીઓ વારંવાર ત્યાં આવજા કરતા, ગીત. ૧૩૭ ; ૧.
યિર્મેયાહના કમરબંધને ત્યાં આગળ સંતાડવામાં યહુદાહની ગુલામી દર્શાવવામાં આવી, યિર્મે. ૧૩ ; ૩-૯.
બાબેલ પાડી નંખાશે તેની ઉપમા દર્શાવનાર ભવિષ્યવાત, યિર્મે. ૫૧ ; ૬૩.
ભવિષ્યના ન્યાયનો દેખાવ થશે, પ્રક. ૧૬ ; ૧૨.

ફાંસી દેવી—શાસન છે, ઉત્પ. ૪૦ ; ૨૨. ગણ. ૨૫ ; ૪. એસ્તે. ૭ ; ૧૦ : ૯ ; ૧૪.
જેને દેવામાં આવે તે શાપિત, પુન. ૨૧ ; ૨૨. ગલા. ૩ ; ૧૩.
યહુદાએ ફાંસી ખાધી, માત્થી ૨૭ ; ૫. પ્રેરિ. ૧ ; ૧૮.

બકરાં—શુદ્ધ તથા ખાવા લાયક, પુન. ૧૪ ; ૪, ૫.
યજ્ઞના કામમાં લેતા, ઉત્પ. ૧૫ ; ૯. લેવી. ૧૬ ; ૫, ૭.
યજ્ઞના કામમાં નર સારો ગણાતો, લેવી. ૨૨ ; ૧૯. ગીત. ૫૦ ; ૯.
પ્રથમજનિત ખંડી લેવાની મનાઇ, ગણ. ૧૮ ; ૧૭.
યહુદીઓ પાસે મોટાં ટોળાં હતાં, ઉત્પ. ૩૨ ; ૧૪. ૧ શમૂ. ૨૫ ; ૨.
માલીકને માટે બહુ મુલ્યવાન હતાં, દૃષ્ટાં. ૨૭ ; ૨૬.
દૂધ ખોરાકમાં વપરાતું, દૃષ્ટાં. ૨૭ ; ૩૨.
તેનાં નાનાંને :—
લવારૂ કહેતા, ઉત્પ. ૩૭ ; ૩૧. લુક ૧૫ ; ૨૯.
નાની ટોળીમાં રાખતા, ૧ રાજા. ૨૦ ; ૨૭.
તંબુ પાસે ચારતા હતા, સુ. ગી. ૧ ; ૮.

ગરૂડની પાંખવાળો સિંહ, દાની. ૭ ; ૪.
હિઝકીયાહ પાસે તેના તરફથી એલચી આવ્યા, ૨ રાજા. ૨૦ ; ૧૨.
નબૂખાદનેસ્સાર રાજા :—
તેણે યહોઆકીમને ખંડીઓ બનાવ્યો, ૨ રાજા. ૨૪ ; ૧.
યરૂશાલેમને ઘેરો ઘાલ્યો, ૨ રાજા. ૨૪ ; ૧૦, ૧૧.
યહોઆખીનને બંદીવાન કરીને લઇ ગયો, ૨ રાજા. ૨૪ ; ૧૨, ૧૪-૧૬. ૨ કાળ. ૩૬ ; ૧૦.
મંદિર લુંટયું, ૨ રાજા. ૨૪ ; ૧૩.
સિદકીયાહને ગાદીએ બેસાડયો, ૨ રાજા. ૨૪ ; ૧૭.
સિદકીયાહે બળવો કર્યો, ૨ રાજા. ૨૪ ; ૨૦.
યરૂશાલેમને ઘેરો ઘાલીને લઇ લીધું, ૨ રાજા. ૨૫ ; ૧-૪
યરૂશાલેમને બાળી નાખ્યું, ૨ રાજા. ૨૫ ; ૯, ૧૦.
સિદકીયાહને બંદીવાન કરીને બાબેલ લઇ ગયો, ૨ રાજા. ૨૫ ; ૭, ૧૧, ૧૮-૨૧. ૨ કાળ. ૩૬ ; ૩૦.
મંદિર લુંટીને બાળી મૂક્યું, ૨ રાજા. ૨૫ ; ૯, ૧૩-૧૭. ૨ કાળ. ૩૬ ; ૧૮, ૧૯.
યહુદીઓનો બળવો અને તેઓનું શાસન ઉપમારૂપે દર્શાવ્યું છે, હઝ. ૧૭.
તાબે થવા તથા નમી જવા માટે યહુદીઓને સલાહ, યિર્મે. ૨૭ ; ૧૭ : ૨૯ ; ૧-૭.
બાબેલમાં યહુદીઓની વર્તણુક, ૨ રાજા. ૨૫ ; ૨૭-૩૦. દાની. ૧ ; ૩-૭.
બાબેલમાં યહુદીઓની દિલગીરી, ગીત. ૧૩૭ ; ૧-૬.
માદીઓથી પાયમાલી, દાની. ૫ ; ૩૦, ૩૧.
યહુદીઓનો પુનરોદ્ધાર, ૨ કાળ. ૩૬ ; ૨૩. એઝ. ૧ : ૨ ; ૧-૭.
બાબેલમાં સુવાર્તા પ્રગટ કરાઇ, ૧ પીત. ૫ ; ૧૩.
ખ્રીસ્ત વિરોધીની પ્રતિ ઉપમારૂપ, પ્રક. ૧૬ ; ૧૯ : ૧૭ ; ૫.
તેના સંબંધી ભવિષ્યકથન :—
તેના જય સંબંધી, યિર્મે. ૨૧ ; ૩-૧૦ : ૨૭ ; ૨-૬ : ૪૯ ; ૨૮-૩૩. હઝ. ૨૧ ; ૧૯-૩૨ : ૨૯ ; ૧૮-૨૦.
તે યહુદીઓને બંદીવાન કરશે, યિર્મે. ૨૦ ; ૪-૬ : ૨૨ ; ૨૦-૨૬. યિર્મે. ૨૫ ; ૯-૧૧. મીખા. ૪ ; ૧૦.
યહુદીઓનો ત્યાંથી થનાર પુનરોદ્ધાર, યશા. ૧૪ ; ૧-૪ : ૪૪ ; ૨૮ : ૪૮ ; ૨૦. યિર્મે. ૨૯ ; ૧૦ : ૫૦ ; ૪, ૮, ૧૯.
બાબેલના નાશ વિષે, યશા. ૧૩ : ૧૪ ; ૪-૨૨ : ૨૧ ; ૧-૧૦ : ૪૭. યિર્મે. ૨૫ ; ૧૨ : ૫૦ : ૫૧.
સદાને માટે તેનો નાશ થશે, યશા. ૧૩ ; ૧૯-૨૨ : ૧૪ ; ૨૨, ૨૩. યિર્મે. ૫૦ ; ૧૩, ૩૯ : ૫૧ ; ૩૭.
બાબેલમાં સુવાર્તા પ્રગટ કરાશે, ગીત. ૮૭ ; ૪.

બાયડીઓ—વિધર્મી લોકોમાંથી લાવવાની મના, ઉત્પ. ૨૪ ; ૩ : ૨૬ ; ૩૪, ૩૫ : ૨૮ ; ૧.
તેઓનું કર્તવ્ય ધણી પ્રત્યે :—
તેઓ પર પ્રેમ રાખવો, તીત. ૨ ; ૪.
તેઓને માન આપવું, એફે. ૫ ; ૩૩.
તેઓને આધીન રહેવું, ઉત્પ. ૩ ; ૧૬. એફે. ૫ ; ૨૨-૨૪. ૧ પીત. ૩ ; ૧.
તેઓની સાથે વિશ્વાસુપણે વર્તવું, ૧ કરીં. ૭ ; ૩-૫, ૧૦.
આજ્ઞાપાલન કરવું ૧ કરીં. ૧૪ ; ૩૪. તીત. ૨ ; ૪.
આયુષ્યભર સાથે રહેવું, રૂમી. ૭ ; ૨, ૩.
પોતાને શણગારવું :—
ઘરેણાંવસ્ત્રથી નહિ, ૧ તીમો. ૨ ; ૯. ૧ પીત. ૩ ; ૩.
લાજ તથા સુબુદ્ધિથી, ૧ તીમો. ૨ ; ૯.
નમ્ર તથા શાંત આત્માથી, ૧ પીત. ૩ ; ૪, ૫.
સારાં કામથી, ૧ તીમો. ૨ ; ૧૦ : ૫ ; ૧૦.
ડાહી અગર સદ્દગુણી :—
યહોવાહ તરફથી છે, દૃષ્ટાં. ૧૯ ; ૧૪.
યહોવાહની મહેરબાનીનું ચિહ્ન જાણવું, દૃષ્ટાં. ૧૮ ; ૨૨.
ધણીને આશીર્વાદરૂપ છે, દૃષ્ટાં. ૧૨ ; ૪ : ૩૧ ; ૧૦, ૧૨.
ધણીને માનની પદવીએ પહોંચાડે છે, દૃષ્ટાં. ૩૧ ; ૨૩.
ધણી તેના પર ભરોસો રાખે છે, દૃષ્ટાં. ૩૧ ; ૧૧.

ધણીથી વખાણ પામે છે, દ્દષ્ટાં. ૩૧ ; ૨૮.
ધીરજથી ઉદ્યોગી બને છે, દ્દષ્ટાં. ૩૧ ; ૧૩-૨૭.
ગરીબો પ્રત્યે ઉદારતા રાખે છે, દ્દષ્ટાં. ૩૧ ; ૨૦
અવિશ્વાસુ ધણી પ્રત્યેની તેની ફરજ, ૧ કરીં. ૭ ; ૧૩, ૧૪, ૧૬. ૨ પીત. ૩ ; ૧, ૨.
મંડળીમાં છાની રહે છે, ૧ કરીં. ૧૪ ; ૩૪.
ધર્મ બાબતનું શિક્ષણ ધણી પાસેથી લેવું, ૧ કરીં. ૧૪ ; ૩૫.
સેવકની સ્ત્રીએ નમુનારૂપ થવું, ૧ તીમો. ૩ ; ૧૧.
એ સંબંધી લેવીઓના કાયદા, નિર્ગ. ૨૧ ; ૩, ૨૨ : ૨૨ ; ૧૬. ગણ. ૫ ; ૧૨, ૩૦. પુન. ૨૧ ; ૧૦, ૧૫ : ૨૪ ; ૧. યિર્મે. ૩ ; ૧. માત્થી ૧૯ ; ૩.
બિન્યામીની લોકોને મળી, ન્યા. ૨૧.
સારીનાં ઉદાહરણ :—માનોઆહની સ્ત્રી, ન્યા. ૧૩ ; ૧૦. ઓર્પાહ તથા રૂથ, રૂથ ૧ ; ૪, ૮. અબીગાઇલ, ૧ શમૂ. ૨૫; ૩. એસ્તેર, એસ્ત. ૨ ; ૧૫-૧૭. એલીસાબેત, લુક ૧ ; ૬. પ્રિસ્કીલા, પ્રેરિ. ૧૮ ; ૨, ૧૬. સારાહ, ૧ પીત. ૩ ; ૬.
નઠારીનાં ઉદાહરણ - શામશૂનની સ્ત્રી, ન્યા. ૧૪; ૧૫-૧૭. મીખાલ, ૨ શમૂ. ૬ ; ૧૬. ઇઝેબેલ, ૧ રાજા. ૨૧ ; ૨૫. ઝેરેશ, એસ્તે. ૫ ; ૧૪. અયૂબની સ્ત્રી, અયૂ. ૨ ; ૯. હેરોદીઆસ, માર્ક ૬ ; ૧૭. સાફીરા, પ્રેરિ. ૫ ; ૧, ૨.

બાલ અગર બઆલ દેવ— તેની ભક્તિ કરવામાં આવી, ગણ. ૨૨ ; ૪૧. ન્યા. ૨ ; ૧૩ : ૮; ૩૩. ૧ રાજા. ૧૬; ૩૨ : ૧૮; ૨૬. ૨ રાજા. ૧૭ ; ૧૬ : ૧૯ ; ૧૮ : ૨૧ ; ૩. યિર્મે. ૨ ; ૮ : ૭ ; ૯ : ૧૨ ; ૧૬ : ૧૯ ; ૫ : ૨૩ ; ૧૩. હોશી. ૨ ; ૮ : ૧૩ ; ૧. ઇત્ય.
તેની વેદી તથા યાજકનો નાશ ગિદઓને કર્યો, ન્યા. ૬ ; ૨૫.
એલીયાહે નાશ કર્યો, ૧ રાજા. ૧૮ ; ૪૦.
યેહૂએ નાશ કર્યો, ૨ રાજા. ૧૦ ; ૧૮.
યહોયાદાએ નાશ કર્યો, ૨ રાજા. ૧૧ ; ૧૮.
યોશીયાહે કર્યો, ૨ રાજા. ૨૩ ; ૪. ૨ કાળ. ૩૪ ; ૪.

બાલઝબુલ—ભૂતોનો અધિકારી, માત્થી ૧૦ ; ૨૫.
એની મારફતે ખ્રીસ્ત ચમત્કાર કરે છે, એવું દુર્ભાષણ કેટલાએકે કર્યું, માત્થી ૯ ; ૩૪ : ૧૨ ; ૨૪. માર્ક ૩ ; ૨૨. લુક ૧૧ ; ૧૫.

બિન્યામીન કુળ—યાકૂબના બારમા પુત્રનો વંશજ, ઉત્પ. ૩૫ ; ૧૮.
તેના સંબંધમાં ભવિષ્યવાત, ઉત્પ. ૪૯ ; ૨૭. પુન. ૩૩ ; ૧૨.
તેમાંથી માણસ ચુંટી કાઢવામાં આવ્યા :—
વસ્તીગણના કરવા, ગણ. ૧ ; ૧૧.
દેશની જાસુસી કરવા, ગણ. ૧૩ ; ૯.
દેશની વહેંચણ કરવા, ગણ. ૩૪ ; ૨૧.
મિસર છોડતામાં તેઓના બળવાન પુરૂષો, ગણ. ૧ ; ૩૬, ૩૭.
કૂચ કરતામાં તેઓનો વિભાગ ત્રીજા અનુક્રમમાં ચાલતો હતો, ગણ. ૧૦ ; ૨૨, ૨૪.
મંડપથી પશ્ચિમે એફ્રાઇમના વિભાગમાં તેમની છાવણી રહેતી હતી, ગણ. ૨ ; ૧૮-૨૨.
પ્રતિષ્ઠા સમયે તેમનું અર્પણ, ગણ. ૭ ; ૬૦-૬૫.
તેમનાં કુટુંબો, ગણ. ૨૬ ; ૩૮-૪૦.
કનાનમાં પ્રવેશ કરતી વખતે તેમનો જથ્થો, ગણ. ૨૬ ; ૪૧.
આશીર્વાદને માટે આમેન બોલવા સારૂ ગરીઝીમ પહાડ પર ઉભા રહેતા, પુન. ૨૭ ; ૧૨.
વારસાની સરહદ તથા શહેરો, યહો. ૧૮ ; ૧૧-૨૮.
ગોફણ તથા ધનુષ્ય મારવામાં પ્રખ્યાત, ૧ કાળ. ૧૨ ; ૨.
સિસરા વિરૂદ્ધ લડવા આવ્યા, ન્યા. ૫ ; ૧૪.
આમોનપુત્રો તેઓની વિરૂદ્ધ આવ્યા, ન્યા. ૧૦ ; ૯.
ગિબઆહમાં બનેલા અનર્થને કારણે તેમના કુળનો લગભગ નાશ થયો, ન્યા. ૨૦ ; ૧૨-૪૮.
કુળ નાબુદ ન થાય માટે સ્ત્રીઓ મેળવવાની યુક્તિ રચી, ન્યા. ૨૧ ; ૧-૨૩.

ઇસ્રાએલનો પહેલો રાજા તેમાંથી પસંદ કરાયો, ૧ શમૂ. ૯ ; ૧, ૨, ૧૫-૧૭ : ૧૦ ; ૨૦, ૨૧. ૨ શમૂ. ૨ ; ૮-૧૦.
દાઉદ વિરૂદ્ધ શાઉલનું ઘર કંઇક મુદત સુધી વિરૂદ્ધમાં રહ્યું, ૨ શમૂ. ૨ ; ૯, ૧૫, ૨૫, ૩૧.
તેઓમાંના કેટલાએકે દાઉદને મદદ કરી, ૧ કાળ. ૧૨ ; ૧-૭, ૧૬.
શાઉલના ઘરથી ફિતુર કીધું, ૨ શમૂ. ૩ ; ૧૯.
દાઉદના રાજ્યાભિષેક પ્રસંગે તેઓમાંના કેટલાક હાજર હતા, ૧ કાળ. ૧૨ ; ૧૯.
દાઉદ યરૂશાલેમમાં પાછો આવ્યો ત્યારે શિમઇ એક હજાર બિન્યામીની માણસ લઇ મળવા આવ્યો, ૨ શમૂ. ૧૯ ; ૧૬, ૧૭.
દાઉદના સમયમાં તેઓની ગણુના, ૧ કાળ. ૭ ; ૬-૧૨.
તેઓ ઉપર ઠરાવવામાં આવેલા સરદારો, ૧ રાજા. ૪ ; ૧૮. ૧ કાળ. ૨૭ ; ૧૨.
યહુદાને વિશ્વાસુ રહ્યા, ૧ રાજા. ૧૨ ; ૨૧.
યહોશાફાટના લશ્કરમાં તેઓનું સૈન્ય, ૨ કાળ. ૧૭ ; ૧૭.
બંદિપ્રવાસમાંથી પાછા આવ્યા, ને યરૂશાલેમમાં રહ્યા, તે વખતની તેમની વસ્તીગણુના, એઝ. ૧ ; ૫. નહે. ૧૧ ; ૪.
તેમના પ્રખ્યાત પુરૂષો :—
એહુદ, ન્યા. ૩ ; ૧૫.
કીશ, ૧ શમૂ. ૯ ; ૧.
શાઉલ, ૧ શમૂ ૯ ; ૧ : ૧૦ ; ૧.
આબ્નેર, ૧ શમૂ. ૧૪ ; ૫૧ : ૧૭ ; ૫૫.
એલ્હાનાન, ૨ શમૂ. ૨૧ ; ૧૯.
પાઉલ, ફીલી. ૩ ; ૫.

બી—હરેક શાક, ઘાસ તથા ફળમાં પોતાનાં બી છે, ઉત્પ. ૧ ; ૧૧, ૧૨, ૨૯.
પ્રત્યેકને પોતપોતાનું શરીર છે, ૧ કરીં. ૧૫; ૫૮.
વાવવા સંબંધી :—
તેને વાવવાની મોસમને વાવવાની વેળા કહે છે, ઉત્પ. ૮ ; ૨૨.
વવાયા પછી તે ઉત્પાદક થાય એની ખાસ જરૂર છે, યોહા. ૧૨ ; ૨૪. ૧ કરીં. ૧૫ ; ૩૬.
વવાયા પછી બહુ ધીરજની જરૂર છે, સભા. ૧૧ ; ૪, ૬.
વવાયા પછી કેટલોક ભાગ નકામો થઇ જાય છે, માત્થી ૧૩ ; ૪, ૫, ૭.
ઘણી વાર ભયસહિત ધ્યાન રાખે છે, ગીત. ૧૨૬ ; ૫, ૬.
દર વરસે વાવણીનો વખત આવે છે, એમાં પ્રભુના કરારની યાદ રહેલી છે, ઉત્પ. ૮ ; ૨૧, ૨૨.
તેને માટે જમીન ખેડીને તૈયાર કરવી જોઇએ, યશા. ૨૮ ; ૨૪, ૨૫.
ઘણી વાર નદીઓ પાસે વવાય છે, સભા ૧૧ ; ૧. યશા. ૩૨ ; ૨૦.
ઘણી વાર બાળકોના પગે ખુંદાઇ જાય છે, યશા. ૩૨ ; ૨૦.
તેને માટે વરસાદની ખાસ જરૂર છે, યશા. ૫૫ ; ૧૦.
મિસર દેશમાં નહેરોથી પાણી પૂરૂં પાડે છે, પુન. ૧૧ ; ૧૦.
કનાન દેશમાં તેમાંથી પુષ્કળ નિપજ થતી, ઉત્પ. ૨૬ ; ૧૨. સરખા. માત્થી ૧૩ ; ૨૩.
તે સંબંધી મુસાનો નિયમ :—
એકજ ખેતરમાં જુદી જુદી જાતનાં બી વાવવાં નહિ, લેવી. ૧૯ ; ૧૯. પુન. ૨૨ ; ૯.
સુકાં બીને, મુડદા સાથે સ્પર્શ થયો હોય તો પણુ તે શુદ્ધ ગણાય, લેવી. ૧૧ ; ૩૭.
ભીનાં કરેલાં બીને મુડદાનો સ્પર્શ થાય તો તે અશુદ્ધ ગણાય, લેવી. ૧૧ ; ૩૮.
તેનો દશમો ભાગ પ્રભુને અર્પણ કરવો, લેવી. ૨૭ ; ૩૦.
સાબ્બાથ વરસમાં વાવણી કરવી નહિ, લેવી. ૨૫ ; ૪, ૨૦.
જુબિલીના વરસમાં વાવણી કરતા નહિ, લેવી. ૨૫ ; ૧૧.
વાવેલું બી, અને તેમાંથી ઉગેલો છોડ, એ બેની વચમાં જે ભિન્નતા તેની સૂચના, ૧ કરીં. ૧૫ ; ૩૭, ૩૮.
તેના સંબંધમાં યહુદીઓને કરવામાં આવેલી સજા :—
જમીનમાં બી સુકામાં પડી રહે તેવી, યોએ. ૧ ; ૧૭. માલા. ૨ ; ૩.

વધારે વાવે, પણ નિપજ થોડીજ થાય, યશા. ૫ ; ૧૦. હાગા. ૧ ; ૬.
તીડ ઇત્યા૦ પાકને ખાઇ નાખે, પુન. ૨૮ ; ૩૮. યોએ. ૧ ; ૪.
તેમનો પાક શત્રુઓ આવીને કાપી લે, લેવી. ૨૬ ; ૧૬. પુન ૨૮ ; ૩૩, ૫૧.
કાંટાના જાળાંથી દબાઇ જવું, યિર્મે. ૧૨ ; ૧૩. માત્થી ૧૩ ; ૭.
લાક્ષણિક રીતે :—
દેવના વચનને, લુક ૮ ; ૧૧. ૧ પીત. ૧ ; ૨૩.
આત્મિક જીવનને, ૧ યોહા. ૩ ; ૯.
વાવવું—તેનો લાક્ષણિક અર્થ :—
સુવાર્તા પ્રગટ કરવી, માત્થી ૧૩ ; ૩, ૩૨. ૧ કરીં. ૯ ; ૧૧.
લોકોને વિખેરી નાખવા, ઝખા. ૧૦ ; ૯.
ખ્રીસ્તી મોકળાપણું, સભા. ૧૧ ; ૬. ૨ કરીં. ૯ ; ૬.
મનુષ્યનાં અપકર્મો, અયૂ. ૪ ; ૮. હોશી. ૧૦ ; ૧૨. ગલા. ૬ ; ૭, ૮.
ખ્રીસ્તનું મરણ તથા તેનું પરિણામ, યોહા. ૧૨ ; ૨૪.
શબને દફનાવવું, ૧ કરીં. ૧૫ ; ૩૬-૩૮.

બીજી વાર પ્રગટ થવું—ખ્રીસ્તનું, તેને આવવાની વેળા કોઇ જાણતું નથી, માત્થી ૨૪ ; ૩૬. માર્ક ૧૩ ; ૩૨.
કહેવાય છે :—
પ્રભુની હજુરમાંથી તાજગીના સમયો, પ્રેરિ. ૩ ; ૧૯.
સઘળું પુનઃસ્થાપિત કરવાના સમયો, પ્રેરિ. ૩ ; ૨૧. સરખાવો રૂમી. ૮ ; ૨૧.
છેલ્લો કાળ, ૧ પીત. ૧ ; ૫.
ઇસુના પ્રગટ થવાની વેળા, ૧ પીત. ૧ ; ૭.
ઇસુ ખ્રીસ્તની પ્રગટ થવાની વેળા, ૧ પીત. ૧ ; ૧૩.
મોટા દેવ તથા આપણા તારનાર ઇસુ ખ્રીસ્તના મહિમાના પ્રગટ થવાની વેળા, તીત. ૨ ; ૧૩.
દેવના આવવાનો દિવસ, ૨ પીત. ૩ ; ૧૨.
આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તનો દિવસ, ૧ કરીં. ૧ ; ૮.
એ સંબંધી આગળથી કહેવામાં આવ્યું :—
ભવિષ્યવાદીઓથી, દાની. ૭ ; ૧૩. યહુ. ૧૪.
ખ્રીસ્તે પોતે, માત્થી ૨૫ ; ૩૧. યોહા. ૧૪ ; ૩.
પ્રેરિતોએ, પ્રેરિ. ૩ ; ૨૦. ૧ તીમો. ૬ ; ૧૪.
દૂતોએ, પ્રેરિ. ૧ ; ૧૦, ૧૧.
તે સમયના ચિન્હો, માત્થી ૨૪ ; ૩. ઇત્યા૦.
તેના આવવાની રીતિ :—
વાદળોમાં, માત્થી ૨૪ ; ૩૦ : ૨૬ ; ૬૪. પ્રક. ૧ ; ૭.
પોતાના બાપના મહિમાએ, માત્થી ૧૬ ; ૨૭.
પોતાના મહિમામાં, માત્થી ૨૫ ; ૩૧.
બળતી આગમાં, ૨ થેસ્સા. ૧ ; ૮.
પરાક્રમ તથા મોટા મહિમામાં, માત્થી ૨૪ ; ૩૦.
જેમ આકાશમાં ગયો, તેમજ, પ્રેરિ ૧ ; ૯, ૧૧.
સાદથી, પ્રમુખ્ય દૂતની વાણીથી તથા દેવના રણશિંગડાથી, ૧ થેસ્સા. ૪ ; ૧૬.
દૂતો સુદ્ધાં, માત્થી ૧૬ ; ૨૭ : ૨૫ ; ૩૧. માર્ક ૮ ; ૩૮. ૨ થેસ્સા. ૧ ; ૭.
પોતાના સર્વ પવિત્રો સુદ્ધાં, ૧ થેસ્સા. ૩ ; ૧૩. યહુદા ૧૪.
એકાએક, માર્ક ૧૩ ; ૩૬.
જે ઘડીએ ધારતા નથી, તેવામાં, માત્થી ૨૪ ; ૪૪. લુક ૧૨ ; ૪૦.
જેમ રાતમાં ચોર, તે પ્રમાણે, ૧ થેસ્સા. ૫ ; ૨. ૨ પીત. ૩ ; ૧૦. પ્રક. ૧૬ ; ૧૫.
વિજળીની માફક, માત્થી ૨૪ ; ૨૭.
તે વેળાએ આકાશો તથા પૃથ્વી ઇત્યા૦ બાળી નંખાશે, ૨ પીત. ૩ ; ૧૦, ૧૨.
ખ્રીસ્તમાં મુએલા પહેલા ઉઠશે, ૧ થેસ્સા. ૪ ; ૧૬.
તે વખતે જીવતા રહેનાર ભક્તો, તેને મળવા તણાઇ જશે, ૧ થેસ્સા. ૪ ; ૧૭.
પાપનું પ્રાયશ્ચિત્ત કરવા નહિ, હેબ્રી. ૯ ; ૨૮. સરખાવો રૂમી. ૬ ; ૯, ૧૦. હેબ્રી. ૧૦ ; ૧૪.
તેનો ઉદ્દેશ :—
પવિત્રોના તારણની સંપૂર્ણતાને અર્થે, હેબ્રી. ૯ ; ૨૮. ૧ પીત. ૧ ; ૫.
પોતાના પવિત્રોમાં મહિમા પામવા, ૨ થેસ્સા. ૧ ; ૧૦.

વિશ્વાસ કરનારામાં આશ્ચર્ય મનાવા, ૨ થેસ્સા. ૧ ; ૧૦.
અંધકારની ગુપ્ત વસ્તુઓને પ્રગટ કરવા, ૧ કરીં. ૪ ; ૫.
ન્યાય કરવા, ગીત. ૫૦ ; ૩, ૪. સરખાવો યોહા. ૫ ; ૨૨. ૨ તીમો. ૪ ; ૧. યહુદા ૧૫. પ્રક. ૨૦ ; ૧૧-૧૩.
રાજ કરવા, યશા. ૨૪ ; ૧૩ દાની. ૭ ; ૧૪. પ્રક. ૧૧ ; ૧૫.
મરણનો નાશ કરવા, ૧ કરીં. ૧૫ ; ૨૫, ૨૬.
પ્રત્યેક આંખ તેને જોશે, પ્રક. ૧ ; ૭.
તેનું આવવું હમેશાં પાસે છે એમ સમજવું, રૂમી. ૧૩ ; ૧૨. ફીલી. ૪ ; ૫. ૧ પીત. ૪ ; ૭.
એ બાબતમાં તૈયાર રહેનારની ધન્યતા, માત્થી ૨૪ ; ૪૬. લુક ૧૨ ; ૩૭.
ભક્તો :—
તેની ખાતરી રાખે છે, અયૂ. ૧૯ ; ૨૫, ૨૬.
તેનું પ્રગટ થવું ઇચ્છે છે, ૨ તીમો. ૪ ; ૮.
રાહ જુએ છે, ફીલી. ૩ ; ૨૦.
વાટ જુએ છે, તીત. ૨ ; ૧૩. ૧ કરીં. ૧ ; ૭. ૧ થેસ્સા. ૧ ; ૧૦.
અપેક્ષા કરે છે, ૨ પીત. ૩ ; ૧૨.
તેને માટે પ્રાર્થના કરે છે, પ્રક. ૨૨ ; ૨૦.
તૈયાર રહેવું જોઇએ, માત્થી ૨૪ ; ૪૪. લુક ૧૨ ; ૪૦.
જાગતા રહેવું જોઇએ, માત્થી ૨૪ ; ૪૨. માર્ક ૧૩ ; ૩૫-૩૭.
ધીરજ ધરે છે, ૨ થેસ્સા. ૩ ; ૫. યાકૂ. ૫ ; ૭, ૮.
સંભાળી રખાય છે, ફીલી. ૧ ; ૬. ૨ પીત. ૪ ; ૧૮. યહુ. ૨૪.
શરમાશે નહિ, ૧ યોહા. ૨ ; ૨૮ : ૪ ; ૧૭.
નિર્દોષ થશે, ૧ કરીં. ૧ ; ૮. ૧ થેસ્સા. ૩ ; ૧૩ : ૫ ; ૨૩. યહુદા ૨૪.
તેના જેવા થશે, ફીલી. ૩ ; ૨૧. ૧ યોહા. ૩ ; ૨.
જેવો તે છે, તેવો તેને જોશે, ૧ યોહા. ૩ ; ૨.
તેની સાથે મહિમામાં પ્રગટ થશે, કલો. ૪ ; ૩.
ન્યાયીપણાનો મુગટ પામશે, ૨ તીમો. ૪ ; ૮.
મહિમાનો ન ચીમળાનાર મુગટ પામશે, ૧ પીત. ૫ ; ૪.
તેની સાથે રાજ કરશે, દાની. ૭ ; ૨૭. ૨ તીમો. ૨ ; ૧૨. પ્રક. ૫ ; ૧૦ : ૧૦ ; ૬ : ૨૨ ; ૫.
તેઓનો વિશ્વાસ, તે વખતે સ્તુતિને અર્થે થશે, ૧ પીત. ૧ ; ૭.
દુષ્ટો :—
તે વિષે ઠઠ્ઠા કરે છે, ૨ પીત. ૩ ; ૩, ૪.
આવતાં વાર થવાથી જાગૃત રહેતા નથી, માત્થી ૨૪ ; ૪૮, ૪૯.
તેઓ પર ઓચિંતો આવી પડશે, માત્થી ૨૪ ; ૩૭-૩૯. ૧ થેસ્સા. ૫ ; ૩. ૨ પીત. ૩ ; ૧૦.
તે વેળા દંડ પામશે, ૨ થેસ્સા. ૧ ; ૮, ૯.
પાપનું માણસ નાશ પામશે, ૨ થેસ્સા. ૨ ; ૮.
લાક્ષણિક ઉપમા, માત્થી ૨૫ ; ૬. લુક ૧૨. ૩૬, ૩૯ : ૧૯ ; ૧૨, ૧૫.
જુદી જુદી ઉપમાઓદ્વારે કરેલું વર્ણન :—
વર કન્યાને મળવા જાય છે, માત્થી ૨૫ ; ૧-૧૩.
ચુકાદાને સારૂ ધણીનું આવવું, લુક ૧૯ ; ૧૨. માત્થી ૨૪ ; ૪૩-૫૧ : ૨૫ ; ૧૪-૩૦.
કાપણીનો સમય, માત્થી ૧૩ ; ૩૦ પ્રક. ૧૪ ; ૧૫.
દ્રાક્ષની ઋતુ, પ્રક. ૧૪ ; ૧૭-૨૦.
પ્રભાત તથા અરૂણોદય, સુ. ગી. ૨ ; ૧૭ : ૪ ; ૬. ૨ પીત. ૧ ; ૧૯.
હલવાનનું લગ્નજમણ, માત્થી ૨૨ ; ૧-૧૪. પ્રક. ૧૯ ; ૬-૯.
સુખચેનનો સમય, પ્રેરિ. ૩ ; ૧૯.
સઘળાં સંપૂર્ણ કરવાનો સમય, પ્રેરિ. ૩ ; ૨૧. રૂમી. ૮ ; ૨૧.
જુદું પાડવાનો સમય :—
સુવાર્તાની જાળ કિનારે લવાશે ત્યારે, માત્થી ૧૩ ; ૪૭-૫૦.
ઘેટાંપાળક, ઘેટાંને બકરાંથી જુદાં પાડશે ત્યારે, માત્થી ૨૫ ; ૩૧-૪૬.
આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તનો દહાડો, ૧ કરીં. ૧ ; ૮.
તે દહાડો, ૨ તીમો. ૧ ; ૧૨-૧૮ : ૪ ; ૮. માર્ક ૧૩ ; ૩૨.

વિઝએલ, ૨ રાજા. ૯ ; ૧૭.
સવેનેહ, હઝ. ૨૯ ; ૧૦ : ૩૦ ; ૬.
સીલોઅમ, લુક ૧૩ ; ૪.
યરૂશાલેમની આસપાસ ઘણા અને મજબુત તથા શોભાયમાન હતા, ગીત. ૪૮ ; ૧૨.
ઘણી વાર લડાઇમાં પાડી નંખાતા, ન્યા. ૮ ; ૧૭ : ૯ ; ૪૯. હઝ. ૨૬ ; ૪.
ઘણી વાર ઉજાડ કરાતા, યશા ૩૨ ; ૧૪. સફા. ૩ ; ૬.
લાક્ષણિક રીતે :—
ઇશ્વર જે પોતાના લોકોનો રક્ષક તેને, ૨ શમૂ. ૨૨ : ૩, ૫૧. ગીત. ૧૮ ; ૨ : ૬૧ ; ૩.
યહોવાહનું નામ, દૃષ્ટાં. ૧૮ ; ૧૦.
સેવકોને, યિર્મે. ૬ ; ૨૭.
સિયોન પહાડને, મીખા. ૪ ; ૮.
મંડળીની પદવી તથા તેની કૃપાને, સુ. ગી. ૪ ; ૪ : ૭ ; ૪ : ૮ ; ૧૦.
મગરૂરી તથા ગર્વને, યશા. ૨ ; ૧૫ : ૩૦ ; ૨૫.

બેખમીર રોટલી—તે સંબંધીનો નિયમ, નિર્ગ. ૧૨; ૩૯ : ૧૩ ; ૭ : ૨૩ ; ૧૮. લેવી. ૨ ; ૪ : ૭ ; ૧૨ : ૮ ; ૨૬. ગણ. ૬ ; ૧૯.
લાક્ષણિક રીતે, ૧ કરીં. ૫ ; ૭.

બેલ—મૂર્તિ, યશા. ૪૬ ; ૧. યિર્મે. ૫૦ ; ૨.

બોધ (જુઠો)—વિશ્વાસનો ભંગ કરનાર છે, ૨ તીમો. ૨ ; ૧૮.
પ્રભુ ધિક્કારે છે, પ્રક. ૨ ; ૧૪, ૧૫.
અનુચિત તથા વ્યર્થ છે, તીત. ૩ ; ૯. હેબ્રી. ૧૩ ; ૯.
તજી દેવો જોઇએ :—
સેવકોએ, ૧ તીમો. ૧ ; ૪ : ૬ ; ૨૦.
ભક્તોએ, એફે. ૪ ; ૧૪. કલો. ૨ ; ૮.
સર્વ માણસોએ, યિર્મે. ૨૩ ; ૧૬ : ૨૯ ; ૮.
દુષ્ટો તેને ચહાય છે, ૨ તીમો. ૪ ; ૩, ૪.
દુષ્ટો જુઠાઇને સોંપાયા છે, ૨ થેસ્સા. ૨ ; ૧૧.
તેના બોધકો :—
તેઓને મદદ આપવી નહિ, ૨ યોહા. ૧૦.
તેઓને ધિક્કારવા, રૂમી. ૧૬ ; ૧૭, ૧૮.
ધર્મની બાબતમાં ઠપકો પામે છે, ૨ પીત. ૨ ; ૨.
દુરાગ્રહી વાતો બોલે છે, પ્રેરિ. ૨૦ ; ૩૦.
ઘણાને પોતા તરફ ખેંચે છે, ૨ પીત. ૨ ; ૨.
ઘણાને છેતરે છે, માત્થી ૨૪ ; ૫.
પાછલા દિવસોમાં ઘણા થશે, ૧ તીમો. ૪ ; ૧.
ખ્રીસ્તની સુવાર્તાને ઉલટાવે છે, ગલા. ૧; ૬,૭.
ઉઘાડું કરાશે, ૨ તીમો. ૩ ; ૯.
તેના બોધકોનું વર્ણન કરવામાં આવે છે :—
ક્રૂર, પ્રેરિ. ૨૦ ; ૨૯.
કપટ કરનારા, ૨ કરીં. ૧૧ ; ૧૩.
લજામણા, લોભી, તીત. ૧ ; ૧૧. ૨ પીત. ૨ ; ૩.
અભક્ત, યહુ. ૪, ૮.
ગર્વથી ફુલેલા, અજ્ઞાની, ૧ તીમો. ૬ ; ૩, ૪.
મનમાં બગડેલા, પતિત, ૨ તીમો. ૩ ; ૮.
શાસ્ત્રથી તેઓની કસોટી કરાય છે, યશા. ૮ ; ૨૦. ૧ યોહા. ૪ ; ૧.
એવું શિક્ષણ આપનારાઓ પર શાપ આવશે, ગલા. ૧ ; ૮, ૯.
એવું શિક્ષણ આપનારાઓને ફરમાવેલી સજા, મીખા. ૩ ; ૬, ૭. ૨ પીત. ૨ ; ૧, ૩.

બોધ, સુવાર્તા પ્રમાણેનો :—
પ્રભુથી છે. યોહા. ૭ ; ૧૬. પ્રેરિ. ૧૩ ; ૧૨.
શાસ્ત્ર પ્રમાણેનો છે, ૨ તીમો. ૩ ; ૧૬.
સુભક્તિ પ્રમાણેનો છે, ૧ તીમો. ૬ ; ૩. તીત. ૧ ; ૧.
તેનાથી સર્વકાળને માટે અપરાધી ઠરાવાય છે, ૧ તીમો. ૧ ; ૯-૧૧.
બાપની તથા પુત્રની સંગતમાં દોરે છે, ૧ યોહા. ૧ ; ૩. ૨ યોહા. ૯.
પવિત્રાઇમાં દોરે છે, રૂમી. ૬ ; ૧૭-૨૨. તીત. ૨ ; ૧૨.
પોતા પર નિંદા લાવનાર નહિ, ૧ તીમો. ૬ ; ૧. તીત. ૨ : ૫.
સુવાર્તાના સેવકોએ :—
પાળનાર થવું, ૧ તીમો. ૪ ; ૬.
તે પ્રત્યે ધ્યાન દેવું, ૧ તીમો. ૪; ૧૩, ૧૬.
શુદ્ધતામાં પકડી રાખવો, ૨ કરીં. ૨ ; ૧૭. તીત. ૨ ; ૭.
દૃઢતાથી પકડી રાખવો, ૨ તીમો. ૧ ; ૧૩. તીત. ૧ ; ૯.

ધરવાનું કારણ :—
દેવની પવિત્રતા, પ્રક. ૧૫ ; ૪.
દેવનું પરાક્રમ, પુન. ૧૦ ; ૧૨, ૧૭.
દેવની ભલાઇ, ૧ શમૂ. ૧૨ ; ૨૪.
દેવની ક્ષમા, ગીત. ૧૩૦ ; ૪.
દેવનાં ચમત્કારિક કામો, યહો. ૪ ; ૨૩, ૨૪.
દેવનો ન્યાય, પ્રક. ૧૪ ; ૭.
એ ધરવામાં ભક્તનું ખાસ ચિન્હ છે, માલા. ૩ ; ૧૬.
ભક્તોના આનંદતુલ્ય ગણાય છે, ગીત. ૨ ; ૧૧.
તેની અગત્ય છે :—
દેવની ભક્તિ માટે, ગીત. ૫ ; ૭ : ૯૯ ; ૭.
દેવની સેવા માટે, ગીત. ૭; ૧૧. હેબ્રી. ૧૨ ; ૨૮.
પાપ અટકાવવાને, નિર્ગ. ૨૦ ; ૨૦.
યથાર્થ અધિકાર ચલાવવા માટે, ૨ શમૂ. ૨૩ ; ૩.
યથાર્થ ન્યાય કરવા માટે, ૨ કાળ. ૧૯ ; ૬-૯.
પવિત્રપણું પૂર્ણ કરવા માટે, ૨ કરીં. ૭ ; ૧.
જેઓમાં છે :—
તેઓ પર યહોવાહ રાજી રહે છે, ગીત. ૧૪૭; ૧૧.
તેઓ પર યહોવાહ દયા રાખે છે, ગીત. ૧૦૩ ; ૧૩.
તેઓ દેવનો અંગીકાર કરે છે, પ્રેરિ. ૧૦ ; ૩૫.
તેઓ ઇશ્વરથી કૃપા પામે છે, ગીત. ૧૦૩ ; ૧૧, ૧૭. લુક ૧ ; ૫૦.
તેઓ ધન્યતા પામે છે, ગીત. ૧૧૨ ; ૧ : ૧૧૫ ; ૧૩.
તેઓનો દઢ વિશ્વાસ ઇશ્વરમાં છે, ગીત. ૧૧૫ ; ૧૧. દૃષ્ટાં. ૧૪ ; ૨૬.
તેઓ ભુંડાઇથી દૂર રહે છે, ગીત. ૧૬ ; ૬.
તેઓ પવિત્ર બાબતો સંબંધી વાતચિત કરે છે, માલા. ૩ ; ૧૬.
તેઓ મનુષ્યની બીક રાખતા નથી, યશા. ૮; ૧૨, ૧૩. માત્થી ૧૦ ; ૨૮.
તેઓનાં નામ યાદીના પુસ્તકમાં લખાય છે, માલા. ૩ ; ૧૬.
તેઓની ઇચ્છા પરિપૂર્ણ કરાય છે, ગીત. ૧૪૫ ; ૧૯.
તેઓનું આયુષ્ય દીર્ઘ થાય છે, દૃષ્ટાં. ૧૦ ; ૨૭.
તેને માટે :—
પ્રાર્થના કરવી, ગીત. ૮૬ ; ૧૧.
આપણાં કામમાં પ્રગટ દેખાડવું, કલો. ૩ ; ૨૨.
હમેશાં રાખવું, પુન. ૧૪ ; ૨૩. યહો. ૪ ; ૨૪. દૃષ્ટાં. ૨૩ ; ૧૭.
આપણી આશાના પ્રત્યુત્તર દેવામાં પ્રગટ કરવું, ૧ પીત. ૩ ; ૧૫.
બીજાઓને શિક્ષણ આપવું, ગીત. ૩૪ ; ૧૧.
ભય ધરવામાં રહેલો ફાયદો, દૃષ્ટાં. ૧૫ ; ૧૬ : ૧૯ ; ૨૩. સભા. ૮ ; ૧૨, ૧૩.
દુષ્ટો તે રહિત છે, ગીત. ૩૬ ; ૧. દૃષ્ટાં. ૧ ; ૨૯. યિર્મે. ૨ ; ૧૯. રૂમી. ૩ ; ૧૮.
ધરનારનાં ઉદાહરણ-ઇબ્રાહીમ, ઉત્પ. ૨૨ ; ૧૨. યુસફ, ઉત્પ. ૩૯ ; ૯ : ૪૨ ; ૧૮. ઓબાધાહ, ૧ રાજા. ૧૮; ૧૨. નહેમ્યાહ, નહે. ૫ ; ૧૫. અયૂબ, અયૂ. ૧ ; ૧, ૮. પ્રાચિન ખ્રીસ્તીઓ, પ્રેરિ. ૯ ; ૩૧. કરનેલ્યસ, પ્રેરિ. ૧૦ ; ૨. નુહ, હેબ્રી. ૧૧ ; ૭.

ભરોસો—ઇશ્વર તેને અર્થે ખરૂં મૂળ છે, ગીત. ૬૫ ; ૫.
દેવના ભયથી ઉપજે છે, દૃષ્ટાં. ૧૪ ; ૨૬.
રાખવાનાં કારણો :—
યહોવાહ સર્વકાળનો ખડક છે માટે, યશા. ૨૬ ; ૪.
પરમેશ્વર ઉત્તમ છે માટે, નહૂ. ૧ ; ૭.
દેવની દયા, ગીત. ૩૬ ; ૭.
દ્રવ્યરૂપ સર્વનો આપનાર છે, ૧ તીમો. ૬ ; ૧૭.
આપણે માટે ઇશ્વરની કાળજી, ૧ પીત. ૫ ; ૭.
છુટકારો કર્યા કરે છે, ગીત. ૯ ; ૧૦. ૨ કરીં. ૧ ; ૧૦.
સંપૂર્ણ હૃદયથી રાખવો, દૃષ્ટાં. ૩ ; ૫.
બાળપણથી રાખવો, ગીત. ૭૧ ; ૫.
ભક્તોનો :—
દેહ પર નથી, ફીલી. ૩ ; ૩, ૪.
પોતા પર નથી, ૨ કરીં. ૧ ; ૯.
પોતાના શસ્ત્ર પર નથી, ૧ શમૂ. ૧૭ ; ૩૮, ૩૯, ૪૫. ગીત. ૪૩ ; ૩. ૨ કરીં. ૧૦ ; ૪.

પરમેશ્વર પર છે, ગીત. ૧૧ ; ૧ : ૩૧ ; ૧૪. ૧ કરીં. ૧ ; ૯.
દેવનાં વચન પર છે, ગીત. ૧૧૯ ; ૪૨.
દેવની દયા પર છે, ગીત. ૧૩ ; ૫ : ૫૨ ; ૮.
ખ્રીસ્તમાં છે, એફે. ૩ ; ૧૨.
ખ્રીસ્ત વડે છે, ૨ કરીં. ૩ ; ૪.
દેવના કરાર પર છે, ૨ શમૂ. ૨૩ ; ૫.
મરણની ખીણમાં અચળ છે, ગીત. ૨૩ ; ૪.
સ્થિર છે, ૨ શમૂ. ૨૨ ; ૩. ગીત. ૧૧૨ ; ૭.
બદલાય નહિ તેવો છે, અયૂ. ૧૩ ; ૧૫.
દુષ્ટો તેની નિંદા કરે છે, યશા. ૩૬ ; ૩, ૭.
અક્ષય છે, ગીત. ૫૨ ; ૮ : ૬૨ ; ૮. યશા. ૨૬ ; ૪.

ભક્તો, પ્રાર્થનામાં માગણી કરે છે, ગીત. ૨૫ ; ૨૦ : ૩૧ ; ૧ : ૧૪૧ ; ૮.
જેનામાં છે તેને યહોવાહ જાણે છે, નાહૂ. ૧ ; ૭.
એ સંબંધી આપેલો સુબોધ, ગીત. ૪ ; ૫ : ૧૧૫ ; ૯-૧૧.

દોરે છે :—
કૃપાથી ઘેરાવા તરફ, ગીત. ૩૨ ; ૧૦.
સંપૂર્ણ સમાધાન તરફ, યશા. ૨૬ ; ૩.
સર્વ દૈહિક તથા આત્મિક આશીર્વાદો તરફ, યશા. ૫૭ ; ૧૩.
સુખ પામવા તરફ, દષ્ટાં. ૧૬ ; ૨૦.
પ્રભુમાં આનંદ પામવા તરફ, ગીત. ૫ ; ૧૧ : ૩૩ ; ૨૧.
સર્વ આત્મિક તૃષ્ણાની તૃપ્તિ તરફ, ગીત. ૩૭ ; ૫.
શત્રુઓથી છુટકો પામવા તરફ, ગીત. ૩૭ ; ૪૦.
ભયના સમયમાં સહિસલામતી તરફ, દષ્ટાં. ૨૯ ; ૨૫.
નિત્યની દઢતા તરફ, ગીત. ૧૨૫ ; ૧.
આબાદી તરફ, દષ્ટાં. ૨૮ ; ૨૫.

સંભાળી રાખે છે :—
ભયથી, ગીત. ૫૬ ; ૧૧. યશા. ૧૨ ; ૨. હેબ્રી. ૧૩ ; ૬.
ડગવાથી, ગીત. ૨૬ ; ૧.
દોષિત ઠરવાથી, ગીત. ૩૪ ; ૨૨.

ભલું કરવા તરફ દોરે છે, ગીત. ૩૭ ; ૩.

ઇશ્વર પર રાખનારની ધન્યતા, ગીત. ૨ ; ૧૨ : ૩૪ ; ૮ : ૪૦ ; ૪. યિર્મે. ૧૭ ; ૭.

દુષ્ટોનો :—
પરમેશ્વર પર નથી, ગીત. ૭૮ ; ૨૨. સભા. ૩ ; ૨.
મૂર્તિઓ પર છે, યશા. ૪૨ ; ૧૭. હબા. ૨ ; ૧૮.
માણસ પર છે, ન્યા. ૯ ; ૨૬. ગીત. ૧૧૮ ; ૮, ૯.
પોતાના હૃદય પર છે, દષ્ટાં. ૨૮ ; ૨૬.
પોતાના ન્યાયીપણા પર છે, લુક ૧૮ ; ૯, ૧૨.
વ્યર્થતામાં છે, અયૂ. ૧૫ ; ૩૧. યશા. ૫૯ ; ૪.
જુઠ પર છે, યશા. ૨૮ ; ૧૫. યિર્મે. ૧૩ ; ૨૫.
જગિક સંબંધ પર છે, યશા. ૩૦ ; ૨. હઝ. ૧૭ ; ૧૫.
કોટવાળાં નગર પર છે, યિર્મે. ૫ ; ૧૭.
રથ તથા ઘોડા પર છે, ગીત. ૨૦ ; ૭.
દ્રવ્ય પર છે, ગીત. ૪૯ ; ૬ : ૫૨ ; ૭. દષ્ટાં. ૧૧ ; ૨૮. યિર્મે. ૪૮ ; ૭. માર્ક ૧૦ ; ૨૪.
વ્યર્થ તથા ફોકટ છે, યશા. ૩૦ ; ૭. યિર્મે. ૨ ; ૩૭.
તેઓને લજ્જિત બનાવશે, યશા. ૨૦ ; ૫ : ૩૦ ; ૩, ૫. યિર્મે. ૪૮ ; ૧૩.
નાશ પામશે, અયૂ. ૧૮ ; ૧૪. યશા. ૨૮ ; ૧૮.

ખોટો રાખનારને હાય હાય, યશા. ૩૦ ; ૧, ૨ : ૩૧ ; ૧-૩. યિર્મે. ૧૭ ; ૫.
ભક્તોનો લાક્ષણિકરૂપે બતાવ્યો છે, ગીત. ૯૧ ; ૧૨. દષ્ટાં. ૧૮ ; ૧૦.
દુષ્ટોનો લાક્ષણિકરૂપે બતાવ્યો છે, ૨ રાજા. ૧૮ ; ૨૧. અયૂ. ૮ ; ૧૪.
ભક્તોનો—ઉદાહરણ—દાઉદ, ૧ શમૂ. ૧૭ ; ૪૫ : ૩૦ ; ૬. હિઝકીયાહ, ૨ રાજા. ૧૮ ; ૫. યહોશાફાટ, ૨ કાળ. ૨૦ ; ૧૨. શાદ્રાખ, ઇત્યo દાની. ૩ ; ૨૮. પાઉલ, ૨ તીમો. ૧ ; ૧૨.
દુષ્ટોનો—ઉદાહરણ—ગોલ્યાથ, ૧ શમૂ. ૧૭ ; ૪૩-૪૫. બેન-હદાદ, ૧ રાજા. ૨૦ ; ૧૦. સાન્હેરીબ, ૨ કાળ. ૩૨ ; ૮. ઇસ્રાએલીઓ, યશા. ૩૧ ; ૧.

નિયમિત રીતના :—
ઇસ્રાએલમાં ઘણા હતા, ૧ શમૂ. ૧૦ ; ૫. ૧ રાજા. ૧૮ ; ૪.
શાળામાં તેમને કેળવણી અપાતી, ૧ રાજા. ૨ ; ૩, ૫. સરખાવો ૧ શમૂ. ૨૯ ; ૨૦.
યહુદીઓમાં ધાર્મિક સંબંધના બારોટ જેવા હતા, નિર્ગ. ૧૫ ; ૨૦, ૨૧. ૧ શમૂ. ૧૦ ; ૫, ૧૦. ૧ કાળ. ૨૫ ; ૧.
અનિયમિત રીતના :—
જરૂરના પ્રસંગમાં ખાસ ઉભા કીધા, ૧ શમૂ. ૩ : ૧૯-૨૧. યશા. ૬ ; ૮. યિર્મે. ૧ ; ૫.
ઘણી વાર અજાયબ પરાક્રમથી ભરપૂર હતા, નિર્ગ. ૪ ; ૧-૪. ૧ રાજા. ૧૭ ; ૨૩. ૨ રાજા. ૫ ; ૩-૮.
તેઓમાંના કેટલાક લગ્ન કરેલા હતા, ૨ રાજા. ૪ ; ૧. હઝ. ૨૪ ; ૧૮.
બાલનાં બનાવેલાં કપડાં પહેરતા, ૨ રાજા. ૧ ; ૮ ઝખા. ૧૩ ; ૪. માત્થી ૩ ; ૪.
ઘણી વાર પોતાનું જીવન ત્યાંત્યાં ફરીને પૂરૂં કરતા, ૧ રાજા. ૧૮ ; ૧૦-૧૨ : ૧૯ ; ૩, ૮, ૧૫. ૨ રાજા. ૪ ; ૧૦.
સાદું જીવન ગાળનારા હતા, માત્થી ૩ ; ૪.
યહુદી કોમનો ઇતિહાસ લખનારા હતા, ૧ કાળ. ૨૯ ; ૨૯. ૨ કાળ. ૯ ; ૨૯.
સ્વપ્નોનો ખુલાસો આપતા, દાની. ૧ ; ૧૭.
મુશ્કેલીના પ્રસંગમાં સલાહ પૂછાતી, ૧ શમૂ. ૯ ; ૬ : ૨૮ ; ૧૫. ૧ રાજા. ૧૪ ; ૨-૪ : ૨૨ ; ૭.
સલાહ પૂછવા આવનારા નજરાણાં લાવતા, ૧ શમૂ. ૯ ; ૭, ૮. ૧ રાજા. ૧૪ ; ૩.
કેટલીક વાર સલાહ માગનાર પાસે જાતે હાજર થતા નહિ, ૨ રાજા. ૫ ; ૧૫, ૧૬.
મોકલવામાં આવ્યા :—
દુષ્ટાઇ જાહેર કરવા તથા પસ્તાવાની સલાહ આપવા, ૨ રાજા. ૧૭ ; ૧૩. ૨ કાળ. ૨૪ ; ૧૯. યિર્મે. ૨૫ ; ૪, ૫.
રાજાઓને તેઓની ભુંડાઇને કારણે ઠપકો આપવા, ૧ શમૂ. ૧૫ ; ૧૦, ૧૬-૧૯. ૨ શમૂ. ૧૨ ; ૭-૧૨. ૧ રાજા. ૧૮ ; ૧૮ : ૨૧ ; ૧૭-૨૨.
પ્રભુની સેવામાં વિશ્વાસુ તથા નિરંતર રહેવાનો સુબોધ આપવા, ૨ કાળ. ૧૫ ; ૧, ૨, ૭.
ખ્રીસ્તના આવવા સંબંધીની ખબર અગાઉથી આપવા, લુક ૨૪ ; ૨૪. યોહા. ૧ ; ૪૫. પ્રેરિ. ૩ ; ૨૪ : ૧૦ ; ૪૩.
દેશજાતિઓની પડતી સંબંધી ખબર આપવા, યશા. ૧૫ ; ૧ : ૧૭ ; ૧. યિર્મે. ૪૭-૫૧.
જે આવનાર સંકટો ભાખતા તેને કારણે ઘણી વાર પોતાનો શોક બતાવતા હતા, યશા. ૧૬ ; ૯-૧૧. યિર્મે. ૯ ; ૧-૭.
ભવિષ્યકથનો પ્રગટ કરતા :—
પ્રભુના ઘરના આંગણા આગળ, યિર્મે. ૭ ; ૨.
શહેરમાં તથા મહોલ્લામાં, યિર્મે. ૧૧ ; ૬.
પાટીઆ પર લખીને અમુક સ્થળે ચોઢતા, હબા. ૨ ; ૨.
પુસ્તકના આકારમાં લખીને લોકોને વાંચી સંભળાવતા, યશા. ૮ ; ૧. યિર્મે. ૩૬ ; ૨.
તેઓનું બોલેલું સંપૂર્ણ થતું, ૨ રાજા. ૧૦ ; ૧૦. યશા. ૪૪ ; ૨૬. પ્રેરિ. ૩ ; ૧૮. પ્રક. ૧૦ ; ૭.
યહુદી દેશજાતિના મહાન કાર્યમાં સામેલ થતા હતા, એઝ. ૫ ; ૨.
શાસ્ત્રમાં વર્ણવેલા :—
હનોખ, ઉત્પ. ૫ ; ૨૧-૨૪. સરખા. યહુદા ૧૪.
નુહ, ઉત્પ. ૯ ; ૨૫-૨૭.
યાકૂબ, ઉત્પ. ૪૯ ; ૧.
હારૂન, નિર્ગ. ૭ ; ૧.
મુસા, પુન. ૧૮ ; ૧૮.
મરિયમ, નિર્ગ. ૧૫ ; ૨૦.
દબોરાહ, ન્યા. ૪ ; ૪.
ઇસ્રાએલમાં મોકલાએલો, ન્યા. ૬ ; ૮.
એલી પાસે મોકલાએલો, ૧ શમૂ. ૨ ; ૨૭.
શમૂએલ, ૧ શમૂ. ૩ ; ૨૦.
દાઉદ, ગીત. ૧૬ ; ૮-૧૧. સરખા. પ્રેરિ. ૨ ; ૨૫, ૩૦.
નાથાન, ૨ શમૂ. ૭ ; ૨ : ૧૨ ; ૧. ૧ રાજા. ૧ ; ૧૦.
સાદોક, ૨ શમૂ. ૧૫ ; ૨૭.
ગાદ, ૨ શમૂ. ૨૪ ; ૧૧. ૧ કાળ. ૨૯ ; ૨૯.

અહીયાહ, ૧ રાજા. ૧૧ ; ૨૯ : ૧૨ ; ૧૫. ૨ કાળ. ૯ ; ૨૯.
યહુદાહનો ભવિષ્યવાદી, ૧ રાજા. ૧૩ ; ૧.
ઇદ્દો, ૨ કાળ. ૯ ; ૨૯ : ૧૫ ; ૧૫.
શમાયાહ, ૧ રાજા. ૧૨ ; ૨૨. ૨ કાળ. ૧૨ ; ૭, ૧૫.
ઓદેદનો પુત્ર અઝાર્યાહ, ૨ કાળ. ૧૫ ; ૨, ૮.
હનાની, ૨ કાળ. ૧૬ ; ૭.
હનાનીનો દીકરો યેહૂ, ૧ રાજા. ૧૬ ; ૧, ૭, ૧૨.
એલીયાહ, ૧ રાજા. ૧૭ ; ૧.
એલીશા, ૧ રાજા. ૧૯ ; ૧૬.
યિમ્લાનો પુત્ર મિખાયાહ, ૧ રાજા. ૨૨ ; ૭, ૮.
યૂના, ૨ રાજા. ૧૪ ; ૨૫. યૂના ૧ ; ૧. માત્થી ૧૨ ; ૩૯.
યશાયાહ, ૨ રાજા. ૧૯ ; ૨. ૨ કાળ. ૨૬ ; ૨૨. યશા. ૧ ; ૧.
હોશીઆ, હોશી. ૧ ; ૧.
આમોસ, આમો. ૧ ; ૧ : ૭ ; ૧૪, ૧૫.
મીખાહ, મીખા. ૧ ; ૧.
ઓદેદ, ૨ કાળ. ૨૮ ; ૯.
નાહૂમ, નાહૂ. ૧ ; ૧.
યોએલ, યોએ. ૧ ; ૧. પ્રેરિ. ૨ ; ૧૬.
સફાન્યાહ, સફા. ૧ ; ૧.
હુલ્દાહ, ૨ રાજા. ૨૨ ; ૧૪.
યદૂથુન, ૨ કાળ. ૩૫ ; ૧૫.
યિર્મેયાહ, ૨ કાળ. ૩૬ ; ૧૨, ૨૧. યિર્મે. ૧ ; ૧, ૨.
હબાક્કૂક, હબા. ૧ ; ૧.
ઓબાદ્યાહ, ઓબા. ૧ ; ૧.
હઝકીએલ, હઝ. ૧ ; ૩.
દાનીએલ, દાની. ૧૨ ; ૧૧. સરખાવો માત્થી ૨૪ ; ૧૫.
હાગ્ગાય, એઝ. ૫ ; ૧ : ૬ ; ૧૪. હાગ્ગા. ૧ ; ૧.
ઇદ્દોનો પુત્ર ઝખાર્યાહ, એઝ. ૫ ; ૧. ઝખા. ૧ ; ૧.
માલાખી, માલા. ૧ ; ૧.
યોહાનનો બાપ ઝખાર્યાહ, લુક ૧ ; ૬૭.
આન્ના, લુક ૨ ; ૩૬.
આગાબસ, પ્રેરિ. ૧૧ ; ૨૮ : ૨૧ ; ૧૦.
ફીલીપની દીકરીઓ, પ્રેરિ. ૨૧ ; ૯.
પાઉલ, ૧ તીમો. ૪ ; ૧.
પીતર, ૨ પીત. ૨ ; ૧, ૨.
યોહાન, પ્રક. ૧ ; ૧.

રાજાની પાસે એક ભવિષ્યવાદી ખાસ રહેતો, ૨ શમૂ. ૨૪ ; ૧૧. ૨ કાળ. ૨૯ ; ૨૫ : ૩૫ ; ૧૫.

યહુદી લોકો :—
તેઓનું સાંભળવા તથા માનવા બંધાયલા હતા, પુન. ૧૮ ; ૧૫. સરખાવો ૨ કાળ. ૨૦ ; ૨૦.
જે જે બાબતો અગાઉ કહેવાએલી તેનું સ્પષ્ટિકરણ લોકોને આપતા, ૧ રાજા ૨૨ ; ૧૩. યશા. ૩૦ ; ૧૦. આમો. ૨ ; ૧૨.
તેઓની સતાવણી કરતા, ૨ કાળ. ૩૬ ; ૧૬. માત્થી ૫ ; ૧૨.
ઘણી વાર તેઓને બંદીખાને નાખતા, ૧ રાજા. ૨૨ ; ૨૭. યિર્મે. ૩૨ ; ૨ : ૩૭ ; ૧૫, ૧૬.
ઘણી વાર મારી નાખતા, ૧ રાજા. ૧૮ ; ૧૩ : ૧૯ ; ૧૦. માત્થી ૨૩ ; ૩૪-૩૭.
પાપને કારણે સંદર્શન થતાં નહિ, ૧ શમૂ. ૩ ; ૧. ગીત. ૭૪ ; ૯. આમો. ૮ ; ૧૧, ૧૨.

વિશ્વાસમાં પરાક્રમી હતા, હેબ્રી. ૧૧ ; ૩૨-૪૦.
સંકટમાં બહુ ધીરજવાન હતા, યાકૂ. ૫ ; ૧૦.
તેઓ પ્રત્યે દર્શાવેલી ક્રુરતાનો બદલો યહોવાહ લેતો હતો, ૨ રાજા. ૯ ; ૭. ૧ કાળ. ૧૬ ; ૨૧, ૨૨. માત્થી ૨૩ ; ૩૫-૩૮. લુક ૧૧ ; ૫૦.
ખ્રીસ્ત ભવિષ્યવાદી થશે, એવી અગમસૂચના કરવામાં આવી, પુન. ૧૮ ; ૧૫. સરખાવો પ્રેરિ. ૩ ; ૨૨.
ખ્રીસ્ત ભવિષ્યવાદી હતો, માત્થી ૨૪. માર્ક ૧૦ ; ૩૨-૩૪.

ભવિષ્યવાદીઓ, જુઠા–ઇશ્વર તરફથી છીએ, એવો ઢોંગ કરનારા, યિર્મે. ૨૩ ; ૧૭, ૧૮, ૩૧.

મૂર્ખાઇ ભણી પાછા ફરવું, ગીત. ૮૫ ; ૮.
(જાદુના સામર્થ્ય વડે) મોહિત થવું, ગલા. ૩ ; ૧.
ખ્રીસ્ત ભણીનું ભોળાપણું તથા શુદ્ધતા મૂકી દેવાં, ૨ કરીં. ૧૧ ; ૩.
લપસી જવું (ચુકવું), યાકૂ. ૩ ; ૨. ગીત. ૧૭ ; ૫.
અકસ્માત અપરાધમાં આવી પડવું, ગલા. ૬ ; ૧.
ચુકવું, ૧ તીમો. ૧ ; ૬.
ભટકવું, યિર્મે. ૧૪ ; ૧૦.
આંધળાની માફક, વિલા. ૪ ; ૧૪.
ભુલા પડેલા ઘેટાની માફક, યશા. ૫૩ ; ૬.
પૂઠ ફેરવવી, ઝખા. ૭ ; ૧૧.

જુદી જુદી ઉપમાઓ વડે દર્શાવ્યું છે :—
વાંકા ધનુષ્યના બાણ, ગીત. ૭૮ ; ૫૭. હોશી. ૪ ; ૧૬.
હઠીલી વાછરડી, હોશી. ૪ ; ૧૬.
વિશ્વાસઘાતી સ્ત્રી, યિર્મે. ૩ ; ૨. હઝ. ૧૬. હોશી. ૧ ; ૩.
ખરા દ્રાક્ષના વેલામાં નહિ રહેનારી ડાળી, યોહા. ૧૫ ; ૬.
નિ:સ્વાદ મીઠું, માત્થી ૫ ; ૧૩.
ખોવાએલું તથા ભટકતું ઘેટું, યિર્મે. ૧ ; ૬. હઝ. ૩૪ ; ૬. ૧ પીત. ૨ ; ૨૫.
ધુંઆતુ શણ, માત્થી ૧૨ ; ૨૦.
પોતાનો હાથ હળ પર મૂકીને પાછળ જોવું, લુક ૯ ; ૬૨.
ઉતમ દ્રાક્ષવેલો નકામો થયો, યિર્મે. ૨ ; ૨૧.
કુતરૂં પોતાની ઓકની ગમ પાછું ફર્યું, ધોએલી ભુંડણ કાદવમાં આળોટવા ફરી, ૨ પીત. ૨ ; ૨૨.

એવાઓ પ્રત્યે દેવ નારાજ થાય છે, ગીત. ૭૮ ; ૫૭, ૫૯.
તે સંબંધી ચેતવણી, ગીત. ૮૫ ; ૮. ૧ કરીં. ૧૦ ; ૧૨.
ગુનોહ તથા પરિણામ, ગણ. ૧૪ ; ૪૩. ગીત ૧૨૫ ; ૫. યશા. ૫૯ ; ૨, ૯, ૧૧. યિર્મે. ૫ ; ૬ : ૮ ; ૫, ૧૩ : ૧૫ ; ૬. લુક ૯ ; ૬૨.
પોતે પોતા પર શિક્ષા લાવે છે, દષ્ટાં. ૧૪ ; ૧૪. યિર્મે. ૨ ; ૧૯.
અહંકારી આત્મા તેમાં દોરનાર છે, દષ્ટાં. ૧૬ ; ૧૮.
તેથી પાછા ફરવાને ચેતવણી, ૨ કાળ. ૩૦ ; ૬. યશા. ૩૧ ; ૬. યિર્મે. ૩ ; ૧૨. હોશી. ૬ ; ૧.
પ્રાર્થનાદ્વારે પાછા ફરાય છે, ગીત. ૮૦ ; ૩ : ૮૫ ; ૪. વિલા. ૫ ; ૨૧.
એ પાપના પરીક્ષણમાં બીજાને દોરનારને શિક્ષા, દષ્ટાં. ૨૮ ; ૧૦. માત્થી ૧૮ ; ૬.
આશારહિત નથી, ગીત. ૩૭ ; ૨૪. દષ્ટાં. ૨૪ ; ૧૬.
આ પાપમાં પડેલાને યથાસ્થિત કરવા પ્રયત્ન કરો, ગલા. ૬ ; ૧. યાકૂ. ૫ ; ૧૯, ૨૦.
આ પાપ કબુલ કરવું, યશા. ૫૯ ; ૧૨-૧૪. યિર્મે. ૩ ; ૧૩, ૧૪ : ૧૪ ; ૭, ૯.
માફીનું વચન છે, ૨ કાળ. ૭ ; ૧૪. યિર્મે. ૩ ; ૧૨ : ૩૧ ; ૨૦ : ૩૬ ; ૩.
સમા કરવાનું વચન છે, યિર્મે. ૩ ; ૨૨. હોશી. ૧૪ ; ૪.
સમા કરવા સતાવણી મોકલાય છે, હોશી. ૫ ; ૧૫.
જેઓ તેથી દૂર રહે છે તેઓની ધન્યતા, દષ્ટાં. ૨૮ ; ૧૪. યશા. ૨૬ ; ૩, ૪. કલો. ૧ ; ૨૧-૨૩.
ભક્તો તિરસ્કાર કરે છે, ગીત. ૧૦૧ ; ૩.

ઉદાહરણો—ઇસ્રાએલીઓ, નિર્ગ. ૩૨ ; ૮. નહે. ૯ ; ૨૬. યિર્મે. ૩ ; ૧૧. હોશી. ૪ ; ૧૬ : ૧૧ ; ૭. શાઉલ, ૧ શમૂ. ૧૫ ; ૧૧. સુલેમાન, ૧ રાજા. ૧૧ ; ૩, ૪. પીતર, માત્થી ૨૬ ; ૭૦-૭૪. ગલા. ૨ ; ૧૪.

ભાઇઓ—તેઓનું પરસ્પરનું કર્તવ્ય :—
પ્રીતિ કરવી, યોહા. ૧૩ ; ૩૪ : ૧૫ ; ૧૨. રૂમી. ૧૨ ; ૧૦. ૧ થેસ્સા. ૪ ; ૯. હેબ્રી. ૧૩ ; ૧. ૧ પીત. ૧ ; ૨૨ : ૩ ; ૮. ૧ યોહા. ૨ ; ૯.
ઐક્યતામાં રહેવું, ઉત્પ. ૧૩ ; ૮. ગીત. ૧૩૩. ૧ કરીં. ૬ ; ૭.
ક્ષમા કરવી, ઉત્પ. ૫૦ ; ૧૭. માત્થી ૧૮ ; ૨૧.
પરોપકાર કરવો, પુન. ૧૫ ; ૭. માત્થી ૨૫ ;

અન્યાય કરવા, હબા. ૧ ; ૩, ૪.
દંગો તથા પ્રત્યે કુકર્મ કરવા, યાકૂ. ૩ ; ૧૬.
બલાત્કાર કરવા, નિર્ગ. ૨૧ ; ૧૮, ૨૨.
એક બીજાનો નાશ કરવા, ગલા. ૫ ; ૧૫.
તેને કારણે દૈહિક લાભો કડવા લાગે છે, દષ્ટાં. ૧૭ ; ૧.
આકાશની બહાર રાખે છે, ગલા. ૫ ; ૨૦, ૨૧.
તેને ઉભું કરનારને દૂર કર, દષ્ટાં. ૨૨ ; ૧૦.
તેને માટે સજા, ગીત. ૫૫ ; ૯.
તેના બળ તથા જુસ્સાનું લાગુકરણ, દષ્ટાં. ૧૭ ; ૧૪ : ૧૮ ; ૧૯.
તેમાં જોડાવાના ભયનું લાગુકરણ, દષ્ટાં. ૨૬ ; ૨૭.
કરનારનાં ઉદાહરણ—ઇબ્રામ તથા લોટના ચાકરો, ઉત્પ. ૧૩ ; ૭. ગેરારના ચારનારા તથા ઇસ્હાકના ચાકરો, ઉત્પ. ૨૬ ; ૨૦. લાબાન તથા યાકૂબ, ઉત્પ. ૩૧ ; ૩૬. બે હેબ્રી ભાઇઓ, નિર્ગ. ૨ ; ૧૩. ઇસ્રાએલીઓ, પુન. ૧ ; ૧૨. યહુદાહ તથા ઇસ્રાએલ, ૨ શમૂ. ૧૯ ; ૪૧-૪૩. શિષ્યો, લુક ૨૨ ; ૨૪. યહુદી બોધકો, પ્રેરિ. ૧૫ ; ૨. પાઉલ તથા બાર્નાબાસ, પ્રેરિ. ૧૫ ; ૩૯. ફરોશીઓ તથા સાદુકીઓ, પ્રેરિ. ૨૩ ; ૭. ૧ કરીં. ૧ ; ૧૧ : ૬ ; ૬.

ભીંત અગર કોટ—જુદાઇ બતાવનાર દિવાલ, હઝ. ૪૩ ; ૮. એફે. ૨ ; ૧૪.
બચાવદર્શક કોટ, ૧ શમૂ. ૨૫ ; ૧૬.
શાસ્ત્રમાં તેનું વર્ણન કોટ હોય છે :—
શહેરોને, ગણ. ૧૩ ; ૨૮.
મંદિરોને, ૧ કાળ. ૨૯ ; ૪. યશા. ૫૬ ; ૫.
ઘરોને, ૧ શમૂ. ૧૮ ; ૧૧.
દ્રાક્ષવાડીઓને, ગણ. ૨૨ ; ૨૪. દષ્ટાં. ૨૪ ; ૩૧.
કેટલીક વાર પથ્થર તથા કાષ્ટ મિશ્રિત બાંધતા, એઝ. ૫ ; ૮. હબા. ૨ ; ૧૧.
કેટલીક વાર પિત્તળ કે લોઢાના સરસામાનથી મજબુત કરતા, યિર્મે. ૧૫ ; ૨૦. હઝ. ૪ ; ૩.
શહેરોને :—
કેટલીક વાર બહુ ઉંચી, પુન. ૧ ; ૨૮ : ૩ ; ૫.
મોરચાબંધ કરેલી, યશા. ૨ ; ૧૫ : ૨૫ ; ૧૨.
તે પર કિલ્લા બાંધતા, ૨ કાળ. ૨૬ ; ૯ : ૩૧ ; ૫. ગીત. ૪૮ ; ૧૨. સુ. ગી. ૪ ; ૧૦.
તે પર ઘર બાંધતા, યહો. ૨ ; ૧૫.
બહુ મગતા, હરફર થઇ શકે તેવા, ૨ રાજા. ૬ ; ૨૬, ૩૦. ગીત. ૫૫ ; ૧૦.
લડાઇના વખતમાં બહુ મજબુત કરતા, ૨ રાજા. ૧૮ ; ૨૬.
રાતદિવસ તે પર ચોકીદાર રહેતા, સુ. ગી. ૫ ; ૭. યશા. ૬૨ ; ૬.
તેને સમારતી વખતે ઘણી વાર ઘરો પાડી નાખતા, યશા. ૨૨ ; ૧૦.
લડાઇના સમયમાં તેની નજીક જવામાં ભય હતું, ૨ શમૂ. ૧૧ ; ૨૦, ૨૧.
ચઢી આવનાર લશ્કર તેની વિરૂદ્ધ કોટ બાંધતા, ૨ શમૂ. ૨૦ ; ૧૫. હઝ. ૪ ; ૨, ૩.
તે પર ચઢી જવાની સિપાઇઓની ચપળતાની સૂચના, યોએ. ૨ ; ૭-૯.
કેટલીક વાર બાળી નાખતા, યિર્મે. ૪૯ ; ૨૭. આમો. ૧ ; ૭.
કેટલીક વાર તોડી પાડવામાં આવતા, ૨ કાળ. ૨૫ ; ૨૩ : ૩૬ ; ૧૯. યિર્મે. ૫૦ ; ૧૫.
તેનો વિનાશ એમાં સજા તથા દિલગીરીનું કારણ, પુન. ૨૮ ; ૫૨. નહે. ૧ ; ૩ : ૨ ; ૧૨-૧૭.
તેનું પડી જવું એમાં મહાન વિનાશ સમજતા, ૧ રાજા. ૨૦ ; ૩૦.
નામોશી લગાડવા માટે શત્રુઓનાં શબ કોટ સાથે જડતા, ૧ શમૂ. ૩૧ ; ૧૦.
તેની પ્રતિષ્ઠાની રીત, નહે. ૧૨ ; ૨૭.
તે પર મૂર્તિપૂજકો કર્મક્રિયાઓ કરતા, ૨ રાજા. ૩ ; ૨૭.
તે પરથી ઉતારી મૂકવાના દાખલા, યહો. ૨ ; ૧૫. પ્રેરિ. ૯ ; ૨૪, ૨૫. ૨ કરીં. ૧૧ ; ૩૩.
નાનાં ગામડાંને કોટ હોતા નથી, લેવી. ૨૫ ; ૩૧. પુન. ૩ ; ૫.
ઘરોની :—
કેટલીક વાર છોબંધ કરતા, હઝ. ૧૩ ; ૧૦. સરખાવો દાની. ૫ ; ૫.

બાંધતી વખતે અંદર ખીંટીઓ નાખતા હતા, સભા. ૧૨ ; ૧૧. યશા. ૨૨ ; ૨૩.
કેટલીક વાર તેને કોઢ થતો, લેવી. ૧૪ ; ૩૭.
કેટલીક વાર તેમાં સર્પ રહેતા, આમો. ૫; ૧૯.
તેમાં સહેલાઇથી બાકું પડી શકતું, ઉત્પ. ૪૯ ; ૬. હઝ. ૮ ; ૭, ૮ : ૧૨ ; ૫.
તેની પાસેની બેઠકો મોટા માણસોને વાસ્તે થતી, ૧ શમૂ. ૨૦ ; ૨૫.
કેટલીક વાર તે પર ઝુફાઓ ઉગી નીકળતા, ૧ રાજા. ૪ ; ૩૩.
તેની સાથે સંબંધ ધરાવતા ચમત્કારો :—
યરેખોના કોટનું પડી જવું, યહો. ૬ ; ૨૦.
બેલશાસ્સારના રાજમહેલની ભીંત પર એક હાથ વડે લખાણ લખાયું, દાની. ૫ ; ૫, ૨૫-૨૮.
લાક્ષણિક રીતે :—
તારણને, યશા. ૨૬ ; ૧ : ૬૦ ; ૧૮.
ઇશ્વરી સંરક્ષણને, ઝખા. ૨ ; ૫.
જેઓ બચાવ કરે છે તેઓને, ૧ શમૂ. ૨૫ ; ૧૬. યશા. ૨ ; ૧૫.
દેશજાતિઓની રક્ષા તરીકે મંડળીને, સુ. ગી. ૮ ; ૯, ૧૦.
વિધિઓ કે જેઓ મંડળીના સંરક્ષણરૂપ ગણાય છે તે, સુ. ગી. ૨ ; ૯. યશા. ૫ ; ૫.
દ્રવ્યવાનનું દ્રવ્ય જે તેની પોતાની દૃષ્ટિમાં લાગે છે તે, દૃષ્ટાં. ૧૮ ; ૧૧.
(પિત્તળની) દુષ્ટો વિરૂદ્ધ સાક્ષી આપવા માટે પ્રભુના ભવિષ્યવાદીઓને, યિર્મે. ૧૫ ; ૨૦.
(ઝુકેલી ભીંત) દુષ્ટો ન્યાય તળે છે તે, ગીત. ૬૨ ; ૩. યશા. ૩૦ ; ૧૩.
(વચલી આડી ભીંત) યહુદીઓ તથા વિદેશીઓનું જુદાપણું, એફે. ૨ ; ૧૪.
(કાલવ્યા વગરની છોથી સલ્લો દીધો) જુઠા ભવિષ્યવાદીઓના શિક્ષણને, હઝ. ૧૩ ; ૧૦–૧૫.
(ધોળેલી) ઢોંગીઓને, પ્રેરિ. ૨૩ ; ૩.

ભુંડ અગર **ડુક્કર**—જંગલમાં રહે છે, ગીત. ૮૦ ; ૧૩.
અશુદ્ધ, ખાવા લાયક નહિ, લેવી. ૧૧ ; ૭, ૮.
તેનું વર્ણન કર્યું છે :—
ઝનુની તથા ક્રુર, માત્થી ૭ ; ૬.
મેલાને ચહાનાર, ૨ પીત. ૨ ; ૨૨.
ખેતરના અનાજનો બગાડ કરનાર, ગીત. ૮૦ ; ૧૩.
શિંગો ખાય છે, લુક ૧૫ ; ૧૬.
તેનો યજ્ઞ ધિક્કારપાત્ર છે, યશા. ૬૬ ; ૩.
સંખ્યાબંધ પાળવામાં આવતાં, માત્થી ૮ ; ૩૦.
તેને રાખવામાં યહુદીઓની ગેરઆબરૂ ગણાતી, લુક ૧૫ ; ૧૫.
તે રાખવા માટે ગેરાસીનીઓને સજા થઇ, માત્થી ૮ ; ૩૧, ૩૨. માર્ક ૫ ; ૧૧.
અભક્ત યહુદીઓને તેનું માંસ ખાવા સંબંધી ઠપકો મળ્યો, યશા. ૬૫ ; ૪ : ૬૬ ; ૧૭.
લાક્ષણિક રીતે :—
દુષ્ટોને, માત્થી ૭ ; ૬.
ઢોંગીઓને, ૨ પીત. ૨ ; ૨૨.

ભૂતો—તેઓને યજ્ઞ ચઢાવતા, લેવી. ૧૭ ; ૭. પુન. ૩૨ ; ૧૭. ૨ કાળ. ૧૧ ; ૧૫. ગીત. ૧૦૬ ; ૩૭. ૧ કરીં. ૧૦ ; ૨૦. પ્રક. ૯ ; ૨૦.
ખ્રીસ્તે કાઢયાં, માત્થી ૪ ; ૨૪ : ૮ ; ૩૧. માર્ક ૧ ; ૨૩ : ૫ ; ૨ : ૯ ; ૪૨.
પ્રેરિતોએ કાઢયાં, લુક ૯ ; ૧. પ્રેરિ. ૧૩ ; ૧૬ : ૧૯ ; ૧૨.
ઇસુ દેવનો દીકરો છે, એવી તેઓએ સાક્ષી આપી, માત્થી ૮ ; ૨૯. માર્ક ૩ ; ૧૧ : ૫ ; ૭. લુક ૪ ; ૩૪.

ભેટ, જુઓ બક્ષીસ,

ભોજન, યહુદીઓનું—આદિપિતાઓના જમાનામાં, ઉત્પ. ૧૮ ; ૭, ૮ : ૨૭ ; ૪.
મિસરમાં, નિર્ગ. ૧૬ ; ૩. ગણ. ૧૧ ; ૫.
અરણ્યમાં, નિર્ગ. ૧૬ ; ૪-૧૨.
ગરીબોનું, કરકસરનું, રૂથ ૨ ; ૧૪. દૃષ્ટાં. ૧૫ ; ૧૭.
શ્રીમંતોનું, સુખભોગનું, દૃષ્ટાં. ૨૩ ; ૧-૩. વિલા. ૪ ; ૫. આમો. ૬ ; ૪, ૫. લુક ૧૬ ; ૧૯.
તેમાં વાપરવામાં આવતી ચીજો :—
તેલ, પુન. ૧૨ ; ૧૭. દૃષ્ટાં. ૨૧ ; ૧૭. હઝ. ૧૬ ; ૧૩.

મંદિરમાં દાન નાખતા, માર્ક ૧૨ ; ૪૧. લુક ૨૧ ; ૧.

લાક્ષણિક રીતે :—

સર્વ પ્રકારના ઇશ્વરી આશીર્વાદો, પુન. ૨૮ ; ૧૨.

ઇસ્રાએલ પ્રજા, નિર્ગ. ૧૯ ; ૫. પુન. ૭ ; ૬. ગીત. ૧૩૫ ; ૪.

યહોવાહનું ભય, યશા. ૩૩ ; ૬.

માણસનું મન, માત્થી ૧૨ ; ૩૫. લુક ૬ ; ૪૫. એફે. ૪ ; ૨૯.

સુવાર્તાના લાભ, માત્થી ૧૩ ; ૪૪. ૨ કરીં. ૪ ; ૭.

કહેવાય છે :—

સારો ભંડાર, પુન. ૨૮ ; ૧૨.

ખાસ ભંડાર, નિર્ગ. ૧૯ ; ૫. ગીત. ૧૩૫ ; ૪. માલા. ૩ ; ૧૭.

આકાશી ભંડાર, માત્થી ૧૯ ; ૨૧.

મગરમચ્છ—ઇશ્વરથી ઉત્પન્ન કરાએલું પ્રાણી, ગીત. ૧૦૪ ; ૨૬.

તેનાગુણ,લક્ષણ તથા સ્વભાવનું વર્ણન, અયૂ. ૪૧.

તેનો વિનાશ કરતામાં ઇશ્વરનો પરાક્રમ, ગીત. ૭૪ ; ૧૪.

લાક્ષણિક રીતે :—

સમર્થ તથા ઘાતકી રાજાઓ, યશા. ૨૭ ; ૧.

ઇશ્વરી બળ તથા સત્તાઇ, અયૂ. ૪૧ ; ૧૦.

મધ—ઇશ્વર તેનો આપનાર છે, ગીત. ૮૧ ; ૧૬. હઝ. ૧૬ ; ૧૯.

માખીઓ તેને એકઠું કરીને તૈયાર કરે છે, ન્યા. ૧૪ ; ૧૮.

મળે છે :—

ખડકમાં, પુન. ૩૨ ; ૧૩. ગીત. ૮૧ ; ૧૬.

જંગલમાં, ૧ શમૂ. ૧૪ ; ૨૫, ૨૬. વિર્મ. ૪૧ ; ૮.

હાડપીંજરમાં, ન્યા. ૧૪ ; ૮.

તેની મીઠાશ, ન્યા. ૧૪ ; ૧૮.

પૂડામાંનું બહુ મીઠું તથા સ્વાદિષ્ટ, દષ્ટાં. ૧૬ ; ૨૪ : ૨૪ ; ૧૩.

પુષ્કળ મળતું :—

મિસરમાં, ગણ. ૧૬ ; ૧૩.

આશ્શૂરમાં, ૨ રાજા. ૧૮ ; ૩૨.

કનાનમાં, નિર્ગ. ૩ ; ૮. લેવી. ૨૦ ; ૨૪. પુન. ૮ ; ૮.

ખોરાક તરીકે વાપરતા, દષ્ટાં. ૨૪ ; ૧૩.

ઘણું ખાવું સારૂં નથી," દષ્ટાં. ૨૫ ; ૧૬, ૨૭.

તૃપ્ત રૂચિ તેને કંટાળે છે, દષ્ટાં. ૨૭ ; ૭.

ખાવામાં આવતું :—

ચોકખું મધ, ૧ શમૂ. ૧૪ ; ૨૫, ૨૬, ૨૯.

પૂડા સાથે, સુ. ગી. ૫ ; ૧. લુક ૨૪ ; ૪૨.

દૂધ સાથે, સુ. ગી. ૪ ; ૧૧.

માખણ સાથે, યશા. ૭ ; ૧૫, ૨૨.

તીડ સાથે, માત્થી ૩ ; ૪. માર્ક ૧ ; ૬.

આદામાં મિશ્ર કરીને, નિર્ગ. ૧૬ ; ૩૧. હઝ. ૧૬ ; ૧૩.

કોઇ પણ અર્પણમાં તેનો ઉપયોગ કરતા નહિ, લેવી. ૨ ; ૧૧.

પ્રથમ પાકનું અર્પણ દેવને ચઢાવ્યું, ૨ કાળ. ૩૧ ; ૫.

ઘણી વાર ભેટ તરીકે મોકલતા, ઉત્પ. ૪૩ ; ૧૧. ૧ રાજા. ૧૪ ; ૩.

કનાનમાંથી પરદેશમાં મોકલતા, હઝ. ૨૭ ; ૧૭.

લાક્ષણિક રીતે :—

દેવના વચનને, ગીત. ૧૯ ; ૧૦ : ૧૧૯ ; ૧૦૩.

જ્ઞાનને, દષ્ટાં. ૨૪ ; ૧૩, ૧૪.

ભક્તોનાં પવિત્ર વચનને, સુ. ગી. ૪ ; ૧૧.

ખુશકારક શબ્દોને, દષ્ટાં. ૧૬ ; ૨૪.

પરનારીના હોઠને, દષ્ટાં. ૫ ; ૩. વળી જુઓ દષ્ટાં. ૨૫ ; ૧૬ : ૨૭ ; ૭. યશા. ૭ ; ૧૫. પ્રક. ૧૦ ; ૯.

મધ્યસ્થ—બે જણની વચ્ચે વિરોધતા થયાને કારણે સમાધાન કરાવવા જે ત્રાહિત વચમાં પડે તે, ગલા. ૩ ; ૨૦.

બન્ને પક્ષ :—

તેને સ્વીકારીને માન્ય કરે, ૧ પીત. ૧ ; ૨૦, ૨૧.

માટે સમતોલ હોવો જોઇએ, ૧ તીમો. ૨ ; ૫.

નો મુકરદમો બરાબર સમજવો જોઇએ, એફે. ૨ ; ૧૩, ૧૪, ૧૬.

છાવણી તેની હતી, ગણ. ૨ ; ૧૮-૨૦.
તિષ્ઠા સમયે તેમણે ચઢાવેલું અર્પણ, ગણ.
૭ ; ૫૪-૫૯.
ઓનાં કુળો ગણ. ૨૬ ; ૨૯-૩૩.
નાનમાં પેસતાં તેઓની સંખ્યા, ગણ. ૨૬; ૩૪.
આશીર્વાદને માટે આમેન બોલવા ગરીઝીમ પહાડ પર, પુન. ૨૭ ; ૧૨.
ઓના અર્ધાં કુળે યરદનની પૂર્વ ગમ વતન મેળવ્યું, ગણ. ૩૨ ; ૩૩, ૩૯-૪૨. યહો. ૧૩ ; ૨૯-૩૧.
ીજા અર્ધકુળનો વારસો, યહો. ૧૭ ; ૧-૧૧.
નાનીઓને કાઢી શક્યા નહિ પણ ખંડીઆ બનાવ્યા, યહો. ૧૭; ૧૨, ૧૩. ન્યા. ૧ ; ૨૭, ૨૮.
ેઓમાંના કેટલાક :—
શાઉલ વિરૂદ્ધ થઇને દાઉદની કુમકે ગયા, ૧ કાળ. ૧૨ ; ૧૯-૨૧.
દાઉદની પ્રતિષ્ઠા વખતે હતા, ૧ કાળ. ૧૨ ; ૩૧-૩૭.
આસાના રાજના સમયમાં દાઉદના ઘર તરફ પાછા વળ્યા, ૨ કાળ. ૧૫ ; ૯.
હિઝકીયાહના વખતના પાસ્ખા પર્વમાં આવ્યા હતા, ૨ કાળ. ૩૦ ; ૧, ૧૧, ૧૮.
ેઓ પર દાઉદે અધિકારીઓ તથા સરદારો ઠરાવ્યા, ૧ કાળ. ૨૬ ; ૩૨ : ૨૭ ; ૨૦, ૨૧.
એફ્રાઇમ સાથે સંપીને ઘણી વાર લડાઇમાં જતા, ન્યા. ૧૨ ; ૧-૬. યશા. ૯ ; ૨૧.
હેઝકીયાહ તથા યોશીયાહે તેઓના દેશમાંથી મૂર્તિઓ કાઢી નાખી, ૨ કાળ. ૩૧ ; ૧ : ૩૪ ; ૬.
ેના પ્રખ્યાત પુરૂષો, સલોફહાદની પુત્રીઓ, ગણ. ૨૭ ; ૧-૭. ગિદઓન, ન્યા. ૬ ; ૧૫. અબી-મેલેખ, ન્યા. ૯ ; ૧. યોથામ, ન્યા. ૯ ; ૫, ૭, ૨૧. યાઇર, ન્યા. ૧૦ ; ૩. યિફ્તાહ, ન્યા. ૧૧ ; ૧. બાર્ઝિલ્લાય, ૨ શમૂ. ૧૭ ; ૨૭. એલીયાહ, ૧ રાજા. ૧૭ ; ૧.
રકી—ઇશ્વરથી મોકલાય છે, હઝ. ૧૪ ; ૧૯. આ. ૩ ; ૫.
ાર સખત શિક્ષાઓમાંની એક, હઝ. ૧૪; ૨૧.
ાશકારક છે, ગીત. ૯૧ ; ૩.
અનાજ્ઞાંકિતપણાને કારણે શિક્ષારૂપે ઇસ્રાએલ-પુત્રો પર મોકલવામાં આવી, લેવી. ૨૬; ૨૪, ૨૫. પુન. ૨૮ ; ૨૧.
તેથી થતી પાયમાલી, ગીત. ૯૧ ; ૭. યિર્મે. ૧૬ ; ૬, ૭. આમો. ૬ ; ૯.
દિવસે તથા રાત્રે તેની સરખી અસર, ગીત. ૯૧ ; ૫, ૬.
માણસ તથા પશુમાં તેનો વિનાશ, ગીત. ૭૮ ; ૫૦. યિર્મે. ૨૧ ; ૬.
મોકલવામાં આવી :—
મિસરીઓ પર, નિર્ગ. ૧૨ ; ૨૯, ૩૦.
સોનાનો વાછરડો બનાવ્યાને કારણે ઇસ્રાએલી-ઓ પર, નિર્ગ. ૩૧ ; ૩૫.
માન્ના તુચ્છકાર્યાને કારણે, ગણ. ૧૧ ; ૩૩.
કોરાહનો નાશ થયા પછી કચકચ કર્યાને કારણે, ગણ. ૧૬ ; ૪૬-૫૦.
બઆલ-પેઓરનું ભજન કરવાને કારણે, ગણ. ૨૫ ; ૧૮.
વસ્તીગણના કર્યાને કારણે દાઉદના રાજ્યમાં, ૨ શમૂ. ૨૪ ; ૧૫.
કોઇ વાર અકસ્માત રીતે ફાટી નીકળતી, ગીત. ૧૦૬ ; ૨૯.
કેટલીક વાર તેની સાથે લડાઇ તથા દુકાળ સામેલ થતાં, યિર્મે. ૨૭ ; ૧૩ : ૨૮ ; ૮ : ૨૯ ; ૧૭, ૧૮.
મિસરમાં ઘણી વાર આવી, યિર્મે. ૪૨ ; ૧૭. સરખા. આમો. ૪ ; ૧૦.
ઘણુંકરીને શહેરોમાં ફાટી નીકળતી, લેવી. ૨૬ ; ૨૫. યિર્મે. ૨૧ ; ૬, ૯.
નાશકારક દૂતથી તેની શરૂઆત થતી, નિર્ગ. ૧૨ ; ૨૩. સરખા. ૨ શમૂ. ૨૪ ; ૧૬.
પ્રાર્થનાદ્વારે યહુદીઓ છુટકારો શોધતા, ૧ રાજા. ૮ ; ૩૭, ૩૮. ૨ કાળ. ૨૦ ; ૯.
યરૂશાલેમના નાશ પહેલાં થશે એવું ભવિષ્ય, માથ્થી ૨૪ ; ૭. લુક ૨૧ ; ૧૧.
લાક્ષણિક રીતે :—
ભુંડું કરનારાઓ પ્રત્યે ઇશ્વરનો ન્યાય, પ્રક. ૧૮ ; ૪, ૮.
માણસના હૃદયમાં જે રોગ તેનો આદર્શરૂપ, ૧ રાજા. ૮ ; ૩૮.

મરણ—આદમથી પેઠું, ઉત્પ. ૩ ; ૧૯. ૧ કરીં. ૧૫ ; ૨૧, ૨૨.
પાપનું પરિણામ છે, ઉત્પ. ૨ ; ૧૭. રૂમી. ૫ ; ૧૨.
સર્વનો હિસ્સો છે, સભા. ૮ ; ૮. હેબ્રી. ૯ ; ૨૭.
પ્રભુનો ઠરાવ છે, પુન. ૩૨ ; ૩૯. અયૂ. ૧૪ ; ૫.
દુનિયાઇ સર્વ વાતોનો અંત લાવે છે, સભા. ૯ ; ૧૦.
દુનિયાઇ સર્વ વાનાં છીનવી લે છે, અયૂ. ૧ ; ૨૧. ૧ તીમો. ૬ ; ૭.
સર્વને સમાન પદવીમાં લાવી મૂકે છે, અયૂ. ૩ ; ૧૭-૧૯.
ખ્રીસ્ત તેના પર જય પામ્યો છે, રૂમી. ૬ ; ૯. પ્રક. ૧ ; ૧૮.
ખ્રીસ્તથી નાબુદ કરાયું છે, ૨ તીમો. ૧ ; ૧૦.
છેવટે ખ્રીસ્તથી સંપૂર્ણ નાશ કરાશે, હોશી. ૧૩ ; ૧૪. ૧ કરીં. ૧૫ ; ૨૬.
ખ્રીસ્ત તેની બીકથી છોડાવે છે, હેબ્રી. ૨ ; ૧૫.
તે પાસે છે તેનો વિચાર કરો, અયૂ. ૧૪ ; ૧, ૨. ગીત. ૩૯ ; ૪, ૫ : ૯૦ ; ૯. ૧ પીત. ૧ ; ૨૪.
તેને માટે તૈયારી કરો, ૨ રાજા. ૨૦ ; ૧.
તૈયારીને માટે પ્રાર્થના કરો, ગીત. ૩૯ ; ૪, ૧૩ : ૯૦ ; ૧૨.
તેનો વિચાર કરવાથી કામ કરવાનું ઉત્તેજન મળે છે, સભા. ૯ ; ૧૦. યોહા. ૯ ; ૪.
કંઇક મુદત સુધી લંબાવવામાં આવે તો ભક્તિમાં વધવા માટે, ગીત. ૫૬ ; ૧૨, ૧૩ : ૧૧૮ ; ૧૭. યશા. ૩૮ ; ૧૮, ૨૦.
હનોખ તથા એલીયાહ મરણ પામ્યા નહિ, ઉત્પ. ૫ ; ૨૪. સરખાવો હેબ્રી. ૧૧ ; ૫. ૨ રાજા. ૨ ; ૧૧.
સર્વે ઉઠાડવામાં આવશે, પ્રેરિ. ૨૪ ; ૧૫.
આકાશમાં મરણ નથી, લુક ૨૦ ; ૩૬. પ્રક. ૨૧ ; ૪.
ઇશ્વર તરફ ફરનારાઓમાં જે રૂપાંતર થાય છે, તેઓને એ ઉપમા આપે છે, રૂમી. ૬ ; ૨. કલો. ૨ ; ૨૦.
તેનું વર્ણન કર્યું છે :—
ઉંઘ, પુન. ૩૧ ; ૧૬. યોહા. ૧૧ ; ૧૧.
પૃથ્વી પરનું માંડવાનું ઘર પડી જાય, ૨ કરીં. ૫ ; ૧.
માંડવો જલદી પડવાનો, ૨ પીત. ૧ ; ૧૪.
પ્રભુ જીવ માગી લે છે, લુક ૧૨ ; ૨૦.
પાછા ન અવાય તેવા માર્ગે જવું, અયૂ. ૧૬ ; ૨૨.
પોતાના પૂર્વજોની સાથે મળી જવું, ઉત્પ. ૪૯ ; ૩૩.
મૌનમાં ઉતરી જવું, ગીત. ૧૧૫ ; ૧૭.
પ્રાણ છોડવો, પ્રેરિ. ૫ ; ૧૦.
ધૂળમાં મળી જવું, ઉત્પ. ૩ : ૧૯. ગીત. ૧૦૪ ; ૨૯.
કાપી નંખાવું, અયૂ. ૧૪ ; ૨.
છાયાની માફક ઉડી જવું, અયૂ. ૧૪ ; ૨.
જુદા પડવું, ફીલી. ૧ ; ૨૩.
ભયનો રાય, અયૂ. ૧૮ ; ૧૪.
ખીલેલું ફૂલ તથા ઉગતું ઘાસ કપાય છે, ગીત. ૯૦ ; ૫, ૬. અયૂ. ૧૪ ; ૨.
વણકરનો તાણો કપાય છે, યશા. ૩૮ ; ૧૨.
પાકાં કણસલાં કપાય છે, અયૂ. ૨૪ ; ૨૪.
પાણીના રેલાની માફક વહી જનાર, ગી. ૯૦ ; ૫.
ઉષ્ણતા બરફને શોષી લે છે તેમ, અયૂ. ૨૪ ; ૧૯.
જમીન પર ઢળેલું પાણી, ૨ શમૂ. ૧૪ ; ૧૪.
વાવવું, ૧ કરીં. ૧૫ ; ૪૨–૪૫.
આરામ, યશા. ૫૭ ; ૨.
મુક્ત ન થવાય એવું યુદ્ધ, સભા. ૮ ; ૮.
અનિષ્ટ સૂચન કરવામાં આવ્યું છે, રૂમી. ૧ ; ૩૨.
તે સંબંધીનું લાક્ષણિક વર્ણન, ઉત્પ. ૩ ; ૧૯ : ૪૯ ; ૩૩. પુન. ૩૧ ; ૧૬. (યોહા. ૧૧ ; ૧૧). ૨ શમૂ. ૭ ; ૧૨. અયૂ. ૧ ; ૨૧ : ૩ ; ૧૩ : ૧૦ ; ૨૧ : ૧૨ ; ૨૨ : ૧૪ ; ૨ : ૧૬ ; ૨૨ : ૨૪ ; ૧૭. ગીત. ૧૬ ; ૧૦ : ૨૩ ; ૪ : ૧૦૪ ; ૨૯. સભા. ૯ ; ૧૦. હબા. ૨ ; ૫. લુક ૧૨ ; ૨૦. ૨ કરીં. ૫ ; ૧, ૮. ફીલી. ૧ ; ૨૩. ૧ તીમો. ૬ ; ૭. ૨ પીત. ૧ ; ૧૪.
સજા દાખલ ઠરાવ્યું :—
મનુષ્યઘાતકને માટે, ઉત્પ. ૯ ; ૬. નિર્ગ. ૨૧ ; ૧૨. લેવી. ૨૪ ; ૧૭.

નજીકનાં સગાં સિવાય યાજકે વિલાપ કરવો નહિ, લેવી. ૨૧; ૧-૩. હઝ. ૪૪; ૨૫.
પ્રમુખ યાજકે કોઇ પણ મરેલાને કારણે શોક ન કરવો, લેવી. ૨૧; ૧૦, ૧૧.
નાજીરવ્રત પાળનારે અડવું નહિ, તેમ શોક કરવો નહિ, ગણ. ૬; ૬, ૭.
અશુદ્ધ થએલાએ છાવણી બહાર જવું, ગણ. ૫; ૨.
પવિત્ર પાણી છાંટવાથી અશુદ્ધતા ધોવાતી, ગણ. ૧૯; ૧૨, ૧૮.
મૂર્તિપૂજકો :—
પોતા પર ઘા પાડતા, યિર્મે. ૧૬; ૭.
તેને માટે અર્પણો કરતા, ગીત. ૧૦૬; ૨૮.
ભૂતવૈદ પાસે પૂછપરછ કરતા, ૧ શમૂ. ૨૮; ૭, ૮.
પાકનો એક ભાગ ચઢાવતા, પુન. ૨૬; ૧૪.
યહુદીઓ મરેલાના પુનરૂત્થાનની આશા રાખતા, માત્થી ૨૬; ૧૯. પ્રેરિ. ૨૪; ૧૫.
મરેલાં સજીવ કરાયાં, માત્થી ૯; ૨૫. લુક ૭; ૧૫. યોહા. ૧૧; ૪૪. પ્રેરિ. ૯; ૪૦: ૨૦; ૧૨.
લાક્ષણિક રીતે :—
માણસની સ્વાભાવિક સ્થિતિ, ૨ કરીં. ૫; ૪. એફે. ૨; ૧, ૨.
અસહ્ય સંકટની સ્થિતિ, ગીત. ૮૮; ૫, ૬: ૧૪૨; ૩. યશા. ૫૯; ૧૦.
પાપની સજાથી છુટકો, રૂમી. ૬; ૨, ૮, ૧૧. કલો. ૩; ૩.
નિયમથી છુટકો, રૂમી. ૭; ૪.
કરણીરહિતનો વિશ્વાસ, ૧ તીમો. ૫; ૬. યાકૂ. ૨; ૧૭-૨૬.
શકુન કહેનારને, યશા. ૮; ૧૯.
મહત્વની બાબતને, ઉત્પ. ૨૦; ૩. રૂમી. ૪; ૧૯.

મસ્તક, માથું, શીર—શરીરનો સર્વોત્તમ તથા અગત્યનો ભાગ, યશા. ૧; ૬. ૨ રાજા. ૬; ૩૧.
બીજા તમામ અવયવો તેની સાથે જોડાએલા છે, ૧ કરીં. ૧૨; ૨૧.
સંસ્થાપનને સારૂ વૃદ્ધિ કરે છે, એફે. ૪; ૧૬.
મુખ્ય જનને અર્થે વપરાઇ છે, ઉત્પ. ૪૯; ૨૬. દૃષ્ટાં. ૧૦; ૬
જીવનને અર્થે વપરાય છે, દાની. ૧; ૧૦. ૧ શમૂ. ૨૮; ૨.
તેના વિભાગોનું વર્ણન :—
ખોપરી, ૨ રાજા. ૯; ૩૫. માત્થી ૨૭; ૨૩.
તાલકું, ઉત્પ. ૪૯; ૨૬. યશા. ૩; ૧૭.
કપાળ, ૧ શમૂ. ૧૭; ૪૯. હઝ. ૯; ૪.
લમણું, ન્યા. ૬; ૨૧, ૨૨. સુ. ગી. ૪; ૩.
ચહેરો, ઉત્પ. ૪૮; ૧૨. ૨ રાજા. ૯; ૩૦.
બાલ, ન્યા. ૧૬; ૨૨. ગીત. ૪૦; ૧૨.
કેશવાળી (બાલની ચામડી), ગીત. ૬૮; ૨૧.
ઘણી વાર તેલ નાખવામાં આવે છે, સભા. ૯; ૮. માત્થી ૬; ૧૭.
નમાવતા :—
દેવનું ભજન કરતાં, ઉત્પ. ૨૪; ૨૬. નિર્ગ. ૪; ૩૧.
આદરભાવ તરીકે, ઉત્પ. ૪૩; ૨૮.
દિલગીરીના પ્રસંગમાં :—
ઢાંકતા, ૨ શમૂ. ૧૫; ૩૦. એસ્તે. ૬; ૧૨.
મુંડાવતા, અયૂ. ૧; ૨૦.
ધૂળ નાખતા, યહો. ૭; ૬. અયૂ. ૨; ૧૨.
માથા પર હાથ મૂકતા, ૨ શમૂ. ૧૩; ૧૯. યિર્મે. ૨; ૩૭.
યાજકોને મુંડાવાની મનાઇ હતી, લેવી. ૨૧; ૫, ૧૦.
નાજીરવ્રત લેનારને મનાઇ હતી, ગણ. ૬; ૫.
હલાવવાથી મશ્કરી કરવામાં આવતી, ૨ રાજા. ૧૯; ૨૧. ગીત. ૨૨; ૭: ૧૦૯; ૨૫. માત્થી ૨૭; ૩૯.
તેના સમ ખાવાની યહુદીઓને મના હતી, માત્થી ૫; ૩૬.
પળીઆંવાળાને માન આપવું, લેવી. ૧૯; ૩૨.
જવાબદારી :—
માથામાં કોઢની તાલકી હોય તો, લેવી. ૧૩; ૪૨-૪૪.
ઉંદરીવાળું, યશા. ૩; ૧૭.
માથું દુઃખવું, ૨ રાજા. ૪; ૧૯. યશા. ૧; ૫.
ખોડાવેલાં, લેવી. ૧૩; ૪૦, ૪૧. યશા. ૧૫; ૨.

કોઠીઓએ હમેશાં ઉઘાડું રાખવું, લેવી. ૧૩; ૪૫.
સ્ત્રીઓએ જાહેરમાં ઢાંકી રાખવું, ઉત્પ. ૨૪; ૬૫. ૧ કરીં. ૧૧; ૫.
ગુનેહગારનાં કાપી નાખવાની સજા, માત્થી ૧૪; ૧૦.
લડાઇમાં દુશ્મનોનાં કાપી નાખતા, ન્યા. ૫; ૨૬. ૧ શમૂ. ૧૭; ૫૧, ૫૭ઃ ૩૧; ૯.
લાક્ષણિક રીતે: —
ઇશ્વરને, ૧ કરીં. ૧૧; ૩.
ખ્રીસ્તને, ૧ કરીં. ૧૧; ૩. એફે. ૧; ૨૨. કલો. ૨; ૧૯.
અધિકારીઓને, ૧ શમૂ. ૧૫; ૧૭. દાની. ૨; ૩૮.
મુખ્ય માણસોને, યશા. ૯; ૧૪, ૧૫.
રાજ્યનાં મુખ્ય શહેરોને, યશા. ૭; ૮.
(ઢાંકવું) બચાવ તથા રક્ષા, ગીત. ૧૪૦; ૭.
(ઢાંકવું) આધીન થવું ૧ કરીં. ૧૧; ૫, ૧૦.
(ઓઢાવવું) ભારે ન્યાય, યશા. ૩; ૨૪: ૧૫; ૨: ૨૨; ૧૨. મીખા. ૧; ૧૬.
(ઉંચુ કરવું) આનંદ તથા ભરોસો, ગીત. ૩; ૩. લુક ૨૧; ૨૮.
(ઉંચુ કરવું) અહંકાર, ગીત. ૮૩; ૨.
(ઉંચુ કરવું) ઉંચ પદવી આપવી, ઉત્પ. ૪૦; ૧૩. ગીત. ૨૭; ૬.
(અભિષિક્ત કરવું) આનંદ તથા આબાદી, ગીત. ૨૩; ૫: ૯૨; ૧૦.

મશક — શાસ્ત્રમાં પહેલું વર્ણન, ઉત્પ. ૨૧; ૧૪.
પ્રાચીન કાળના તેમાંથી પીતા, હબા. ૨; ૧૫.
તેને ઉપયોગમાં લેતા: —
પાણી ભરવાના, ઉત્પ. ૨૧; ૧૪, ૧૫, ૧૯.
દૂધ ભરવાના, ન્યાયા, ૪; ૧૯.
દ્રાક્ષરસ ભરવાના, ૧ શમૂ. ૧; ૨૪: ૧૬; ૨૦.
કેટલાક માટીનાં વાસણ જેવી બનાવતા, યિર્મે. ૧૯; ૧.
ચામડાની બનાવતા: —
ધૂમાડામાં રાખતા ને સુકવતા, ગીત. ૧૧૯; ૮૩.
ઘણી વપરાશથી જુની થઇ જતી, યહો. ૯; ૪, ૧૩.
જુની મશકોમાં નવો દ્રાક્ષરસ ભરી શકાતો નહિ, માત્થી ૯; ૧૭. માર્ક ૨; ૨૨.
ઘણી વાર મોટા માપની બનાવતા, ૧ શમૂ. ૨૫; ૧૮. ૨ શમૂ. ૧૬; ૧.
લાક્ષણિક રીતે: —
વાદળોને, અયૂ. ૩૮; ૩૭.
યહોવાહની સ્મૃતિને, ગીત. ૫૬; ૮.
ન્યાયની કાપણીને અર્થે પાપીઓને, યિર્મે. ૧૩; ૧૨–૧૪.
(સુકાએલી) સતાવણી પામેલા, ગીત. ૧૧૯; ૮૩.
(ફાટી જવાની અણીપર) અધીરાપણું, અયૂ. ૩૨; ૧૯.
(ભાંગેલી) સખત ન્યાયને, યશા. ૩૦; ૧૪. યિર્મે. ૧૯; ૧૦: ૪૮; ૧૨.

મસળવું, ઝુડવું (અનાજ)— કણસલામાંથી અનાજને જુદું પાડવું, ૧ કાળ. ૨૧; ૨૦.
અનાજ કાઢવાની રીત: —
કાઠીથી ઝુડીને, યશા. ૨૮; ૨૭.
ગાડાનાં પૈડાં ફેરવીને, યશા. ૨૮; ૨૭, ૨૮.
દાંતાવાળા મસળવાના યંત્રથી, યશા. ૪૧; ૧૫. આમો. ૧; ૩.
ઘોડા તથા બળદના પગથી, યશા. ૨૮; ૨૮. હોશી. ૧૦; ૧૧. વળી જુઓ ૨ શમૂ. ૨૪; ૨૨.
પારે ફરનાર પશુને શીંકી દેવાની મનાઇ, પુન. ૨૫; ૪. ૨ કરીં. ૯; ૯. ૧ તીમો. ૫; ૧૮.
દ્રાક્ષ ચુંટવાના સમય સુધી ચાલતું, લેવી. ૨૬; ૫.
તેના મસળવાના સ્થળને: —
ખળી કહેતા, ન્યા. ૬; ૩૭. યશા. ૨૧; ૧૦. ગણ. ૧૮; ૨૭. ૨ શમૂ. ૨૪; ૧૮. ૨ રાજા. ૬; ૨૭. હોશી. ૯; ૧.
મોટી ચોડી બનાવતા, યશા. ૫૦; ૧૦.
ઘણું કરીને ઉંચી જગા પર બનાવતા, ૧ કાળ. ૨૧; ૧૮. ૨ કાળ. ૩; ૧.
કેટલીક વાર દ્રાક્ષકુંડમાં બનાવતા, ન્યા. ૬; ૧૧.
તેમાં અનાજ ઉપણતા હતા, રૂથ ૩; ૨.
ઘણી વાર લુટી લેતા હતા, ૧ શમૂ. ૨૩; ૧.

એ અરસામાં ત્યાં આગળ સુધ જતા, રૂથ ૩ ; ૭.
તેની ભરપૂરતા, એ આશીર્વાદનું વચન, યોએ. ૨ ; ૨૪.
તેની અછત એમાં સજા હતી, હોશી. ૯ ; ૨.
ઉપણતા હતા :— સળકાથી, યશા. ૩૦ ; ૨૪.
સુપડાથી, યશા. ૩૦ ; ૨૪ : ૪૧ ; ૧૬. માત્થી ૩ ; ૧૨.
લાક્ષણિક રીતે :—
ઇશ્વરી ન્યાયને, યશા. ૨૧ ; ૧૦. યિર્મે. ૫૧ ; ૩૩. હબા. ૩ ; ૧૨.
સેવકોના પરિશ્રમને, ૧ કરીં. ૯ ; ૯, ૧૦.
જય પામનાર મંડળીને, યશા. ૪૧ ; ૧૫, ૧૬. મીખા. ૪ ; ૧૩.
(ખળીમાં એકઠા કીધા છે) મંડળના શત્રુઓનો ન્યાય કરવા માટે, મીખા. ૪ ; ૧૨.
(ખળીની ધુળ જેવા) સંપૂર્ણ વિનાશ, ૨ રાજા. ૧૩ ; ૭. યશા. ૪૧ ; ૧૫.
(દાંતવાળું મસળવાનું યંત્ર) જય પામનાર મંડળીને, યશા. ૪૧ ; ૧૫.

મહત્વાકાંક્ષા—જુઓ કીર્તિ—લોભ.

મહિના—સૂર્ય તથા ચંદ્ર તેના ચિન્હ તરીકે બનાવ્યા, ઉત્પ. ૧ ; ૧૪.
આદિપિતાઓ તે ઉપરથી ગણત્રી કરતા, ઉત્પ. ૨૯ ; ૧૪.
યહુદી લોકો તે ઉપરથી ગણત્રી કરતા, ઉત્પ. ૨૯ ; ૧૪. ન્યા. ૧૧ ; ૩૭. ૧ શમૂ. ૬ ; ૧. ૧ રાજા. ૪ ; ૭.
બીજના ચંદ્રથી માંડીને માસની ગણત્રી કરતા, ગણ. ૧૦ ; ૧૦. સરખાવો ગીત. ૮૧ ; ૩.
પ્રાચીન કાળે ખાસ નામ ન હતાં, ઉત્પ. ૭ ; ૧૧ : ૮ ; ૪.
બાર માસનું વરસ થતું, ૧ કાળ. ૨૭ ; ૨-૧૫. એસ્તે. ૨ ; ૧૨. પ્રક. ૨૨ ; ૨.
બાર માસનાં નામ :—
૧. નીશાન કે આબીબ, નિર્ગ. ૧૩ ; ૪. નહે. ૨ ; ૧.
૨. ઝીફ, ૧ રાજા. ૬ ; ૧, ૩૭.
૩. શીવાન, એસ્તે. ૮ ; ૯.
૪. તામઝ, ઝખા. ૮ ; ૧૯.
૫. આબ, ઝખા. ૭ ; ૩.
૬. એલૂલ, નહે. ૬ ; ૧૫.
૭. એથાનીમ કે તીસરી, ૧ રાજા. ૮ ; ૨.
૮. બૂલ, ૧ રાજા. ૬ ; ૩૮.
૯. કિસ્લેવ, ઝખા. ૭ ; ૧.
૧૦. તેબેથ, એસ્તે. ૨ ; ૧૬.
૧૧. શેબટ, ઝખા. ૧ ; ૭.
૧૨. આદાર, એઝ. ૬ ; ૧૫. એસ્તે. ૩ ; ૭.
મૂર્તિપૂજકો તે ઉપરથી શકુન જોતા હતા, યશા. ૪૭ ; ૧૩.
મહિનાઓ પાળવા સંબંધી ઠપકો, ગલા. ૪ ; ૧૦.
કાસ્દી લોકોના, નહે. ૧ ; ૧ : ૨ ; ૧. ઇત્યા.

મહોર (કરવી), પવિત્ર આત્માની—ખ્રીસ્ત પામ્યો, યોહા. ૬ ; ૨૭. માત્થી ૩ ; ૧૭ : ૧૭ ; ૫. માર્ક ૧ ; ૧૧ : ૯ ; ૭. લુક ૩ ; ૨૨ : ૯ ; ૩૫. યોહા. ૧ ; ૩૩ : ૫ ; ૩૭ : ૮ ; ૧૮. પ્રેરિ. ૨ ; ૨૨. ૨ પીત. ૧ ; ૧૭.
ભક્તો પામે છે, ૨ કરીં. ૧ ; ૨૨. એફે. ૧ ; ૧૩. ૨ તીમો. ૨ ; ૧૯. પ્રક. ૨ ; ૧૭.
ઉદ્ધારના દહાડાને સારૂ છે, એફે. ૪ ; ૩૦.
દુષ્ટો પામતા નથી, પ્રક. ૯ ; ૪.
સર્વ ભકતો પામશે ત્યાં સુધી ન્યાય મુલતવી રખાય છે, પ્રક. ૭ ; ૩.
પ્રતિરૂપે બતાવ્યું છે, રૂમી. ૪ ; ૧૧.

માકેદોનિયાનું રાજ્ય—તેને પાવાનનું રાજ્ય કહે છે, દાની. ૧૧ ; ૨.
લાક્ષણિક રીતે બતાવ્યું છે :—
નબૂખાદનેસ્સારના સ્વપ્નમાં જે પ્રતિમાનો ભાગ પિત્તળનો દેખાયો તેને, દાની. ૨ ; ૩૨, ૩૯.
ચાર પાંખ તથા ચાર માથાંવાળો દીપડો, દાની. ૭ ; ૬, ૧૭.
એક પ્રસિદ્ધ શિંગવાળો બકરો, દાની. ૮ ; ૫, ૨૧.
તેની રાજધાનીનું શહેર ફીલીપી હતું, પ્રેરિ. ૧૬ ; ૧૨.
તેમાં દર્શાવેલી અગમસૂચક બીનાઓ :—
માદી-ફારસી રાજ્યની જીત, દાની. ૮ ; ૬, ૭ : ૧૧ ; ૨, ૩.
તેનો છેલ્લો રાજા સિકંદર, તેનું બળ તથા

ઉત્પન્ન કરાયું :—
પ્રભુથી, ઉત્પ. ૧ ; ૨૭. યશા. ૪૫ ; ૧૨.
ખ્રીસ્તથી, યોહા. ૧ ; ૩. કલો. ૧ ; ૧૬.
પવિત્ર આત્માથી, અયૂ. ૩૩ ; ૪.
ત્રિએક દેવની મસલત થયા પછી, ઉત્પ. ૧ ; ૨૬.
છ દિવસે, ઉત્પ. ૧ ; ૩૧.
પૃથ્વી પર, પુન. ૪ ; ૩૨. અયૂ. ૨૦ ; ૪.
માટીમાંથી, ઉત્પ. ૨ ; ૭. અયૂ. ૩૩ ; ૬.
દેવની પ્રતિમામાં, ઉત્પ. ૧ ; ૨૬, ૨૭. ૧ કરીં. ૧૧ ; ૭.
દેવના સ્વરૂપ પ્રમાણે, ઉત્પ. ૧ ; ૨૬. યાકૂ. ૩ ; ૯.
નરનારી, ઉત્પ. ૧ ; ૨૭ : ૫ ; ૨.
જીવતો પ્રાણી, ઉત્પ. ૨ ; ૭. ૧ કરીં. ૧૫ ; ૪૫.
નેક, સભા. ૭ ; ૨૯.
જ્ઞાનમાં, કલો. ૩ ; ૧૦.
આજ્ઞાપાલનને સારૂ, ઉત્પ. ૨ ; ૧૬, ૧૭.
ખ્રીસ્તની પ્રતિછાયામાં, રૂમી. ૫ ; ૧૪.
ઇશ્વરથી સન્માન પામેલું, ઉત્પ. ૧ ; ૩૧.
ઇશ્વરથી આશીર્વાદ પામેલું, ઉત્પ. ૧ ; ૨૮ : ૫ ; ૨.
એદન વાડીમાં રખાયું, ઉત્પ. ૨ ; ૧૫.
સર્વ લીલોતરી ખાવાની રજા આપી, ઉત્પ. ૧ ; ૨૯.
જળપ્રલય પછી માંસ ખાવાની રજા આપી, ઉત્પ. ૯ ; ૩.
એકલા રહેવું તેને માટે સારૂં નથી, ઉત્પ. ૨ ; ૧૮.
તેને માટે સહાયકારી સ્ત્રી બનાવી, ઉત્પ. ૨ ; ૨૧-૨૫.
બનેલું છે :—
શરીર, માત્થી ૬ ; ૨૫.
જીવ, લુક ૧૨ ; ૨૦. પ્રેરિ. ૧૪ ; ૨૨. ૧ પીત. ૪ ; ૧૯.
આત્મા, દ્દષ્ટાં. ૧૪ ; ૧૮ : ૨૦ ; ૧૭. ૧ કરીં. ૨ ; ૧૧.
બુદ્ધિવાન, એફે. ૧ ; ૧૮ : ૪ ; ૧૮.
ઇચ્છાશક્તિવાળું, ૧ કરીં. ૯ ; ૧૭. ૨ પીત. ૧ ; ૨૧.
ચિત્તવૃત્તિ, ૧ કાળ. ૨૯ ; ૩. કલો. ૩ ; ૨.
પ્રેરકબુદ્ધિવાળું, રૂમી. ૨ ; ૧૫. ૧ તીમો. ૪ ; ૨.
સ્મરણશક્તિવાળું, ઉત્પ. ૪૧ ; ૯. ૧ કરીં. ૧૫ ; ૨.
સંતતિ ઉપજાવી શકે તેવો, બનાવ્યો છે, અયૂ. ૧૦ ; ૮-૧૧ : ૩૧ ; ૧૫.
ભય તથા આશ્ચર્ય પમાડે એવી રીતે બનાવ્યું છે, ગીત. ૧૩૯ ; ૧૪.
એકજ લોહીથી સર્વ દેશજાતિ થઇ, પ્રેરિ. ૧૭ ; ૨૬.
દેવના શ્વાસથી જીવતો પ્રાણી થયો, ઉત્પ. ૨ ; ૭ : ૭ ; ૨૨. અયૂ. ૩૩ ; ૪.
સર્વસમર્થનો શ્વાસ તેને સમજણ આપે છે, અયૂ. ૩૨ ; ૮, ૯.
દૂતો કરતાં થોડો નીચો છે, ગીત. ૮ ; ૫. સરખા. હેબ્રી. ૨ ; ૭.
પૃથ્વીની ધુળનો છે, ૧ કરીં. ૧૫ ; ૪૭.
બીજાં પ્રાણીઓથી સ્વભાવ તથા બંધારણમાં તફાવત, ૧ કરીં. ૧૫ ; ૩૯.
બીજાં પ્રાણીઓ કરતાં મૂલ્યવાન, માત્થી ૬ ; ૨૬ : ૧૦ ; ૩૧ : ૧૨ ; ૧૨.
બીજાં પ્રાણીઓ કરતાં વધારે જ્ઞાની, અયૂ. ૩૫ ; ૧૧.
બીજાં પ્રાણીઓ ઉપર રાજ ચલાવી શકે તેવો, ઉત્પ. ૧ ; ૨૮. ગીત. ૮ ; ૬-૮.
બીજાં પ્રાણીનાં નામ પાડનાર, ઉત્પ. ૨ ; ૧૯, ૨૦ ;
ઉમરમાં વધે, તેની સાથે જ્ઞાનમાં વધી શકે તેવો, ૧ કરીં. ૧૩ ; ૧૧.
કહેવાય છે :—
ડીકરૂં, યશા. ૪૫ ; ૯.
કીડો, અયૂ. ૨૫ ; ૬.
નકામો મનુષ્ય, અયૂ. ૧૧ ; ૧૨. યાકૂ. ૨ ; ૨૦.
માંસ, ઉત્પ. ૬ ; ૩. યોએ. ૨ ; ૨૮.
સરખામણી કરેલી છે :—
શ્વાસ સાથે, યશા. ૪૦ ; ૪-૬. ૧ પીત. ૧ ; ૨૪.

૨૧. રૂમી. ૬; ૧૫, ૧૯.
એ સંબંધીનાં પ્રમાણો :—
કુંવારીના ગર્ભે રહ્યામાં, માત્થી ૧ ; ૧૮. લુક ૧ ; ૩૧.
જન્મ ધારણ કરવામાં, માત્થી ૧ ; ૧૬, ૨૫: ૨ ; ૨. લુક ૨ ; ૭, ૧૧.
માંસ તથા લોહીના ભાગીદાર થવામાં, યોહા. ૧ ; ૧૪. હેબ્રી. ૨ ; ૧૪.
માનવી જીવ હોવામાં, માત્થી ૨૬ ; ૩૮. લુક ૨૩ ; ૪૬. પ્રેરિ. ૨ ; ૩૧.
તેની સુનત થવામાં, લુક ૨ ; ૨૧.
કદમાં તથા જ્ઞાનમાં વૃદ્ધિ પામવામાં, લુક ૨ ; ૫૨.
રડવામાં, લુક ૧૯ ; ૪૧. યોહા. ૧૧ ; ૩૫.
ભૂખ લાગવામાં, માત્થી ૪ ; ૨ : ૨૧ ; ૧૮.
તરસ લાગવામાં, યોહા. ૪ ; ૭ : ૧૯ ; ૨૮.
ઉંઘવામાં, માત્થી ૮ ; ૨૪. માર્ક ૪ ; ૩૮.
થાક લાગવામાં, યોહા ૪ ; ૬.
દુઃખિત પુરૂષ થવામાં, યશા. ૫૩ ; ૩, ૪. લુક ૨૨ ; ૪૪. યોહા. ૧૧ ; ૩૩ : ૧૨ ; ૨૭.
મૂક્કીનો માર ખાવામાં, માત્થી ૨૬ ; ૬૭. લુક ૨૨ ; ૬૪.
અપમાન સહેવામાં, લુક ૨૩ ; ૧૧.
કોરડાનો માર પામવામાં, માત્થી ૨૭ ; ૨૬. યોહા. ૧૯ ; ૧.
વધસ્તંભ પર ખીલાથી જડાવામાં, ગીત. ૨૨ ; ૧૬. સરખાવો લુક ૨૩ ; ૩૩.
મરણ પામવામાં, યોહા. ૧૯ ; ૩૦.
કુંખ વિંધાવામાં, યોહા. ૧૯ ; ૩૪.
દટાવામાં, માત્થી ૨૭ ; ૫૯, ૬૦. માર્ક ૧૫ ; ૪૬.
પુનઃ ઉઠવામાં, પ્રેરિ. ૩ ; ૧૫. ૨ તીમો. ૨ ; ૮.
પાપ સિવાય તમામ રીતે આપણા જેવા થવામાં, પ્રેરિ. ૩ ; ૨૨. ફીલી. ૨ ; ૭, ૮. હેબ્રી. ૨ ; ૧૭.
પાપરહિત હતો, હેબ્રી. ૭ ; ૨૬, ૨૭. ૧ યોહા. ૩ ; ૫. ૧ પીત. ૨ ; ૨૨. હેબ્રી. ૪ ; ૧૫.
યોહા. ૮ ; ૪૬ : ૧૮ ; ૩૮.

આંખ તથા હાથની પરીક્ષા કરવામાં આવી, લુક ૨૪ ; ૩૯. યોહાન ૨૦ ; ૨૭. ૧ યોહા. ૧ ; ૧, ૨.
તે હતો :—સ્ત્રીના સંતાનનો, ઉત્પ. ૩ ; ૧૫. યશા. ૭ ; ૪. યિર્મે. ૩૧ ; ૨૨. લુક ૧ ; ૩૧. ગલા. ૪ ; ૪.
ઇબ્રાહીમના વંશનો, ઉત્પ. ૨૨ ; ૧૮. સરખા. ગલા. ૩ ; ૧૬. હેબ્રી. ૨ ; ૧૬.
દાઉદના વંશનો, ૨ શમૂ. ૭ ; ૧૨, ૧૬. ગીત. ૮૯ ; ૩૫, ૩૬. યિર્મે. ૨૩ ; ૫. માત્થી ૨૨ ; ૪૨. માર્ક ૧૦ ; ૪૭. પ્રેરિ. ૨ ; ૩૦ : ૧૩ ; ૨૩. રૂમી ૧ ; ૩.
તેની વંશાવળી છે, માત્થી ૧ ; ૧. લુક ૩ ; ૨૩.
તે સંબંધીની પોતાની સાક્ષી, માત્થી ૮ ; ૨૦ : ૧૬ ; ૧૩.
તેનો અંગીકાર કરનાર તે દેવનો છે, ૧ યોહા. ૪ ; ૨.
મનુષ્યોથી કબુલ કરાયો, માર્ક ૬ ; ૩. યોહા. ૭ ; ૨૭ : ૧૯ ; ૫, પ્રેરિ. ૨ ; ૨૨.
ખ્રીસ્તવિરોધીથી નકારવામાં આવ્યો, ૧ યોહા. ૪ ; ૩. ૨ યોહા. ૭.

માન્ના—અરણ્યમાં ઇસ્રાએલપુત્રોને ચમત્કારિક રીતે પૂરૂં પાડવામાં આવેલું અન્ન, નિર્ગ. ૧૬ ; ૪, ૧૫. નહે. ૯ ; ૧૫.
કહેવાય છે :—
તારા (દેવના) માન્ના, નહે. ૯ ; ૨૦.
આકાશમાંની રોટલી, ગીત. ૧૦૫ ; ૪૦.
આકાશથી ખોરાક, નિર્ગ. ૧૬ ; ૪.
આકાશમાંથી રોટલી, યોહા. ૬ ; ૩૧.
સ્વર્ગી આહાર, ગીત. ૭૮ ; ૨૪.
સમર્થોની રોટલી, ગીત. ૭૮ ; ૨૫.
આત્મિક અન્ન, ૧ કરીં. ૧૦ ; ૩.
પહેલાં જાણતા નહોતા કે તે શું છે? પુન. ૮ ; ૩, ૧૬.
તેનું વર્ણન કરેલું છે :—
ધાણાના દાણા જેવું, નિર્ગ. ૧૬ ; ૩૧. ગણ. ૧૧ ; ૭.
શ્વેત, નિર્ગ. ૧૬ ; ૩૧.
રંગે ગુગળ જેવું, ગણ. ૧૧ ; ૭.
તેલનો સ્વાદ, ગણ. ૧૧ ; ૮.

લાક્ષણિક રીતે :—
(માપની રૂએ શિક્ષા), યિર્મે. ૩૦ ; ૧૧. થોડીજ સજા.
(પુષ્કળ માપમાં આંસુઓ પિવાડયાં) સખત સજા, ગીત. ૮૦ ; ૫.
(માપથી પાણીને માપે છે) ઇશ્વરનું અપાર ડહાપણ, અયૂ. ૨૮ ; ૨૩, ૨૫.
(માપમાં પૃથ્વીની ધૂળ માપી છે) પ્રભુનું મહત્વ, યશા. ૪૦ ; ૧૨.
(દિવસોનું માપ) જીંદગીનું ટુંકાપણું, ગીત. ૩૯ ; ૪.
(માપથી પાણી પીશે) સખત દુકાળ, હઝ. ૪ ; ૧૧, ૧૬.
(ખ્રીસ્તના કદનું પરિણામ) તેની સંપૂર્ણતા, એફે. ૪ ; ૧૩.
(પોતાનું મોં માપ ઉપરાંત પહોળું કર્યું છે) નરકની બેહદ તૃષ્ણા, યશા. ૫ ; ૧૪.

માફી—આપેલું વચન, યશા. ૧ ; ૧૮. યિર્મે. ૩૧ ; ૩૪. સરખાવો હેબ્રી. ૮ ; ૧૨. યિર્મે. ૫૦ ; ૨૦.
લોહી પાડયા સિવાય નથી, લેવી. ૧૭ ; ૧૧. સરખાવો હેબ્રી. ૯ ; ૨૨.
હોમથી થતી નથી, હેબ્રી. ૧૦ ; ૪.
બાહ્ય ક્રિયાથી થતી નથી, અયૂ. ૯ ; ૩૦, ૩૧. યિર્મે. ૨ ; ૨૨.
માત્ર ખ્રીસ્તના લોહીથીજ થાય છે, ઝખા. ૧૩ ; ૧. સરખાવો ૧ યોહા. ૧ ; ૭.
આપે છે :—
એકલો દેવ, દાની. ૯ ; ૯. માર્ક ૨ ; ૭.
એકલો ખ્રીસ્ત, માર્ક ૨ ; ૫. લુક ૭ ; ૪૮.
ખ્રીસ્ત વડે, લુક ૧ ; ૬૯, ૭૭. પ્રેરિ. ૫ ; ૩૧ : ૧૩ ; ૩૮.
ખ્રીસ્તના લોહી વડે, માત્થી ૨૬ ; ૨૮. રૂમી. ૩ ; ૨૫. કલો. ૧ ; ૧૪.
ખ્રીસ્તના નામને ખાતર, ૧ યોહા. ૨ ; ૧૨.
કૃપાની સંપત પ્રમાણે, એફે. ૧ ; ૭.
ખ્રીસ્તના ઉંચા થયાને કારણે, પ્રેરિ. ૫ ; ૩૧.
મુક્તતાએ, યશા. ૪૩ ; ૨૫.
સહજ, નહે. ૯ ; ૧૭. ગીત. ૮૬ ; ૫.
પુષ્કળ, યશા. ૫૫ ; ૭. રૂમી. ૫ ; ૨૦.
પોતાનાં પાપ કબુલ કરનારને, ૨ શમૂ. ૧૨ ; ૧૩. ગીત. ૩૨ ; ૫. ૧ યોહા. ૧ ; ૯.
પશ્ચાત્તાપ કરનારને, પ્રેરિ. ૨ ; ૩૮.
વિશ્વાસ કરનારને, પ્રેરિ. ૧૦ ; ૪૩.
ખ્રીસ્તના નામમાં પ્રગટ કરવી જોઇએ, લુક ૨૪ ; ૪૭.
દર્શાવે છે :—
દેવની દયા, ગીત. ૫૧ ; ૧. મીખા. ૭ ; ૧૮, ૧૯. નિર્ગ. ૩૪ ; ૭.
દેવની કૃપા, રૂમી. ૫ ; ૧૫, ૧૬. ગીત. ૧૨ ; ૧.
દેવની ભલાઇ, ૨ કાળ. ૩૦ ; ૧૮. ગીત. ૮૬ ; ૫.
દેવની સહનતા, રૂમી. ૩ ; ૨૫.
દેવની રહેમ, ગીત. ૫૧ ; ૧.
દેવનું ન્યાયીપણું, ૧ યોહા. ૧ ; ૯.
દેવનું વિશ્વાસુપણું, ૧ યોહા. ૧ ; ૯.
માફ કરવું એટલે :—
ઉલ્લંઘન માફ કરવું, ગીત. ૩૨ ; ૧.
પાપ ઢાંકવું, ગીત. ૩૨ ; ૧.
ઉલ્લંઘન દૂર કરવાં, ગીત. ૧૦૩ ; ૧૨.
અપરાધો ભુંસી નાખવાં, યશા. ૪૪ ; ૨૨.
પાપ ભુંસી નાખવાં, પ્રેરિ. ૩ ; ૧૯.
સમુદ્રના ઉંડાણમાં ફેંકી દેવો, મીખા. ૭ ; ૧૯.
લેખે પાપ ગણવું નહિ, રૂમી. ૪ ; ૮.
સ્વચ્છ કરવાં, યિર્મે. ૩૩ ; ૮.
શ્વેત કરવાં, યશા. ૧ ; ૧૮.
પાપ યાદ ન કરવાં, હઝ. ૧૮ ; ૨૨.
પાપો ફરી સંભારવાં નહિ, હેબ્રી. ૧૦ ; ૧૭.
સર્વ ભક્તો પામેલા છે, કલો. ૨ ; ૧૩. ૧ યોહા. ૨ ; ૧૨.
તેઓની ધન્યતા, ગીત. ૩૨ ; ૧. સરખાવો રૂમી. ૪ ; ૭.
બીજાને મળે, માટે પ્રાર્થના કરવાનું ઉત્તેજન, ૨ કાળ. ૭ ; ૧૪.
તેનાં ફળ કેવાં ?—
ઇશ્વર તરફ પાછા ફરે છે, યશા. ૪૪ ; ૨૨.
ઇશ્વર પર પ્રેમ થાય છે, લુક ૭ ; ૪૭.
ઇશ્વરની બીક રખાય છે, ગીત. ૧૩૦ ; ૪.

ઇશ્વરની સ્તુતિ કરાય છે, ગીત. ૧૦૩ ; ૨૩.
પ્રભુના સેવકો એ સારૂ ઠરાવેલા છે કે તેઓ આ વાત પ્રગટ કરે, યશા. ૪૦ ; ૧, ૨. ૨ કરીં. ૫ ; ૧૯.

પ્રાર્થના કરો :—
પોતાને અર્થે, ગીત. ૨૫ ; ૧૧, ૧૮ : ૫૧ ; ૧. માત્થી ૬ ; ૧૨. લુક ૧૧ ; ૪.
બીજાઓને માટે, યાકૂ. ૫ ; ૧૫. ૧ યોહા. ૫ ; ૧૬.

પાછી રખાય છે :—
માફ ન કરનારથી, માર્ક ૧૧ ; ૧૬. લુક ૬ ; ૩૭.
અવિશ્વાસીને, યોહા. ૮ ; ૨૧, ૨૪.
પશ્ચાત્તાપ નહિ કરનારને, લુક ૧૩ ; ૨-૫.
પવિત્ર આત્મા વિરૂદ્ધ દુર્ભાષણ કરનારને, માત્થી ૧૨ ; ૩૨.
જાણીજોઇને પાપ કરનારને, હેબ્રી. ૧૦ ; ૨૬, ૨૭. ૧ યોહા. ૫ ; ૧૬.

લાક્ષણિક અર્થે, લુક ૭ ; ૪૨ : ૧૫ ; ૨૦-૨૪.
દાખલા—ઇસ્રાએલીઓ, ગણ. ૧૪ ; ૨૦. દાઉદ, ૨ શમૂ. ૧૨ ; ૧૩. મનાશ્શેહ, ૨ કાળ. ૩૩ ; ૧૩. હિઝકીયાહ, યશા. ૩૮ ; ૧૭. પક્ષઘાતી, માત્થી ૯ ; ૨. પશ્ચાત્તાપ કરનાર, લુક ૭ ; ૪૭.
અરસપરસ, એ સંબંધીની આજ્ઞાઓ, ઉત્પ. ૫૦ ; ૧૭. માત્થી ૫ ; ૨૩ : ૬ ; ૧૪ : ૧૮ ; ૨૧, ૩૫. માર્ક ૧૧ ; ૨૫. લુક ૧૧ ; ૪ : ૧૭ ; ૪. ૨ કરીં. ૨ ; ૭. એફે. ૪ ; ૩૨ કલો. ૩ ; ૧૩. યાકૂ. ૨ ; ૧૩.
દુશ્મનોને, માત્થી ૫ ; ૪૪. લુક ૬ ; ૨૭. રૂમી. ૧૨ ; ૧૪, ૧૯.
પાપની માફી આપવાનું વચન, દૃષ્ટાં. ૨૮ ; ૧૩. યશા. ૧ ; ૧૮. માર્ક ૧ ; ૪. લુક ૧ ; ૭૭ : ૩ ; ૩. પ્રેરિ. ૨ ; ૩૮ : ૩ ; ૧૯. ૨ કરીં. ૭ ; ૧૦. હેબ્રી. ૮ ; ૧૨.
મફત કરે છે, યશા. ૪૩ ; ૨૫.
તરત અને ખુશીથી કરે છે, નહે. ૯ ; ૧૭. ગીત. ૮૬ ; ૫.

માબાપ—ઇશ્વર તરફથી તેમને બાળકો અપાય છે, ઉત્પ. ૩૩ ; ૫. ૧ શમૂ. ૧ ; ૨૭. ગીત. ૧૨૭ ; ૩.

છોકરાંઓ પ્રત્યેની તેની ફરજ :—
તેઓ પર પ્રીતિ રાખવી, તીત. ૨ ; ૪.
તેઓને ખ્રીસ્ત પાસે લાવવાં, માત્થી ૧૯ ; ૧૩, ૧૪.
પ્રભુને અર્થે કેળવવાં, દૃષ્ટાં. ૨૨ ; ૬. એફે. ૬ ; ૪.
પ્રભુનું શાસ્ત્ર શિખવવું, પુન. ૯ ; ૪ : ૧૧ ; ૧૯. યશા. ૩૮ ; ૧૯.
ઇશ્વરનાં ન્યાયશાસનો કહી સંભળાવવાં, યોએ. ૧ ; ૩.
ઇશ્વરનાં ચમત્કારિક કૃત્યો કહી સંભળાવવાં, નિર્ગ. ૧૦ ; ૨. ગીત. ૭૮ ; ૪.
ઇશ્વરી નિયમનું પાલણ કરવાનું શિખવવું, પુન. ૩૨ ; ૪૬. ૧ કાળ. ૨૮ ; ૯.
તેઓને આશીર્વાદ આપવો, ઉત્પ. ૪૮ ; ૧૫. હેબ્રી. ૧૧ ; ૨૦.
તેઓ પ્રત્યે દયાળુ થવું, ગીત. ૧૦૩ ; ૧૩.
તેઓનું પોષણ કરવું, અયૂ. ૪૨ ; ૧૫. ૨ કરીં. ૧૨ ; ૧૪. ૧ તીમો. ૫ ; ૮.
આધીન રાખવાં, ૧ તીમો. ૩ ; ૪, ૧૨.
શિક્ષા કરવી, દૃષ્ટાં. ૧૩ ; ૨૪ : ૧૯ ; ૧૮ : ૨૩ ; ૧૩ : ૨૯ ; ૧૭. હેબ્રી. ૧૨ ; ૭.
ચિઢવવાં નહિ, એફે. ૬ ; ૪. કલો. ૩ ; ૨૧.
અન્યધર્મીઓ સાથે લગ્નસંબંધ જોડવો નહિ, ઉત્પ. ૨૪ ; ૧-૪ : ૨૮ ; ૧, ૨.

મૂર્ખ છોકરાં માબાપને દુઃખરૂપ થઇ પડે છે, દૃષ્ટાં. ૧૦ ; ૧ : ૧૭ ; ૨૫.

પોતાનાં છોકરાંને માટે પ્રાર્થના કરવી :—
આત્મિક કલ્યાણને અર્થે, ઉત્પ. ૧૭ ; ૧૮. ૧ કાળ. ૨૯ ; ૧૯.
પરીક્ષણમાં હોય ત્યારે, અયૂ. ૧ ; ૫.
માંદાં હોય ત્યારે, ૨ શમૂ. ૧૨ ; ૧૬. માર્ક ૫ ; ૨૩. યોહા. ૪ ; ૪૬, ૪૯.

જ્યારે વિશ્વાસુ છે :—
પોતાનાં છોકરાંથી ધન્યવાદ પામે છે, દૃષ્ટાં. ૩૧ ; ૨૮.
પોતાનાં છોકરાંને માટે આશીર્વાદ મૂકી જાય છે, ગીત. ૧૧૨ ; ૨. દૃષ્ટાં. ૧૧ ; ૨૧. યશા. ૬૫ ; ૨૩.

મોઆબની પાસે અને યરદનની પશ્ચિમે રહેતા હતા, ગણ. ૨૨ ; ૧-૪.
તેઓનો થોડો ભાગ :—
હોરેબની પાસે રહેતો, નિર્ગ. ૨ ; ૧૫. સરખા. નિર્ગ. ૩ ; ૧.
સત્ય જ્ઞાન પામીને યહોવાહની ભક્તિ કરતો, નિર્ગ. ૨ ; ૧૬. સરખા. નિર્ગ. ૧૮ ; ૯-૧૨.
તેઓના રાજાઓ રાજ કરતા, ગણ. ૩૧ ; ૮. ન્યા. ૮ ; ૫.
તંબુઓમાં વાસો કરતા, હબા. ૩ ; ૭.
વેપારનો ધંધો કરતા હતા, ઉત્પ. ૩૭ ; ૨૮, ૩૬.
હદાદે તેઓને જીત્યા, ઉત્પ. ૩૬ ; ૩૫. ૧ કાળ. ૧ ; ૪૬.
ઇસ્રાએલ વિરૂદ્ધ લડાઇ કરવા મોઆબ સાથે જોડાયા, ગણ. ૨૨ ; ૪.
ઇસ્રાએલના આવી પહોંચવાની વેળાએ ભયભીત થઇ ગયા, હબા. ૩ ; ૩ ૭.
મોઆબીઓ સાથે :—
ઇસ્રાએલને શાપ દેવા, બલઆમ પાસે માણસો મોકલ્યા, ગણ. ૨૨ ; ૫-૭.
ઇસ્રાએલીઓની મૂર્તિપૂજામાં ફસાયા, ગણ. ૨૫ ; ૧-૬.
ઇસ્રાએલીઓને કુમાર્ગે ચઢાવવાને કારણે સજા પામ્યા, ગણ. ૨૫ ; ૧૬-૧૮ : ૩૧ ; ૧-૧૨.
ઇસ્રાએલીઓ વિરૂદ્ધ ચઢી આવ્યા, ન્યા. ૬ ; ૧-૬.
ગિદઓન તેમની વિરૂદ્ધ ઉભો થયો, ન્યા. ૬ ; ૧૧-૧૪.
અમાલેક સાથે મળીને ગિદઓન વિરૂદ્ધ થયા, ન્યા. ૬ ; ૩૩.
ચમત્કારિક રીતે ગિદઓનથી પરાભવ પામ્યા, ન્યા. ૭ ; ૧૬-૨૨ : ૮ ; ૧૦, ૧૧.
તેના સરદારોને કાપી નાખ્યા, ન્યા. ૭ ; ૨૪, ૨૫ : ૮ ; ૧૨, ૨૧.
તેઓના નાશ સંબંધી કહેવામાં આવે છે, ગીત. ૮૩ ; ૯-૧૧. યશા. ૯ ; ૪ : ૧૦ ; ૨૬.
મંડળીનો ભવિષ્યમાં મહિમા થનાર છે, તે વખતે સેવા બજાવશે, યશા. ૬૦ ; ૬.

મિલાપ, દેવ સાથે—અગમ ભાખેલું, દાની. ૯ ; ૨૪. સરખા. યશા. ૫૩ ; ૫.
ખ્રીસ્તના જન્મસમયે દૂતે પ્રગટ કર્યો, લુક ૨ ; ૧૪.
થવા માટે વિધિમાંનો હસ્તલેખ દૂર થવાની જરૂર છે, એફે. ૨ ; ૧૬. કલો. ૨ ; ૧૪.
મનુષ્યો કાજ તૈયાર કરાયો :—
ખ્રીસ્તમાં ઇશ્વર વડે, ૨ કરીં. ૫ ; ૧૯.
ખ્રીસ્ત વડે, પ્રમુખ્ય યાજક દાખલ, હેબ્રી. ૨ ; ૧૭.
ખ્રીસ્તના મરણે કરી, રૂમી. ૫ ; ૧૦. એફે. ૨ ; ૧૬. કલો. ૧ ; ૨૧, ૨૨.
ખ્રીસ્તના રક્તે કરી, એફે. ૨ ; ૧૩. કલો. ૧ ; ૨૦.
દેવથી દૂર હતા એટલામાં, કલો. ૧ ; ૨૧.
હજી નિર્બળ હતા એટલામાં, રૂમી. ૫ ; ૬.
હજી પાપી હતા એટલામાં, રૂમી. ૫ ; ૮.
દેવના શત્રુ હતા એટલામાં, રૂમી. ૫ ; ૧૦.
એ સેવાનું કામ પોતાના સેવકોને સોંપેલું છે, ૨ કરીં. ૫ ; ૧૮, ૧૯.
સેવકોએ લોકોને વિનંતી કરવી, કે તેઓ ખ્રીસ્તમાં પામી લે, ૨ કરીં. ૫ ; ૨૦.
તેથી થતાં ફળ :—
દેવની શાંતિ, રૂમી. ૫ ; ૧. એફે. ૨ ; ૧૬, ૧૭.
દેવ પાસે પ્રવેશ, રૂમી. ૫ ; ૨. એફે. ૨ ; ૧૮.
યહુદીઓ તથા વિદેશીઓનું એક થવું, એફે. ૨ ; ૧૪.
સ્વર્ગ તથા પૃથ્વીની વસ્તુઓનું ઐકય થવું, કલો. ૧ ; ૨૦. સરખા. એફે. ૧ ; ૧૦.
છેવટના તારણનો નિશ્ચય, રૂમી. ૫ ; ૧૦.
તેની અગત્યત, લાક્ષણિક રૂપે બતાવે છે, માત્થી ૫ ; ૨૪-૨૬.
પ્રતિરૂપે બતાવેલી છે, લેવી. ૮ ; ૧૫ : ૧૬ ; ૨૦.

મિલાપ, પ્રભુભોજનમાં—ચિન્હરૂપે, નિર્ગ. ૧૨ ; ૨૧-૨૮. ૧ કરીં. ૫ ; ૭, ૮.
તેની સ્થાપન, માત્થી ૨૬ ; ૨૬. ૧ કરીં. ૧૧ ; ૨૩.
તેનો હેતુ, લુક ૨૨ ; ૧૯. ૧ કરીં. ૧૧ ; ૨૪, ૨૬.

તેના સંબંધીની અગમવાણીઓ :—

તેની મૂર્તિઓની પાયમાલી થવા વિષે, યિર્મે. ૪૩ ; ૧૨, ૧૩ : ૪૬ ; ૨૫. હઝ. ૩૦ ; ૧૩.
સૂર વિરૂદ્ધ બાબેલે બજાવેલી સેવાના બદલામાં તેને મિસર અપાશે, હઝ. ૨૯ ; ૧૮-૨૦.
તેના લોકોનો બંદીપ્રવાસ થવા વિષે, યશા. ૨૦ ; ૪. યિર્મે. ૪૬ ; ૧૯, ૨૪-૨૬. હઝ. ૩૦ ; ૪.
ચાળીસ વરસ સુધી તેનું ખંડીએર પડી રહેવું. હઝ. ૨૯ ; ૮-૧૨. હઝ. ૩૦ ; ૧૨ : ૩૨ ; ૧૫.
દુર્ભાગ્યને કારણે સહન કરવું પડશે, હઝ. ૩૦ ; ૪-૬.
જે યહુદીઓએ તેની મૂર્તિપૂજામાં ભાગ લીધો તેઓને પણ સજા મળશે, યિર્મે. ૪૪; ૭,૨૮.
તેની પાયમાલીને કારણે ઘણાઓ પર ભય આવી પડશે, હઝ. ૩૨ ; ૯, ૧૦.
સદાને માટે પામર રાજ્ય થશે, હઝ. ૨૯ ; ૧૫.
ખ્રીસ્તને તેમાંથી બોલાવવામાં આવશે, હોશી. ૧૧ ; ૧. માત્થી ૨ ; ૧૫.
તેનામાં બદલાણ થવું, યશા. ૧૯ ; ૧૮, ૨૦.
ઇસ્રાએલની સાથે ગણાશે તથા આશીર્વાદ પામશે, યશા. ૧૯ ; ૨૩-૨૫.
તેના નાશ સંબંધીની લાક્ષણિક ભવિષ્યવાતો, યિર્મે ૪૩ ; ૯, ૧૦. હઝ. ૩૦ ; ૨૧, ૨૨ : ૩૨ ; ૪-૬.

મીઠું—સારૂં તથા ઉપયોગી એવા ગુણવાળું બતાવ્યું છે, માર્ક ૯ ; ૫૦.
વપરાતું :—
ખોરાકમાં, અયૂ. ૬ ; ૬.
અર્પણોમાં, લેવી. ૨ ; ૧૩. હઝ. ૪૩ ; ૨૪.
લૂણનો કરાર કરવામાં, ગણ. ૧૮ ; ૧૯. ૨ કાળ. ૧૩ ; ૫.
નવાં જન્મેલાં બાળકને અંગે મસળવામાં, હઝ. ૧૬ ; ૪.
બીજાનું લૂણ ખાવું, એમાં મિત્રપણાનું ચિન્હ બતાવ્યું છે, એઝ. ૪ ; ૧૪.
બેસ્વાદ થાય તો ફેંકી દેવામાં આવે છે, માત્થી ૫ ; ૧૩. સરખાવો માર્ક ૯ ; ૫૦.
ઘણી વાર મળતું હતું :—
ખાડામાંથી, યહો. ૧૧ ; ૮. સફા. ૨ : ૯.
ઝરામાંથી, યાકૂ. ૩ ; ૧૨.
મૃતસરોવર પાસેથી, ગણ. ૩૪ ; ૧૨. પુન. ૩ ; ૧૭.
જે જગામાં પુષ્કળ પાકતું, તે જમીન વેરાન તથા નિષ્ફળ રહેતી હતી, યિર્મે. ૧૭ ; ૬. હઝ. ૪૭ ; ૧૧.
તેની ખીણ જયને માટે પ્રખ્યાત છે, ૨ શમૂ. ૮; ૧૩. ૨ રાજા. ૧૪; ૭. ૧ કાળ. ૧૮; ૨૨.
તેની સાથે સંબંધ ધરાવતા ચમત્કારિક બનાવો :—
લોટની સ્ત્રી મીઠાનો સ્તંભ બની ગઇ, ઉત્પ. ૧૯ ; ૨૬.
એલીશાએ તે વડે પાણી મીઠાં કર્યાં, ૧ રાજા. ૨ ; ૨૧.
તે વાવવામાં આવ્યું, એમાં કાયમની ઉજડતા બતાવી છે, ન્યા. ૯ ; ૪૫.
બંદીપ્રવાસમાંથી પાછા આવ્યા પછી, યહુદીઓને પૂરૂં પાડવાનો હુકમ ફરમાવવામાં આવ્યો, એઝ. ૬ ; ૯ : ૭ ; ૨૨.
લાક્ષણિક રીતે :—
ભક્તોને, માત્થી ૫ ; ૧૩.
હૃદયમાં કૃપાને, માર્ક ૯ ; ૫૦.
બોલવામાં ડહાપણને, કલો. ૪ ; ૬.
(બેસ્વાદ મીઠું) કૃપારહિતના, માત્થી ૫ ; ૧૩. માર્ક ૯ ; ૫૦.
(તેના ખાડા) વેરાનપણાને, સફા. ૨ ; ૯.
(અગ્નિથી હરેક સલુણું) નાશને અર્થે દુષ્ટોની તૈયારી, માર્ક ૪ ; ૪૯.

મીઠાનો સમુદ્ર—ઉત્પ. ૧૪ ; ૩. ગણ. ૩૪ ; ૧૨. પુન. ૩ ; ૧૭. યહો. ૩ ; ૧૬ : ૧૨ ; ૩ : ૧૫ ; ૨.

મુદ્રા, અગર **મહોરછાપ**—હડપ કહેવાય છે, ઉત્પ. ૩૮ ; ૧૮-૨૫.
મૂલ્યવાન પાષાણમાં કોતરકામ કરીને તેને સોનામાં બેસાડીને વાપરતા, નિર્ગ. ૨૮ ; ૧૧.
તે ઉપરના લેખનું લાગુકરણ કર્યું છે, ૨ તીમો. ૨ ; ૧૯.
કેટલાક વીંટીમાં રાખીને પહેરતા હતા, યિર્મે. ૨૨ ; ૨૪.
તે પરની છાપ મારતા :—
કેટલીક વાર ગારા ઉપર, અયૂ. ૩૮ ; ૧૪.

રથમાં બેસીને, ૨ રાજા. ૫ ; ૯. પ્રેરિ. ૮ ; ૨૭, ૨૮.

ઘણી વાર પોતાની સાથે બેપિયા રાખતા હતા, ૧ શમૂ. ૨૫ ; ૨૭. ૧ રાજા. ૧૮ ; ૪૬. ૨ રાજા. ૪ ; ૨૪. સભા. ૧૦ ; ૭.

કેટલીક વાર રસ્તો તૈયાર કરવાને માટે આગળથી બેપિયા મોકલતા, યશા. ૪૦ ; ૩, ૪. સરખા. માર્ક ૧ ; ૨, ૩.

કેટલીક વાર સાથે મોટો રસાલો રહેતો હતો, ૧ રાજા. ૧૦ ; ૨. ૨ રાજા. ૫ ; ૫, ૯.

કેટલીક વાર રસ્તામાં જોરજુલમ કરીને ખોરાક મેળવતા, ન્યા. ૮ ; ૫, ૮. ૧ શમૂ. ૨૫ ; ૪-૧૩.

કેટલીક વાર નીકળતાં પહેલાં પોતાના ચાકરોને અમુક કાર્યો કરવાની સોંપણી કરતા, માત્થી ૨૫ ; ૧૪.

મુસાફરોનો આદરભાવ કરાતો, ઉત્પ. ૧૮ ; ૨ : ૨૪ ; ૧૮, ૧૯.

કેટલીક વાર બહુ માન તથા દબદબા સાથે પરોણાઓનો આદરભાવ કરાતો, ઉત્પ. ૧૮ ; ૩, ૪ : ૧૯ ; ૨ : ૨૪ ; ૨૫, ૩૨, ૩૩. નિર્ગ. ૨ ; ૨૦. ન્યા. ૧૯ ; ૨૦, ૨૧. અયૂ. ૩૧ ; ૩૨. હેબ્રી. ૧૩ ; ૨.

તેઓના ઉતારાને અર્થે ખાસ ધર્મશાળાઓ બાંધવામાં આવતી, ઉત્પ. ૪૨ ; ૨૭. નિર્ગ. ૪ ; ૨૪. લુક ૨ ; ૭ : ૧૦ ; ૩૪.

ક્યાંથી આવ્યા ? ક્યાં જાઓ છો ? એવી પૂછપરછ કેટલીક વાર કરવામાં આવતી, ન્યા. ૧૯ ; ૧૭.

જેને ત્યાં પરોણા તરીકે ઉતરતા ત્યાં તેમની બરદાસ કરાતી, ઉત્પ. ૧૯ ; ૬-૮. ન્યા. ૧૯ ; ૨૩.

સહીસલામતીને અર્થે કેટલીક વાર રાજમાર્ગ મૂકીને બીજે રસ્તે ચાલતા, ન્યા. ૫ ; ૬.

પરોણાચાકરીની પ્રતિજ્ઞા કરેલી છે, પ્રક. ૨ ; ૧૭.

જરૂરીના સંદેશાને સારૂ જનાર માણસે :—

ઘણી ઝડપથી જવું, એસ્તે. ૮ ; ૧૦. અયૂ. ૯ ; ૨૫.

માર્ગમાં કોઇને સલામ કરવી નહિ, ૨ રાજા. ૪ ; ૨૯. લુક ૧૦ ; ૪.

મુસાફરીની લંબાઇ દિવસો પરથી બતાવતા, ઉત્પ. ૩૧ ; ૨૩. પુન. ૧ ; ૨. ૨ રાજા. ૩; ૯.

સાબ્બાથ દિવસે લાંબી મુસાફરી કરવાને યહુદીઓને મના હતી, નિર્ગ. ૨૦ ; ૧૦. સરખા. પ્રેરિ. ૧ ; ૧૨.

મુસાફરી બંધ પડી જવી એમાં સજાની સૂચના રહેલી છે, યશા. ૩૩ ; ૮.

મૂર્ખ—જન્મસ્વભાવથી સર્વ માનવજાત છે, તીત. ૩ : ૩.

દેવને નકારે છે, ગીત. ૧૪ ; ૧ : ૫૩ ; ૧.

દેવના નામને તુચ્છ ગણે છે, ગીત. ૭૪ ; ૧૮.

દેવની નિંદા કરે છે, ગીત. ૭૪ ; ૧૨.

પાપની ઠઠ્ઠા કરે છે, દષ્ટાં ૧૪ ; ૯.

જ્ઞાનનો તિરસ્કાર કરે છે, દષ્ટાં. ૧ ; ૭ : ૧૫ ; ૫.

શિક્ષણને નકારે છે, દષ્ટાં. ૧ ; ૨૨.

બુદ્ધિમાં આનંદ નથી, દષ્ટાં. ૧૮ ; ૨.

દુષ્ટતા, રમત જેવી લાગે છે, દષ્ટાં. ૧૦ ; ૨૩.

દુષ્ટતાથી દૂર થવું કંટાળારૂપ છે, દષ્ટાં. ૧૩; ૧૯.

પ્રભુની ભક્તિ આવડતી નથી, સભા. ૫ ; ૧.

તેઓ છે :—

દુષ્ટ તથા અમંગળ, ગીત. ૧૪ ; ૧.

પોતાની દૃષ્ટિમાં પોતાનો માર્ગ ખરો સમજનાર, દષ્ટાં. ૧૨ ; ૧૫. રૂમી. ૧ ; ૨૨.

અભિમાની, દષ્ટાં. ૧૪ ; ૧૬.

કપટી, દષ્ટાં. ૧૪ ; ૮.

દેવના ભક્ત હોવાનો બાહ્ય દેખાવ, માત્થી ૨૫ ; ૨-૧૨.

વાચાળ, ઉત્પ. ૧૦ ; ૧૪.

ટંટાખોર, દષ્ટાં. ૨૦ ; ૩.

ચાડી કરનાર, દષ્ટાં. ૧૦ ; ૧૮.

જુઠા, દષ્ટાં. ૧૦ ; ૧૮.

આળસુ, ઉત્પ. ૪ ; ૫.

ક્રોધી, ઉત્પ. ૭ ; ૯.

કજીઆખોર, દષ્ટાં. ૧૮ ; ૬.

માબાપને દુ:ખકર્તા, દષ્ટાં. ૧૭ ; ૨૫ : ૧૯ ; ૧૩.

લજ્જા પામશે, દષ્ટાં. ૩ ; ૩૫.

પોતાના શબ્દોથી પોતાનો નાશ કરે છે, દષ્ટાં. ૧૦ ; ૧૮. સભા. ૧૦ ; ૧૨.

તેમની સોબત કરનાર નાશ પામશે, દષ્ટાં. ૧૩ ; ૨.
તેના હોઠ તેના આત્માને ફાંદારૂપ છે, દષ્ટાં. ૧૮ ; ૭.
મૂર્ખાઇને વળગી રહેનાર છે, દષ્ટાં. ૨૬ ; ૧૧ : ૨૭ ; ૨૨.
મૂર્તિપૂજા કરે છે, યિર્મે. ૧૦ ; ૮. રૂમી. ૧ ; ૨૨, ૨૩.
પોતાની બુદ્ધિપર અઢેલે છે, દષ્ટાં. ૨૮ ; ૨૬.
પોતાના ધન ઉપર ભરોસો રાખે છે, લુક ૧૨ ; ૨૦.
સુવાર્તા સાંભળે પણ સ્વીકારતો નથી, માત્થી ૭ ; ૨૬.
તેનું મુખ મૂર્ખપણું ઉચ્ચારે છે, દષ્ટાં. ૧૫ ; ૨.
તેને ગૌરવ શોભતો નથી, દષ્ટાં. ૨૬ ; ૧, ૮.
પ્રભુને તેમના તરફથી કશો સંતોષ નથી, ઉત્પ. ૫ ; ૪.
પ્રભુની સન્મુખ ઉભા રહી શકશે નહિ, ગીત. ૫ ; ૫.
તેઓને તજી દેવા, દષ્ટાં. ૯ ; ૬ : ૧૪ ; ૭.
સમજુક થવાનો સુબોધ, દષ્ટાં. ૮ ; ૫.
તેઓને મળનાર સજા, ગીત ૧૦૭ ; ૧૭. દષ્ટાં. ૧૯ ; ૨૮ : ૨૬ ; ૧૦.
ઉદાહરણો—રહાબઆમ, ૧ રાજા. ૧૨ ; ૮. ઇસ્રાએલ, યિર્મે. ૪ ; ૨૨. ફરોશી લોકો, માત્થી ૨૩ ; ૧૭, ૧૯.

મૂર્ખ—તેની વ્યક્તિ :—

તેની આંખો પૃથ્વીના છેડાએ લાગેલી છે, દષ્ટાં. ૧૭ ; ૨૪.
તેના કર્ણ ડહાપણને તુચ્છકારે છે, દષ્ટાં. ૨૩ ; ૯.
તેનું મુખ તેલ કરતાં સુવાળું છે, દષ્ટાં. ૫ ; ૩.
તેનું મુખ તાત્કાળિક નાશ છે, દષ્ટાં. ૧૦ ; ૧૪.
તેનું મુખ અભિમાનની સોટી છે, દષ્ટાં. ૧૪; ૩.
તેનું મુખ મૂર્ખાઇને વહેતી મૂકે છે, દષ્ટાં. ૧૫ ; ૨.
તેનું મુખ મૂર્ખાઇનો આહાર કરે છે, દષ્ટાં. ૧૫ ; ૧૪.
તેનું મુખ એ તેનો વિનાશ છે, દષ્ટાં. ૧૮ ; ૭.
તેનું મ્હો ફટકાનો માર્ગ છે, દષ્ટાં. ૧૮ ; ૬.
તેના હોઠ કજીઆમાં ઉતરે છે, દષ્ટાં. ૧૮ ; ૬.
તેના હોઠો તેને પોતાનેજ ગળી જશે, સભા. ૧૦ ; ૧૨.
તેના હોઠ તેના આત્માનો ફાંદો છે, દષ્ટાં. ૧૮ ; ૭.
તેની જીભ ખુશામત કરનાર છે, દષ્ટાં. ૬ ; ૨૪.
તેની જીભ કાપી નંખાશે, દષ્ટાં. ૧૦ ; ૩૧.
તેનો સાદ શબ્દોના જથ્થા સાથે છે, સભા. ૫ ; ૩.
અક્કડ ગરદન રાખે છે, ગીત. ૭૫ ; ૪, ૫.
તેના ઉરમાં ગુસ્સો રહેલો છે, સભા. ૭ ; ૯.
પોતાના મનમાં કહ્યું કે, દેવ નથી, ગીત. ૧૪ ; ૧.
તેનું હૃદય યહોવાહ વિરૂદ્ધ ચિડાય છે, દષ્ટાં. ૧૯ ; ૩.
તેનું અંતઃકરણ હર્ષના ઘરમાંજ હોય છે, સભા. ૭ ; ૪.
વિશ્વાસ કરવાને મંદ હૃદય, લુક ૨૪ ; ૨૫.
પોતાના હાથ ભીડે છે, સભા. ૪ ; ૫.
પોતાના હાથથી ઘર તોડી પાડે છે, દષ્ટાં. ૧૪ ; ૧.
તેની પીઠને માટે લાકડી છે, દષ્ટાં. ૧૦ ; ૧૩ : ૧૯ ; ૨૯.
તેના પગ મૃત્યુ સુધી ઉતરે છે, દષ્ટાં. ૫ ; ૫.
તેનાં પગલાં શેઓલને ગ્રહે છે, દષ્ટાં. ૫ ; ૫.

તેનો ખોરાક :—

પોતાનુંજ માંસ ખાય છે, સભા. ૪ ; ૫.
મૂર્ખાઇનો આહાર કરે છે, દષ્ટાં. ૫ ; ૧૪.
પોતાના માર્ગનું ફળ ખાશે, દષ્ટાં. ૧ ; ૩૧.
પોતાનાં તરકટો પેટપૂર અનુભવશે, દષ્ટાં. ૧ ; ૩૧.
તે રાખ ખાય છે, યશા. ૪૪ ; ૨૦.

તેના ગુણલક્ષણ તથા માર્ગ :—

તે પોતાના હૃદયમાં કહે છે કે, દેવ નથી, ગીત. ૧૪ ; ૧.
પોતાની દષ્ટિમાં પોતાનો માર્ગ યથાર્થ છે, દષ્ટાં. ૧૨ ; ૧૫.
પોતાના હૃદય પર ભરોસો રાખે છે, દષ્ટાં. ૨૮ ; ૨૬.

મરણ સુધી શિક્ષા ખમતાં તેને નકારવું, દાની. ૩; ૧૮.
પ્રભુ પોતાના લોકોને તેથી સંભાળે છે, ૧ રાજા. ૧૯; ૧૮. સરખાવો રૂમી. ૧૧; ૪.
ભક્તો તેમ કરવાની ના પાડે છે, પ્રેરિ. ૧૦; ૨૫, ૨૬: ૧૪; ૧૧-૧૫.
દૂતો તેમ કરવાની ના પાડે છે, પ્રક. ૨૨; ૮, ૯.
તેઓના નાશ સંબંધી વચન છે, હઝ. ૩૬; ૨૫. ઝખા. ૧૩; ૨.
તેની સાથે સંબંધમાં આવેલી તમામ બાબતોનો નાશ કરવો, નિર્ગ. ૩૪; ૧૩. પુન. ૭; ૫. ૨ શમૂ. ૫; ૨૧. ૨ રાજા. ૨૩; ૧૪.
તે વિરૂદ્ધ ઉચ્ચારવામાં આવલાં અફસોસવચન, હબા. ૨; ૧૯.
તે સંબંધીનાં શાપિત વચન, પુન. ૨૭; ૧૫.
તે સંબંધીની શિક્ષા :—
મરણની સજા, પુન. ૧૭; ૨–૫.
મરણ સુધીનું આવી પડનાર વિઘ્ન, યિર્મે. ૮; ૨: ૧૬; ૧–૧૧.
દેશનિકાલની સજા, યિર્મે. ૮; ૩. હોશી. ૮: ૫-૮. આમો. ૫; ૨૬, ૨૭.
આકાશની બહાર, ૧ કરીં. ૬; ૯, ૧૦. એફે. ૫; ૫. પ્રક. ૨૨; ૧૫.
અનંત પીડા, પ્રક. ૧૪; ૯-૧૧: ૨૧; ૮.
કરનારનાં ઉદાહરણ—ઇસ્રાએલ, નિર્ગ. ૩૨; ૧. ૨ રાજા. ૧૭; ૧૨. પલિસ્તીઓ, ન્યા. ૧૬; ૨૩. મીખાહ, ન્યા. ૧૭; ૪, ૫. યરોબઆમ, ૧ રાજા. ૧૨; ૨૮. આહાબ, ૧ રાજા. ૧૫; ૧૩. આહાબ, ૧ રાજા. ૧૬; ૩૧. ઇઝેબેલ, ૧ રાજા. ૧૮; ૧૯. સાન્હેરીબ, ૨ રાજા. ૧૯; ૩૭. મનાશ્શેહ, ૨ રાજા. ૨૧; ૪-૭. આમોન, ૨ રાજા. ૨૧; ૨૧. આહાઝ, ૨ કાળ. ૨૮; ૩. યહુદાહ, યિર્મે. ૧૧; ૩. નબૂખાદનેસ્સાર, દાની. ૩; ૧. બેલશાસ્સાર, દાની. ૫; ૨૩. લુસ્ત્રાના રહેવાસીઓ, પ્રેરિ. ૧૪; ૧૧, ૧૨. આથેન્સના લોકો, પ્રેરિ. ૧૭; ૧૬. એફેસસવાસીઓ, પ્રેરિ. ૧૯; ૨૮.
તેની વિરૂદ્ધ થનારના દાખલા—આસા, ૧ રાજા. ૧૫; ૧૨. યોશીયાહ, ૨ રાજા. ૨૩; ૫. યહોશાફાટ, ૨ કાળ. ૧૭; ૬. ઇસ્રાએલ, ૨ કાળ. ૩૧; ૧. મનાશ્શેહ, ૨ કાળ. ૩૩; ૧૫.
મુસાના નિયમશાસ્ત્ર પ્રમાણે કોઇ પણ પ્રતિમા બનાવવી નહિ, નિર્ગ. ૨૦; ૪, ૫.
સર્વ વિદેશીઓ તેને માનનારા છે, ગીત. ૯૬; ૫. રૂમી. ૧; ૨૩, ૨૫. ૧ કરીં. ૧૨; ૨.
વિદેશીઓ ધારે છે કે, તેઓના દેવો મનુષ્યરૂપમાં પૃથ્વીપર ઉતરી આવે છે, પ્રેરિ. ૧૪; ૧૧.
વિદેશીઓ એમ માને છે કે, તેઓના દેવો અમુક અસર કરી શકે છે, ૧ રાજા. ૨૦; ૨૩. ૨ રાજા. ૧૭; ૨૬.
તેમાં મનાતી વસ્તુઓ :—
આકાશનાં સૈન્ય, ૨ રાજા. ૨૩; ૫. પ્રેરિ. ૭; ૪૨.
દૂતો, કલો. ૨; ૧૮.
જુદા થએલા આત્માઓ, ૧ શમૂ. ૧૮; ૧૪, ૧૫.
જગત પરનાં ચોપગુઓ, રૂમી. ૧; ૨૩.
પ્રતિમાઓ, પુન. ૨૯; ૧૭. ગીત. ૧૧૫; ૪. યશા. ૪૪; ૧૭.
તેને માટે મંદિરો બાંધતા, હોશી. ૮; ૧૪.
તેને માટે વેદીઓ બાંધતા, ૧ રાજા. ૧૮; ૨૬. હોશી ૮; ૧૧.
નૈવેદો ચઢાવતા, ૨ રાજા. ૧૦; ૨૦. ૧ કરીં. ૧૦; ૨૭, ૨૮.
તેઓની પૂજા કરતામાં :—
યજ્ઞ ચઢાવતા, ગણ. ૨૨; ૪૦. ૨ રાજા. ૧૦; ૨૪.
અર્પણો કરતા, યશા. ૫૭; ૬. યિર્મે. ૧૯; ૧૩.
ધૂપ બાળતા, યિર્મે. ૪૮; ૩૫.
વિનંતીઓ કરતા, ૧ રાજા. ૧૮; ૨૬. યશા. ૪૪; ૧૭.
ગાન તથા નૃત્ય કરાતાં, નિર્ગ. ૩૨; ૧૮, ૧૯. ૧ રાજા. ૧૮; ૨૬. ૧ કરીં. ૧૦; ૭.
નમસ્કાર કરતા, ૧ રાજા. ૧૯; ૧૮. ૨ રાજા. ૫; ૧૮.
ચુંબન દેતા, ૧ રાજા. ૧૯; ૧૮. હોશી. ૧૩; ૨.

પોતાના હાથ પર ચુંબન ન કરતા, અયૂ. ૩૧ ; ૨૬, ૨૭.
શરીર પર ઘા પાડતા, ૧ રાજા. ૧૮ ; ૨૮.
છોકરાંને અગ્નિમાં બાળતા, પુન. ૨૨ ; ૩૧. ૨ કાળ. ૩૩ ; ૬. યિર્મે. ૧૯ ; ૪, ૫. હઝ. ૧૬ ; ૨૧.
મંદિરમાં, ૨ રાજા. ૫ ; ૧૮.
ઉચ્ચસ્થાનોમાં, ગણ. ૨૨ ; ૪૧. યિર્મે. ૨ ; ૨૦.
સ્તંભોમાં, નિર્ગ. ૩૪ ; ૧૩.
ઝાડ નીચે, યશા. ૫૭ ; ૫. યિર્મે. ૨ ; ૨૦.
ખાનગી ઘરોમાં, ન્યા. ૧૭ ; ૪, ૫.
ઘરનાં ધાબાં પર, ૨ રાજા. ૨૩ ; ૧૨. સફા. ૧ ; ૫.
ગુપ્ત સ્થળોમાં, યશા. ૫૭ ; ૮.
તેમની કર્મક્રિયાઓ બિભત્સ તથા અશુદ્ધ હતી, નિર્ગ. ૩૨ ; ૨૫. ગણ. ૨૫ ; ૧-૩. ૨ રાજા. ૧૭ ; ૯. યશા. ૫૭ ; ૬, ૮, ૯. ૧ પીત. ૪ ; ૬.
શુકન જોવામાં આવતા, ૨ કાળ. ૩૩ ; ૬.
ચઢાવવામાં આવનાર યજ્ઞોને ફુલના હાર પહેરાવતા, પ્રેરિ. ૧૪ ; ૧૩.
શાસ્ત્રમાં વર્ણવેલી મૂર્તિઓનાં નામ :—
અનામ્મેલેખ, ૨ રાજા. ૧૭ ; ૩૧.
અશીમા, ૨ રાજા. ૧૭ ; ૩૦.
આદ્રામ્મેલેખ, ૨ રાજા. ૧૭ ; ૩૧.
આકાશની રાણી, યિર્મે. ૪૪ ; ૧૭, ૨૫.
આર્તેમિસ, પ્રેરિ. ૧૯ ; ૨૪, ૨૭.
આશ્તોરેથ, ન્યા. ૨ ; ૧૩. ૧ રાજા. ૧૧ ; ૩૩.
કમોશ, ગણ. ૨૧ ; ૨૯. ૧ રાજા ૧૧ ; ૩૩.
કીયુન, આમો. ૫ ; ૨૬.
ઝુસ, પ્રેરિ. ૧૪ ; ૧૨.
તાર્ત્તાક, ૨ રાજા. ૧૭ ; ૩૧.
તામ્મુઝ, હઝ. ૮ ; ૧૪.
દાગોન, ન્યા. ૧૬ ; ૨૩. ૧ શમૂ. ૫ ; ૧-૩.
નબો, યશા. ૪૬ ; ૧.
નિબ્હાઝ, ૨ રાજા. ૧૭ ; ૩૧.
નિસ્રોખ, ૨ રાજા. ૧૯ ; ૩૭.
નેર્ગાલ, ૨ રાજા. ૧૭ ; ૩૦.
બઆલ, ન્યા. ૨ ; ૧૧-૧૩ : ૬ ; ૨૫.
બઆલ-ઝબૂબ, ૨ રાજા. ૧ ; ૨, ૧૬.
બઆલ-પેઓર, ગણ. ૨૫ ; ૧-૩.
બઆલ બરીથ, ન્યા. ૮ ; ૩૩ : ૯ ; ૪, ૪૬.
બાલસફોન, નિર્ગ. ૧૪ ; ૨.
બઆલીમ, ન્યા. ૮ ; ૩૩ : ૯ ; ૪, ૪૬.
બેલ, યિર્મે. ૫ ; ૨ : ૫૧ ; ૪૪.
મોલેખ કે મિલ્કોમ, લેવી. ૧૮ ; ૨૧. ૧ રાજા. ૧૧ ; ૫, ૩૩.
મરોદાખ, યિર્મે. ૫૦ ; ૨.
રિમ્મોન, ૨ રાજા. ૫ ; ૧૮.
રેફાન, પ્રેરિ. ૭ ; ૪૩.
સુક્કોથ–બનોથ, ૨ રાજા. ૧૭ ; ૩૦.
હુસ્સાબ, નાહૂ. ૨ ; ૭.
હેર્મેસ, પ્રેરિ. ૧૪ ; ૧૨.
તેઓને ઉંચકીને ફરવું પડે છે, યશા. ૪૬ ; ૭. આમો. ૫ ; ૨૬. પ્રેરિ. ૭ ; ૪૭.
પ્રાચીનકાળે પ્રભુના લોકોમાં મૂર્તિઓની સૂચના મળી આવે છે, ઉત્પ. ૩૧ ; ૧૯, ૩૦ : ૩૫ ; ૧-૪. યહો. ૨૪ ; ૨.
યહુદી લોકો :—
મિસરમાં કરતા, યહો. ૨૪ ; ૧૪. હઝ. ૨૩ ; ૩, ૧૯.
મિસરમાંથી પોતાની સાથે લાવ્યા, હઝ. ૨૩ ; ૮. સરખાવો પ્રેરિ. ૭ ; ૩૯-૪૧.
સેવા નહિ કરવાનો તેઓને બોધ, નિર્ગ. ૨૦ ; ૧-૫ : ૨૩ ; ૨૪.
પ્રભુની ભક્તિમાં તેનું મિશ્રણ કરતા, નિર્ગ. ૩૨ ; ૧-૫. ૧ રાજા. ૧૨ ; ૨૭, ૨૮.
કનાનીઓના દેવોની સેવા કરી, ન્યા. ૨ ; ૧૧-૧૩. ૧ કાળ. ૫ ; ૨૫.
મોઆબીઓના દેવોની સેવા કરી, ગણ. ૨૫ ; ૧-૩.
આશ્શૂરના દેવોની સેવા કરી, હઝ. ૧૬ ; ૨૮-૩૦ : ૨૩ ; ૫-૭.
અરામના દેવોની સેવા કરી, ન્યા. ૧૦ ; ૬.
સ્થાપિત કરવામાં આવી, સુલેમાનથી, ૧ રાજા. ૧૧ ; ૫-૮.
સ્થાપિત કરવામાં આવી, દુષ્ટ રાજાઓથી, ૧ રાજા. ૨૧ ; ૨૬. ૨ રાજા. ૨૧ ; ૨૧. ૨ કાળ. ૨૮ ; ૨-૪ : ૩૩ ; ૩-૭.

બોધભાષણ, નહે ૮ ; ૪, ૭.
યહુદીઓને તે પ્રત્યેનો ભાવ, યોહા. ૯ ; ૨૮, ૨૯. પ્રેરિ. ૬ ; ૧૧.
તેના સભાસદોને :—
કાનુનો જાણવાની ફરજે હતી, લેવી. ૧૦ ; ૧૧.
કાનુનો પાળવાની જરૂર હતી, પુન. ૧૬ ; ૧૨.
સેવાભક્તિમાં ધ્યાન રાખવાની જરૂર હતી, નિર્ગ. ૨૩ ; ૧૭.
અશુદ્ધ હોય ત્યારે અલગ રહેવાની જરૂર, લેવી. ૧૩ ; ૪૬ : ૧૫ ; ૩૧. ગણ. ૫ ; ૨-૪.
ભારે ગુનાહને કારણે મંડળીમાંથી નાબુદ કરાતા, ગણુ. ૧૫ ; ૩૦, ૩૧, ૧૯ ; ૨૦.
તેમાંથી લોકો મંડળી બહાર કરાતાં, ગણુ. ૧૨ ; ૪૮. પુન. ૨૩ ; ૧-૪. હઝ. ૪૪ ; ૭, ૯.
ખ્રીસ્તની મંડળીની પ્રતિ-ઉપમારૂપ, ગલા. ૪ ; ૨૪-૨૬. હેબ્રી. ૧૨ ; ૨૩.
મંડળીને આપેલાં નામ—જુઓ "નામ તથા ખિતાબ."

મંડપ—ઇશ્વરથી બતાવેલા નમુના પ્રમાણે મુસાને બનાવવાની આજ્ઞા આપી, નિર્ગ. ૨૫ ; ૯ : ૨૬ ; ૩૦, હેબ્રી. ૮ ; ૫.
જે અર્પણો યહુદીઓએ રાજીખુશીથી આપ્યાં તેમાંથી બનાવ્યો, નિર્ગ. ૨૫ ; ૧-૮ : ૩૪ ; ૪, ૫, ૨૧-૨૯.
તેને બનાવવા માટે બસાલએલ ઇત્યાદિને ઇશ્વર તરફથી જ્ઞાન અપાયું, નિર્ગ. ૩૧ ; ૨-૭ : ૩૫ ; ૩૦-૩૫ : ૩૬ ; ૧.
કહેવાય છે :—
યહોવાહનો મંડપ, યહો. ૨૨ ; ૧૯. ૧ રાજા. ૨ : ૨૮. ૧ કાળ. ૧૬ ; ૩૯.
સાક્ષ્ય મંડપ, નિર્ગ. ૩૮ ; ૨૧. ગણુ. ૧ ; ૫૦ : ૧૭ ; ૭, ૮. ૨ કાળ. ૨૪ ; ૬. પ્રેરિ. ૭ ; ૪૪.
મુલાકાતમંડપ, નિર્ગ. ૨૭ ; ૨૧ : ૩૭ ; ૭ : ૪૦ ; ૨૬.
શીલોહનો માંડવો, ગીત. ૭૮ ; ૬૦.
યુસફનો તંબુ, ગીત. ૭૮ ; ૬૭.
યહોવાહનું મંદિર, ૧ શમૂ. ૧ ; ૯ : ૩ ; ૩.
યહોવાહનું ઘર, યહો. ૬ ; ૨૪. ૧ શમૂ. ૧ ; ૭, ૨૪.

પોતાની મુસાફરી દરમિયાન ઇસ્રાએલીઓ તેને એક સ્થળેથી બીજે સ્થળે લઇ જઇ શકે તેવો હતો, ૨ શમૂ. ૭ ; ૬, ૭.
યહોવાહની સમક્ષતા તથા ભક્તિને અર્થે બાંધેલો હતો, નિર્ગ. ૨૫ ; ૮ : ૨૯ ; ૪૨, ૪૩.
તેનાં પાટીયાં :—
બાવળના લાકડાનાં હતાં, નિર્ગ. ૨૬ ; ૧૫ : ૩૬ ; ૨૦.
દરેક પાટીયું દસ હાથ લાંબું તથા દોઢ હાથ પહોળું હતું, નિર્ગ. ૨૬ ; ૧૬ : ૩૬ ; ૨૧.
દરેક પાટીઆને બે શાલ હતાં, જે રૂપાની કુંભીઓમાં બેસાડતા, નિર્ગ. ૨૬ ; ૧૭, ૧૯ : ૩૬ ; ૨૨-૨૪
દક્ષિણમાં વીસ પાટીયાં, નિર્ગ. ૨૬ ; ૧૮ : ૩૬ ; ૨૩.
ઉત્તરમાં વીસ પાટીયાં, નિર્ગ. ૨૬ ; ૨૦ : ૩૬ ; ૨૫.
પશ્ચિમમાં છ પાટીયાં તથા ખુણાનાં બે, નિર્ગ. ૨૬ ; ૨૨-૨૫ : ૩૬; ૨૭-૩૦.
બાવળના લાકડાની ભુંગળો, સોનાનાં કડાંમાં થઇને સાંધનાર તરીકે હતી, નિર્ગ. ૨૬ ; ૨૬-૨૯ : ૩૬ ; ૩૧-૩૩.
એ ભુંગળો સોનાથી મઢેલી હતી, નિર્ગ. ૨૬ ; ૨૯ : ૩૬ ; ૩૪.
તેનો પડદો જે નીલ, જાંબુઆ ઇત્યાદિ રંગનો બુટેદાર હતો તે બાવળના પાંચ થાંભલા પર રહેતો, નિર્ગ. ૨૬ ; ૩૬-૩૭ : ૩૬ ; ૩૭, ૩૮.
આચ્છાદાન :—
પહેલું અગર માંહેનું નીલ જાંબુઆ ઇત્યાદિ રંગના દસ પાટ, નાકામાં એક બીજા સાથે સોનાના ચાપડાથી જડાતા, નિર્ગ. ૨૬ ; ૧-૬ : ૩૬ ; ૮, ૧૩.
બીજું બકરાના વાળના અગિઆર પાટ, નિર્ગ. ૨૬ ; ૭-૧૩ : ૩૬ ; ૧૪-૧૮.
ત્રીજું, ઘેટાંના લાલ રંગેલાં ચામડાંનું બનાવેલું, નિર્ગ. ૨૬ ; ૨૪ : ૩૬ ; ૧૯.
ચોથું, સીલ માછલીના ચામડાનું આચ્છાદાન, નિર્ગ. ૨૬ ; ૧૪ : ૩૬ ; ૧૯.
તેના વિભાગ બતાવનાર પડદો, તે નીલ, જાંબુઆ

ઇત્યા૦ રંગનો સોનાથી મઢેલા બાવળનાં ચાર પાટીયાં પર ટાંગેલો રહેતો હતો, નિર્ગ. ૨૬ ; ૩૧-૩૩ : ૩૬ ; ૩૫, ૩૬ : ૪૦ ; ૨૧.
તેના વિભાગ :—
પવિત્રસ્થાન, નિર્ગ. ૨૬ ; ૩૩. હેબ્રી. ૯ ; ૨-૬.
પરમપવિત્રસ્થાન, નિર્ગ. ૨૬ ; ૩૪. હેબ્રી. ૯ ; ૩-૭.
ચોતરફ આંગણું હતું, નિર્ગ. ૪૦ ; ૮.
પવિત્રસ્થાનમાં :—
અર્પિત રોટલી મૂકવાની મેજ, સોનાનું દીપવૃક્ષ તથા સોનાની ધૂપવેદી હતાં, નિર્ગ. ૨૬ ; ૩૫ : ૪૦ ; ૨૨, ૨૪, ૨૬. હેબ્રી. ૯ ; ૨.
પરમપવિત્રસ્થાનમાં :—
સાક્ષ્યકોશ, તથા તે પર દયાસન હતાં, નિર્ગ. ૨૬ ; ૩૩, ૩૪ : ૪૦ ; ૨૦ ; ૨૧. હેબ્રી. ૯ ; ૪.
તેનું આંગણું :—
સો હાથ લાંબુ તથા પચાસ હાથ પહોળું હતું, નિર્ગ. ૨૭ ; ૧૮.
ઝીણા કાંતેલા સણનું, પિત્તળની થાંભલીઓ ઉપર હતું, નિર્ગ. ૨૭ ; ૯-૧૫ : ૩૮ ; ૯-૧૬.
આંગણાના ઝાંપાનો ઝીણા નીલ, જાંબુઆ રંગનો પડદો વીસ હાથ લાંબો હતો, નિર્ગ. ૨૭ ; ૧૬ : ૩૮ ; ૧૮.
તેમાં પિત્તળની વેદી તથા પિત્તળનો હોજ હતાં, નિર્ગ. ૪૦ ; ૨૯, ૩૦.
તેના થાંભલા રૂપાથી મઢેલા હતા, નિર્ગ. ૨૭ ; ૧૭ : ૩૮ ; ૧૭.
તેનાં સર્વ વાસણો પિત્તળનાં હતાં, નિર્ગ. ૨૭ ; ૧૯.
નિર્ગમનના બીજા વરસના પહેલા માસને પહેલે દિવસે મંડપ ઉભો કરવાનું કામ પુરૂં થયું, નિર્ગ. ૪૦ ; ૨. ૧૭.
ઉભો કરવામાં આવ્યો :—
સિનાય પહાડ આગળ મુસાથી, નિર્ગ. ૪૦ : ૧૮, ૧૯. સરખા. ગણ. ૧૦ ; ૧૧, ૧૨.
ગિલગાલમાં, યહો. ૫ ; ૧૦, ૧૧.
શાલોહમાં, યહો. ૧૮ ; ૧ : ૧૯ ; ૫૧.
નોબમાં, ૧ શમૂ. ૨૧ ; ૧-૬.
ગિબઓનમાં છેવટે, ૧ કાળ. ૧૬ ; ૩૯ : ૨૧ ; ૨૯.
અભિષિક્તના તેલથી પાવન કરવામાં આવ્યો, નિર્ગ. ૪૦ ; ૯. લેવી. ૮ ; ૧૦. ગણ. ૭ ; ૧.
લોહી છાંટીને પાવન કરવામાં આવ્યો, હેબ્રી. ૯ ; ૨૧.
યહોવાહના ગૌરવથી ભરાયો, નિર્ગ. ૨૯ ; ૪૩ : ૪૦ ; ૩૪. ગણ. ૯ ; ૧૫.
દયાસન પર યહોવાહનાં દર્શન થતાં, નિર્ગ. ૨૫ ; ૨૨. લેવી. ૧૬ ; ૨. ગણ. ૭ ; ૮, ૯.
અરણ્યમાં નિરંતર મેઘાનું આચ્છાદન રહેતું, નિર્ગ. ૪૦ ; ૩૮. ગણ. ૯ ; ૧૫, ૧૬.
મેઘના ચાલવા ઉપર કુચ કરવામાં આવતી, નિર્ગ. ૪૦ ; ૩૬, ૩૭.
યાજકો :—
એકલા તેઓ માંહે જઇ શકતા, ગણ. ૧૮ ; ૩, ૫.
તેમાં સેવાકાર્ય કરતા હતા, ગણ. ૩ ; ૧૦ : ૧૮ ; ૧, ૨. હેબ્રી. ૯ ; ૬.
તેમાં સેવા કરનારા હતા, હેબ્રી. ૮ ; ૨.
લેવીઓ :—
તેના પર ઠરાવેલા હતા જે મુસાફરીમાં ઉંચકી લેતા, ગણ. ૧ ; ૫૦ : ૮ ; ૨૪ : ૧૮ ; ૨-૪.
ઉતરતા પ્રકારની સેવા બજાવતા હતા, ગણ. ૩ ; ૬-૮.
મંડપ પાડતા તથા ઉભો કરતા, ગણ. ૧ ; ૫૧.
ઉંચકીને ચાલતા, ગણ. ૪ ; ૧૫, ૨૫, ૩૧.
તેની આસપાસ છાવણી નાખતા, ગણ. ૧ ; ૫૩ : ૩ ; ૨૩, ૨૯, ૩૫.
પ્રથમ ઉભો કરવામાં આવ્યો તે વખતે રાજીખુશીનાં અર્પણો ચઢાવવામાં આવ્યાં, ગણ. ૭ ; ૧-૯.
પ્રતિષ્ઠા વખતે વેદી પર રાજીખુશીનાં અર્પણો ચઢાવવામાં આવ્યાં, ગણ. ૭ ; ૧૦-૮૭.
સર્વ અર્પણો તેની પાસે કરવામાં આવ્યાં, લેવી. ૧૭ ; ૪. પુન. ૧૨ ; ૫, ૬, ૧૧, ૧૩, ૧૪.
અશુદ્ધ કરનારને શાસન, લેવી. ૧૫ ; ૩૧. ગણ. ૧૯ ; ૧૩.

યહુદીઓનું રાજ્ય સ્થાપિત થયા પછી કાયમને માટે ઘર બાંધવામાં આવ્યું, ૨ શમૂ. ૭; ૫-૧૩.
લાક્ષણિક રીતે :—
ખ્રીસ્તને, યશા. ૪; ૬. યોહા. ૧; ૧૪. હેબ્રી. ૯; ૮, ૯, ૧૧.
મંડળીને, ગીત. ૧૫; ૧. યશા. ૧૬; ૫: ૫૪; ૨. હેબ્રી. ૮; ૨. પ્રક. ૨૧; ૨, ૩.
શરીરને. ૨ કરીં. ૫; ૧. ૨ પીત. ૧; ૧૩.
(પરમપવિત્રસ્થાન) આકાશને, હેબ્રી. ૬; ૧૯, ૨૦: ૯; ૧૨, ૨૪: ૧૦; ૧૯.
(પડદો) ખ્રીસ્તના શરીરને, હેબ્રી. ૧૦; ૨૦.
(પડદો) મુસાની વ્યવસ્થાના જમાનાને, હેબ્રી. ૯; ૮, ૧૦. સરખાવો રૂમી. ૧૬; ૨૫, ૨૬. પ્રક. ૧૧; ૧૯.

મંદવાડ—ઇશ્વરથી મોકલાય છે, પુન. ૨૮; ૫૯-૬૧: ૩૨; ૩૯. ૨ શમૂ. ૧૨; ૧૫. પ્રેરિ. ૧૨; ૨૩.
કેટલીક વાર શેતાનને તે થકી દુઃખ આપવાની પરવાનગી મળે છે, અયૂ. ૨; ૬, ૭. લુક ૯; ૩૯: ૧૩; ૧૬.
અતિશય મદ્યપાનથી આવે છે, હોશી. ૭; ૫.
ઘણી વાર પાપની સજા દાખલ મોકલાય છે, લેવી. ૨૬; ૧૪-૧૬. ૨ કાળ. ૨૧; ૧૨-૧૫. ૧ કરીં. ૧૧; ૩૦.
ગુન્હેગાર દેશને માટે ઇશ્વરથી ઠરાવેલાં ચાર સખત શાસનોમાંનું એક, હઝ. ૧૪; ૧૯-૨૧.
ઇશ્વર :—
સાજા કરવાનું વચન આપે છે, નિર્ગ. ૨૩; ૨૫. ૨ રાજા. ૨૦; ૫.
સાજા કરે છે, પુન. ૩૨; ૩૯. ગીત. ૧૦૩; ૩, ૫. યશા. ૩૮; ૫, ૯.
સાજાપણું આપવામાં પોતાની દયા દર્શાવે છે, ફીલી. ૨; ૨૭.
સાજાપણું આપવામાં પોતાનું પરાક્રમ દર્શાવે છે, લુક ૫; ૧૭.
સાજાપણું આપવામાં પોતાનો પ્રેમ દર્શાવે છે યશા. ૩૮; ૧૭.
તે દરમ્યાન પોતાની તારક કૃપા પાપીઓ પ્રત્યે દર્શાવે છે, અયૂ. ૩૩; ૧૯-૨૪. ગીત. ૧૦૭; ૧૭, ૨૧.
તે થકી ભક્તોની પરીક્ષા કરવાની છુટ આપે છે, અયૂ. ૨; ૫, ૬.
તેવા પ્રસંગમાં ભક્તોને બળવાન કરે છે, ગીત. ૪૧; ૩.
તેવા પ્રસંગમાં દિલાસો પમાડે છે, ગીત. ૪૧; ૩.
તેમાં પડેલાની પ્રાર્થના ઇશ્વર સાંભળે છે, ગીત. ૩૦; ૨: ૧૦૭; ૧૮-૨૦.
તેવા પ્રસંગમાં ભક્તોને સંભાળી રાખે છે, ગીત. ૪૧; ૩, ૪.
દુષ્ટો પર ઘણા મોકલે છે, યિર્મે. ૩૪; ૧૭.
તેની મારફતે દુષ્ટોની સતાવણી કરે છે, યિર્મે. ૨૯; ૧૮.
સાબ્બાથ દિને સાજું કરવું ઉચિત છે, લુક ૧૩; ૧૪-૧૬.
તે થકી પીડાતાંઓ પર ઇસુને દયા આવી, યશા. ૫૩; ૪. સરખાવો માત્થી ૮; ૧૬, ૧૭.
ખ્રીસ્તે સાજા કર્યા :—
જાતે હાજર થઇને, માર્ક ૧; ૩૧. માત્થી ૪; ૨૩.
ગેરહાજર છતાં, માત્થી ૮; ૧૩.
હાથ લગાડવાથી, માર્ક ૬; ૫. લુક ૧૩; ૧૩.
અડકીને, માત્થી ૮; ૩.
ઇસુના વસ્ત્રની કોરને અડકવાથી, માત્થી ૧૪; ૩૫, ૩૬. માર્ક ૫; ૨૭-૩૪.
શબ્દથી, માત્થી ૮; ૮, ૧૩.
ખ્રીસ્તથી જે જે સાજા કરાયા, તેઓમાં વિશ્વાસની અગત્ય હતી, માત્થી ૯; ૨૮, ૨૯. માર્ક ૫; ૩૪: ૧૦; ૫૨.
ઘણા રોગ એવા છે કે જે માણસને માટે અસાધ્ય છે, પુન. ૨૮; ૨૭. ૨ કાળ. ૨૧; ૧૮.
શિષ્યોને સાજા કરવાનું પરાક્રમ અપાયું, માત્થી ૧૦; ૧. માર્ક ૧૬; ૧૮, ૨૦.
સાજા કરવાનું પરાક્રમ પુરાતન મંડળીને ખાસ દાન તરીકે આપવામાં આવ્યું હતું, ૧ કરીં. ૧૨; ૯, ૩૦. યાકૂ. ૫; ૧૪, ૧૫.
ભક્તો :—
જાણે છે કે ઇશ્વર તરફથી આવે છે, ગીત. ૩૧; ૧-૮. યશા. ૩૮; ૧૨, ૧૫.

તેવા પ્રસંગમાં ઇશ્વરેચ્છાને આધીન થાય છે, અયૂ. ૨ ; ૧૦.
પ્રાર્થના સહિત વિલાપ કરે છે, યશા. ૩૮; ૧૪.
તેથી સાજાપણું પામવાને પ્રાર્થના કરે છે, યશા. ૩૮; ૨, ૩.
ઇશ્વરથી સાજાપણું પામવાનો ઉપાય પામે છે, યશા. ૩૮ ; ૨૦.
સાજાપણું પામ્યાને કારણે દેવની ઉપકારસ્તુતિ કરે છે, ગીત. ૧૦૩ ; ૧-૩. યશા. ૩૮ ; ૧૯. લુક ૧૭ ; ૧૫.
સાજાપણું પામ્યાને કારણે જાહેરાંતમાં પ્રભુનો આભાર માને છે, યશા. ૩૮ ; ૨૦. પ્રેરિ. ૩ ; ૮.
બીજાઓના તે કારણે દુ:ખી થાય છે, યશા. ૩૫ ; ૧૩.
દુ:ખમાં પડેલાની મુલાકાત લે છે, માત્થી ૨૫ ; ૩૬.
બીજાઓની મુલાકાત લેવામાં ખ્રીસ્તના છીએ, એવી સાબિતી આપે છે, માત્થી ૨૫ ; ૩૪, ૩૬, ૪૦.
એથી પીડાતાઓને માટે પ્રાર્થના કરવી, પ્રેરિ. ૨૮ ; ૮. યાકૂ. ૫ ; ૧૪, ૧૫.
એવા પ્રસંગમાં ઇશ્વરની મદદ શોધવી જોઇએ, ૨ કાળ. ૧૬ ; ૧૨.
દુષ્ટો :—
તેઓ પર ઘણાં સંકટો આવી પડે છે, સભા. ૫ ; ૧૭.
તેમાં પીડાતાઓને તજી દે છે, ૧ શમૂ. ૩૦ ; ૧૩.
તેથી પીડાતાની મુલાકાતે જતા નથી, માત્થી ૨૫; ૪૩.
તેઓની મુલાકાત નહિ લેવામાં ખ્રીસ્તના નથી એવો પુરાવો મળે છે, માત્થી ૨૫ ; ૪૩, ૪૫.
પાપની લાક્ષણિક ઉપમા છે, લેવી. ૧૩ ; ૪૫, ૪૬. યશા. ૧ ; ૫. યિર્મે. ૮ ; ૨૨. માત્થી ૯ ; ૧૨.

મંદિર—પહેલું-મોરીયાહ પર્વત પર યબૂસી ઓર્નાનની ખળી પર બાંધ્યું હતું, ૧ કાળ. ૨૧ ; ૨૮-૩૦. સરખા. ૧ કાળ. ૨૨ ; ૧. ૨ કાળ. ૩ ; ૧.

દાઉદ :—
તેને બાંધવાની મના, ૨ શમૂ. ૭ ; ૨. ૧ કાળ. ૨૨ ; ૭ : ૨૯ ; ૩. ગીત. ૧૩૨ ; ૨-૫.
યુદ્ધ કરનાર પુરૂષ હોવાથી બાંધવાની મના કરવામાં આવી, ૨ શમૂ. ૭ ; ૫-૯. સરખા. ૧ રાજા. ૫ ; ૩. ૧ કાળ. ૨૨ ; ૮.
ભવિષ્યવાદીથી ખબર અપાઇ કે સુલેમાન બાંધશે, ૨ શમૂ. ૭ ; ૧૨, ૧૩. ૧ કાળ. ૧૭ ; ૧૨.
બાંધવાને માટે સામગ્રી તૈયાર કરી, ૧ કાળ. ૨૨ ; ૨-૫ : ૨૯ ; ૨-૫.
સુલેમાનને બાંધવાનું ફરમાવ્યું, ૧ કાળ. ૨૨ ; ૬, ૭, ૧૧.
તે બાંધવા માટે સુલેમાનને જ્ઞાન મળે એવી પ્રાર્થના કરી, ૧ કાળ. ૨૯ ; ૧૯.
બાંધકામમાં સરદારો મદદ આપે માટે તેમને હુકમ આપ્યો, ૧ કાળ. ૨૨ ; ૧૭-૧૯.
તે બાંધવા માટે લોકો તરફથી ઉદારદાન અપાયાં, ૧ કાળ. ૨૯ ; ૬-૯.
સુલેમાન :—
બાંધવાનો ઇરાદો કર્યો, ૨ કાળ. ૨ ; ૧.
તેનું ખાસ માપ કાઢયું, ૨ કાળ. ૩ ; ૩.
તેની સામગ્રીની તૈયારી માટે સર્વે પરદેશીઓને કામે લગાડયા, ૨ કાળ. ૨ ; ૨, ૧૭, ૧૮. સરખા. ૧ રાજા. ૫ ; ૧૫.
આ કામને માટે હુશીઆર કારીગરોની હીરામ પાસે માગણી કરી, ૨ કાળ. ૨ ; ૭, ૧૩, ૧૪.
લાકડાં, પત્થર તથા મજુરોનો બંદોબસ્ત હીરામ સાથે કર્યો, ૧ રાજા. ૫ ; ૬-૧૨. ૨ કાળ. ૨ ; ૮-૧૦.
પોતાના રાજ્યના ચોથા વરસના બીજા માસની બીજી તારીખથી શરૂઆત કરી, ૧ રાજા. ૬ ; ૧, ૩૭. ૨ કાળ. ૩ ; ૨.
કોઇ પણ પ્રકારના હથિયારનો અવાજ બાંધકામ આગળ થયો નહિ, ૧ રાજા. ૬ ; ૭.
તેના વિભાગ :—
મોટું ઘર અગર પવિત્રસ્થાન, ૨ કાળ. ૩ ; ૫.
દેવવાણીસ્થાન અગર પરમપવિત્રસ્થાન, ૧ રાજા. ૬ ; ૧૯.

આંગણું, ૨ કાળ. ૩ ; ૪.
ચોતરફ ત્રણ માળની કોટડીઓ બનાવી, જેનું દ્વાર જમણી તરફ હતું, ૧ રાજા. ૬ ; ૫, ૬, ૮, ૧૦.
ચોતરફ આંગણું બનાવ્યું, ૧ રાજા. ૬ ; ૩૬. ૨ કાળ. ૪ ; ૯.
લંબાઇ ૬૦ હાથ, પહોળાઇ ૨૦ હાથ, ઉંચાઇ ૩૦ હાથ હતી, ૧ રાજા. ૬; ૨. ૨ કાળ. ૩; ૩.
અજવાળાને માટે સાંકડી બારીઓ કરી, ૧ રાજા. ૬ ; ૪.
એરેજવૃક્ષના ભારોટીઆ તથા પાટીઆંનું છપર બનાવ્યું, ૧ રાજા. ૬ ; ૯.
મોટું ઘર :—
ચાળીશ હાથ લાંબું હતું, ૨ રાજા. ૬ ; ૧૭.
દેવદારનાં લાકડાંનાં કમાડ સોને મઢેલાં હતાં, ૧ રાજા. ૬ ; ૩૪, ૩૫.
મંદિરના દ્વારને સારૂ જૈતકાષ્ટની બારસાખો સોનાથી મઢેલી હતી, ૧ રાજા. ૬ ; ૩૩. ૨ કાળ. ૩ ; ૭.
દેવવાણીસ્થાન :—
વીસ હાથ લાંબું તથા તેટલું પહોળું હતું, ૧ રાજા. ૬ ; ૧, ૬, ૨૦.
જૈતકાષ્ટના બે કરૂબો સોનાથી મઢેલા હતા, ૧ રાજા. ૬; ૨૩-૨૮. ૨ કાળ. ૩ ; ૧૧–૧૩.
પરમપવિત્રસ્થાન તથા પવિત્રસ્થાનની સોનાની સાંકળીનો આડો આંતરો બનાવ્યો, ૧ રાજા. ૬ ; ૨૧.
જૈતવૃક્ષની બારશાખો તથા કમાડ સોનાથી મઢેલાં હતાં, ૧ રાજા. ૬ ; ૩૧, ૩૨.
એક પડદો આંગણાની આગળ રાખ્યો ૨ કાળ. ૩ ; ૨૪.
દિવાલો તથા તળીઉં, એરેજકાષ્ટ તથા દેવદારનાં પાટીઆંથી જડેલું હતું, ૧ રાજા. ૬ ; ૧૫.
એરેજકાષ્ટ પર કળીઓ તથા ફુલ કોતરેલાં હતાં, ૧ રાજા. ૬ ; ૧૮.
દેવદારના લાકડાનું છત સોનાથી મઢેલું હતું, ૨ કાળ. ૩ ; ૫.
માંહે તથા બહાર તમામ સોનાથી મઢેલું હતું, ૧ રાજા. ૬ ; ૨૧, ૨૨. ૨ કાળ. ૩ ; ૭.
શોભાને માટે મૂલ્યવાન પાષાણો જડયા હતા, ૨ કાળ. ૩ ; ૬.
પરશાળ—
વીસ હાથ લંબાઇ તથા દશ હાથની પહોળાઇ હતી, ૧ રાજા. ૬ ; ૩.
ઉંચાઇ ૧૨૦ હાથની હતી, ૨ કાળ. ૩ ; ૪.
બે થાંભલા બનાવ્યા તેમનું વર્ણન, ૧ રાજા. ૭ ; ૧૫–૨૨. ૨ કાળ. ૩ ; ૧૫, ૧૭.
તેનું માહાત્મ્ય, ૨ કાળ. ૨ ; ૫, ૯.
તેને બાંધતાં સાત વરસ લાગ્યાં, ૧ રાજા. ૬; ૩૮.
સુલેમાનના રાજ્યના અગીઆરમા વરસના આઠમા માસમાં પૂરૂં થયું, ૧ રાજા. ૬ ; ૩૮.
કહેવાતું :—
યહોવાહનું ઘર, ૨ કાળ. ૨૩ ; ૫, ૧૨.
યહોવાહના ઘરનો પર્વત, યશા. ૨ ; ૨.
યાકૂબના દેવનું ઘર, યશા. ૨ ; ૨.
સિયોન, ગીત. ૮૪ ; ૧ ૭.
સિયોન પર્વત, ગીત. ૭૪ ; ૨.
યજ્ઞના ઘરને સારૂ પસંદ કરાયું, ૨ કાળ. ૭ ; ૧૨.
પ્રાર્થનાનું ઘર, યશા. ૫૬ ; ૭. સરખા. માત્થી ૨૧ ; ૧૩.
તેમાં રહેવાનું વચન ઇશ્વરે આપ્યું, ૧ રાજા. ૬ ; ૧૨, ૧૩.
અર્પણ કરેલી વસ્તુઓ અંદર મૂકવામાં આવી, ૨ કાળ. ૫ ; ૧.
પ્રભુનો કોશ ભારે દબદબાસહિત તેમાં આણ્યો, ૧ રાજા. ૮ ; ૧–૯. ૨ કાળ. ૫; ૨–૧૦.
ગૌરવના મેઘથી ભરાઇ ગયું, ૧ રાજા. ૮ ; ૧૦, ૧૧. ૨ કાળ. ૫ ; ૧૩ : ૭ ; ૨.
સુલેમાનથી ગંભીર રીતિએ પ્રભુને અર્પણ કરવામાં આવ્યું, ૧ રાજા. ૮; ૧૨–૬૬. ૨ કાળ. ૬.
પ્રતિષ્ઠા સમયે આકાશથી અગ્નિ ઉતર્યો, ૨ કાળ. ૭ ; ૩.
હાથે બાંધેલું મંદિર હતું, પ્રેરિ. ૭ ; ૪૭, ૪૮.
તેના સંપૂર્ણ વિનાશનું ભવિષ્ય કહેવમાં આવ્યું, યિર્મે. ૨૬ ; ૧૮. સરખા. મીખા. ૩ ; ૧૨.
તેના સંબંધમાંની ઐતિહાસિક નોંધ :—
મિસરના રાજા શીશાકે લુંટી લીધું, ૧ રાજા.

૪; ૨૫, ૨૬. ૨ કાળ. ૧૨ ૯.
યહોયાદાની મદદથી યેહોઆશે સમાર્યું, ૨ રાજા. ૧૨ ; ૪-૧૪. ૨ કાળ. ૨૪ ; ૪-૧૩.
યહોઆશે અરામના રાજા હઝાએલને તેના ભંડારમાંથી ખંડણી આપી, ૨ રાજા. ૧૨ ; ૧૭, ૧૮.
આહાઝે અશુદ્ધ કર્યું, ને તેનો ખજાનો આશ્શૂરના રાજાને આપ્યો, ૨ રાજા. ૧૬ ; ૧૪-૧૮. ૨ કાળ. ૨૮ ; ૨૦, ૨૧.
હિઝકીયાહથી મરામત કરાઇ, તેનું શુદ્ધિકરણ કર્યું, તથા પ્રભુભક્તિ ચાલુ કરી, ૨ કાળ. ૨૯ ; ૩-૩૫.
હિઝકીયાહ રાજાએ ખંડણી દાખલ તેમાંનું સર્વ દ્રવ્ય આશ્શૂરના રાજાને આપ્યું, ૨ રાજા. ૧૮ ; ૧૩-૧૬.
મનાશ્શેહ રાજાએ મૂર્તિપૂજાનું સ્થળ બનાવી ભ્રષ્ટ કર્યું, ૨ રાજા. ૨૧ ; ૪-૭. ૨ કાળ. ૩૩ ; ૪, ૫, ૭.
પોતાના રાજાના ૧૮મા વરસે યોશીયાહ રાજાએ તેને સમાર્યું, ૨ રાજા. ૨૨ ; ૩-૭. ૨ કાળ. ૩૪ ; ૮-૧૩.
યોશીયાહે એ શુદ્ધિકરણ કરાવ્યું, ૨ રાજા. ૨૩ ; ૪-૭, ૧૧, ૧૨.
બાબેલવાસીઓએ લુંટીને બાળી નાખ્યું, ૨ રાજા. ૨૫ ; ૯, ૧૩-૧૭. ૨ કાળ. ૩૬ ; ૧૮, ૧૯.

લાક્ષણિક રીતે :—
ખ્રીસ્તને, યોહા. ૨ ; ૧૯, ૨૧.
આત્મિક મંડળીને, ૧ કરીં. ૩ ; ૧૬. ૨ કરીં. ૬ ; ૧૬. એફે. ૨ ; ૨૦-૨૨.
ભકતોનાં શરીરને, ૧ કરીં. ૬ ; ૧૯.

મંદિર, બીજું—પ્રથમ મંદિરના સ્થળ ઉપર બાંધવામાં આવ્યું, એઝ. ૩ ; ૬ ઇત્યાદિ.

કોરેશ :—
તે બંધાવશે, એવું ભવિષ્યવચન, યશા. ૪૪ ; ૨૮.
પોતાના રાજ્યના પહેલે વરસે બાંધવાનો હુકમ આપ્યો, એઝ. ૧ ; ૧. ૨ : ૬ ; ૩.
યહુદીઓને તાકીદ આપી કે યરૂશાલેમમાં જઇને બાંધો, એઝ. ૧ ; ૩.
બાંધકામને માટે સરસામાન પૂરો પાડયો, એઝ. ૬ ; ૪.
બાબેલમાં રહેનાર સર્વને હુકમ આપ્યો કે આ બાંધકામને માટે સ્વેચ્છીકાર્પણ આપે, એઝ. ૧ ; ૪.
પ્રથમનાં મંદિરનાં વાસણો પાછાં આપ્યાં, એઝ. ૧ ; ૭-૧૧ : ૬ ; ૫,
પાયો નાખ્યા અગાઉ ઇશ્વરભક્તિનો સમારંભ કરવામાં આવ્યો, એઝ. ૩ ; ૧-૬.
સુર તથા સીદોનવાસીઓ તરફથી બાંધકામની સર્વ સામગ્રી તૈયાર પૂરી પાડવામાં આવી, ૩ ; ૭.
બંદીપ્રવાસમાંથી પાછા આવ્યા પછી બીજા વરસના બીજા માસમાં પાયો નાખ્યો, એઝ. ૩ ; ૮.
પાયો નાખતી વખતે પ્રતિષ્ઠા કરવામાં આવી, એઝ. ૩ ; ૯-૧૧.
તેનું ક્ષેત્રફળ, એઝ. ૬ ; ૩, ૪.
જેઓએ પ્રથમ મંદિર જોયું હતું તેઓની દિલગીરી, એઝ. ૩ ; ૧૨. હાગા. ૨ ; ૩.
પ્રથમ મંદિર નહિ જોનારાનો હર્ષનાદ, એઝ. ૩ ; ૧૩.

સમરૂની ઇત્યા. :—
આ કામમાં બાંધવાની મદદ આપવા કહ્યું, એઝ. ૪ ; ૧, ૨.
યહુદીઓએ તેઓની મદદ લેવા ના પાડી, એઝ. ૪ ; ૩.
બાંધવામાં યહુદીઓના હાથ ઢીલા પાડયા, એઝ. ૪ ; ૪, ૫.
બાંધકામ અટકાવવા માટે આર્તાજર્કસીસ સ્મેર્દીસ ઉપર લખાણ કર્યું, એઝ. ૪; ૬-૧૬.
બાંધકામ પંદર વરસ સુધી અટક્યું, એઝ. ૪ ; ૨૪.
નહિ બાંધવાને કારણે યહુદીઓને ઠપકો મળ્યો, હાગા. ૧ ; ૧-૫.
બાંધકામ નહિ કરવાને કારણે યહુદીઓને શિક્ષા મળી, હાગા. ૧ ; ૧-૬, ૯-૧૧ : ૨ ; ૧૫, ૧૭. ઝખા. ૮ ; ૧૦.
આ બાંધકામને માટે ઉત્તેજન અપાયું, હાગા. ૧ ; ૮ : ૨ ; ૧૯. ઝખા. ૮ ; ૯.

યહો. ૩ ; ૧૨-૧૬ : ૫ ; ૧
પોતાને સ્થળે પાણી પાછું ફર્યું, યહો. ૪ ; ૧૮.
મોઆબીઓને કાપી નાખ્યા, ન્યા. ૩ ; ૨૮, ૨૯.
એફ્રાઇમીઓને મારી નાખ્યા, ન્યા. ૧૨; ૪-૬.
એલીયાહે બે ભાગ કર્યા, ૨ રાજા. ૨ ; ૮.
એલીશાએ બે ભાગ કર્યા, ૨ રાજા. ૨ ; ૧૪.
નાઅમાન કોઢીઓ શુદ્ધ કરાયો, ૨ રાજા. ૫; ૧૦, ૧૪.
યોહાન બાપ્તિસ્મા કરનાર લોકોને બાપ્તિસ્મા આપતો, માત્થી ૩ ; ૬. માર્ક ૧ ; ૫. યોહા. ૧ ; ૨૮.
આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તનું બાપ્તિસ્મા થયું, માત્થી ૩ ; ૧૩, ૧૫. માર્ક ૧ ; ૯.
તેની પાર જવા સંબંધી ઇસ્રાએલને અગમ-સૂચના :—
વચન અપાયું, પુન. ૪ ; ૨૨ : ૯ ; ૧ : ૧૧ ; ૩૧.
ઠરાવેલા નિયમમાં, યહો. ૩ ; ૧-૮.
યાજકો કરારકોષ સાથે આગળ જાય, યહો. ૩ ; ૬, ૧૧, ૧૪.
સાર્થક અસર, યહો. ૩ ; ૧૭ : ૪ ; ૧, ૧૦, ૧૧.
તેમાં યાદગીરી દાખલ પત્થરનો સ્તંભ ઉભો કરવામાં આવ્યો, યહો. ૪ ; ૯.
